
ભેદી માનવ

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गूजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૨૬૮-૪૮ किंमत ૩-૧૪-૦

ग्रंथनाम લેહી માનવ

वर्गांक ૮ : ૨

આદર્શ પ્રકાશન: ૧૯

# ભેદી માનવ

લેખક

કૃષ્ણપ્રસાદ ભટ્ટ

પ્રધાન વિક્રેતા

આદર્શ પુસ્તક ભંડાર

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

રાયખડ રોડ–અમદાવાદ

બેઠી આવૃત્તિ
પ્રથમ વાર
૧૯૪૮

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૬-૭-

મૂલ્ય
૩-૧૪-૦
[ સેલ ટેક્સ સાથે ]

મુદ્રક-પ્રકાશક
કૃષ્ણપ્રસાદ લલ્લુભાઈ ભટ્ટ
કૃષ્ણ મુદ્રણાલય, ૭૦૩, નવા દરવાજા રોડ,
ચાર રસ્તા—અમદાવાદ

મારાં પૂજ્ય

માશીબાને

# નવાં પુસ્તકો

| | | |
|---|---|---|
| અદૃશ્ય શત્રુ | કાલિદાસ જાદવ | ૩—૮ |
| કલાને ચરણે | ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ | ૪—૮ |
| રસદર્શન | ” ” | ૨—૧૨ |
| નાના હતા ત્યારે | ” ” | ૨—૮ |
| મોટા થયા પછી | ” ” | છપાય છે |
| પરિહાસ | સ્વ. નવલરામ જ. ત્રિવેદી | ૨—૮ |
| શેષ વિવેચનો | ” ” | ૨—૮ |
| અવશેષ વિવેચનો | ” ” | છપાય છે |
| [illegible] | નીરુ દેસાઈ | ૨—૪ |
| રાજકારણના પાયા | હૅરોલ્ડ લાસ્કી | છપાય છે |
| અજાતા | ચુ. વ. શાહ | ૧—૮ |
| [illegible] | ' [illegible] ' | ૩—૦ |
| પ્રલોભન | ' શિવમ્ સુંદરમ્ ' | ૩—૦ |
| વિવાહમંદિર | સ્વ. નારાયણબાબુ | ૩—૦ |
| પ્રવાસી ભા. ૧-૨ | પ્રો. ના. સી. ફડકે | ૪—૮ |
| [illegible] | સ્વ. ' પ્રેમચંદજી ' | ૩—૮ |
| શિક્ષણસાધના | આચાર્ય ક્ષિતિમોહન સેન | ૧—૧૨ |
| વિદ્રોહી આત્મા | ખલીલ જિબ્રાન | ૩—૨ |
| પાગલ | ” ” | છપાય છે |
| ઝંઝાવાત | ” ” | ” |
| જીવન નિરીક્ષણ | પુરાતન બુચ | ” |
| સ્વપ્ન કે સત્ય ? | કૃષ્ણપ્રસાદ ભટ્ટ | ” |
| વિલીન થતી જ્યોત | ” | ” |
| શિલ્પપરિચય | અર્ધેન્દ્રકુમાર ગાંગુલી | ૩—૦ |
| ચિત્ર-સાધના | | ૩—૮ |
| અજંતાના કલામંડપો | | ૨—૮ |

# જાસૂસકથા

જાસૂસ વાર્તાઓ પ્રત્યે આપણા કેટલાક સાહિત્યસર્જનહારો ઘૃણા સેવી રહ્યા છે, અને તેઓ એમ જ માને છે કે સામાજિક વાર્તાઓ જ ફક્ત તેમને વિજયમાળ પહેરાવશે, સામાજિક વાર્તાઓનો જ સર્જક વાંચકોના હૃદયમાં રમી રહેશે. અને, તેથી જ ઐતિહાસિક તેમ જ જાસૂસીકથાઓ ઘણા જ ઓછા પ્રમાણ લખાય છે.

જાસૂસકથામાં રહસ્યભેદક—જ્યાં ત્યાં ગોળીબારો કરતો આગળ વધે, 'આકાશમાં અકસ્માત' થાય તેવી ઘટનાઓ હોય, તો જ વાંચક ને વાંચશે—અપનાવશે તેવી આપણા વાર્તાકારોની માન્યતા હોય; અથવા, આપણે ત્યાં પ્રગટ થએલી કેટલી યે મૌલિક જાસૂસીવાર્તાઓમાં વાસ્તવિકતા જોવામાં આવતી નથી, અને તેથી આ વાર્તાઓમાં વાસ્તવિકતા હોવા સંભવે જ નહિ તેવો પૂર્વગ્રહ તેમને બંધાઈ ગયો હોય અને તેથી તેઓ જાસૂસીવાર્તા નહિ લખતા હોય. ગમે તે કારણ હોય પણ એ તો સ્પષ્ટ જણાઈ રહ્યું છે કે આપણા લાડીલા પીઢ સાહિત્યકારો તરફથી પણ જાસૂસી વાર્તા લખાતી નથી.

આપણા વાર્તાકારો સામાજિક વિષય છોડી કદાચ ઐતિહાસિક વાર્તા લખવા પ્રેરાશે—તો તે ઐતિહાસિક વાર્તા કલ્પનાકથા જેવી થઈ જશે. મૂળ ઐતિહાસિક વસ્તુને દૂર રાખી પોતાની ઇચ્છાનુસાર કલ્પનાના રંગે મઢી વાર્તાપ્રવાહને આગળ વહેવડાવશે—અને, પછી કહેશે, 'મૂળ વસ્તુને વળગી રહેતાં વાર્તા રસપ્રદ બની શકે નહિ, એટલે કલ્પનાનો બુરખો તો પહેરાવવો જ રહ્યો.' આ શબ્દો વાર્તાકારોને સામાજિક વાર્તા લખવા વધુ પ્રોત્સાહન આપશે. તેઓ આપણા સમાજના પ્રશ્નો લઈ વાર્તાઓમાં છણતા આગળ વધશે. કેટલાક પ્રગતિવાદી વાર્તાકારો રાજકારણનો સ્પર્શ આપી વાર્તાઓ આલેખશે. આને પરિણામે જાસૂસીવાર્તા જે પણ સાહિત્યનું એક અંગ છે તે

અસ્પૃશ્ય જ રહેશે. જેમ દેહનો કોઈ પણ ભાગ સડતો હોય ને તેને ઑપરેશન કરાવી-કપાવી શરીરથી દૂર કરવામાં આવે તેવી સ્થિતિ જાસૂસી સાહિત્યને બાકાત રાખવાથી સાહિત્યની થઈ છે.

અંગ્રેજી સાહિત્યમાંથી આપણા ગૂજરાતી સાહિત્યમાં ઘણું જ આવ્યું છે-આવે જાય છે. અને, વાંચક આલમ તે વાંચે જ જાય છે. આપણને તે અનુવાદ આપનારા જાણીતા અનુવાદકો જાણે તે સાહિત્યમાં જાસૂસી કથા વિભાગ હોય જ નહિ તેમ તે વિષય દૂર રાખી બીજા અનુવાદો આપે જાય છે. અંગ્રેજી ભાષામાં ઘણી સુંદર જાસૂસ કથાઓ લખાઈ છે-લખાય છે. તેમાંની 'શેરલોક હોમ્સ' પાત્રવાળી કથાઓ તો વાચકને ભ્રમમાં જ નાંખી દે છે. તે પાત્રને સર્જનાર શ્રી આર્થર કોનન ડોયલ ને ભૂલી 'શેરલોક હોમ્સ'-મય જ બની જાય છે. તેની પ્રશંસા કરતાં અચકાતા નથી. તેવું બીજું એ જ ભાષાનું પાત્ર 'સેક્સટન બ્લેક' છે. આ પાત્ર અનેક જાસૂસી વાર્તાકારોથી સજીવ થયેલ છે, અને વાંચકોના હૃદયમાં રમી રહેલ છે. આપણા વાર્તાકારો તેવાં પાત્રો સર્જીને વાંચક આલમને આપવા કેમ વિચારતા નહિ હોય? ઊલટું, બુદ્ધિપ્રધાન જાસૂસકથા માંગતા વાંચકવર્ગ આગળ દોડાદોડી, ધડાધડીવાળી કેટલી યે જાસૂસી વાર્તાઓ વાર્તાકારોએ મૂકી છે અને હજી મૂકયે જાય છે.

અત્યારે 'બહુરૂપી' 'આરામ' સામાહિકો જાસૂસકથાને સ્થાન આપી રહ્યાં છે. ગણ્યગાંઠ્યા લેખકભાઈઓ જાસૂસી વાર્તાઓ સર્જી રહ્યા છે. પરંતુ તેથી તે ક્ષેત્ર વિકાસ ન જ પામી શકે. દુર્લક્ષ અપાતા આ સાહિત્ય માટે ગૂજરાતી સાહિત્યાકાશના તેજસ્વીતારક સાક્ષરરત્ન શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઈ એ 'અંસરી' લખી વાર્તાકારોને તે ક્ષેત્ર તરફ દૃષ્ટિ કરવા પર કર્યો છે. તેને માટે આંખમીંચામણાં કરે ચાલશે નહિ તેવું સૂચન કર્યું છે.

ગૂજરાતી વાર્તાકાર બીજી કલ્પનાપ્રધાન વાર્તાઓની માફક આ

સાહિત્ય–વાર્તાઓનું સર્જન કરી, જેમ એક ડૉક્ટર રોગીને પુર્નજીવન આપી યશ મેળવે છે તે જ પ્રમાણે યશ મેળવે અને તે સાહિત્ય પ્રત્યેની ઘૃણા દૂર કરી પોતાની કલમ તે માટે ચલાવે તો કેવું સારું ! આથી ગૂજરાતી વાંચક આલમને શિષ્ટ ગૂજરાતી જાસૂસકથાઓનું વાંચન મળશે, અને જેમ ઈતર ગૂજરાતી સાહિત્ય ઝડપી પ્રગતિ સાધી રહ્યું છે તેમ આ સાહિત્ય પણ પ્રગતિના પંથે વળશે.

આ માટે આપણા સાક્ષરો આવા વાર્તાકારોને ઉત્સાહ આપતા રહે–ટકોર કરતા રહે–તો ખચિત અંગ્રેજી ભાષામાં પ્રગટ થતા તે પુસ્તકોની હરોળમાં ઊભા રહી શકે તેવાં મૌલિક સર્જનો ઉપલબ્ધ થાય. અને જેમ અંગ્રેજી ભાષાના પ્રકાશકો જાસૂસકથા માળાઓનું સુંદર પ્રકાશન વાંચકો સમક્ષ રજૂ કરે છે તેમ આપણા પ્રકાશકભાઈઓ આ માટે વ્યવસ્થા કરે તો જરૂર આ અણખેડાયેલું–અણવિકસ્યું ક્ષેત્ર સુંદર રીતે વિકાસ પામે.

મેં આ જાસૂસકથા લખવાનો નમ્ર પ્રયાસ કર્યો છે તે સફળ છે કે કેમ તેનો નિર્ણય વાંચક કરશે. પુસ્તકમાં શું છે તે પુસ્તક પોતે જ કહેશે.

કેટલાય અનિવાર્ય સંજોગોમાં આ પુસ્તકનું મુદ્રણકાર્ય તાત્કાલિક પૂર્ણ કરવું પડેલું હોવાથી મુદ્રણમાં ખચિત ભૂલો રહી જ ગઈ છે.

અંતમાં આ પુસ્તક વાંચકભાઈઓના હાથમાં આવે છે ત્યાંસુધી મને જે જે ભાઈઓએ સહકાર આપ્યો છે તેમનાં નામ ન આપવા છતાં તેઓ મારી દૃષ્ટિ સમક્ષ છે તે નિર્વિવાદ છે.

શ્રીરામજીની શેરી,
ખાડિયા,
અમદાવાદ

કૃષ્ણપ્રસાદ ભટ્ટ

# અનુક્રમણિકા

## પ્રથમ ખણ્ડ


| | |
|---|---|
| મધરાતનો મહેમાન | ૩ |
| આ કોણ ? | ૧૩ |
| આગ | ૨૦ |
| બુરખાધારી | ૨૯ |
| સાથે નહિ જ લઈ જાવ ? | ૩૭ |
| નંબર આઠ | ૪૫ |
| શિકાર છટક્યો | ૫૬ |
| વિજય ગુમ | ૬૨ |
| પિશાચમંડળ | ૭૦ |


## દ્વિતીય ખણ્ડ


| | |
|---|---|
| મૃત્યુના મુખમાં | ૭૯ |
| પાગલ | ૮૮ |
| ડૉક્ટરને ત્યાં | ૯૪ |
| રાધા | ૧૦૨ |
| છૂટ્યા | ૧૧૦ |
| ભિખારણ | ૧૧૬ |
| હાડપિંજર | ૧૨૩ |
| શયતાનના પંજામાં | ૧૩૨ |


## તૃતીય ખણ્ડ


| | |
|---|---|
| ગેબી મદદગાર | ૧૫૧ |
| રમેશની બાજી | ૧૬૦ |
| વિચિત્ર પત્ર | ૧૬૯ |
| ડૉ. ગિરીશચંદ્ર | ૧૭૬ |
| મુલાકાત | ૧૮૫ |
| છટક્યો | ૧૯૩ |
| "તું જ મારી છે" | ૨૦૨ |
| ખૂનીનું ખોળિયું | ૨૦૯ |


## ચતુર્થ ખણ્ડ


| | |
|---|---|
| ડૉક્ટરને ત્યાં | ૩ |
| પકડાયાં | ૧૧ |
| પાગલ | ૨૦ |
| રાધા | ૨૭ |
| બદમાશ પકડાયો | ૩૬ |
| વીંટી કોની ? | ૪૫ |
| પિતા પુત્રી | ૫૫ |
| આત્મહત્યા | ૬૪ |

# પ્રથમ ખણ્ડ

પ્રકરણ પહેલું

## મધરાતનો મહેમાન

પવનના સપાટાથી વૃક્ષ પરના પક્વ પર્ણો કંપી ઊઠે તેમ એ વ્યક્તિ ધ્રૂજી ઊઠી. જેના કર્મોથી આખું ય શહેર કંપી રહ્યું હતું તેને પકડવા પોલીસો અનેક યત્નો કરી રહ્યા હતા, શહેરની જનતા એ ભયંકર વ્યક્તિ વિષે અનેક જાતની વાતો કરતી. ચોરેચૌટે એમ જ કહેવાતું કે એ 'જીવતું ભૂત છે, અને ભૂત થયેલું હોવાથી જ કોઈની દૃષ્ટિએ પડતું નથી.'

એ ભૂતના ભયે શહેરના માર્ગો સૂર્યાસ્ત થતાં જનશૂન્ય બની જતા. બધાને ડર રહેતો કે અચાનક ક્યાંકથી એ ભૂત આવી જીવ લેશે અથવા કોઈના ખિસ્સા ખાલી કરી જશે.

શહેરના વર્તમાનપત્રો પોલીસોની નિષ્ક્રિયતા માટે પોકાર પાડી રહ્યા હતા. પોલીસના ઓફિસરો સ્થાનિક અમલદારો પર સખ્ત શબ્દોમાં પત્રો લખતા, કોઈપણ પ્રયત્ને આ ભેદી વ્યક્તિને ગિરફતાર કરવા સૂચનાઓ આપતા–રાજીનામાની પણ આ સાથે માગણી કરતાં.

સ્થાનિક પોલીસ ઇન્સ્પેક્ટર મિ. રજનીકાન્તને આ પત્રો વાંચ કરતાં પણ ભયંકર લાગતા. જેની કાર્યદક્ષતા માટે અત્યાપિપર્યંત ઉપલા ઓફિસરો મુક્ત કંઠે વખાણ કરતાં તેની આ સ્થિતિ ? તે તો મૃત્યુને સુખદ ગણતો; પરંતુ, મૃત્યુ તેની એ ઇચ્છા તરફ કટાક્ષ કરતું હાસ્ય વેરી રહ્યું હતું.

બિચારો રજની આ ભેદી બદમાશને પકડવા અનેક બાજી ગોઠવતો, યત્નો કરતો, પણ પરિણામ તેને કંપાવતું આવતું. આજ-સુધી કેવળ સફળતાને જ વરેલો પોલીસ ઓફિસર નિષ્ફળતાથી છંછેડાતો-જેમ શિકાર પંજામાંથી છટકી જતાં હિંસક પશુ છંછેડાય—ઉશ્કેરાય તેમ.

સૂર્ય ઊગતો અને આથમતો. રજની વિચારતો અને હતાશ થતો. તેને લાગતું કે આ અજ્ઞાત વ્યક્તિ પોતાની સત્તાને ડારતી પોતાની ત્રાસપૂર્ણ પ્રવૃત્તિને વિસ્તારી રહેલ છે.

શહેરમાંથી જનતાની અનેક ફરીઆદો તેના ટેબલ પર પડી હતી. પણ, ગુન્હેગાર સપડાતો ન હતો. એ કોણ છે તે પણ સમજી શકાતું ન હતું. અને તેથી તેની મુખમુદ્રા સદૈવ ભયંકર દેખાતી. તેના હાથ નીચેના અધિકારીઓ તેની પાસે આવતા ડરતા. શહેરના નાનાથી મોટા પોલીસ ઓફિસરો જીવના જોખમે આ બદમાશને બીડાવવા યત્ન કરતા. પણ, બદમાશ તેમને હાથતાળી આપી ચાલ્યો જતો.

પોલીસોના આ શ્રમની કદર ઉપાલંભથી જ થતી, છતાં પોલીસો ધૈર્ય ધારણ કરી બદમાશોનો પીછો કરી રહ્યા હતા.

રજનીને ઉંઘ-આહાર અપ્રિય થઈ પડયાં હતાં. જ્યારે ને ત્યારે તે બદમાશને સપડાવવા વ્યૂહ ગોઠવતો જ હોય—તે અશાંતિની

પ્રતિમા જ બની ગયો હતો. તેના નેત્રોમાંથી જોનારને અગ્નિકણ વર્ષતા જણાતા.

આજે ડી. એસ. પી.ની ઓફિસેથી આ સંબંધમાં તેના પર પત્ર આવ્યો હતો. પત્રના અક્ષરો સજીવ થઈ તેનું ગળું દબાવી રહ્યા હતા. તે ઘણો જ ઉશ્કેરાઈ ગયો હતો—જાણે બીજી રુદ્ર મૂર્તિ. તે ઓફિસના ઓરડામાં ઝડપથી પગલાં ભરતો આંટા મારતો—મુઠ્ઠીઓ વાળતો—પગ પછાડતો. અત્યારે તેનું મગજ પણ ઝડપી વિચારો કરી રહ્યું હતું. એકાએક કાંઈક વિચાર આવ્યો. ટેબલ પર પડેલા રિસીવરને હાથમાં લઈ નંબર મેળવી ફોન કર્યો. રિસીવર નીચે મૂકી કોઈની રાહ જોવા લાગ્યો. અલ્પ સમયમાં જ માર્ગને ગળતી, સુસવાટા લેતી, પવનને પણ પોતાની હરીફાઈમાં હરાવવા કટીબદ્ધ થઈ હોય તેવી મોટર સાયકલ ઓફિસના કમ્પાઉન્ડમાં દાખલ થઈ.

મોટરસાયકલને જોતાં જ રજની બહાર આવ્યો. આગંતુક સાથે હસ્તધૂનન કરી ઓફિસમાં ખેંચી ગયો. પોતાની પાસે બેસાડી ડી. એસ. પી ની ઓફિસથી આવેલ પત્ર બતાવ્યો. તેણે શાંતિથી તે પત્ર વાંચ્યો, અને જાણે કાંઈ હોય નહિ તેમ પાછો ટેબલ પર મૂક્યો.

'પરિસ્થિતિની ગંભીરતા સમજાય છે?' રજનીએ પૂછ્યું.

'આ સમાચારો તો જ્યારે હું મુસાફરીમાં હતો ત્યાં વાંચી ચૂકેલો.' જવાબ મળ્યો. રજનીએ કહ્યું, 'પરંતુ, અમારી સ્થિતિ શું થઈ છે તે સમજાય છે? અત્યાર સુધી તેને પકડવા અનેક સાહસો ખેડયા—જીવ પણ ઉદાર થયા પરંતુ પરિણામ શૂન્યમાં જ આવ્યું. અમે ઉપલા અધિકારીઓની દ્રષ્ટિમાં નાલાયક ઠર્યા. અમને રાજીનામા આપવા પડશે તેમ પણ જણાવવામાં આવ્યું.

રાજીનામું એ કાંઈ મહત્વનો પ્રશ્ન નથી. પરંતુ, અમે આ બદમાશને પકડી શક્યા નથી માટે રાજીનામું આપવું પડે છે એ

હૃદયને દુઃખ થઈ રહ્યું છે. દોસ્ત વિજય! હું મૃત્યુને પસંદ કરીશ. પણ, આ અપમાનભરી સ્થિતિમાં રાજીનામું તો નહિ જ આપું.'

'પણ, રાજીનામું આપવું પડશે તેવું કહ્યું જ કોણે!'

'એ વિશ્વાસ હતો માટે જ અત્યાર સુધી બેસી રહ્યો. તારી આવવાની રાહ જોઈ રહ્યો હતો, જેમ ચાતક વર્ષાની રાહ જુએ તેમ. તારી રોજ તપાસ કરાવતો જાતે પણ તારે મકાને જતો. આજે સવારે જ ખબર મળી કે તું આવી ગયો છે. હું ઓફિસમાં આવ્યો ત્યાં આ પત્ર આવેલો. વાંચ્યો. સાથે જ હું સાચું કહું તો પાગલ જ બની ગયો. તને ફોન કરવાની વાત જ ભૂલી ગયો–કેટલીક મિનિટો તો હું અવશ જ બની ગયો. અંતે તું યાદ આવ્યો. તારો વિચાર આવતાં જ તને ફોન કર્યો.' કહી રજનીએ આજસુધી બદમાશે કરેલા ગુન્હાઓની નોંધ તેની સામે રજૂ કરી. પોલીસે લીધેલાં પગલાંઓની માહિતી આપી વિજય બધું શાંતિથી સાંભળી રહ્યો. રજનીએ પૂરું કર્યું, એટલે વિજય બોલ્યો.

'બસ કહેવાઈ ગયું-ભાગવત પૂરું થઈ ગયું. દોસ્ત રજની! હજી તો મુસાફરીનો થાક પણ ઉતારવા સમય મળ્યો નથી ત્યાં તેં આ કામ બતાવી દીધું. વેલ, હવે રજા થાવ છે?'

'રજા તો થવાની જ છે. પણ કહે તો ખરો આટલા બધા મહીના ક્યાં ફરી આવ્યો?' વિજય સાથેની વાતચિત પછી, હૃદય-વ્યથા તેને જણાવ્યા પછી રજની શાંત થઈ ગયો હતો.—હૃદય પર બોજો વધારી રહેલી ચિંતાઓ અદ્રશ્ય થઈ ગઈ હતી. તે પહેલાંનો રજની બની ગયો હતો.

'દોસ્ત! હમણાં તો તું મને જવા દે. જરા આરામ લેવા દે. પછી ફુરસદે એ બધી વાતો કરીશું. ઠીક, સાહેબજી.' કહી વિજય

ઊઠયો. મોટરસાયકલ લઈ ઘર તરફ વળ્યો.

મકાને આવ્યો. કપડાં ઉતારી પલંગ પર પડયો પણ, તેના નસીબે આરામ સર્જાયો જ ન હતો. કૉલ બૅલ વાગ્યો. તેની દ્રષ્ટિ સમક્ષ એક વીસેક વર્ષની નવયુવતિ જણાઈ. તે સુંદર હતી—અતિ સુંદર હતી. કુદરતે પોતાની શક્તિનો પરિચય કરાવવા જ ઉત્પન્ન કરી હોય તેમ લાગતું. અત્યારે તે સુંદરતાની મૂર્તિના મુખ પર વિષાદનું વાદળ છવાયેલું હતું. તે ગભરાયેલી હતી.

'આપ! આપ વિજયકુમાર!?' વિજયને જોતાં જ તે બોલી.

'હા. મારું જ નામ વિજયકુમાર. તમે ગભરાયેલાં જણાવ છો. શાંત થાવ, અંદર આવો.' કહી વિજય પોતાના ઓરડામાં આવ્યો. આગંતુકાએ તેનું અનુસરણ કર્યું. ઓરડામાં આવીએ વિજય સામે પડેલ સોફા પર બેઠી.

'તમારું શુભ નામ?' વિનયથી વિજયે પૂછ્યું.

'જી. વીણા.'

અને, ખરેખર તે વીણા જ હતી. તેના સ્વરમાં આકર્ષણશક્તિ હતી—જાદુ હતો.

'હં.' કહી વિજય તેની સામું જોઈ રહ્યો. આમ કેટલીક ક્ષણો વ્યતીત થઈ. તે બોલ્યો, 'હા, કહો જોઈએ તમારે અહીંઆ સુધી કેમ આવવું પડયું?'

આ પ્રશ્ન તેના કાને પડતાં નેત્રોમાંથી આંસુ પડવાં લાગ્યાં. આ આંસુ જ વીણાની દુઃખદ કથા કહી રહ્યાં હતાં. વિજયને લાગ્યું કે બાળા પર કોઈ ભયંકર આફત આવી પડી છે.

'શાંત થાવ. ગભરાવ નહિ. મુશ્કેલીનો સામનો ધૈર્યથી કરવો

રહ્યો. રડે આપત્તિ દૂર થનાર નથી.'

વીણા આંસુ લૂછતાં બોલી.

'આપે જાણ્યું હશે કે મારા પિતાજીનું થોડા જ દિવસો પહેલાં ખૂન થયું...'

'તમારા પિતાજીનું નામ?' તેને બોલતાં અટકાવી વિજયે પૂછ્યું.

'જી. મારા પિતાનું નામ ચંદ્રકાન્ત.'

'શું ચંદ્રકાન્ત!' કાંઈક યાદ કરતો હોય તેમ બોલી વિચારમાં પડી ગયો.

'મેં આ ખૂન સંબંધમાં વાંચ્યું તો હતું જ. અને આજે સાંભળ્યું પણ છે. તેમનું ખૂન થયું કેવી રીતે?'

'તે સંબંધમાં કાંઈજ સમજાતું નથી. પોલીસે આ સંબંધમાં કાગળો કર્યા છે.' વીણાએ કહ્યું.

'પરંતુ ખૂન થયું ત્યારે તમે ક્યાં હતાં?'

'હું?' બોલી વીણા વિજય સામે જોઈ રહી.' 'એ રાત્રિનો સમય હતો. અમે અમારા ઓરડામાં સૂતાં હતાં. 'મેં ઉંઘમાં સ્વપ્ન જેવું કાંઈક જોયું, અને જાગી ઊઠી. તે સમયે મારા પિતાના ઓરડામાં......'

'લાઈટ બળતું હતું એમ જ ને?' વિજયે પ્રશ્ન પૂછ્યો?

'હા. ત્યાં લાઈટ બળતું હતું. પરંતુ, તે તમે કેવી રીતે જાણી શક્યા?' આશ્ચર્ય પામતી વીણાએ પૂછ્યું.

'હું શું જાણું છું અને કેવી રીતે જાણું છું તે વિચારવાનું નથી. તમે આગળ કહો.'

‘હું મારા પિતાના ઓરડામાં ગઈ ત્યારે મારા પિતા જમીન પર મૃત્યુ પામેલા પડયા હતા.’

‘એટલે તેમનું ખૂન થયું હતું. પણ, ખૂનીએ એવી રીતે ખૂન કર્યું કે તમે તે જાણી શકો નહિ.’

‘હા, એમ જ.’

‘તેણે શસ્ત્રનો ઉપયોગ કર્યો ન હતો—રક્તનું એક પણ બિંદુ હતું નહિ. જ્યારે ખૂન કરવામાં આવ્યું હતું ત્યારે લગભગ મધ્યરાત્રિ થઈ હોવી જોઈએ. તમે તમારા પિતાજીના ઓરડામાં ગયાં ત્યારે બાર ઉપર થોડીક જ મિનિટો પસાર થઈ હોવી જોઈએ. કેમ બરાબર છે ને?’

ખૂન તેની દ્રષ્ટિ સમક્ષ થયું હોય—ખૂનનો ઇતિહાસ જાણતો હોય તેમ તે બોલ્યો.

‘આપ! આપ! બધું જ જાણો છો?’ આશ્ચર્યથી તે બોલી.

‘એ પૂછો નહિ. પણ, હું કહું છું તે બરાબર છે ને?’

‘જી.’

‘તમે તમારા પિતાજી પાસે ગયાં. તમારા પિતાજીનું ખૂન થયેલું જોઈ ગભરાયાં.’

‘જી અને મેં અમારા નોકરને બોલાવ્યો. પોલીસને ખબર આપાવી. પોલીસે આવી આજુબાજુ તપાસ કરી. પણ કાંઈ તેમના હાથમાં આવ્યું નહિ.’

‘પણ, આવે જ શી રીતે?’ બોલી વીણા તરફ ફર્યો. ‘હાં પછી?’

‘પોલીસ તપાસ કરવાનું જણાવી ચાલતી થઈ. મારા પિતાની અંત્યેષ્ટિ ક્રિયા કરવામાં આવી, અને હું તે મકાનમાં એકલી પડી.

બોલીને અટકી—વિજય આગળ શું થયું તે જાણવા તેની સામું જોઈ રહ્યો.

'મારા પિતાના મૃત્યુના દિવસ પછી હું જે ઓરડામાં સૂઈ રહું છું ત્યાં મધ્ય રાત્રે કોઈનો પગરવ સંભળાય છે. તે મારા પલંગ પાસે આવે છે, તેનો શ્વાસ હું સાંભળી શકું છું......પણ, ......' તે બોલતાં કંપવા લાગી.

'મનુષ્યાકૃતિ જણાતી નથી.' બોલી તે ઊઠયો, ઓરડામાં આંટા મારવા માંડયા. 'તમને અહીંઆ આવવાનું કયાંથી યાદ આવ્યું?'

'જી. જ્યારે મારા પિતાના ખૂન સંબંધમાં પોલીસ તપાસ કરી રહી હતી ત્યારે ઇન્સ્પેકટર સાહેબના મોઢામાંથી શબ્દો નીકળ્યા હતા કે વિજયકુમાર હોત તો આ ઉપદ્રવ આટલા દિવસ ન જ રહેત.

પહેલાં પણ તમારું નામ—તમારી સાહસકથાઓ પેપરોમાં આવતી હતી. તમે સુપ્રસિદ્ધ ગુન્હાશોધક છો એ મારાથી અજાણ્યું ન હતું. જ્યારે ઇન્સ્પેકટર સાહેબના મુખથી તમારું નામ સાંભળ્યું ત્યારથી મારું હૃદય કહી રહ્યું હતું કે મારે તમને મળવું. તમને મળવા માટે અહિંઆ સુધી આવી પરંતુ, તમે બહારગામ હતા. એટલે રોજ આવતી, પાછી જતી. છેવટે આજ તમારા દર્શન થયા.'

'એમ! ત્યારે તો તમારે મારા માટે બહુ તકલીફ ઉઠાવવી પડી. માફ કરશો, અને જણાવશો, હું આપને માટે શું કરી શકું?'

'કરવામાં માત્ર એટલું જ કે આપ મારા પિતાના ખૂનીને શોધી આપી ન્યાયાસન સમક્ષ ઊભો કરો, અને નિયમિત રાત્રે મારા ઓરડામાં આવતી વ્યક્તિને પકડવા વ્યવસ્થા કરી આભારી કરો. તમારી આ સહાય માટે આપ માગશો તે આપીશ.'

'આપવાલેવાનું ઠીક છે. તમને સહાય કરવી તે મારું કર્તવ્ય સમજું છું. તમે જરા પણ ગભરાશો નહિ. મારાથી બનતું બધું જ કરીશ. અત્યારે તમે જાવ. હું રાતના તમારે ત્યાં આવીશ.'

વીણા વિજયના છેલ્લા શબ્દે ઊઠી—નમન કરી ચાલવા લાગી. વિજય તે દેખાય ત્યાં સુધી તેને જોતો જ બેસી રહ્યો. પછી બોલ્યો.

'રજની જેને શોધે છે તેના જ પંજામાં આ યુવતી આવેલી છે. જોઉં છું કે રાત કેમ જાય છે.' તે ઊઠ્યો. સૂવાના ઓરડામાં ગયો. પલંગ પર સૂતો સૂતો વિચારવા લાગ્યો.

રાત્રિનો અમલ શરૂ થતાં જ વિજયનું હૃદય વીણાને ત્યાં જવા અધીરું થઈ રહ્યું. જવા તૈયારી કરવા માંડી. જોઈતાં ઉપયોગી સાહિત્યો લઈ વીણાના મકાને આવ્યો. વીણા તો તેની રાહ જોતી બેઠી હતી જેમ ચકોર ચંદ્રની રાહ જુએ. વિજયને જોતાં તે આનંદિત થઈ.

'આવ્યા ખરા.'

'તો શું તમે એમ માનતાં હતાં કે હું નહિ આવું ?'

'નારે ના!' હસીને વીણાએ કહ્યું.

તે હાસ્ય વિજયને ફરી ફરીને નિહાળવા મન થતું પરંતુ સંસ્કારી બાળા પાસે તેવી અસભ્ય માગણી કરાય જ કેમ ?

'મકાન તો ઠીક છે.' ચોતરફ જોતાં તે બોલ્યો : 'જરા સારી રીતે જોઈ લઈએ,' અને વીણા વિજયને મકાન બતાવવા આગળ વધી.

આખું મકાન જોઈ તેઓ સૂવાના ઓરડામાં આવ્યાં. તે પણ વિજયે બરાબર જોઈ લીધો.

'તમે બાજૂના ઓરડામાં સુઈ રહો અને હું આ ઓરડામાં' બોલી પલંગ પર બેઠો. 'જેમ બારીબારણાં હંમેશાં રહેતાં હોય તેમ જ રહેવા દેજો, જેથી એ મધરાતના મહેમાનને શંકા ન પડે.'

'વારુ કહી વીણાએ હંમેશ મુજબ બારીબારણાં બંધ કર્યાં. અને લાઈટ બંધ કરી પાસેના ઓરડામાં સૂવા ગઈ.

માથા પર ભય હોય ત્યારે કોણ સુખની નિદ્રા લઈ શકે છે? પલંગમાં વીણા આળોટવા લાગી. ઘડિયાળમાં વાગતા ટકોરા ગણવા લાગી. વિજય પણ વિચાર કરતો ઘડિયાળના ટકોરા ગણતો.

આખરે બાર વાગ્યા. તે સાથે જ ઓરડામાં કોઈ ફરતું હોય તેમ તેને લાગ્યું દુશ્મનનો સામનો કરવા તે તૈયાર થયો.

પગરવ વધુ ને વધુ પાસે આવતો ગયો. વિજયે એક હાથમાં ટોર્ચ અને બીજા હાથમાં તમંચો પકડ્યો. થોડી જ મિનિટોમાં વ્યક્તિ પલંગ પાસે આવી. તે સાથે તેણે કૂદકો માર્યો. ટોર્ચનું અજવાળું ઓરડામાં પાથર્યું.

પ્રકાશમાં અદ્રશ્ય વ્યક્તિ વીણાને બદલે સશસ્ત્ર વિજયને જોતાં કંપી. વ્યકિતની કંપતી કટાર જોતાં આ વાતનું સ્હેજે અનુમાન થઈ શકતું. પળમાં વ્યક્તિએ સાવધ થઈ વિજય તરફ કટાર નાંખવા ઊંચી કરી.

## પ્રકરણ બીજું.

## આ કોણ ?

વિજય ઊંચી થએલી કટાર જોતાં જ પલંગ તરફ તમંચો રાખી બોલ્યો.

'બદમાશ ! જો કટારનો ઉપયોગ કર્યો તો એક જ ક્ષણમાં મ્હોં પીતો થઈ જઈશ.'

વિજયનો અવાજ સાંભળી વીણા ત્યાં દોડી આવી. લાઈટ કર્યું. તેને દેખાઈ માત્ર કટાર. તે જોતાં જ તે જાણી ચૂકી કે મધરાતનો મહેમાન આવ્યો છે, અને એ વિજયની સામે છે.

વિજય હવે વ્યક્તિને સપડાવવા વિચારી રહ્યો હતો. બેદી વ્યક્તિ કોઈ પણ પ્રકારની હીલચાલ કર્યા વિના શાંત જ ઊભી રહી હતી.

કાંઈક વિચાર વિજયને આવ્યો, તેણે બારણું બંધ કર્યું, અને જે તરફ વ્યક્તિ હતી તે તરફ દોડયો. જેમ શિકાર પર હિંસક પશુ ત્રાપ મારે તેમ તેણે ત્રાપ મારી કટાર છીનવી લીધી ને બાથ ભીડાવી. વ્યક્તિ શાંત જ ઊભી રહી.

'વીણા ! આ તમંચો જરા લ્યો, અને પલંગ પાસે ઊભાં રહો.'

વીણા આગળ વધી. વિજયના હાથમાં રહેલો તમંચો લઈ પલંગ પાસે ઊભી રહી...વ્યક્તિને લાગ્યું કે મૃત્યુ નક્કી થઈ ચૂક્યું છે. છતાં બચાવ કરવો જોઈએ. તેણે વિજયની બાથમાંથી છૂટવા યત્ન કર્યો. સાથે જ ઉભય વચ્ચે દ્વંદ્વ શરૂ થયું. વિજય અભ્યાસીઅન હતો.

તેણે પોતાના હરીફની શક્તિનું માપ કાઢી લીધું, અને તેથી ઘણી જ કાળજીપૂર્વક હરીફને હંફાવવા યત્ન કરવા લાગ્યો.

એક દ્રશ્ય—બીજો અદ્રશ્ય.

એક બીજાને હંફાવવા ઉભય કોશીષ કરે જ જતા. આખરે ભેદી વ્યક્તિ નીચે પડી. વિજયે પોતાના હરીફને બરાબર દબાવ્યો.

'વીણા! તમંચો મને આપો, નોકરને બૂમ પાડો, અને દોરડું લાવો.'

વીણા તો વિજયનો શબ્દ સાંભળતાં જ તેને અમલમાં મૂકવા આતુર હતી. તેણે વિજયને તમંચો આપી નોકરને બૂમ પાડી. નોકર ઉપર ચાલતી ગરબડથી જાગી ઊઠેલો તે અવાજ સાંભળતાં જ ઉપર આવ્યો. તેટલામાં વીણા દોરડું લઈ ઓરડામાં પહોંચી ગઈ.

'તમે આ તમંચો લ્યો, અને તું જરા મને મદદ કર.' વિજયે નોકરને કહ્યું. વીણા પણ વિજયના હાથમાંથી તમંચો લઈ તેને સહાય કરવા તેની સમીપમાં ઊભી.

કેટલાક પ્રયત્ને અદ્રશ્ય વ્યક્તિ બંધાઈ. દોરડું જણાતું પણ જે દોરડાથી બંધાયું હતું તે જણાતું ન હતું.

એ ભેદી બદમાશને બાંધ્યા પછી વિજય શ્વાસ ખાતો પલંગ પર બેઠો. તેના મુખ પર સ્મિત ફરકી રહ્યું હતું. જેને પકડવા માટે પોલીસો રાતદિવસ શ્રમ કરી રહેલા, જેણે શહેરમાં ભયંકર ત્રાસ વર્તાવેલ તેને સહેજમાં પોતે પકડી શક્યો.

વીણા તો વિજયને જોઈ જ રહી હતી. તેણે સ્કૂલમાં-કોલેજમાં તેમ જ સંબંધીઓમાં જે જે યુવાનો જોયા હતા તેમનાથી આ જુદો જ પડતો યુવાન હતો. તેના હૃદયમંદિરના આસન પર વિજય બેસી ગયો.

વિજયને પણ આ બાળાનું રૂપ—જાદુ આકર્ષી રહ્યું હતું. તેની આંખો તેના દેહને ગળી જવા મથતી. ઉભય વાતોએ ચઢ્યાં. નોકરને પોતાની હાજરીની આવશ્યકતા જણાઈ નહિ. તે ચાલ્યો ગયો.

વીણા પોતે બદમાશના પંજામાંથી છૂટવા બદલ આભાર વખતો વખત માનતી. તે જાણી ચૂકી હતી કે તેના પિતાનો ખૂની આ છે. તેના સપડાયાથી તે આનંદિત થઈ.

ઉભય જ્યારે વાર્તાલાપમાં મગ્ન હતાં ત્યારે ભેદી વ્યક્તિ છૂટવા પ્રયત્ન કરી રહી હતી. જ્યારે આ બંનેમાંથી કોઈનું ધ્યાન તેના તરફ ન હતું ત્યારે એ ચાલાક બદમાશે યુક્તિથી બાંધેલું દોરડું ઢીલું કર્યું, અને પોતાના દેહને તેમાંથી ધીમે ધીમે બહાર કાઢયો. વીણાના પગ પાસે પડેલી કટાર લેતાં વીણાને લાગ્યું કે પોતાને કોઈ સ્પર્શ કરી રહેલ છે. તે ચમકી ત્યારે વિજયને સમજાયું કે પોતે જીતેલી બાજી હારી ચૂકયો છે. દુશ્મન છૂટો થઈ ચૂકયો છે. તે સાવધ થયો.

પણ, સમય રાહ જોયા વિના પસાર થઈ ગયો. વ્યક્તિએ બારણું ખોલી નાંખ્યું અને હસતાં હસતાં બોલી.

'મહાશય! આપ જીતેલી બાજી હારી ચૂકયા છો. એક વખત હું પણ આ ચાલાક છોકરીથી જીતેલી બાજી હારી ચૂકયો. હવે આપણે ઉભય હારેલા નવા દાવ સાથે નવી બાજી ખેલીશું. તે પણ સંપૂર્ણ કાળજી સાથે. પછી જોઈએ છીએ કે જીત કોની થાય છે? શ્રીમાન, હું આપને ઓળખું છું. આપ સુપ્રસિદ્ધ ડિટેકટીવ છો. આપ શહેરમાં ત્રાસ વર્તાવી રહેલ વ્યક્તિને પકડવા બહાર પડ્યા છો. એ આપની ફરજ છે. આપને સદા ય સાવધ રાખવા, આપને હાર આપવી તે મારી ફરજ છે.' બોલતી વ્યક્તિએ કટાર છુપાવી દીધી. હવે તે કયાં છે તે જાણવા તેનો અવાજ સાધનરૂપ થતો.

વિજય આવતા શબ્દોના આધારે દોડ્યો પણ, ભેદી બદમાશ ત્યાંથી હટી બીજી દિશાએ ગયો.

'આપ હવે મને પકડવા તસ્દી ન ઉઠાવો સાથે સાથે જણાવું છું કે આ છોકરી, જેને હું ચાહું છું.....'

'ચૂપ.' બદમાશને બોલતો અટકાવી વિજય બોલ્યો, અને દોડયો. ઓરડામાં દોડાદોડી થઈ રહી. પણ, એ બદમાશ હાથ આવ્યો નહિ.

'વિજયકુમાર! જાઉં છું પરંતુ, કહેતો જાઉં છું કે આ વીણાને તમે પાતાળમાં રાખશો ત્યાંથી પણ ઉપાડી જઈશ... ઠીક સાહેબજી.'

અવાજ આવતો શાન્ત થયો. વિજય તે જોઈ રહ્યો. આમ કેટલીક મિનિટો પસાર થઈ, શાન્તિ વ્યાપિ રહી. તેથી વિજયે માન્યું કે બદમાશ ચાલ્યો ગયો છે.

વ્યકિતના આ પ્રમાણે ચાલ્યા જવાથી પોતાના પર તેને તિરસ્કાર આવ્યો. તેણે બેપરવાઈથી હાથમાં આવેલો શિકાર છટકી જવા દીધો પોતાની ફરજ ચૂકયો અને, તેથી મુખ પર શ્યામ વાદળ આવી ગયું.

બદમાશે આપેલી ધમકીથી વીણા ગભરાતી તો હતી જ; છતાં વીણા વિજયને લાગેલા આઘાતને હળવો કરવા હસી વાતે ચઢાવવા યત્ન કરી રહી.

કેટલીક ક્ષણો પસાર થઈ. વિજયે કંઈક નિશ્ચય કરી બોલ્યો.

'વીણા! તમે મારામાં વિશ્વાસ મૂકી શકશો?'

વીણાએ તો ક્યારનો ય તેનામાં વિશ્વાસ મૂક્યો હતો. તે વ્યક્ત કરતાં બોલી.

'આ આપત્તિના સમયમાં તમારા સિવાય મારું બીજું છે જ કોણ?'

વિજયના હૃદયમાં આ શબ્દોથી આનંદની લહેરો ઊઠવા લાગી. તેના પર કાબૂ મેળવતાં બોલ્યો, 'તમારે મારી સાથે આ સ્થળનો ત્યાગ કરી આવવું પડશે, જેથી તમારું સંરક્ષણ કરી શકાય. કારણ એ અજ્ઞાત દુશ્મન કઈ ક્ષણે આવશે તે આપણે જાણી શકતા નથી.'

'હું તમારી ઇચ્છાએ અનુસરવા તૈયાર જ છું.'

'તો તમારા નોકરને બોલાવી તેને સંપૂર્ણ કાળજી સાથે મકાનને સંભાળવા કહી દો. અને તમે જોઈતાં કપડાં લઈ મારી સાથે આવવા તૈયાર થાવ.'

નોકરને બોલાવી યોગ્ય સૂચનાઓ આપી. નોકર સૂચના સ્વીકારી લઈ બહાર ચાલ્યો ગયો. જોઈતાં કપડાં વીણાએ એક નાની પેટીમાં ભરી લીધાં. 'ચાલો હું તૈયાર છું,' વીણાએ કહ્યું.

'ચાલો.' વિજયે કહ્યું.

બન્ને મકાનમાંથી બહાર આવ્યાં. નોકર વિજય સાથે જતી પોતાની શેઠાણીને જોઈ રહ્યો. તે સમયે અસ્ત થવા વિચારતા ભાસ્કરનાથે આ ઉભય પર પોતાના છેલ્લાં કિરણો ફેંક્યા, પણ આ બન્નેને તેની પરવા ન હતી. તેઓ તો વાતોમાં તલ્લીન થઈ ગયાં હતાં. પ્રભાતનો આલ્હાદકારક પવન પુષ્પોની સુગંધ ચોરી દોડે જતો હતો તેનો પણ અનુભવ કરવા આ ઉભયને ઇચ્છા ન હતી. તેઓના પગ ધારેલા સ્થળે લઈ જાય છે કે કેમ તે વિચારવા ફુરસદ ન હતી.

સ્ત્રીનું સૌંદર્ય ભલભલા ઋષિ-મુનિઓને પાગલ બનાવે તો પછી આ બિચારા વિજયને તો દોષ દેવાય જ કેમ? તેનું હૃદય વીણાના કોકીલ કંઠે નીકળતા શબ્દો સાંભળતાં તૃપ્તિ પામતું જ ન હતું. નેત્રો તો તેના દેહ સાથે જડાઈ જ ગયાં હતાં.

આમ ને આમ આગળ વધે જતાં હતાં. તેવામાં એકાએક કોઈ વસ્તુ વિજયના પગે અથડાઈ. પગ અટક્યા. જોતાં લાગ્યું કે કંપતો એક વૃદ્ધ માનવી તેના પગ સાથે અથડાયો છે.

'બિચારો કેટલો કંપે છે!' વીણા વૃદ્ધની દયા લાવી બોલી.

વિજયને પણ આ માનવીની દયા આવી. તે તેની પાસે બેઠા.

'ભાઈ! તું કોણ છે, અને આવી સ્થિતિમાં કેમ અહીંઆ પડ્યો છે?'

વિજયને પ્રત્યુત્તર આપવાને બદલે તે તેની સામે જોઈ રહ્યો. પુનરપિ પ્રશ્ન કર્યો, ત્યારે વૃદ્ધે કાને હાથ દીધા. તેથી વિજયે ઇશારાથી પૂછ્યું, જવાબમાં તેણે પેટ બતાવી આંગળીઓથી જણાવ્યું કે પોતે બે દિવસથી ભૂખ્યો છે. આમ કરતાં તેણે આંખમાં આંસુ આણ્યા.

બિચારી વીણાને દયા આવી, પણ તે લાચાર હતી. પોતે કાંઈ ખવડાવી શકે તેમ ન હતી.

'ખિસ્સામાં કાંઈ હોય તો આપો.' વિજયને એણે કહ્યું.

વિજયે પોતાના ખિસ્સામાં હાથ નાંખ્યો. રૂપિયાનો સિક્કો હાથમાં આવ્યો. તે વૃદ્ધને આપવા માંડયો. પણ, તેણે તે સ્વીકાર્યો નહિ.

હવે શું કરવું તેના વિચારમાં પડી ગયાં.

જ્યારે વિજય વિચાર કરી રહ્યાં હતાં ત્યારે વૃદ્ધે પોતાને ઊભા થવું છે તેનું ઇશારાથી જણાવ્યું. વિજય તેને ઉઠાડવા યત્ન કરવા લાગ્યો. કંપતો કંપતો વિજયની સહાયથી તે ઊઠયો.

જ્યારે તે ઊઠયો તે સમયે પૂર્વ દિશામાં કલાત્મક સાથીઆ પૂરાયા હતા—કુદરતની અનુપમેય કલા જણાઈ રહી હતી.

'ચાલો હવે ચાલીશું?' વીણાએ પૂછ્યું.

'હા.' કહી વિજયે ચાલવા ડગલું ભર્યું કે તરત જ વૃદ્ધે વિજયનો હાથ પકડયો. વિજય આગળ વધતો અટકી ગયો. સાથે તેને લાગ્યું કે જે વૃદ્ધ કંપી રહ્યો છે. તેનામાં શક્તિ છે—બળ છે. તેણે હાથ છોડાવવા યત્ન કર્યો, પણ તે ન છૂટ્યો-વૃદ્ધ હસવા લાગ્યો.

'ચાલોને.' વીણાનો જાદુભર્યો અવાજ આવ્યો.

'પણ, આ બુઢ્ઢો હાથ છોડે ત્યારે ને?' પુનરપી હાથ છોડાવવા યત્ન કરતાં વિજયે કહ્યું. વૃદ્ધ તો હસે જ જતો હતો. વિજયને આથી ક્રોધ ચઢયો. તેણે જોરથી ઝાટકો માર્યો—હાથ છૂટી ગયો. સાથે જ વૃદ્ધે બાથ ભીડાવી.

અસાવધ વિજય તેની બાથમાં આવતાં વિચારવા લાગ્યો કે, આ વૃદ્ધ છે કે રાક્ષસ? વીણા પણ, આ વૃદ્ધ આમ કેમ કરી રહ્યો છે તે વિચારવા લાગી.

વિજયે બાથમાંથી છૂટવા યત્ન કર્યો. છૂટયો—વૃદ્ધને ધક્કો માર્યો. તે પડતો બચ્યો. વિજય પ્રતિ ધસી—તેના ખિસ્સામાં રહેલો તમંચો કાઢયો. ચોતરફ જોયું તો તેની દ્રષ્ટિએ પોલિસો આવતા જણાયા—વિજયે ચપળતાથી તેના હાથમાં રહેલો તમંચો પડાવી લીધો. સાથે વૃદ્ધ યુવાનને પણ શરમાવે તેવી ઝડપે નાસવા લાગ્યો. આ જોઈ વિજયના મુખમાંથી ઉદ્ગાર સરી પડયા. 'આ કોણ?'

## પ્રકરણ ત્રીજું

### આગ

'આ શાણું?' સરલાએ પૂછ્યું.

'એ શાણું તે પછી. પણ પહેલાં ચાહની વ્યવસ્થા કરો. આખી રાતનો ઉજાગરો માથે પડ્યો છે.' વિજયે કહ્યું.

'એ તો તમારી આંખો જ કહી આપે છે.' બોલતી સરલા હસી.

'તમે ક્યાંથી?' વીણાને ઓળખતાં જ રજનીએ પૂછ્યું તેવામાં નોકર ચ્હાના પ્યાલા લઈ આવ્યો.

'તમને બંનેને જવાબ પછી અપાશે, પહેલાં ચ્હા પીવા દો.' અને બધાં ચ્હા પીવા લાગ્યાં.

ચ્હા પી રહ્યા પછી વિજયે કહ્યું,

'ભાભી! વાત એમ છે કે શ્રીમાન્ ઇન્સ્પેક્ટર સાહેબ તરફથી આ શહેરમાં પગ મૂકતાં જ એક ભયંકર દુશ્મનને પકડવા આજ્ઞા મળી. સેવક તે આજ્ઞાનો અમલ કેમ કરવો તે વિચારતો મકાને બેઠો. ત્યાં આ વીણા શુભ નામધારિણી, ઇન્સ્પેક્ટર સાહેબ પાસે એક વખત ફરિયાદી બનેલ, મારી પાસે ફરિયાદ લઈ આવી.

તેમની વાત સાંભળતાં મને સમજાયું કે રજનીભાઈ અને આ વીણાદેવી બંનેનો એક જ દુશ્મન છે, જેને પકડવા તેઓ ઇચ્છે છે, તેને મારે પકડ્યા સિવાય ચાલે તેમ નથી. તેથી મેં આ મારા સાથીદારને જણાવ્યું કે રાત્રે શિકારને સપડાવવા તેના મકાને આવીશ, ને રાત્રે હું ગયો.'

'તું ગયો?' રજનીએ પૂછ્યું.

'હા હું ગયો, મધરાતે લોહી તરસ્યો માનવી આવ્યો.'

'પછી, પછી?' ઉત્સુકતાથી રજનીએ પૂછ્યું.

'પછી શું? કાંઈ જ નહિ. આખી રાત ઉજાગરો અને......'

'દુશ્મન હાથમાંથી છટકી ગયો એમ ને? ઓહ!' રજનીએ નિશ્વાસપૂર્વક કહ્યું.

'હા, હાથથી ગયો. પણ, આશા છે કે સપડાયા વિના નહિ જ રહે.' કહી સરલાને વીણાની ઓળખાણ કરાવતાં કહ્યું.

'હવે તેઓ તમારી સાથે જ રહેશે, કેમકે દુશ્મન તેમની પાછળ પડયો છે. તે તેમને પકડવા અનેક પ્રયત્નો કરશે. માટે સાવધ રહેજો. ભાઈ રજની! વીણાનું કોઈ નથી. તો આપણે આશ્રય આપવો રહ્યો—સહાય કરવી રહી.'

'ચોક્કસ.' સરલાએ કહ્યું: 'બહેન! અમે તારું રક્ષણ કરવા બધું જ કરીશું. આ ઘર તારું જ સમજજે.

વીણા તો માનતી હતી કે વિજય પોતાને ત્યાં—સાથે જ—રાખશે, પણ વ્યવસ્થા બીજી થઈ. તે છૂટકે નછૂટકે સ્વીકારવી જ રહી. સરલાના મકાનને પોતાનું માનવું જ રહ્યું.

'બસ. એ સિવાય?' રજનીએ પૂછ્યું.

'કાંઈ જ નહિ.' બોલી વિજય ઊઠયો. તેવામાં તેની નજરે કેટલાક પોલીસો કોઈકને પકડી લાવતા જણાયા. સાનિધ્યમાં આવતાં જ જણાયું કે તેઓ રસ્તામાં મળેલા વૃદ્ધને જ પકડી લાવ્યા હતા.

પોલીસો રજનીને સલામ કરી દૂર ઊભા. 'કોણ છે?' રજનીએ પૂછ્યું.

'સાહેબ! આ કોઈ બદમાશ હોય તેમ જણાય છે. તેની પાસેથી કટાર મળી આવી છે.'

'શું તેની પાસેની કટાર મળી આવી છે?' વિજયે પૂછ્યું.

'જી.' પોલીસે જવાબ આપી તેની પાસેથી પડાવી લીધેલી કટાર રજૂ કરી.

વૃદ્ધ તો જાણે કાંઈ જ બન્યું ન હોય તેમ શાંત જ ઊભો રહ્યો.

'સાહેબ ! આ માણસ મૂગો અને બહેરો હોય તેમ, તપાસ કરતાં, જણાયું છે.' એક પોલીસે કહ્યું.

'ખોટું.' વિજય બોલ્યો. 'તે બદમાશ છે. મને પણ માર્ગમાં મળ્યો હતો. તે વૃદ્ધ હોય તેમ માનવા મારું હૃદય ના પાડે છે.' બોલતો તે વૃદ્ધ પાસે જવા આગળ વધ્યો તે સાથે જ વૃદ્ધે માથે બાંધેલા સાંફામાં હાથ નાંખ્યો. કાંઈક કાઢયું અને જમીન પર પછાડયું. અવાજ થયો ને ધૂણીના ગોટેગોટ જણાવા લાગ્યા.

જ્યારે ધુણી અદ્રશ્ય થઈ ત્યારે તેઓને જણાયું કે વૃદ્ધ હતો જ નહિ. પેલી કટાર પણ લઈ ગયો હતો.

વિજય સમજી ચૂકયો કે તે વૃદ્ધ અન્ય કોઈ નહિ પણ જેને શોધવા પ્રયત્ન થઈ રહ્યો છે તે જ. પણ તે કાંઈ બોલ્યો નહિ.

રજની તો આ બદમાશની શયતાનીયતથી ક્રોધે ભરાયો–પગ પછાડવા લાગ્યો.

'ભાઈ રજની ! ગુસ્સે થવાથી કાંઈ વળનાર નથી. એ તો વાદળ હતું, વરસીને ચાલ્યું ગયું. એને જે જાણવું હતું તે જાણી લીધું. હું તમને ફરીથી વિનંતિ કરું છું કે વીણાની જેટલી લેવાય તેટલી કાળજી લેજો. નહિ તો શિકારી શિકારને ઝડપી ચાલ્યો જશે. લ્યો, હું જાઉં છું.' કહી વિજય પોતાના ઘર તરફ જવા લાગ્યો.

વિચારમાં ને વિચારમાં તે ઘેર આવ્યો. 'ઈઝી ચેર'માં સિગારેટ પીતો બેઠો. તેની દ્રષ્ટિ સમક્ષ એ ભેદી બદમાશ ખૂનો કરતો–તિજોરીઓ તોડતો જણાવા લાગ્યો.

'નીચ!' તે મનમાં બબડયો. 'શું વિદ્યાનો આવો ઉપયોગ હોઈ શકે?'

પણ, તેને કોણ જવાબ આપે? તે ઊઠયો. ઓરડામાં આંટા મારવા લાગ્યો.

'ખચિત એ કોઈ વિજ્ઞાની જ હોવો જોઈએ. જે વિદ્યા તેને પ્રાપ્ત કરી છે તે જનતાના લાભાર્થે વાપરી શકત. પણ, તેમ કરવાને બદલે ભયંકર ત્રાસ વર્તાવવામાં તેનો ઉપયોગ કરી રહ્યો છે. મૂર્ખ!' વિજયને કોણ સમજાવે કે વિદ્યાથી ભલું પણ થઈ શકે છે ને વિનાશ પણ થઈ શકે છે. પણ, પસંદ કરનાર તો વિનાશક માર્ગ સ્વીકારવાનો.

આજે વિજ્ઞાનનો ઉપયોગ બધે વિનાશના માટે જ કરવામાં આવે છે. બીજું વિશ્વયુદ્ધ થયું. તેમાં વિજ્ઞાનના સાધનોથી જે સર્વનાશ થયો તેટલો સર્વનાશ અન્ય સાધનોથી થાત કે કેમ તે પ્રશ્ન જ છે. વિજ્ઞાનીઓએ પોતાની વિદ્યાનો ઉપયોગ વિનાશક સાધનો જ ઉત્પન્ન કરવામાં કર્યો. જગત વિનાશના માર્ગે ચાલ્યું. હજી પણ વિજ્ઞાનીઓ તેથી પણ ભયંકર શોધોની પાછળ ક્યાં નથી લાગ્યા?

માનવીને આ વિજ્ઞાનવિદ્યાના બળે ઈશ્વરને હંફાવ્યો છે. કુદરતના અબાધિત નિયમોનો નાશ કરી પોતાની વિદ્યા પ્રમાણે દુનિયાની રચના કરવી છે. ઈશ્વર કર્તા છે. તે માનવા માનવી તૈયાર નથી. ઈશ્વરનું અસ્તિત્વ તેઓને ખૂંચે છે. પોતે જ સર્વસત્તાધીશ છે. વિદ્યાના બળે જગતનું નિયંત્રણ કરવા પવનવેગે માનવી ધસી રહ્યો છે. માર્ગમાં અવરોધતી વસ્તુને તે ઠોકરે ઉડાડે છે જગતને જણાવે છે, તમે જ ઈશ્વર છો. તમારામાં એ શક્તિ રહેલી છે, જેના બળે તમે તમારી ઈચ્છા પ્રમાણે સૃષ્ટિનું સર્જન કરી શકશો.

ઈશ્વર જેવી કોઈ વસ્તુનું અસ્તિત્વ માની ભ્રમમાં ન ફસાવ. આગળ વધો, જય તમારો જ છે.

જ્યારે તમે વિજયી થશો, ત્યારે તમને દુનિયા પૂજશે. તમારાં યશોગાન ગાશે: ઈશ્વર અલ્પાયુ માનવીની વાતો પર હસે છે. માર્ગભૂલેલાઓ માટે દયા ખાય છે, પણ માનવીને–વિજ્ઞાન શક્તિથી શક્તિશાળી બનેલાને–કોઈની પરવા નથી, તે પરિણામની રાહ જોવા થોભતો નથી. કાળને પણ વિચારવું પડે તેવી ગતિથી આગળ વધે છે. આ શહેરમાં કોઈ વિજ્ઞાની ભયંકર તાંડવ ખેલી રહ્યો હતો. પોતાના કૃત્યથી કોને કેટલું સહન કરવું પડે છે, તેનો તે વિચાર કરવા થોભતો ન હતો. તેના આ કૃત્યોથી વિજયને દુઃખ થઈ રહ્યું હતું. એ ભાનભૂલેલાને કેમ અટકાવવો તે એ વિચારી રહ્યો. તેવામાં એક યુવાન ઓરડામાં આવ્યો. વિજયની વિચારનિદ્રાનો ભંગ એણે કર્યો.

વિજયે આવનાર સામે જોયું–કોઈ શ્રીમંત હતો.

'જરા વિવેક શીખો. આ પ્રમાણે ખબર આપ્યા સિવાય કોઈના મકાનમાં દાખલ થવું એ ગૃહસ્થનાં લક્ષણ નથી.'

'સમજું છું, મિ. વિજયકુમાર! એ હું સારી રીતે સમજું છું. પરંતુ, વિવેકનો પાઠ શીખવનાર પોતે જ અવિવેક કરે ત્યાં શાને શું?'

'અવિવેક? અને તે મારાથી?'

'હા, તમારાથી.' બોલતાં ક્રોધચિહ્નો આવનારના મુખ પર જણાવા લાગ્યાં.

'મિસ્ટર! તમે સજ્જન છો, એ હું માની લઉં છું. તમારી એ સજ્જનતાને કલંક લાગે તેવું તમે કરી રહ્યા છો. મારા જેવા ભલા માણસના માર્ગમાં નાહક આવી રહ્યા છો.'

'હું? મને કોઈના માર્ગમાં આવવાનો અવકાશ જ ક્યાં છે? મારે જે કાર્યો કરવાનાં છે તેમાં હું એટલો રોકાયેલો છું, જેથી...

'એ રોકાણ શબ્દના મિથ્યાડંબર નીચે તમે મને નુકશાન પહોંચાડી રહ્યા છો. મને ગુસ્સો કરવાનું કારણ આપી રહ્યા છો.' વિજયને બોલતો અટકાવીને તેણે કહ્યું.

'હું, અને તમને ગુસ્સે થવાનું કારણ આપી રહ્યો છું? અશક્ય. અસંભવિત. તમે ક્યાંક માણસને ઓળખવામાં ભૂલ ખાઈ રહ્યા છો.'

'નહિ જ, તમે જ વિજયકુમાર, સુપ્રસિદ્ધ ડિટેક્ટીવ છો. એ વાત તો ખોટી નથી ને? વિજયકુમારને ઓળખવામાં તો ભૂલ ખાતો નથી ને?'

'ના.'

'તો બસ. તમે જ મારા માર્ગમાં વિઘ્ન નાખી રહ્યા છો.'

'કેવી રીતે તે જણાવશો? હું આપને ઓળખતો નથી, તો પછી આપના માર્ગમાં ક્યાંથી આવું? છતાં, હું ભૂલતો હોઉં તો આપનો પરિચય આપશો—નામ જણાવશો.'

'નામ?' બોલતાં તે હસ્યો. 'મિ. વિજયકુમાર! મને મારું નામ જ યાદ નથી. હવે તમે કેવી રીતે વિઘ્નરૂપ થાવ છો તે જણાવું?' બોલતાં તે થોભ્યો. મુખ પર આવેલું હાસ્ય અદ્રશ્ય થઈ ગયું. પુનઃ ક્રોધનાં ચિહ્ન દ્રષ્ટિગોચર થવા લાગ્યાં.

'અઈ કાલે તમે ક્યાં હતા?'

'એ પૂછનાર તમે કોણ?' વિજયને આ માણસની રીતભાતથી તિરસ્કાર આવવા લાગ્યો. 'મિસ્ટર! મને આવી નિરર્થક વાતોમાં સમય ગાળવો પરવડે તેમ નથી. આ વિના બીજું કાંઈ કામ ન હોય તો ચાલતા થાવ.' બોલી બારણાં તરફ આંગળી કરી.

'વિજયકુમાર?' અવાજ એટલો તો ભયંકર કર્કશ હતો કે સાંભળનાર ડરી જાય. પણ, વિજય તો પહાડની માફક અડગ અને

અચાનક બોલી રહ્યો. 'મારી કિંમતી વસ્તુને તમે ઉપાડી ગયા છો. ગઈ કાલે.'

'ગઈ કાલે?' વિજયે પૂછ્યું.

'હા હા ગઈ કાલે. પરંતુ, વિજયકુમાર! એ ન સમજશો કે તે તમારા કબજામાં રાખી શકશો.'

'તમે કોની વાત કરી રહ્યા છો?'

'કોની? અજાણ્યા થાવ છો, મિ. વિજય?!'

'તમે છો કોણ? અને શું ઇચ્છાથી અહિયાં આવ્યા છો?'

'ઇચ્છા તો તમારાથી અજાણી રહી જ નહિ હોય. અને હું કોણ છું તે તો હું પોતે જ જાણતો નથી. તે હું પહેલાંજ કહી ચૂક્યો છું. વળી પૂછું, પેલા વૃદ્ધ......'

વિજયના મગજમાં કાંઈક ચમકારો થયો—બુદ્ધિએ ટંકાર કર્યો. વૃદ્ધ—અદૃશ્ય વ્યક્તિ—અને યુવાન ત્રણે એક જ છે. તે વધુ સ્વસ્થ થયો. મુખ પર હાસ્ય લાવ્યો.

'ઓહો મહાનુભાવ! આપ જ છો! જયહિંદ! બીરાજો, બીરાજો.'

'કેમ, બાંધવા વિચાર છે?' યુવાન પણ હસી બોલ્યો.

'અત્યાર સુધી આપને ન ઓળખવા બદલ ક્ષમા ચાહું છું. બેસો, બેસો.'

વિજયે ખુરસી બતાવી, યુવાન બેઠો. વિજયે સિગરેટ કાઢી.

'સિગરેટ પ્લીઝ.'

યુવાને સિગરેટ લીધી. વિજય પણ સામે બેઠો. સિગરેટો સળગાવીને રિસીવર સાથે રમત કરવા લાગ્યો.

'પોલીસને ફોન કરવા વિચાર છે?' યુવાને પૂછ્યું.

'મારે ના. પોલીસ બિચારી શું કરે, આપ તો અમારા જેવા માનવીથી ઊંચી કક્ષાના માનવી છો. સેકંડમાં અદૃશ્ય થઈ જાવ.'

'હવે સમજાયું. ચાલો, તમારી બુદ્ધિને અભિનંદન આપું છું.'

'આપ જ તે વયોવૃદ્ધ. આપ જ માનવીની દૃષ્ટિથી અદૃશ્ય રહેનાર......'

'બસ, બસ, બહુ થઈ ગયું.' જ્યારે તમે મને ઓળખી જ ગયા છો, તો મારે વધુ કહેવાનું ન રહ્યું. હું જે પૂછું છું તે આપો હવે.'

'તે ક્યાં છે તે તો તમે જાણો છો. એટલે માગણી અસ્થાને છે.'

'આઈ. સી. તમે પોતે જ સોંપી આવ્યા છો, અને ત્યાં મારી હાજરી પણ હતી.'

'હું જાણું છું.' વિજયે કહ્યું.

'છતાં તમે જવાબદાર થવા નથી માગતા એમ જ ને! વારુ. હું આગળ શું કરવું તે જાણું છું. પણ યાદ રાખજો વિજયકુમાર! તમે પસ્તાશો. દુનિયામાં એવી કોઈ જ વ્યક્તિ નથી, જે મારા શિકારને સંતાડી રાખે.' તેના શબ્દો જ તેની ખાત્રી આપતા હતા. પરંતુ વિજયને એ શબ્દોની પરવા ન હોય તેમ રિસીવર રમાડતો શાંત બેસી રહ્યો.

'તો હું જઈ શકું છું?'

'તમને રોક્યા છે જ કોણે?' વિજયકુમારે હસતાં હસતાં કહ્યું.

ને યુવાન ઊભો થવા ગયો, તે સાથે જ વિજયે તમંચો તેના સામે ધર્યો. 'શયતાન! તારા ખિસ્સામાં પેલી જે શીશી દેખાય છે તે બહાર કાઢ, અને જો કાઢતાં આનાકાની કરીશ તો આ તમંચો તેમાંથી નીકળતી ગોળી–તારા દેહને વીંધી નાખશે. જલદ, ઉતાવળ કર.'

'ઓહો, વિજયકુમાર! હું તો તમને બુદ્ધિશાળી માનતો હતો, પરંતુ આ ક્ષણે જ સમજાયું કે તમારે અને બુદ્ધિ વચ્ચે અંતર છે. તમે તમંચાનો ડર બતાવો છો, પરંતુ, જે માનવી કુદરતને પોતાની ઇચ્છા પ્રમાણે ચલાવવા ધારે છે તે તમારા આ નાનકડા રમકડાથી ડરશે? જ્યારે કોઈ સર્પના દરમાં હાથ નાખે, ત્યારે તે કરડશે એમ સહેજે સમજી શકે, એટલે બચાવનો માર્ગ તૈયાર જ રાખે સમજ્યાને? હવે જે શીશીને બહાર કાઢવા કહો છો તેમાંનું પ્રવાહી કેટલું ભયંકર છે તેનો તમને ખ્યાલ આપું. જો તમે તેનો સ્પર્શ કરશો તો તમારા આખાયે દેહની નસોને ખેંચશે. જો તે પ્રવાહી જમીન પર પડે તેને ગરમી લાગે તો આગના ભડકા થશે. તમે તમારા તમંચાનો ઉપયોગ કરશો, તો તેને ગરમી લાગશે. પરિણામે આગ લાગશે, અને તે આગ હોલવવી અશક્ય છે જે પ્રવાહી મેં બનાવ્યું છે, તેની અસર હું જ નાબૂદ કરી શકું તેમ છું, સમજ્યાને.' બોલતો તે અટક્યો. 'કહો શીશી બહાર કાઢું.'

'હા, હા.' વિજયે કહ્યું.

'સારું,' કહેતાં જ યુવાને શીશી બહાર કાઢી. 'હું નથી ઇચ્છતો કે વિનાશ જલ્દીથી લાવવો. હું જ તે પી જાઉં છું.'

યુવાન જેવો પીવા જાય છે તેવો જ વિજયે ધડાકો કર્યો. યુવાને શીશી ફેંકી સાથે જ તે ફૂટી, અને ઓરડામાં આગ લાગી.

## પ્રકરણ ચોથું

## બુરખાધારી

આગે ઘણી ઝડપથી ઓરડાને ભસ્મીભૂત કરવા માંડ્યો, અને પોતાની જિહ્વા આગળ લંબાવી. માનવો ઉભરાવા લાગ્યાં. અગ્નિ શાંત કરવા માટે બંબાઓ આવી પહોંચ્યા. ચોતરફથી પાણી નંખાવા લાગ્યું. રજનીકાન્ત પણ આવ્યો. તે તો 'વિજય-વિજય' ની બૂમો પાડતો હતો, પણ વિજય ક્યાં જવાબ આપવા આવે! તેની આંખમાંથી આંસુ પડી રહ્યાં હતાં.

અગ્નિને શાંત કરવા જેમ પ્રયત્ન કરવામાં આવે તેમ અગ્નિ વધુ ને વધુ જ્વાળાઓ કાઢી રહ્યો હતો. કેમે કરી આગ કાબૂમાં આવતી ન હતી. 'શું કરવું?' તેના વિચારમાં બધા પડ્યા હતા.

મિનિટો પર મિનિટો જવા લાગી. કલાકનો કાંટો આગળ વધી રહ્યો. ભેગા થયેલા માનવો બીજાં મકાનો ભસ્મીભૂત ન થાય તે માટે વ્યવસ્થા કરી રહ્યા.

તેવામાં એક અસ્વચ્છ કપડામાં રહેલો મજૂરિયા જેવો માણસ પાણીનું વાસણ લઈ આવ્યો. તેણે વાસણમાંથી પાણી છાંટવા માંડ્યું. બીજાઓએ પણ તેનું અનુકરણ કર્યું, અને આગ કાબૂમાં આવવા લાગી.

જ્યારે અગ્નિ શાંત થઈ ગઈ ત્યારે રજની કાંઈક શોધતો અંદર ફરવા લાગ્યો, પણ કશું જ હાથમાં આવ્યું નહિ. બધું જ બળી ગયું હતું. તે અફસોસ કરતો મકાને આવ્યો. ઘરમાં બધાં ચિંતા કરતાં હતાં. તેમને વિજયનો પત્તો નથી એવા સમાચાર આપ્યા. સરલા અને શાણા આ સાંભળી શ્રાવણભાદરવો વર્ષાવા લાગ્યાં. રજની પત્થરનું

હૃદય ફરી ફરતો. પરંતુ એકાંતમાં તે પણ હૃદય પરનો કાબૂ ગુમાવી બેઠો.

જ્યારે શાંત થયો ત્યારે આમ કેમ લાગી હશે—વિજય તે વખતે ત્યાં હશે કે કેમ, અને હોય તો બળીને રાખોડી જ થઈ ગયો હોવો જોઈએ વિગેરેના વિચારે ચડ્યો.

જમવાના સમયે બધાં જમવા બેઠાં, પણ જમી શકાયું નહિ.

સરલા—વીણા પણ વિજય સંબંધમાં અનેક પ્રકારના તર્કો કરી રહ્યાં, પરંતુ છેલ્લા નિર્ણય પર આવી શકતાં ન હતાં. ત્યાં રજની આવ્યો

'રજનીભાઈ,' વીણાએ કહ્યું, 'મને તો એમ જ લાગે છે કે વિજયકુમાર તે વખતે ત્યાં હોવા જ ન જોઈએ.'

'એમ જ હો એમ હું ઇચ્છું છું.' રજનીએ દબાયેલા સ્વરે કહ્યું. 'પણ, તેવું બન્યું હોય તેમ હું માનતો નથી. વિજય અહીં આવી ઘેર જ ગયો હતો.'

'હા. વિજય ઘેર જ ગયો હતો.' એકાએક અવાજ આવ્યો. અવાજ પરિચિત હતો. બધાંએ અવાજની દિશાએ જોયું તો વિજય જ ઊભેલો હતો.

'વિજય!' બોલતો રજની દોડ્યો. કોટે વળગી પડ્યો. રજનીના આંખમાં આંસુઓ હતાં, પણ તે હર્ષનાં. સરલાવીણા તો ઘણે વર્ષે આપ્તજન જોવામાં આવે, ને જોતાં તૃપ્ત ન થાય, અને જોઈ જ રહે તેમ જોઈ રહ્યાં.

રજની વિજય છૂટા પડ્યા. વિજયને પાસે બેસાડી તે પૂછવા લાગ્યો.

'રજની! શું કહું? ખરેખર એ એક ચમત્કાર જ હતો. બદમાશે કેટલી વખત હાથતાળી આપી તે જ વિચારું છું. વીણાના મકાને, રસ્તામાં, પોલીસોની વચમાં, અને છેલ્લો મારી સામે.

હું અહીંગાળેથી ઘેર ગયો, ત્યાં એ શયતાન આવ્યો. વીણાને સોંપી દેવા કહેવા લાગ્યો–તેની સાથે કાંઈક પ્રવાહી પદાર્થ હતો. એ પ્રવાહીને દૂર કરવા મેં કહ્યું, પરંતુ તે પી જવા માંગતો હતો. મેં તે શીશી ફોડી. પરિણામે આગ લાગી. હું તરત જ પાછલી બારીથી કૂદ્યો. બદમાશ પણ કૂદ્યો. મેં તેને પકડ્યો. પરંતુ તે મારી પાસેથી છૂટી નાઠો. હું તેની પાછળ પડ્યો, પરંતુ રસ્તે જતાં ક્યાં અદ્રશ્ય થઈ ગયો તે સમજાયું નહિ, એટલે મકાન પાસે આવી દૂર ઊભો ઊભો, આગ જોઈ રહ્યો. હું વિચારતો હતો કે આ આગથી ઘણું નુકશાન થશે, કારણ કે એ પ્રવાહીની અસર જ ભયંકર થવાની હતી. તેવામાં એ બદમાશ કાંઈક લઈને આવ્યો. મેં તેને ત્યારે જ પકડવા વિચાર કર્યો. પરંતુ જ્યાં સુધી આગ કાબૂમાં ન આવે ત્યાં સુધી પકડવો તે સાથે ફરી વધારે નુકશાની કરાવવા જેવું હતું. તેણે મને જોયો, અને ક્યાંક ચાલ્યો ગયો.

તું તારા મકાને આવવા નીકળ્યો ત્યારે હું તને ત્યાં જ મળવાનો હતો, પણ કોણ જાણે ક્યાંથી એ બદમાશ મારી પાછળ આવી ઊભો–મને હચમચાવ્યો–મેં ચમકી પાછળ જોયું તો એ જ શયતાન!'

'કેમ વિજય! જોયો ને મારા પ્રવાહીનો ચમત્કાર? મેં તને પહેલાં જ કહ્યું હતું કે શીશીના પ્રવાહીથી જે આગ લાગશે તે કાબૂમાં નહિ જ આવી શકે, છતાં તેં સાહસ ખેડ્યું. ગોળી છોડી. તારો ઈરાદો હશે કે શીશી અને મારો, એમ બંનેનો નાશ કરવો. પરંતુ મને વિંધવો તારે માટે આકાશકુસુમવત્ હતું, તે તું હવે માનીશ જ. વગર ઈજાએ તેથી જ આગ લાગતાં જ હું તારી પાછળ કૂદી પડી શક્યો.

તું મને સપડાવવા યત્ન કરતો હતો. ત્યારે મને અનોખા મકાન વગરના થશે તેની ચિંતા હતી. તારી દૃષ્ટિ મર્યાદા બહાર થયા વિના નુકશાનને અટકાવી શકું તેમ ન હતો, તેથી હું એક ખંડિયેરની અંદર છુપાયો. તું ત્યાંથી પસાર થયો કે તરત જ બહાર નીકળી

મારી પ્રયોગશાળામાં જઈ બીજું પ્રવાહી તૈયાર કરી-કપડાં બદલી આવો-આગને શાંત કરી. એ ઉપકાર માનવાને બદલે-મારી આ ઉદારવૃત્તિનો દુરુપયોગ કરવા તને વિચાર આવ્યો. મૂર્ખ માનવ! તારી ક્ષુદ્ર દૃષ્ટિ પર મને તિરસ્કાર આવે છે; જો હું દૂર રહ્યો હોત તો આ આગથી કેટલું નુકશાન થાત તેનો તું વિચાર કર.'

તે બોલતાં થોભ્યો. મને પણ લાગ્યું, 'તેનું કહેવું સાચું છે. આજે તેણે ભયંકર વિનાશને રોક્યો છે.'

'વિજય! મારામાં જેમ વૈરની આગ છે—તેમ દયાનું પણ ઝરણું વહે છે. હું મારા દુશ્મનો પર દયા કરતો નથી. પણ, પણ.' બોલતાં તેણે ખૂંખારો ખાધો, 'તારી અને મારી વચ્ચે યુદ્ધનાં મંડાણ થઈ ચૂક્યાં છે. હવે તો આ પૃથ્વી પર એકી સાથે આપણે બંને રહી શકીએ નહિ. હું અથવા તું એમાંથી એક જ રહેશે. નિઃસંશય મારા વાક્યનો પૂર્વાર્ધ જ સાચો હશે. આ પૃથ્વી પર તું રહી શકશે નહિ. જ્યાં સુધી તું છે, ત્યાં સુધી વીણા મારી થઈ શકશે નહિ.'

હું તેના નિરધારથી હસ્યો. તે ભૂલી ગયો હતો કે માનવીની ઇચ્છાઓ ક્યારે ય પણ પૂરી થતી નથી. ઈશ્વર તેના માર્ગમાં એ કાંટા નાંખે છે, જે તેને આગળ વધતો અટકાવી દે છે. પરંતુ તેને શિખામણ આપવી વૃથા હતી.

'ઠીક ત્યારે હું જાઉં છું. વળી પાછા મળીશું-'

કહી તે ચાલ્યો ગયો. મેં જવા દીધો હું માનતો હતો કે જો પકડવા પ્રયત્ન કરીશ તો અદૃશ્ય થઈ જશે, એટલે જવા જ દેતો રહ્યો. તેવામાં તમે બધાં મને યાદ આવ્યાં, અને હું અહીંઆ આવ્યો.'

રજની તો વિજયની વાત એકચિત્તે સાંભળી રહ્યો હતો.

'દુશ્મન ભયંકર છે. પરંતુ દૃષ્ટિએ તો તારા આવ્યા પછી જ

પડયો છે. અદ્યાપિપર્યંત તે કોઈને જણાતો ન હતો. બધા જ તેને 'જીવતું ભૂત' માનતા.'

'અને સાચે તે જીવતું ભૂત જ છે.'

'તેં તેનો ચહેરો બરાબર જોયો જ હશે.'

'ખચિત.'

'તો આપણે ખૂન-ખુમારીના ફોટાઓ તપાસીએ તો કદાચ ઓળખી શકાય.'

'અસંભવિત. જેના ફોટાઓ તારી પાસે છે તેમાંનો એ ગુનેગાર નથી. તે તો કોઈ સર્જનના વેશમાં છૂપાયેલો છે. જે ચહેરો આપણે જોઈએ છીએ તે કદાચ તેનો નથી. તેણે બહુરૂપીની કળા સંપૂર્ણ સિદ્ધ કરી છે. વૃદ્ધ તરીકે–યુવાન તરીકે–મજૂરિયા તરીકે અને છેલ્લા મારા સાંનિધ્યમાં આવ્યો, ત્યારે તેના ચહેરા જુદા જ હતા.'

'તો પછી તેને પકડવો કેવી રીતે તે કોયડો જ રહ્યો.' રજની નિરાશ થતાં બોલ્યો.

'રજની ! આપણે યત્ન કરતા જ રહો. કોઈ દિવસ તે તેના અસલ સ્વરૂપમાં દેખાયા વિના રહેશે નહિ. તેની ઈચ્છા વીણાને હસ્તગત કરવાની છે. વીણા જ્યાં સુધી તેના હાથમાં નહિ આવે, ત્યાં સુધી શાંત બેસી રહેવાનો નથી.'

'આવા દુરસનના સપાટામાંથી વીણાને બચાવવા ઘણું જ સાવધ રહેવું જ પડશે.'

'નિઃસંદેહ' વિજયે જણાવ્યું. પછી મોઢું ઉતારી બોલ્યો, 'ભાઈ ! આજ આખા દિવસનો અપવાસ થયો છે. કાંઈક ફરાળ જેવું કરાવો તો......'

સરલા તો શબ્દ સાંભળતાં જ ઊઠી. વીણા આજ સુધી આ

બધું શાંતિથી સાંભળી રહી હતી. તે આંસુ વહાવતી બોલી:

'મારા માટે બધાંને આપત્તિ સહન કરવી પડે છે. તે કરતાં હું જ તેના હાથમાં......'

'છીઃ છીઃ આ તમે શું કહી રહ્યાં છો ? આ પોલીસ ઓફિસર છે. તેમની ફરજ જનતાનું રક્ષણ કરવાની છે. તમે તેમના આશ્રયે આવ્યાં છો, અને મારી પાસે તમે ખૂનીને પકડી આપવા માગણી કરી છે. એક ડિટેક્ટીવ તરીકે મારી ફરજ એ છે કે કેહના ભોગે પણ બદમાશ ખૂનીને પકડવો, તમારું રક્ષણ કરવું.'

'બાળુબેન ! જીવનમાં એવી કેટલી યે ભયંકર પળો આવે છે, જેનો ધૈર્યથી સામનો કરવો પડે છે. વિજયના કારણે દ્રષ્ટિથી પર મનાતી વ્યક્તિ પ્રત્યક્ષ થઈ છે. મહેનત કરીશું તો પકડી પણ શકીશું. શહેરમાં જે ભયંકર ત્રાસ વર્તાવ્યો છે, કંઈકને રડાવ્યા છે—લૂંટ્યા છે—ખૂનો કર્યાં છે તેનો બદલો તેને મળશે જ મળશે. તમારા માટે જ આ બધું થાય છે તેવું કાંઈ જ નથી.' રજનીએ કહ્યું.

આ વાર્તાલાપ ચાલી રહ્યો હતો ત્યારે સરલા ખાવાનું લઈને આવી. તેણીનું હૃદય વિજયની કોઈ પણ સેવા કરવા ઉત્સુક થઈ રહ્યું હતું. પરંતુ કહેવાય કેમ ? તે તો ઈશ્વરને એવી તક મેળવી આપવા માટે પ્રાર્થી રહી.

વાતો કરતો—હસતો વિજય ખાવા લાગ્યો.

'હવે તો આ નિરાશ્રિત માટે કંઈક વ્યવસ્થા કરવી જ પડશે. મકાનના ભસ્મીભૂત થવા સાથે બધું જ નાશ પામ્યું.'

'ચાલો, એ પણ સારું થયું. મકાનમાં બધાં જ વિદેશી કપડાં હતાં. વિદેશી ફરનિચર હતું. હું તો ઈચ્છતી જ હતી કે વિજયભાઈ ક્યારે દેશી વસાવતા થાય.' સરલા બોલી

'ત્યારે એમ જ કહોને કે તમારો શાપ જ નડ્યો.. ઠીક નહિ.

'જે દેવીએ શાપ આપ્યો છે તે આશીર્વાદ પણ આપશે.' વિજયે હસતાં હસતાં કહ્યું.

'એ તો જેવી, જેની, જેટલી લાયકાત.' કહી સરલા હસી.

'હવે વાતો જ કરવી છે કે સૂવાની વ્યવસ્થા કરવી છે? બિચારો વિજય થાક્યો પણ હશે.' હસતાં હસતાં રજનીએ કહ્યું.

'અક્ષરશઃ સાચું જ છે.' વિજયે કહ્યું.

સરલા પથારીઓની વ્યવસ્થા કરાવવા ગઈ. રજની પણ ઓરડાની બહાર નીકળ્યો. રહ્યાં વિજય-વીણા.

સમય જતો હતો, પણ ઉભયમાંથી કોઈ બોલી શકતું ન હતું. વીણા તો ઘણું જ કહેવા ઈચ્છતી હતી, પરંતુ જીભ દગાબાજ નીવડી. ખરા સમયે શિવાઈ ગઈ. વિજય માનતો કે વીણા જો કાંઈ બોલે તો જ તેની સાથે વાત થઈ શકે. કેટલાક પ્રયત્ને વીણા બોલી:

'મારા માટે સાચે જ તમે દુઃખમાં આવી પડ્યા. મકાન પણ બળી ગયું અને નિરાશ્રિત બની ગયા.' અવાજમાં દુઃખ હતું. ઊંડી ઊંડી લાગણી હતી.

'પરવા નહિ.' હસીને વિજય બોલ્યો. 'હું આપના કારણે નિરાશ્રિત થયો, અને તે બદલ તમને દુઃખ થાય છે, પરંતુ તમે મારા કરતાં વધુ નિરાશ્રિત થયેલાં છો. તમારા અંગે કોણ દિલસોજી બતાવે છે? સાચાં દુઃખી તો તમે છો.'

'પરંતુ તમારા આશ્રયે......'

'એ વાત યાદ ન કરાવો.' વીણાને બોલતી અટકાવતાં વિજય બોલ્યો. 'ઈશ્વર જે કાંઈ કરે છે તે સારા માટે જ.'

ત્યાં આવતી સરલાના કાને આ શબ્દો પડ્યા, તે બોલી, 'શું છે, વિજયભાઈ?'

'હોય શું ભાભી! આ વીણાને સમજાવી રહ્યો છું કે મનુષ્યને માથે દુઃખ પડે તેમાં પણ કાંઇક સારું રહ્યું જ હોવું જોઈએ. ઈશ્વર અન્યાયી નથી. તેનું ત્રાજવું અચલ છે. માનવી તેની ઇચ્છા સમજી શકતો નથી. વૃથા હવામાં હાથો લંબાવે છે, અને દુઃખી થાય છે.'

'ચાલ હવે એ જ્ઞાનની વાત રહેવા દઈ સૂઈ જા.' રજનીએ કહ્યું. બધા સૂવા માટે ગયાં.

આજ જે કાંઈ બન્યું હતું તેના વિચારમાં નિદ્રા તો દૂર જ ભાગી ગઈ હતી. વિજયની વિચારમાળા આગળ વધતી જતી, તેમ સમય પણ આગળ વધે જ જતો. ઘડિયાળ આગળ વધતા સમયની સાક્ષી આપતી ટકોરા વગાડે જતી.

મધ્ય રાત્રિ થઈ, ઘડિયાળે બાર ટકોરા વગાડયા. તે સમયે વિજયને લાગ્યું કે બાજુના રૂમનો કોઈ વેન્ટિલેશનનો કાચ કાપી રહ્યું છે. તે ઊઠયો. રજનીને ઊઠાડી કાનમાં કહ્યું. રજનીએ પોતાની રિવોલ્વર હાથમાં લીધી, અને દબાતા પગલે ધીમે ધીમે ઓરડા પાસે આવ્યા. તેમની દૃષ્ટિએ કાળા બુરખામાં છૂપાયેલી કોઈ વ્યક્તિ જણાઈ.

## પ્રકરણ પાંચમું.......

### સાથે નહિ જ લઈ જાવ ?

'હેન્ડઝ અપ !' બુરખાધારીની સમીપમાં આવતાં રજનીએ કહ્યું. બુરખાધારી ચમક્યો. હાથ ઊંચા કર્યા. વિજયે બુરખાધારીને પાસે જઈ પકડ્યો. બુરખો ખેંચી લેતાં વિજય—રજની આશ્ચર્ય પામ્યા. તે પુરુષ નહિ પણ સ્ત્રી હતી.

આટલી રાત્રે સ્ત્રી અને તે પણ પોલીસ ઓફિસરના મકાને ! તેની હિંમત પુરુષને શરમાવે તેવી હતી.

'ચાલ આગળ થા.' રજનીએ કહ્યું.

તે આગળ થઈ. ત્રિપુટી આગલા રૂમમાં આવી. ખોલીસોની વચ્ચે તે સપડાયેલી હોવા છતાં તેના મુખ પર સહેજ પણ ગભરાટ ન હતો. તે પોતાના જ મકાનમાં ઊભી હોય તેમ શાંતિથી વિજય સામે જોતી ઊભી રહી.

'તું ક્યાંથી આવી ?' રુવાબથી રજનીએ પૂછ્યું.

'તે જાણવા પ્રયત્ન કરવો નકામો છે. આજ નિષ્ફળતા મળી છે એટલું જ હું કહી શકીશ.'

'તો શું તારો ધંધો ચોરી કરવાનો છે ?'

'નહિ, બહાદુરીથી મારું કાર્ય પૂર્ણ કરવાનો; પરંતુ આજ હું સપડાઈ તેનું મને દુઃખ થાય છે.'

'તારો ઇરાદો ?'

'હવે કહેવું વ્યર્થ છે, જ્યારે હું પકડાઈ ચૂકી છું.'

'તો તું કાંઈ જ કહી શકશે નહિ એમ ને ? ભલે ન કહીશ. પરંતુ તું કોણ છે તે શોધી કાઢવામાં આવશે.' વિજયે કહ્યું.

'ભવિષ્યની વાત ભવિષ્યમાં, અત્યારે કાંઈ નહિ.' તે તો શાંત જ હતી. તેની શાંતિ વિજયને કંપાવી રહી હતી. નહિ જ ઓળખી શકાય તેમ તે નિશ્ચય માની રહી હતી. 'શું તેનું જ ધાર્યું થશે?' વિજય મનમાં બબડ્યો.

'છે કોઈ હાજર?' રજનીએ બૂમ પાડી, અને બહાર પહેરા પર ઊભેલો પોલીસ દોડી આવ્યો—સલામ કરી દૂર ઊભો રહ્યો.

'પહેરા પર તમે હતા?' રજનીએ પૂછ્યું.

'જી. બાર વાગે પહેરા પર હું હાજર થયો હતો.'

'તે પહેલાં કોણ હતું?'

'રામસિંગ.' ઘણી જ નમ્રતાથી પોલીસે કહ્યું.

'એને બોલાવવા મોકલો.' સાહેબે કહ્યું. પોલીસ સલામ કરી ચાલ્યો ગયો. પકડાયેલી સ્ત્રી તો મનમાં હસી રહી હતી.

'સાહેબ!' પોલીસ ડરતાં ડરતાં આવી બોલ્યો.

'શું છે? રામસિંગ ક્યાં?'

'સાહેબ, રામસિંગ બેહોશ પડ્યો છે.'

'બેહોશ!' રજની ક્રોધથી બોલ્યો. 'બાર વાગે તને છૂટો કરે છે. તેને હજી સમય તો થયો નથી, એટલામાં બેહોશ?'

'જી નામદાર.' હસતાં હસતાં પેલી સ્ત્રી બોલી: 'આપ એમ જ સમજો છો કે મિનિટોમાં કાંઈ બની શકતું નથી. તમારો માણસ બેહોશ પડ્યો છે. સારું થયું કે તેનું ખૂન થયું નથી.'

'આ બદમાશ ટોળાનું જ કામ છે. જ્યારે આ સ્ત્રી અહીં આ આવી ત્યારે કોઈ સાથે હોવું જોઈએ. રામસિંગે તે માણસને જોયો હોવો જ જોઈએ. તેનું પરિણામ આ આવ્યું.' રજનીને વિજયે જણાવ્યું.

'બદમાશ ટોળી!' ક્રોધથી રજની બોલ્યો: 'જાવ આને કસ્ટડીમાં રાખો. અને સંપૂર્ણ સાવધ રહો.'

પોલીસે હુકમનું પાલન કર્યું. પેલી સ્ત્રીને કસ્ટડીમાં બંધ કરવા લઈ ગયો. કસ્ટડીમાં જતાં તે બાઈને દુઃખ થતું ન હતું. પોતાના ઘેર જ જતી હોય તેમ તે શાંતિથી ડગલાં ભરતી વિજય તરફ જોતી ચાલી.

તેના ગયા પછી વિજયે કહ્યું: 'આ બુરખાને સંભાળીને સવાર સુધી રાખવો જોઈશે. દરજીઓને બોલાવી આ બુરખો કોણે શિવડાવ્યો છે તેની તપાસ કરવી પડશે.

આ એક જ વસ્તુ એવી હાથમાં આવી છે, જેથી આ બદમાશ ટોળીને પકડી શકાશે. હું નહોતો માનતો કે આવો મુદ્દો આટલો જલદી મેળવી શકીશું.'

રજની અને વિજય તે બુરખાને લઈ સૂવા ચાલ્યા ગયા.

રાત્રિ શાંતિથી પસાર થઈ. વિજયને તો બુરખો કોણે શિવ્યો તે જાણવું હતું તેથી તે વહેલો ઊઠ્યો. રજની પણ ઊઠ્યો, અને પોલીસને શહેરમાંથી દરજીઓને બોલાવી લાવવા જણાવ્યું. પછી પ્રાતઃક્રિયા કરવા લાગ્યા.

જોતજોતામાં નવ વાગ્યા. ઑફિસના બારણે દરજીઓનો મેળો ભરાયો. વિજય–રજની ઑફિસમાં આવ્યા. વિજયના હાથમાં પેલો બુરખો હતો. પોલીસને મળેલી સૂચના પ્રમાણે પેલી બદમાશ સ્ત્રીને લઈને આવ્યો. તે બુરખા પ્રત્યે તીવ્ર દૃષ્ટિથી જોઈ રહી હતી

બુરખો કોણે શિવડાવ્યો છે તે બહાર આવતાં બધું જ બહાર આવી જાય તેમ હતું. તે સ્ત્રીની દૃષ્ટિ બેઠેલા દરજીઓ પર પડી. તે શોધી રહી હતી કે બુરખો શિવનાર તેમાં છે કે કેમ!

એક પછી એક દરજી આવવા લાગ્યા. બુરખાને ઊલટાવી-સુલટાવી જોવા લાગ્યા. જોઈ માથું ધૂણાવી તેઓ ચાલ્યા જતા. એક વૃદ્ધ દરજી આવ્યો. તેણે બુરખાને હાથમાં લીધો. સ્ત્રીના દેહ પરથી કંપ આવી અદૃશ્ય થઈ ગયો. એ વૃદ્ધ દરજી કાંઈક બોલશે.

જે ભેદ અદ્યાપિ પર્યંત ગુપ્ત છે તે જો બહાર આવશે તો આખું યે મંડળ મુશ્કેલીમાં મુકાઈ જશે. દરજીની જીભ કેમ બંધ કરવી તેના વિચારમાં તે હતી. એકેક પળ તેને માટે કિંમતી જઈ રહી હતી. જો કોઈ અણધારી મદદ મળી જાય તો જ બચાવ થવા સંભવ હતો.

જે ટોળી કોઈનાં ખૂન કરતાં વિચારતી નહિ, લોકોને લૂંટતાં બિલકુલ થોભતી નહિ, તેને પકડાવવાનો સમય આવી પહોંચ્યો.

વૃદ્ધ બુરખાને તપાસી રહ્યું જોયું એક ક્ષણ—અને એટલી બદમાશ જાહેરમાં આવી જવાના.

વિજયને લાગ્યું કે આ વૃદ્ધ જાણે છે. બદમાશોનો પત્તો હાથવેંતમાં છે. તેના મોઢા પર સ્મિત ફરક્યું. સ્ત્રીની મુખમુદ્રા પર શોક છાયા છવાઈ. પોતાનાથી મંડળનો સર્વ નાશ થાય તે સહન કરી શકતી ન હતી. તે કંપી રહી હતી—ઝાડનું પાંદડું કંપે તેમ.

'કેમ આ બુરખો તમારો સિવેલો છે ?' રજનીએ પૂછ્યું.

'જી.' દરજીએ પ્રત્યુત્તર વાળ્યો.

'એ કોણે શિવડાવ્યો હતો ?'

દરજી તેનો કાંઈ જવાબ આપે તે પહેલાં જ કોઈ ચળકતો પદાર્થ દરજી પાસે પડ્યો. માનવી પોતાની દૃષ્ટિ સમક્ષ સર્પ જુએ અને પાછો હઠે તેમ દરજી પાછો હઠ્યો. જમીન પર પછડાયો

સ્ત્રીના મુખ પર હાસ્ય વીલસી રહ્યું. જે ભયંકર આપત્તિ આવી રહી હતી તે અદૃશ્ય થઈ ગઈ, જેમ આકાશમાં ઘેરાયેલાં વાદળ પવન

વિખેરી નાંખે ને વાદળ અદૃશ્ય થતાં નભ સ્વચ્છ થઈ જાય તેમ રજનીના મુખ પર સ્મિતની રેખાઓ રમી રહી. ક્ષણ પહેલાં જે ભયથી ધ્રુજી રહી હતી તે સ્વસ્થ બની. આ બનાવથી વિજય-રજનીના ગુસ્સાની મર્યાદા જ ન રહી. ભયંકર ટોળી પકડાઈ ચૂકી છે તે માન્યતા નષ્ટ થઈ.

માનવીને બનાવવામાં કુદરત અદ્ભુત કળાનો ઉપયોગ કરે છે. માનવીને વિચારવા સમય પણ આપતી નથી. પોતાને મહાન માન-નાર વ્યક્તિને પળમાં લઘુ કરી દે છે. જેમ માનવી કરતાં પણ એક સમયે તેની છાયા તેનાથી જ મોટી જણાય છે પરંતુ સમય જતાં લઘુતાને ધારણ કરે છે તેમ.

લોહચુંબક પોતાની તરફ વસ્તુને આકર્ષે તેમ આ પડેલા પદાર્થે દરજીના દેહને આકર્ષ્યો–તે વસ્તુ તરફ ઘસડાવા લાગ્યો–કંપવા લાગ્યો–અને કાળને આધીન થયો.

કોઈ એ નિરપરાધીને બચાવી શક્યું નહિ. પોલીસ ઓફિસરો આ મૃત્યુને સ્વાધીન થએલા દરજીને દયાની નજરે જોઈ રહ્યા. ક્ષણમાં દયાનો ભાવ અદૃશ્ય થયો. પ્રતિહિંસાની આગ સળગી ઉઠી. આગની જ્વાળાઓ બહાર નીકળે તે પહેલાં વિવેકબુદ્ધિ આગળ વધી. અબળા પર અત્યાચાર કેમ થાય? ભલેને તે દુષ્ટ–બદમાશ હોય.

'જાવ, અત્યારે આને અહીંઆથી લઈ જાવ.' રજનીએ આદેશ આપ્યો. પોલીસો તેને લઈને ચાલ્યા ગયા. દરજીઓ પેલા વૃદ્ધના શબને સંભાળી ઉઠાવી લઈ ચાલતા થયા. કારણ કે પેલા ચમત્કારિક પદાર્થની બીક લાગતી હતી.

બધાંના ગયા પછી વિજય-રજની આ પદાર્થને કેવી રીતે દૂર કરવો તેના વિચારમાં પડ્યા. કેટલીક મિનિટો વ્યતીત થઈ હશે, તેવામાં તેમની અજાયબી વચ્ચે પેલો પદાર્થ ઉંચકાતો જણાયો.

જેવી રીતે આવીને પડયો હતો તેવી જ રીતે દૂર થવા લાગ્યો. વિજયની દૃષ્ટિ કહી રહી હતી કે એકાદ શયતાન જ તે લઈ જઈ રહ્યો છે. ટેબલ પર પડેલી રિવોલ્વર તેણે ઉઠાવી ને સાથે જ અવાજ આવ્યો.

'વિજયકુમાર! રિવોલ્વરનો ઉપયોગ કરશો તો પુનરપિ પસ્તાવાનો સમય આવશે. મારી શક્તિને યાદ કરો. પળમાં જે વિનાશ પિશાચ પણ નથી લાવી શકતો તે વિનાશ-તેથી ભયંકર વિનાશ-હું લાવી શકીશ.

જે પ્રલયશક્તિ મારામાં છે તે કોપે ચડેલી વિદ્યુતમાં પણ નથી, ઝંઝાવાતમાં પણ નથી. ધરતીકંપના આંચકા જે પરિવર્તન લાવી શકે છે તે માત્ર હું એક જ ફૂંકથી લાવી શકું છું. તમારા હથિયારો મારો વિનાશ સર્જી શકશે નહિ, છતાં વિચાર હોય તો રિવોલ્વરની ગોળી છોડો, અને જુઓ શું પરિણામ આવે છે.'

રિવોલ્વરનો ઉપયોગ કરવો કે નહિ તેના વિચારમાં વિજય પડયો. વ્યક્તિ તો ત્યાં સ્થિર ઊભી જ હોય તેમ જણાતું.

'વિજયકુમાર!' અવાજ આવ્યો. 'નિર્ણય કરી લીધો? હું પ્રત્યુત્તરની રાહ જોઉં છું.'

જવાબમાં વિજયે રિવોલ્વર ટેબલ પર મૂકી દીધી. સાથે જ હાસ્ય ધ્વનિ આવ્યો:

'બુદ્ધિવંત.' અને કોઈ ચાલ્યું જતું હોય તેમ લાગ્યું.

'વિજય! આ શક્તિને કેમ પહોંચી વળાશે-વિનાશને કેમ અટકાવાશે? આ વિજ્ઞાનને વરેલો માનવી સપાટે ચડવો મુશ્કેલ છે.'

'હું માનું છું કે એણે મર્યાદા મૂકી છે. કુદરતને પડકારી રહ્યો છે. અને તેથી જ તેનો નાશ નિશ્ચય છે. તે શેત્રંજના દાવ બેસી

રહ્યો છે. હું તેને શિકસ્ત આપવા તૈયારીઓ કરી રહ્યો છું. કેટલા દાવ તે રમે છે તે જોઉં છું તેનું ધ્યેય વીણા છે. આપણું ધ્યેય વીણાને બચાવવાનું છે. તે તેની શક્તિનો ઉપયોગ કરશે. આપણે આપણી બુદ્ધિનો ઉપયોગ કરવાનો છે. પછી જોવાનું છે કે વિજયમાળ કોના કંઠમાં પડે છે.'

'જોઈએ.' રજનીએ કહ્યું. 'પરંતુ. પેલી ચૂડેલનું શું કરીશું? તે કોઈ રીતે માને તેમ નથી.'

'એને મનાવવા હું યત્ન કરીશ, અત્યારે જ હું તેની પાસે જાઉં છું, અને જોઉં છું કે શું થાય છે.' કહી તે ઊઠયો. કપડાં પહેરવા અંદર ગયો.

જેવો તે ઓરડામાં દાખલ થયો તેવી જ વીણા સામે આવી ઊભી રહી.

'અત્યારમાં જાવ છો?' પ્રશ્ન તદ્દન સરળ હતો. પ્રત્યુત્તર સહેજે આપી શકાય તેમ હતો. છતાં વિજયનું હૃદય પ્રત્યુત્તર વાળતાં મુંઝાવા લાગ્યું. તે શાંત જ ઊભો રહ્યો.

'કેમ, નહિ બોલો?' જવાબ નહિ મળવાથી વીણાએ પૂછ્યું, 'બોલવાના સોગંદ લીધા છે?'

બિચારો વિજય!

જે વિજય બલભદ્રને બોલતા અટકાવી શકતો તે વિજય અત્યારે લાચાર સ્થિતિમાં આવી પડયો. મુશ્કેલીએ જીભ ઉપડી.

'શું થાય? રાતનો બનાવ તો તમે જાણ્યો જ હશે. બદમાશ ટોળીનો સભ્ય તમને ઉઠાવી જવા રાત્રે આવ્યો હતો. તે [illegible]. અત્યારે તે કસ્ટડીમાં છે તેની પાસે જઈ રહ્યો છું.'

'હું સાથે આવું?' વીણાએ પૂછ્યું.

સાથે, અને ત્યાં વીણાને કેમ લઈ જવાય? પોતે તો એમે તેવા સંયોગોનો સામનો કરી શકે, પણ વીણાને એ ત્રાસનું દર્શન કેમ કરાવાય? હૃદયથી નિશ્ચય કરી લીધો. 'ના. વીણા તે ન બને, મારી સાથે ન જ અવાય.'

'કેમ ન અવાય? જ્યારે તમે મારા માટે આટલું સહન કરી રહ્યા છો ત્યારે હું ઘરના ખૂણે બેસી રહું એ મને તો ઉચિત લાગતું નથી. શું હું સ્ત્રી હોવાથી તમે સાથે લઈ જતા અટકાવ છો! ક્યાં સુધી તમે સ્ત્રીઓને અબળા સમજી ઘરના ખૂણામાં પૂરી રાખશો? તેમને પણ દીવાલોની બહાર આવવા દો. તમે જુઓ કે અબળા મનાતી સ્ત્રી ભૂમિને કંપાવી શકે છે કે નહિ! ભલભલા બુદ્ધિશાળીઓને પાણી ભરાવી શકે છે કે નહિ? કહો કુમાર! મને સાથે લઈ જશો?'

'ના,' વિજયે કહ્યું. 'અત્યારે મને દલીલો કરવાનો સમય નથી.' કહી વિજય કપડાં પહેરવા લાગ્યો.

વિજયે એવા સ્વરે પ્રત્યુત્તર વાળ્યો હતો કે વીણા આગ્રહ કરી શકી નહિ. તે તો વિજયને જોતી ઊભી જ રહી. અલ્પ ક્ષણો પછી કરુણામય સ્વરે પૂછ્યું.

'સાથે નહિ જ લઈ જાવ?'

## પ્રકરણ છઠ્ઠું

## નંબર આઠ

'ના.' વિજયે કહ્યું. વીણાને નકારતાં વિજયને ઘણું જ દુઃખ થતું હતું. છતાં, સાથે ન જ લઈ જવાય તે નક્કી જ હતું.

'વીણા! અત્યારે તમે હઠ ન કરો. મને જવા જ દો.' બોલતો તે આગળ વધ્યો, પણ તેના પગ ચાલવા તૈયાર ન હતા. છતાં કર્તવ્ય એ કર્તવ્ય. હૃદયને વજ્ર જેવું કરી બહાર ગયો. વીણાનું હૃદય સાથે જવા ઘણું જ આતુર હતું, પરંતુ સાથે જઈ શકી નહિ. તે નીચું જોઈ ઊભી જ રહી. તેવામાં સરલા ત્યાં આવી.

"વીણાબહેન! શું વિચારમાં ઊભાં છો? જુઓ, તમારે અમારી નજરથી દૂર જવું જ નહિ. દુશ્મન ક્યારે આવી પહોંચશે તે ખબર નથી. બદમાશોએ પોતાની જાળ તમને ફસાવવા ફેલાવી છે. તેમાંથી અમે તમારું રક્ષણ કરીએ. તે પહેલાં તમે તેમના પંજામાં જઈ પડો તો અમારે મરવું જ બાકી રહે."

'સરલાબહેન! હું બધું જ સમજું છું. તેવી ભૂલ નહિ થાય. તમને સહન કરવાનો સમય હું નહિ જ આપું.' વીણા બોલતી હતી. પણ અવાજમાં માધુર્ય ન હતું.

સરલાને લાગ્યું કે કાંઈક બન્યું છે, વીણાને કાંઈક દુઃખ થઈ રહ્યું છે.

'વીણાબહેન! શું થયું? શાથી આટલાં દુઃખી થાવ છો?'

'કાંઈ નહિ.' બોલતી હસવા યત્ન કરવા લાગી. સરલા પણ વાતને પડતી મૂકી ઘરમાં કામે વળગી. વીણા સરલાને મદદ આપવા લાગી.

વિજય કચેરી તરફ જતાં વિચારવા લાગ્યો. આ [illegible]

જ્યારે તે પેલી સ્ત્રી હતી ત્યાં આવ્યો ત્યારે તે તો આનંદથી બેઠેલી હતી. વિજયને આવતો જોઈ તે ઊઠી.

'આવો વિજયકુમાર! બોલતાં હસી 'આખરે મારી માન્યતા સાચી પડી. તમે આવ્યા.'

વિજય તો આ શબ્દો સાંભળતાં આશ્ચર્ય પામ્યો.

'તમે માનતા'તા, કે હું આવીશ?'

'બેશક. તે વિના હું કહું જ શી રીતે? બેસો.' તેણે વિજયને પોતાની સામે બેસવા કહ્યું. વિજય તો આ સ્ત્રીની શાંતિ જોઈ વિચારવશ થયો.

'વિજયકુમાર! બહુ વિચારમાં ઊંડા ન ઊતરીએ તમારો આ દેહ એવા વિચારથી ખરેખર કૃશ થઈ જશે. તેના પર જે વ્યક્તિત્વ છે તે નાશ પામશે.' લાગણી ભર્યા અવાજે તે બોલી.

'આ કોઈ બાગબગીચો નથી, આ તો કસ્ટડી છે' વિજયે કહ્યું.

'જાણું છું. ઘણી જ સારી રીતે જાણું છું.' બોલી હસવા લાગી. 'પણ, તમારા આ સુંદર દેહની મને ચિંતા થાય છે.'

'તમારે ચિંતા કરવાની સહજ પણ જરૂર નથી. અને તે હક્ક પણ તમારો નથી.'

'નથી? કુમાર! દુનિયામાં એવા કેટલાક હક્કો છે જે માનવી પોતાની જાતે જ મેળવી લે છે, કોઈને તે આપવા વિનવવા પડતા નથી. માર્ગમાં કોઈ અનાથ પડેલ છે; તેને સહાય કરવા પસાર થનાર અવશ્ય તૈયાર થશે. કેમ? ભૂતદયાને માનનાર માનવીને તે હક્ક મળેલો જ છે; અહીં કસ્ટડીમાં આવ્યા પછી—પોલીસો સાથેની વાતચિતમાંથી મેં જાણી લીધું કે દુનિયામાં તમારું કોઈ જ નથી.

તમે જીવો છો માત્ર ગુન્હા શોધવા પાછળ, અને તેથી તમારી ચિંતા કરવાનો બોજો મેં લીધો છે.

શું તમને જીવનમાં કાંઈક ઊણપ છે એમ નથી લાગતું? તમારું હૃદય કોઈને માટે નથી તલસતું? ઈશ્વરે શું માનવને ચોવીસે કલાક કામ જ કરવા જન્મ આપ્યો છે?'

વિજય તો જેમજેમ તે બોલતી તેમ તેમ વધુને વધુ વિચાર-વશ થતો. 'કસ્ટડીમાં પુરાએલી છે. તે ગુન્હેગાર છે. ન્યાય તેની સજા કર્યા વિના રહેનાર નથી. છતાં, આ વાતો?'

'મારા શબ્દો પર વિચાર કરો છો, કુમાર!' તેના મુખ પર બોલતાં ગંભીરતા છવાઈ. 'તમને હું કસ્ટડીમાં હોવા છતાં આમ શાન્તિમાં–આનંદમાં છું તે જોઈ નવાઈ લાગતી હશે, પણ મને તો સુખ થાય છે. હું ન પકડાઈ હોત તો અચિંત મને દુઃખ થાત. મને જે સૌભાગ્ય પ્રાપ્ત થયું તે ન થાત. મારું જીવન વૃથા થાત. તમે મને પકડી તે પહેલાં તમારાં દર્શન થયાં ન હતાં. નામ તો સાંભળ્યું હતું. છેલ્લું અમારા સરદારે જણાવેલું કે તમને ફસાવવા અને ચમકતી વીજળીને પકડવી ઉભય સમાન છે.

આ કાર્ય અન્યને સોંપાતું હતું; પરંતુ તમારા વિષે સાંભળ્યા પછી તમને જોવાનો મોહ રોકી શકી નહિ. સરદાર પાસે આ કાર્ય મેં માંગી લીધું. મને લાગે છે કે હું પકડાઈ તેમાં મારા હૃદયની નિર્બળતા જ હોવી જોઈએ. તમારા ધ્યાનમાં હું ભૂલી ગઈ કે મારા હથિયારથી અવાજ થશે. તમે અવાજ સાંભળ્યો–આવ્યા. મને જોઈતું હતું તે મળી ગયું. તમારાં દર્શન થયાં. આશ્રયહીન લતા વૃક્ષનો આશ્રય મળતાં પુનરપિ નવપલ્લવિત થાય. વિરહી આત્માને પોતાનું ઇષ્ટ મળતાં જેમ નવયુવાન થાય તે સ્થિતિ મારી થઈ. આખી રાત પહેરેગીર સાથે તમારી જ વાત કરતી રહી. સવારે

જ્યારે તમારી સામે લાવવામાં આવી ત્યારે મારા કુકર્મોનો ખ્યાલ આવ્યો. સાથે મારા સ્વાર્થથી આખું મંડળ તારાજ થશે છતાં મારા હૃદયની વાત જણાવી શકીશ નહિ તેથી હું દિલગીર થતી હતી. પણ બધું સારું જ થઈ ગયું.

તમે કહેશો કે, ન્યાય તને ભયંકર સજા કરશે. તેની પરવા મને નથી. જો કદાચ કારાવાસ થશે તો ત્યાં તમારું સ્મરણ કરતી દિવસો ગુજારીશ. એ આશાએ કે તમે મને મળશો મૃત્યુદંડ પણ જો કદાચ થાય તો સુખદ સમજીશ. જ્યારે તમે મારા વિરુદ્ધ કોર્ટમાં પુરાવા રજૂ કરશો—હું ભયંકર છું, તેમ સાબિત કરશો—અને મને મૃત્યુદંડ થશે. ત્યારે મારી છેલ્લી માગણી એ હશે કે, મરતાં તમે મારી સન્મુખ હો.

ભલે હું પાપી હઈશ, પરંતુ મરતાં તમારું પુણ્યશાળીનું—જેને હું ચાહતાં શિખી છું, તેનું મુખ જોઈ મરીશ તો મારો ઉદ્ધાર થશે. તમને યાદ તો હશે. મુંજને કારાવાસ પ્રિય હતો, કારણ ? મૃણાલ ત્યાં હતી. ઈતિહાસે એ પ્રણયકથા નોંધી છે. તેમ મારું કદાચ મૃત્યુ થાય તો આ એકરાર તમે તમારા હૃદયપટ પર કોતરી રાખજો. એક અનાતાએ પ્રાણ આપ્યો છે, એક પ્રેમી માટે.'

વિજય તો આમાંનું કાંઈ જ સમજી શક્યો નહિ. પોતાની સામે બેઠેલી સ્ત્રી શું બોલી રહી છે—પોતાની સાથે કેવી ભયંકર રમત રમાઈ રહી છે. તેનો વિચાર કરી રહ્યો.

'કુમાર ! તમને આમાં પ્રપંચ લાગશે, કદાચ બદમાશોનો દાવ લાગશે, અને તે લાગે એ સ્વાભાવિક છે. પરંતુ આ મારી હૃદયેચ્છા તમારી સમક્ષ કહી તેમાં પ્રપંચ નથી. મેં જે કહ્યું તે, સ્ત્રી કદાચ એકાએક ન કહી શકે, કે જ્યાં પરિચય પણ ન હોય. પણ મેં આ બધું એટલા માટે કહ્યું છે કે, આખરી નિર્ણય થઈ જાય, ને મને કદાચ આ કહેવાનો સમય ન મળે—મનની મનમાં જ રહી જાય.'

'જ્યારે તમે આ બધું કહી રહ્યા છો, છતાં તમારું નામ તો કહ્યું જ નહિ; જો તમને મારામાં વિશ્વાસ-પ્રેમ-હોય તો, તમારું નામ કહેતાં અચકાત જ નહિ.'

'કુમાર! નામ જાણે શું વધારે છે, મારું નામ જાણવાથી તમારું કાર્ય પૂર્ણ થનાર નથી. મને તમારામાં વિશ્વાસ,-પ્રેમ-છે, તે તમે માની શકશો નહિ. તમે પૂછશો કે, આટલું પ્રેમનું ત્વરિત આકર્ષણ ક્યાંથી થયું? હું કહીશ. સ્ત્રી સ્વરૂપ પાછળ ગાંડી થતી નથી, પુરુષત્વ પાછળ મરી ફીટે છે. તમારી સાહસકથાઓ સાંભળી અહિંયા, તમારા વીરત્વની ગાથાઓ સંભળાવી સરદારે. મારું હૃદય પાગલ બન્યું. કુમાર! પ્રેમ થવા માટે સમય-સ્થળની જરુર હોતી નથી. છતાં મારું નામ જણાવી શકતી નથી. આ અભાગીણીનું નામ જાણીને પણ શું કરશો?'

બોલતાં તેના નેત્રોમાં પાણી આવ્યાં.

આંસુ, એ સ્ત્રીઓનું અચૂક શસ્ત્ર છે—પત્થરને પણ પીગળાવાની શક્તિ એમાં છે. વિજયે મોં ફેરવ્યું.

'કુમાર! મારા સામું જોતાં તિરસ્કાર આવે છે કેમ? હું પાપિણી છું, તમે મારી દયા ન લાવશો. અચૂક મૃત્યુની સજા કરાવજો. પરંતુ આવ્યા છો, તો તો હસીને જાવ. મારા દગ્ધ થતા હૃદયને તમારી સ્મિતસુધાથી શાંત કરો.'

'એ બધું મને કહેવું વ્યર્થ છે. મને તમારા નામની જરૂર છે તે પ્રથમ કહો, ને બીજા પ્રશ્નો પૂછું તેનો જવાબ આપો.'

'બધું જ વ્યર્થ છે તે હું જાણું છું. મારા જેવી સર્પિણી સાથે કોણ પ્રેમ કરી શકે? પ્રત્યેક એમ જ માને કે પ્રજ્વળતો અગ્નિ હાથમાં પકડનાર બળ્યા વિના રહે નહિ. તમે મારું નામ જાણવા માંગો છો. હું લાચાર છું. મારા પ્રેમીને નિરાશ કરતાં અતીવ દુઃખ થાય છે,

છતાં હું નથી કહી શકતી.'

'તો આ બધું નાટક જ છે, મને ફસાવવાની જાળ છે, એમ જ માનવું રહ્યું. શાબાશ. સ્ત્રીચરિત્ર સારી રીતે કરી જાણો છો.' બોલતાં તે હસ્યો.

'અસત્ય માનો છો? સ્ત્રીચરિત્ર માનો છો? પણ એક દિવસ એવો આવશે, જ્યારે આ સત્ય જ માનવું પડશે. જવા દો એ વાત. પૂછો, તમારે શું પૂછવું છે, જેનો અને જેટલો જવાબ અપાશે તેટલો આપીશ.'

'તમારું નામ?'

'નંબર આઠ–જે નામથી અત્યારે ઓળખાઉં છું તે. મારું ખરું નામ ન આપવા બદલ સાચે જ મને દુઃખ થાય છે.'

હવે આપણે પણ તે સ્ત્રીને 'નંબર આઠ'થી જ ઓળખીશું.

"'નંબર આઠ' એટલે?"

'એટલે એ જ કે જે મંડળમાં અમે કામ કરીએ છીએ, તેમાં મારો નંબર આઠ છે. મારા સિવાય બીજા સાત છે, અને એક સરદાર.'

અમારા મંડળમાં કોઈ કોઈને ઓળખતું નથી. બધા જ પોતાના દેહ પર બુરખાઓ ધારણ કરી રાખે છે. માત્ર ઓળખાવા માટે નંબર આપવામાં આવે છે, અને તે નંબરથી જ તે ઓળખાય છે. અમારો સરદાર અમારી દૃષ્ટિએ પડતો નથી. તે તો અદ્રશ્ય રહે છે, પોતાને 'જીવતું ભૂત' નામથી ઓળખાવે છે. તેનો આદેશ ભયંકર હોય છે. જેને તે કાર્ય સોંપે છે, અને તે તેનાથી ન થાય તો મૃત્યુ નક્કી હોય છે. ને મૃત્યુ કેવું? જે જોતાં માણસ જીવતો જ મરેલા જેવો બની જાય.

નિષ્ફળ થનારને સરદાર સમક્ષ ખડો કરવામાં આવે છે. સરદારની ખુરસી બધાની દૃષ્ટિએ ખાલી જ હોય છે, પણ તે તેના પર બેઠેલો હોય છે. ચોતરફ વિદ્યુતપ્રકાશ ફેલાએલો હોય છે.

ગુનેગાર નીચે મોંઢે ઊભો રહે છે. નિષ્ફળતાનો એકરાર તે કરે છે. ને સરદારનો હુકમ છૂટે છે. 'મોત' તે સાથે જ તેની આસપાસ વિદ્યુતતારો નાંખી દેવામાં આવે છે. પ્રત્યેક તારોમાં જુદી જુદી શક્તિ રહેલી હોય છે. દેહની નસો એક પછી એક ખેંચાય છે. માણસ કંપતો પૃથ્વી પર પડે છે. તે સાથે જ તાર તેની આંખોને સ્પર્શે છે. આહ! તે સમયનું દ્રશ્ય નજરે પણ નથી જોવાતું! મરનાર તો તરફડે છે. અવાજ સુદ્ધાં કરી શકતો નથી, તે સમયે અવાજ આવે છે માત્ર સરદારનો. તે તો હસતો હોય છે. તે કોઈ ને તરફડતો જોતાં આનંદિત થાય છે.

ગુનેગાર મૃત્યુ પામે ત્યાં સુધી મંડળના સભાસદો ત્યાં ઊભા રહે છે. મૃત્યુ થયા પછી તારો બધા વ્યવસ્થિત કરી લેવામાં આવે છે. તેવામાં ભયંકર કૂતરો ત્યાં આવે છે, અને મૃત્યુ પામેલા માનવીની ઉજાણી કરવા માંડે છે.

જ્યારે સભાસદો પોતાના સ્થાને બેસે છે, ત્યારે મરનારની ખુરસી પર નવો કાળો બુરખો પડેલો હોય છે. દિવસો જતાં તે બુરખામાં પોતાને સમાવી દેનાર આવે છે. કોણ આવે છે, ક્યાંથી આવે છે તે કોઈજ જાણતું હોતું નથી.' બોલતી તે શાંત થઈ.

વિજયે તેની વાત શાંતિથી સાંભળી. પછી પૂછ્યું.

'એ સ્થળ ક્યાં આવેલું છે, તે કહી શકશો?'

'ના. કારણ કે હું જ તે જાણતી નથી. તમને અજાયબી લાગશે. પણ સત્ય જ છે. અમને ભેગા થવા માટે અમારા મકાને સરદારનો હુકમ મળે છે. જેમાં સ્થળ સુચવવામાં આવે છે. અને ત્યાં જઈએ છીએ. દરેકને ત્યાં આવવાનો સમય જુદો જુદો હોય છે. જો કોઈ આપેલા સમયમાં ફેરફાર કરે તો જે ચમત્કારિક પદાર્થ તમે હરજી માટે ઉપયોગ થતો જોયો તેને જ મળતો કોઈ પદાર્થ તેની પાસે આવી પડે છે અને તેથી અનેક ત્રિકિટદંશનું દર્દ થાય

છે. દર્દ સહન કરતાં કરતાં બેભાન થાય છે, ને તેને તે જ સ્થિતિમાં યોગ્ય સ્થળે આણવામાં આવે છે.

સમય પ્રમાણે આવનાર નિર્દિષ્ટ સ્થળે પહોંચી જુરબો આરંભ કરે છે તેટલામાં કોઈ ચમત્કારિક વસ્તુ પડે છે, જેથી તે તાત્કાલિક બેભાન બની જાય છે અને તેવી જ અવસ્થામાં યોગ્ય સ્થળે પહોંચી જાય છે. કોણ લઈ જાય છે, કેવી રીતે લઈ જવામાં આવે છે તે કોઈ જ જાણતું હોતું નથી. તેથી વિશેષ માહિતી હું શું આપી શકું ?'

વિજય આ વાત માનતો ન હોય તેમ તેના મુખ પરથી નંબર આઠને લાગ્યું.

'કુમાર ! મારી વાતમાં વિશ્વાસ નહિ આવે, પરંતુ જે કાંઈ હું જાણું છું તે કહી રહ્યો છું. વિશ્વાસ રાખો યા ન રાખો તે તમારી ઇચ્છા.' નંબર આઠે કહ્યું.

'મંડળનું કાર્ય પૂરું થવા પછી......'

'આજ્ઞા મળી જાય–કાર્ય પૂરું થઈ જાય તે સાથે જ માણસને બેશુદ્ધ બનાવી તેને હવા ઓરડામાં ફેલાય છે. બધા બેભાન થાય છે. અને તેમને જુદે જુદે સ્થળે પહોંચાડવામાં આવે છે.' નંબર આઠે વિજયને બોલતો અટકાવી કહ્યું.

'મારા માટે આમાંથી કોઈ જ જાણવા જેવી માહિતી ન જ મળી.'

'કેવી રીતે મળી શકે ! સરદારની કાર્યપ્રણાલિકા જ એવી છે કે કોઈ પણ સંયોગોમાં પોતાનું સ્થળ જાહેર ન જ થાય.'

'તો તમે કહેલી વાત પરીઓની વાત જ જેવી છે. માની ન શકું ?'

'કુમાર ! આ પરીઓની વાત નથી, પણ સત્ય જ છે. જો તમે તમારા દુશ્મનોનો પીછો કરશો તો જાગ્ય આ અવલોકનનો પ્રસંગ આવશે ત્યારે સત્ય માની શકશો.'

'શું સાચું હશે ?' વિજય મન સાથે વિચારવા લાગ્યો. એકાએક કાંઈક યાદ આવ્યું. તે બોલ્યો,

'તમારી વાત બધી જ માની લઉં છું, છતાં શંકાનું નિવારણ કરવા એક પ્રશ્ન પૂછું છું. કદાચ એ સરદારની સલાહની જરૂરિયાત જણાય તો તમે જવાબ કેવી રીતે મેળવો ?'

'કુમાર ! તમે માનતા હશો કે આ પ્રશ્ન પૂછવાથી માહિતી જડી શકશે. પણ ના. તેથી કાંઈ જ પ્રકાશ પડવાનો નથી. કદાચ અમારાથી ન સમજાયું હોય, અને તે માટે યોગ્ય જણાયું હોય તો અમને જે સ્થળે પ્રથમ જવાનું સૂચવ્યું હોય ત્યાં જઈ અમને મૂંઝવતા પ્રશ્નો કાગળમાં લખી અમને સરદારે ઓળખાવેલાં પક્ષીઓમાંથી જે કોઈ ત્યાં હોય તેને ગળે બાંધી દઈએ. પક્ષી ઊડતું સરદાર પાસે પહોંચી જાય. અને જવાબ લઈ પાછું આવે. પક્ષીઓ પણ અમને—અમારા એ બુરખાઓને—ઓળખી કાઢે છે.'

'ખરેખર આ બધું વિચિત્ર જ છે. છતાં પૂછું તમારો બુરખો ખસી પડી જાય તો ?......'

'તે પાછો જ આવે. જે નંબર પકડાય અથવા મરણ પામે તે નંબરની ખબર કેવી રીતે એ પક્ષીઓને મળી જાય છે તે સમજાતું નથી. કોઈક પ્રસંગે બે સભાસદો એક જ સ્થળે ભેગા થઈ જવા સંભવ હોય, ત્યારે સરદારના શબ્દો તે સ્થળે આવતા સભાસદને સંભળાય છે. આવતો સભાસદ જેવી આજ્ઞા મળે તેનું પાલન કરે છે. સરદાર પોતાના સ્થળે બેઠા બેઠા અમુક સ્થળે શું બની રહ્યું છે તે જોઈ જ રહ્યો હોય તેમ આ પદ્ધતિથી સમજી શકાય છે. જો કોઈ, બાતમી મેળવવા ત્યાં જઈ ચડે તો કશું જ જોઈ શકે નહિ. પક્ષીઓ ત્યાંથી ઊડી જ ગયાં હોય.'

'તમારી વાત જેમ જેમ સાંભળું છું તેમ તેમ વધુ ને વધુ અંધકારમાં ડૂબતો જાઉં છું. તમારી સાથે મેં ખરે......'

નંબર આઠે વિજયને બોલતો અટકાવી કહ્યું.

'જુઓ. મારા શબ્દોની ખાત્રી હમણાં જ આપું છું. સામેથી પેલો પોપટ આવી રહ્યો છે તે મારા માટે સંદેશો લાવ્યો છે. તમે અહીંઆ છો ત્યાં સુધી તે ઊડ્યા જ કરશે, પણ અહીંઆ નહિ આવે.'

વિજયે સામે જોયું. તેને પોપટ જણાયો. પોપટે વિજયને જોયો ને પાછો ફર્યો. ઊંચે ને ઊંચે ઊડવા લાગ્યો—પરંતુ નંબર આઠ હતો તે તરફ મોઢું રાખીને.

'તમે અહીંઆથી દૂર જાવ. પોપટ ચાલ્યો જાય તે પછી પાછા વળજો.' નંબર આઠે કહ્યું. વિજય કાંઈક વિચારતો બહાર નીકળી ચાલવા લાગ્યો. તે થોડુંક ચાલ્યો હશે કે પેલો પોપટ નંબર આઠ પાસે આવ્યો. પગે બાંધેલી કાગળની ચિઠ્ઠી તેણે છોડી લીધી. પોપટ ઊડી ગયો.

વિજય મંદ મંદ પગલે પાછો ફર્યો 'નંબર આઠ'ના હાથમાં ચિઠ્ઠી હતી.

'લ્યો, વાંચો.' કહી નંબર આઠે પોતાને મળેલી ચિઠ્ઠી આપી.

વિજયે વાંચવા માંડી.

'નંબર આઠ!

તમે તમારા કાર્યમાં નિષ્ફળ થયા છો. કેમ તે કાંઈ સમજાયું નહિ, પણ તમારી બેકાળજી ન હતી એમ હું માની લઉં છું. તમે જે ગુપ્તતા જાળવી તેથી હું માની લઉં છું કે તમે મંડળને પૂરેપૂરા વફાદાર છો.

ગુરખાનો ભેદ જાણવામાં પોલીસોને નિષ્ફળતા મળી ચૂકી છે. તમારી પાસેથી તો કાંઈ જ જાણી શકે તેમ છે જ નહિ.

જો આપણા મંડળ સંબંધમાં એક પણ શબ્દ તમારાથી તેઓ

જાણશે તો મોત મળશે. આજે બપોરે બે વાગે તમારી મુક્તિ નિશ્ચિત છે. પોલીસ ગમે તેટલી સાવચેતી રાખે, છતાં તમને બંધનમાં રાખી શકનાર નથી.

જીવતું ભૂત.'

'વાંચ્યું ?'

'હા.' વિજયે જવાબ આપ્યો. નંબર આઠે કહેલી હકીકત પર તેને વિશ્વાસ આવ્યો. 'હવે મારે જોવું છે કે તે તમને કેવી રીતે છોડાવી જાય છે.'

'અચૂક છોડાવશે. છૂટીશ, પરંતુ પુનરપિ મળવાની આશાએ.'

વિજય શબ્દો સાંભળી હસ્યો. ત્યાંથી રજનીને ફોન કર્યો. થોડા જ સમયમાં હથિયારોથી સજ્જ થયેલા પોલીસો સાથે રજની આવ્યો. વિજયે બીજી વાત ન કરતાં ચિઠ્ઠી આપી. વાત સંતાડતાં તેનું હૃદય દુઃખી થતું હતું, છતાં તે કહેવા તૈયાર ન હતો. રજનીએ ચિઠ્ઠી વાંચી એવો તો વ્યૂહ રચ્યો કે જ્યાંથી કોઈ બહાર જઈ શકે નહિ. પછી બોલ્યો 'જોઉં છું કે કેવી રીતે બદમાશ કેદીને લઈ જાય છે!'

## પ્રકરણ સાતમું

### શિકાર છટક્યો

પોલીસો બંદૂકના ઘોડા પર આંગળીઓ મૂકી ઊભા રહ્યા. અજાણ્યો કોઈ પણ આવે તો તરત જ બંદૂકનો ઉપયોગ કરવા સૂચનાઓ અપાઈ.

તેઓ માનતા હતા કે પોતાની વ્યુહરચનાથી કદાચ કોઈ લઈ જઈ શકે તેમ છે જ નહિ. વિજયે ફોનમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે, 'આવનાર પોલીસોએ રક્ષણનું કડક બંદોબસ્ત રાખવો. જેથી વિજયનો કોઈ પણ પ્રયોગ અસર કરી શકે નહિ.' રતનસિંહે એ માટે પૂરતી કાળજી રાખી હતી.

ઘડિયાળ સામું જોતાં ઉભય બે વાગવાની રાહ જોઈ રહ્યા હતા તેવામાં નંબર આઠે વિજય સાથે વાતચિત કરવા ફરી રતનસિંહને વિનંતિ કરી. વિજય હસતાં હસતાં તેની પાસે આવ્યો.

'કુમાર ! નાહક શા માટે આ શ્રમ ઉઠાવો છો ? તેની શક્તિ આગળ આપણું કાંઈ જ નથી. તે ધાર્યું કરશે. છતાં એટલું તમને પૂછું કે આ હતભાગી નંબર આઠને યાદ કરશો કે કેમ ?'

'અચિંત, એક વખત તમને મળવા યત્ન કરીશ. કેવી રીતે કરીશ તે હું કહી શકતો નથી, પણ મારો આત્મા સાક્ષી પૂરે છે કે કોઈ પણ સંયોગોમાં પુનરપિ ભેગા થઈશું.'

'અને, જો તે સમયે હું તમને સહાય કરી શકું તેવી સ્થિતિમાં હોઈશ તો નિર્વિવાદ મારો ભોગ આપતા પાછું નહિ જ જોઉં. હવે તમે બહાર જઈ શકો છો. આપણી વચ્ચે થયેલી વાત બહાર ન જાય તે માટે સંપૂર્ણ કાળજી રાખજો.'

વિજયે તે માટેની ખાત્રી આપી બહાર આવ્યો. બહાર

આવતાં જ રજનીએ પૂછ્યું, 'કેમ ભાઈ, શું હતું?'

'હોવાનું શું? તે તો પોતે છૂટી જશે. નાહક ભેગા થવા દીધો. એમ કહી રહી હતી, અને સમય ન બગાડવા સલાહ આપી રહી હતી. મેં તેને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે રચેલો વ્યૂહ ભેદવો અશક્ય છે.'

રજનીએ વાત કરતાં ઘડિયાળ સહામે જોયું તો એમાં દશ મિનિટ બાકી હતી.

'વિજય! ફક્ત એમાં દશ જ મિનિટ બાકી છે.'

દશ મિનિટમાં શું થઈ શકે? દુશ્મન વ્યૂહ એટલી મિનિટોમાં કઈ રીતે ભેદી શકે તે વિચારવા લાગ્યો. આજે એ ભેદી બદમાશને સપાટો ખવાવાશે, તેને હતાશ થવું જ પડશે. આવા વિચારથી બંનેના મોઢા પર હાસ્ય ફરક્યું.

માનવ સોનેરી સ્વપ્નામાં કેટલો પાગલ બને છે? ક્ષણ પછી શું બનાર છે, તેની પણ તેને ખબર હોતી નથી, છતાં પોતે મેદાન સર કરી લીધું છે માની ફુલાય છે, અને જ્યારે ધારેલું ધૂળમાં મળી જાય છે ત્યારે ભાન ભૂલી પાગલ બને છે, અને એ પાગલતા વિનાશનો ઈતિહાસ સર્જે છે.

ઇતિહાસના પાનાં પર આજ પણ કાળા અક્ષરે એ નોંધાયેલું છે. કેટલાયે રાજવીઓએ પોતાની ઇચ્છા પૂર્ણ નહિ થવાથી અમાનુષી કત્લેઆમ ચલાવી છે! કલાથી ભરપૂર કેટલી યે નગરીઓ સળગાવી છે! વસતીને નિરાશ્રિત બનાવી ભટકતી કરી દીધી છે! આટલો વિનાશ સર્જતાં પણ તેને શાંતિ મળતી નથી. ભગવાન મહાવીર–ભગવાન બુદ્ધ–મહાત્મા ગાંધીજી જેવા મોટા સ્વરે જગતના માનવીઓને કહી ગયા છે કે, 'વૈરથી વેર નહિ શમે.' છતાં માનવી તે શબ્દો દૃષ્ટિ સમક્ષ રાખી શકતો નથી, અંતર પર કોતરી શકતો નથી. તે તો ખૂનનો બદલો ખૂનથી લેવા જ આગળ વધે છે. તે તો

લોહીની નદીઓ વહેતી જોવા ઇચ્છે છે. લોહીથી હોળી–ફાગ ખેલે છે, ખૂનનું ખપ્પર ભરે છે. જગત આ પિશાચથી કંપી ઊઠે છે, તેના પંજામાંથી બચવા યત્ન કરે છે, છતાં પિશાચ વાયુવેગે આવી નિર્દોષોને ભસ્મ કરે છે, તેમના શબો પર તાંડવનૃત્ય આદરે છે. કુદરતની દૃષ્ટિએ પતંગિયું ગણાતો માનવી પોતાને પ્રાપ્ત થયેલ શક્તિનો દુરુપયોગ કરતો આગળ વધે છે, મર્યાદા મૂકે છે, ત્યારે કુદરતની બેઅવાજ લાઠીનો પ્રહાર થાય છે, તેનું અસ્તિત્વ જોખમાય છે, નિરાધાર બને છે, સહાય માટે ફાંફાં મારે છે. છેવટે કુદરત આગળ પોતે કાંઈજ નથી તેનો એકરાર કરતો, ભાન ભૂલેલાઓને આગળ વધતા અટકવા ઉપદેશતો પંચત્વ પામી જાય છે.

બુદ્ધિશાળી માનવી આ જાણતો હોવા છતાં પોતે પોતાના બુદ્ધિના બળે પોતાના હરીફને હાર આપવા ચોકઠાં ગોઠવે છે.

વિજય અને રત્નાકર પણ અદૃશ્ય શત્રુને હંફાવવા જાળ બિછાવી રહ્યા હતા. મિનિટ કાંટો ધીમે ધીમે આગળ વધતો હતો.

નંબર આઠ માનતો હતો કે પોતાનો સરદાર નિયત સમયે આવ્યા વિના નહિ જ રહે, પોતાને કોઈપણ પ્રયત્ને છોડાવ્યા વિના રહેનાર નથી. તે પોતાના સ્થાનેથી ઊઠી, આ ઉભય ઊભા હતા ત્યાં આવી કહ્યું,

'હવે થોડી જ ક્ષણો બાકી રહી છે. મિનિટો પછી આપણે છૂટા પડીશું. તમારાથી છૂટા પડતાં મને અત્યંત દુઃખ થાય છે. આપની સજ્જનતા હું કદાપિ ભૂલી શકીશ નહિ.'

'બદમાશના સાથીદાર! તારી ચાલાકી રહેવા દે. તું અમને બનાવવા માગે છે?'

'ઓ ના. હું તો જાણું છું જ કે તમારા અનેક યત્નો હોવા છતાં, મારો છૂટકારો થવાનો જ છે. તમે એ બદીની શક્તિ જાણતા

નથી, એથીજ આટલી કાળજી લઈ રહ્યા છો. પરંતુ, જ્યારે સમય આવશે ત્યારે તમે માનશો કે, તમે બાજી હારી ચૂક્યા છો'

'જોઉં છું કે તે કેવી રીતે છોડાવી જાય છે? આ ચિઠ્ઠીમાં લખેલું કદાચ કાગળ પર જ લખાયેલું રહેશે. શયતાનના સહાયક! તનામાં અદ્‌ભુત શક્તિ છે, તો શા માટે આમ અદશ્ય રહી ત્રાસ વર્તાવે છે: શા માટે નામ આપતાં ડરે છે? શું પરમાત્માએ તમને એટલા માટે બળ–બુદ્ધિ આપી છે, જેથી બેગુનાહોનો—નિર્દોષોનો–નાશ કરી, તમારા સ્વાર્થ માટે અનેકોને રંજાડો.

ડરો, જરા ઈશ્વરથી ડરો. એક દિવસ તમારા એ કૃત્યનો જવાબ તમારે પરમાત્માને આપવો જ પડશે, જેની સમક્ષ તમારા બળ–બુદ્ધિનો કાંઈજ ઉપયોગ નથી.'

'ઇન્સ્પેક્ટર સાહેબ! સૃષ્ટિના દરેક માનવીના જીવવાના માર્ગ ભિન્ન ભિન્ન હોય છે; એકજ વસ્તુને જોવાની રીત પણ જુદી હોય છે. જેને તમે સારૂં માનો છો તેને બીજો ખરાબ માનતો હશે. કોઈ પોતાના કૃત્યોને પડદા પાછળ છુપાવી દિવસો પસાર કરતો હશે. ત્યારે બીજો પોતે હોય તેથી વધુ બતાવી જગતને આંજી રહ્યો હશે.'

નંબર આઠ અને રજની વાતો કરી રહ્યા હતા, ત્યારે વિજય દૂર દૂર જોઈ રહ્યો હતો. તે તો માનતો જ હતો કે એ બેદી બદમાશ બેના ટકોરે આવશે જ, નંબર આઠને લઈ જશે, અને એમ બને તો પોતે કેવી રીતે પીછો પકડવો તેનો વિચાર ચલાવી રહ્યો હતો.

નંબર આઠ અને તેની વાતચિત દરમિયાન તે ક્યાં રહે છે, તે પૂછવાનું ભૂલી ગયો હતો. રજનીની હાજરીમાં પૂછવું કે કેમ તેનો નિર્ણય કરી રહ્યો હતો. પોતે કરેલી ભૂલ માટે પોતાની બુદ્ધિને ઠપકો આપી રહ્યો હતો.

મિનિટ કાંટો બારમાં વધી રહ્યો હતો. રજનીએ નંબર આઠને પોલીસોની વચમાં રહેવા હુકમ આપ્યો. તે આનાકાની સિવાય ચાર

પોલિસોની વચમાં ઊભી.

'રજનીકાન્ત સાહેબ, વિજયકુમાર, કદાચ તમને છેલ્લી વખતે સાહેબજી કહેવાનો સમય ન મળે તો અત્યારથી મારા સાહેબજી' બોલતાં હસવા લાગી.

રજનીને તેના હસવાથી ક્રોધ ચડતો હતો. પરંતુ કેદી સ્ત્રી હોવાથી કાંઈ થઈ શકે તેમ ન હતું તેથી લાચારી અનુભવતો.

'વિજય! હું નથી માનતો કે કોઈ આવે.'

'જુઓ હજી સમય છે, દુશ્મન ક્યાંથી આવશે અને કેદીને કેવી રીતે છોડાવી જશે, તે કહી શકાય નહિ, માટે આપણે છેલ્લી મિનિટ સુધી સાવધાન રહેવું જોઈએ. દુશ્મન ઘડિયાળના કાંટે ચાલે છે તે હું જાણું છું. વીણાને ત્યાં તેનો મધરાતનો ટાઈમ હતો, અને બારના ટકોરે હાજર જ હોય. તે આપણાથી ગભરાઈને ન આવે, પોતાના માણસને ન બચાવે તે માની શકાય નહિ. વળી, આપણે તે સમાચાર જાણી શકીશું અને પૂરતી સાવચેતી રાખીશું તે માનવા તેના પાસે કોઈ જ કારણ નથી. સંયોગવશાત્ હું આ સમાચાર જાણી શક્યો, અને તે તને આપ્યા. આપણે પોલીસોની હાર ગોઠવી. હવે બે વાગતાં શું થાય છે તે જોવાનું છે.' રજનીને વિજયનું કહેવું યોગ્ય લાગ્યું.

'જે માણસ આવો સંદેશો મોકલી શકે છે. તે પોતાના માણસને અહીંઆ ન જ રહેવા દે. તે આવશે, તેને પકડી શકાશે અથવા કાયમને માટે તેનો નાશ કરી શકાશે.'

'જોઈએ છીએ કે હવે શું થાય છે. એનો નિર્ણય હવે સેકંડોમાં થનાર છે.'

જ્યારે આ ત્રિપુટીના મુખ પર વિચારના વાદળ ઘેરાતાં હતાં, ત્યારે નંબર આઠના મુખ પર શાંતિ હતી; ન ભય હતો, ન વ્યાકુળતા હતી. તેનાં નેત્રો વિજયના મુખ પર જડાયેલાં હતાં.

'બે વાગ્યા.' રજની બોલ્યો. 'હોંશિયાર!' પોલીસોને હુકમ આપ્યો, બધા તૈયાર થઈ ગયા. પ્રત્યેક આવનારનો નાશ કરવા આતુર થઈ રહ્યા.

'બરાબર બે.'

ને એક ભયંકર ધડાકો થયો, હવામાં કાંઈ મળી ગયું હોય તેમ લાગ્યું. શ્વાસ લેતાં ગભરામણ થવા લાગી. બધાંને પૃથ્વી ફરતી હોય –પોતે ગોળ–ગોળ ફરી રહ્યા હોય તેમ જણાવા લાગ્યું–થોડી જ ક્ષણોમાં બેશુદ્ધ થયા.

'નંબર આઠ આ દોરડું લે, અને આ પોલિસ ઇન્સ્પેકટર અને ડિટેકટીવ બંનેને બાંધ.'

શબ્દોની સાથે દોરડું 'નંબર આઠ'ના પગ પાસે પડયું. નંબર આઠે દુઃખી થતાં ઉભયને બાંધ્યા.

'ચાલ આગળ થા!' આજ્ઞા મળી, 'નંબર આઠ' આગળ વધ્યો. થોડા જ ડગલાં આગળ ચાલ્યો હશે ત્યાં બીજો હુકમ મળ્યો.

'જો સામે દેખાય છે તે પોલીસ ઇન્સ્પેકટરનો ઘોડો છે. તેની આંખે પાટો બાંધ અને જલ્દીથી પસાર થા.'

નંબર આઠે હુકમનું પાલન કર્યું. ઘોડાની આંખે પાટો બાંધ્યો, સ્વાર થયો, અને ઘોડાને મારી મૂકયો.

સેકંડોમાં તે દૂર દૂર દષ્ટિથી બહાર ચાલ્યો ગયો.

બેશુદ્ધ થયેલા ભાનમાં આવવા લાગ્યા. રજની તેમ જ વિજયને બાંધેલા જોતાં પોલીસોએ ત્યાં આવી તેમના બંધ છોડ્યા. છૂટતાં જ તેમણે જોયું તો નંબર આઠ ન હતો. અદ્રશ્ય માનવીનું અટ્ટહાસ્ય સંભળાઈ રહ્યું હતું.

'આખરે આપણી જ ભૂલે આપણે કેદી ગુમાવ્યો.' રજનીએ કહ્યું.

બિચારા પોલિસો, ઇન્સ્પેકટર હવે શું કરશે તે વિચારથી મનમાં ડરી રહ્યા હતા.

'રજની ! આ ગેસનો પ્રતિકાર આપણી પાસે ન હતો. નહિ તો કદાપિ આ સ્થિતિએ ન પહોંચતા. હું ભૂલ્યો નથી કે તે વૃદ્ધના સ્વરૂપમાં આવી જ રીતે ચાલ્યો ગયો હતો, પણ આજ જે વસ્તુઓ એસમાં વાપરી છે તે તે દિવસે ન હતી. ગમે તેટલી આપણે સાવચેતી લીધી, પણ શિકાર છટકી ગયો.

## પ્રકરણ આઠમું

### વિજય ગૂમ

વિજય-રજની અફસોસ કરતા ઘેર આવ્યા. લીલા-સરલા તેમની રાહ જોઈ બેસી રહ્યાં હતાં.

સરલાના પ્રશ્નથી ત્યાં બનેલો બનાવ રજનીએ કહ્યો.

'કેમ ચૂપ થઈ ગયા છો ?' સરલાએ પૂછ્યું.

'તો શું કરું ? ભાઈ સાહેબને મળતી નિષ્ફળતા ખૂંચે છે. ત્યારે મને આ બદમાશ નવો જ અનુભવ કરાવે છે. જેમ જેમ દિવસો જાય છે તેમ તેમ તેને ફસાવવાનો પ્રશ્ન વિકટ બનતો જાય છે અદ્યાપિપર્યંત મેં જે જે ગુનેગારો જોયા તે બધા કરતાં આ ચઢી જાય તેવો છે. તે બુદ્ધિશાળી છે, વિજ્ઞાની છે. એટલે સાધારણ બદમાશો કરતાં તે વધુ ભયંકર છે. તે જે માર્ગો લે કે તેનો વિચાર પણ આપણને ન આવે, છતાં તેને પકડવું પડશે. તે જેટલા દિવસ વધુ છૂટો રહેશે તેટલો સમય વધુ ખૂનામરકી ચલા-

જશે.' બોલતો વિજય રજની તરફ ફર્યો, 'રજની હવે મેં નિર્ણય કર્યો છે કે મારે તેનું ગુપ્ત સ્થળ અને તેના સાથીદારોને શોધવા બહાર નીકળવું જ જોઈશે. તેણે બે દિવસ જેવા ટૂંકા સમયમાં કેટલો એ અનુભવ કરાવ્યો. પણ હવે નવો કડવો અનુભવ કરાવવાનો સમય આપવો નથી. હું આજ નીકળી જઈશ.'

વિજય જ્યારે કોઈ નિર્ણય કરતો, ત્યારે તેને પૂરો કરે જ છોડતો. તેના કોઈ પણ સંબંધી તેના વિચારથી ચળાવી શકતા નહિ. રજની આવા દુશ્મન સામે તેને એકલો જવા દેવા માંગતો ન હતો. પરંતુ, તેની પાસે એ વાત કરવી વૃથા હતી. બધાં જ મન સાથે વિચાર કરતા બેઠાં. વિજય બાજુના ખંડમાં જઈ કયો સામાન લેવો તે વિચારતો બેઠો. રજની ઓફિસના કામકાજની ધમાલમાં પડ્યો. સરલા બધું વ્યવસ્થિત કરવા રોકાઈ. ત્યારે વીણા વિજય હતો ત્યાં આવી.

'કુમાર!'

રૂપેરી ઘંટડીના અવાજ જેવા મધુરા અવાજે વિજયને આકર્ષ્યો. અપ્સરાએ મુનિનું ધ્યાન ભંગ કર્યું.

'બહુ જ ઊંડા વિચારમાં ઊતરી ગયા છો, નહિ!'

'વીણા! જે દુશ્મન મને પજવી રહ્યો છે, મારા સામું હાસ્ય કરી રહ્યો છે, તેને કેમ સપડાવવો તેનો વિચાર તો કરવો જ રહ્યો ને? હવે દિવસો ગુમાવાશે નહિ. દઈ અને દુશ્મનને બળવત્તર થવા દેવાય જ નહિ.'

'અને, તે માટે આજેજ તૈયારીઓ કરી રહ્યા છો?'

'હા, આજ હું અહીંઆથી તેની શોધમાં નીકળી પડીશ. કોઈ પણ તેનું સ્થાન શોધી કાઢીશ.' તેણે મક્કમતાથી જણાવ્યું.

'તમને પુનરપિ વિનંતિ કરું છું કે મારા પિતાના ખૂનીને પકડવા મને સાથે લ્યો.' વીણાએ આગ્રહપૂર્વક કહ્યું.

'વીણા! તે કેમ બની શકે? દુશ્મન અસાધારણ છે. તેને પકડવા જતાં તમે જ ઝડપાઈ જાવ તો, મારે મરવું જ રહ્યું ને? તમે મારી સમક્ષ આવી વિનંતિ ન લાવો. તમારે તો અહીં આ જ ભાઈ રજની અને સરલા ભાભીની સંભાળ હેઠળ રહેવાનું. અમારું કાર્ય અમને કરવા દો.' બોલી ઊઠયો. વીણા વિજયને કોઈ રીતે સમજાવી શકે તેમ ન હતી. તે પણ કાંઇક વિચાર કરતી, ત્યાંથી ચાલી ગઈ.

'શયતાને આ સુકોમળ બાળાના હૃદય પર સખ્ત આઘાત કર્યો છે. તે પ્રત્યેક શ્વાસે ખૂનીને પકડવા ઝંખી રહી છે.' બોલી પલંગ પર પડયો.

સંધ્યા સમય થયો હતો. રજની વિજયની રાહ જોતો બેઠા હતો, પણ વિજય દેખાયો નહિ. તે બોલ્યા પ્રમાણે બદમાશની શોધમાં નીકળી પડયો હતો.

રાત્રિનો અમલ શરૂ થયો. વિજય ન જ આવ્યો. ત્રિપુટી નિઃશ્વાસ નાંખતી ભોજન કરવા બેઠી. પણ એને ગળે ઊતરતું ન હતું. જેમ તેમ કરીને કાર્ય આટોપી રાહ જોવા લાગ્યાં, આખરે દુઃખી થતાં સુઈ ગયાં.

જ્યારે રજનીને ત્યાં બધાં દુઃખી થઈ રહ્યાં હતાં, તે સમયે શહેરના છેવાડે આવેલા રાધાના મકાનમાં નાચરંગ જામ્યો હતો. મકાનને રંગીન બલ્બોથી શણગારવામાં આવ્યું હતું અને તે પણ કલાત્મક રીતે, જે જોવા થોભવા મન થાય.

મકાનની બહાર કેટલાક સંગીત સાંભળવા ઊભા હતા જ્યારે અંદર તો તેના માનીતા—નાણાંની છોળો ઉરાડનાર, બેસી સંગીત સાંભળી રહ્યા હતા.

હૃદયને ડોલાવે તેવાં વાજિંત્રોના સૂરો નીકળી રહ્યા હતા, અને ગાનાર કિન્નર કંઠી. સુવર્ણ અને સુગંધ ઉભય હોય ત્યાં દેવતાઓ

પણ લક્ષ્મીપ્રભાવ તો માનવીની શું વિસાત ?

ગાનારીના સ્વરમાં જાદુ હતું—અભિનય મનોહારી હતો. તેનો દેહ કલાત્મક રીતે વળાંક આપી રહી હતી. તેના નૃત્યે તો હદ જ વાળી હતી. જોનારા તો ભાન જ ભૂલી ગયા હતા, મંત્ર મુગ્ધ બની ગયા હતા. તેવામાં એક શ્રીમંત જેવો જણાતો ગૃહસ્થ ત્યાં આવ્યો. બધા તેના માનમાં ઊભા થયા. વારાંગનાએ નીચા નમી, મુજરો કર્યો. આવનાર ગૃહસ્થે સ્થાન લીધું ને શાંતિ છવાઈ.

શેઠે નેત્રસંકેતથી વારાંગનાને નૃત્ય શરૂ કરવા જણાવ્યું. વાજિંત્રો વાગવા લાગ્યાં. વારાંગનાનો પગ હાલ્યો. પગે બાંધેલા ઘૂઘરાએ અવાજ આપ્યો, ને નર્તકી હવામાં ઊડવા લાગી. પોતાનામાં જેટલી કળા હતી તેટલી કાળજીપૂર્વક રજૂ કરવા માંડી. બધા સંગીત—નૃત્યમાં તન્મય થઈ ગયા.

સંગીતમાં જાદુ છે. તે જાદુ હિંસક પશુને શાંત બનાવે છે. તેના પ્રાણ ખોવડાવે છે. સર્પ જેવા ઝેરી પ્રાણીને એ જાદુથી જ કરંડીઆમાં પૂરવામાં આવે છે. તો તે જાદુથી માનવી ભાન ભૂલે જ.

આવનાર ગૃહસ્થ જ્યારે સંગીત અને નૃત્ય ચાલી રહ્યું હતું ત્યારે ચોતરફ પોતાની દૃષ્ટિ ફેરવતો. કોઈ નવીન તો નથી તે જોવા તેનાં નેત્રો ફર્યાં. બધા જ જૂના જોગી હતા; કોઈ જ નવું ન હતું.

સંગીત બંધ થતાં શેઠે વારાંગનાને પૂછ્યું.

'આજની નવાજૂની ?'

'કાંઈ નહિ.' વારાંગનાએ જવાબ આપ્યો, 'આજ કોઈ નવો આગંતુક આવ્યો નથી. બધા આપણે જ છીએ.'

જ્યારે વારાંગના આ વાત કરી રહી હતી, ત્યારે ગૃહસ્થની દૃષ્ટિ ખૂણામાં એક ચિંથરેહાલ માણસ પર પડી. તે માણસની

આંખમાં નરી પાગલતા ભરી હતી. મોં એવું તો વિકૃત હતું, જે જોતાં ઘૃણા ઉત્પન્ન થાય.

'પેલો કોણ છે?'

વારાંગનાએ તેની તરફ નજર ફેંકી, હસી! 'પાગલ.'

પાગલ શબ્દ સાંભળ્યો ખૂણામાંથી બહાર આવ્યો. તેના વસ્ત્રોમાંથી તેનો દેહ દેખાઈ રહ્યો હતો. તેનાં વસ્ત્રો બધેથી ફાટેલાં હતાં. તેણે વચ્ચે આવી વેશ્યાના નૃત્યનું અનુકરણ કર્યું. બધાં તે જોઈ હસી પડ્યાં.

'અલ્યા તારું નામ?'

જવાબમાં તેણે મોં ખોલ્યું. તેમાં જીભ જ ન હતી.

ગૃહસ્થ જીભ વગરના પાગલને જોતાં મન સાથે કાંઈક વિચારવા લાગ્યા. વિચારના અંતે મોં પર હાસ્ય પથરાયું.

'આ માણસ જો અહીંઆ રહે તો આપણને ફાયદો જ થાય. પણ, પાગલ મૂંગો છે ને?' શેઠ બોલ્યા.

હાથના ઈશારાથી તેણે જણાવ્યું કે તે પાગલ નથી. ગામના છોકરાઓએ તેને પાગલ બનાવ્યો છે. શેઠ કાંઈક સમજ્યા, કાંઈક ન સમજ્યા. તેમણે દૂર બેસવા સૂચના કરી. તે વફાદાર કૂતરાની માફક હાથ જોડતો દૂર બેઠો.

'ચાલો ત્યારે આપણે રમત શરૂ કરીએ.'

અને, તરત જ બધા ઊઠયા, શેઠે ભીંતમાં કાંઈક દબાવ્યું. સાથે જ ભીંતમાં ફાટ પડી. અંદર જવાનો માર્ગ ખુલ્લો થયો. એક પછી એક અંદર જવા લાગ્યા. વારાંગના અને ગૃહસ્થ છેલ્લાં ઉતરવા તૈયાર થયાં, તેવામાં કાંઈક યાદ આવતાં પાગલ તરફ જોયું. તરત જ પાગલ દોડતો આવ્યો. શેઠે અંદર જવા સૂચના કરી. પાગલ

આગળ થઈ ગયો. ઉભય તેની પાછળ અંદર ગયાં. ભીંત હતી તેવી જ થઈ ગઈ.

ભીંતથી જ એક સીડી નીચે જઈ રહી હતી. તેના પગથીઆ દ્વારા તેઓ નીચે ઉતરવા લાગ્યા. પાગલ તો ચોતરફ જોતો અંદર જઈ રહ્યો હતો. પગથીઆ પૂરા થતાં એક ઓરડામાં આવી ઊભા રહ્યા. ઓરડો છેલ્લી ઢબના ફરનિચરથી શણગારવામાં આવ્યો હતો. તે ઓરડાથી થોડે જ દૂર સુંદર બગીચો હતો. તેમાં અનેક જાતનાં પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં. આ સ્થળે પ્રથમ આવનારની દ્રષ્ટિ કારીગરોની ત્યાંની અનુપમ કલા નિહાળવા ચોંટી જતી, પણ પાગલને તે જોવા દરકાર ન હતી. તે તો પેલા શેઠથી થોડે જ અંતરે હાથ જોડી ઊભો હતો.

'પ્રિય રાધા! ઢાળો બાજી.' અને વારાંગના રાધાએ બાજી ઢાળી. રમનારાંઓ ગોઠવાઈ ગયાં. બધાના ખિસ્સાં રૂપીઆ–નોટોથી ભરેલાં હતાં. રમત શરૂ થઈ. રાધા શેઠ પાસે બેઠી. શેઠે પોતાનો એક હાથ તેના ગળામાં નાખ્યો. રમવામાં બધાં તલ્લીન થઈ ગયાં, ખિસ્સામાંથી પૈસા નીકળતા, દાવ પર મુકાતા. હાર–જીતની રાહ જોવાતી. દાવ પર દાવ નંખાયે જતા, જેની પાસે પૈસા ખૂટતા તે બીજા પાસેથી ઉછીના લેતા. આ રમનારાઓમાં એકબીજા પર વિશ્વાસ હતો, કોઈ કોઈને પૈસા આપતા અચકાતું નહિ, કોઈની પ્રમાણિકતા માટે બે મત હતા જ નહિ.

ધીરે ધીરે રમત રસે ચડતી ગઈ. એક વખત રમત એકના લાભમાં રમાતી, તો બીજી વખત તે હારતો. પૈસાની આપલે થઈ જતી. પાગલને આ રમતમાં રસ ન હતો. તે તો રમનારાઓને જોઈ રહ્યો હતો, તેવામાં, ઓરડામાં ઘંટડીનો અવાજ થવા લાગ્યો. શેઠ ઊઠયા, રિસીવર હાથમાં લીધું. અવાજ આવવા લાગ્યો. વાતચીત પૂરી થતાં શેઠના મુખ પર વિષાદની છાયા છવાઈ ગઈ. તે બધા રમતા હતા ત્યાં આવ્યા.

'દોસ્તો ! મને માફ કરશો. મારે અહિંયાથી જવું જ પડશે.' કહી ચાલતા થયા. રાધા તેની પાછળ જવા લાગી.

'રાધા ! મારે ઘણા જ જરૂરી કામે જવાનું છે, એટલે હવે આપણો પ્રોગ્રામ......' 'રદ છે એમજ ને ? ક્યારે તમે તમારા વચન પાળ્યાં છે ?' લાડ કરતી રાધા બોલી. 'અમે તો અહિંયા તમારા શબ્દો સાંભળવા મરી ફીટીએ, અને તમારે મન તો કાંઈ જ નહિ.'

'જા રે જા. ગાંડી ! તું તો મારો શ્વાસ-પ્રાણ છે.' કહી રાધાના માથા પર ટપલી મારી તે ચાલ્યા ગયા.

રાધા જનારની પીઠ જોતી ઊભી જ રહી. તે નજર બહાર થયો, એટલે રમતા હતા ત્યાં આવી, પણ તેના જીવને શાંતિ ન હતી. કયો સંદેશો મળ્યો હશે, જેથી તે એકદમ ચાલ્યા ગયા તે વિચારવા લાગી.

શેઠના ચાલ્યા જવાથી રાધાની વિચારમગ્ન સ્થિતિ જોતાં પાગલ તેની પાસે આવ્યો. હાથના ચાળા કરી રાધાને હસાવવા પ્રયત્ન કરવા લાગ્યો. રાધા તો નિર્વિકારી બની ગઈ હતી. તેના ચાળાને શાંતિથી જોઈ રહી.

રમનારાઓને પણ પેલા શેઠના ચાલ્યા જવાથી કાંઈ રમતમાં રસ રહ્યો નહિ. તેઓ પણ જવા લાગ્યા. ઓરડામાં રહ્યા પાગલ અને રાધા.

બધાંના જવાથી રાધાને કાંઈક શાંતિ મળી હોય તેમ તેના મુખ પરથી કોઈ પણ સમજી શકે તેમ હતું. તે બેઠી હતી ત્યાંથી ઊઠી અને બાગ તરફ ચાલી. બાગમાં કુદરત હસી રહી હતી, પણ રાધાએ એક પણ નજર નાંખી નહી. તે ચાલતી ચાલતી કારીગરીના નમૂના- રૂપ ચોતરા પર આવીને બેઠી, મનમાં બબડવા લાગી,

'આ જાળ--આ વાતાવરણ—મને રૂંધી નાંખે છે. આ ધંધો મને ગમતો નથી, છતાં કરવો પડે છે. ઓહ ! કેવું ભયંકર સ્વપ્ન હતું, જેથી હું પરાધીન બની. મારો આત્મા વેચાયો હું—હું ન રહી. આ નગનારી—જુગારીઓની સરદાર બની.

આ વાતાવરણમાં દિવસો નિર્ગમન કરવા છતાં આત્મા જાગ્યો. એક જ પ્રશ્ને મને અસલ સ્વરૂપમાં લાવી નાખી. એ પણ એક સ્વપ્ન જ,' બોલતી ઊઠી. લીલી ઘાસ પર બેઠી. 'બોજ નથી સહેવાતું. એ સ્મૃતિ મને બાળીને ખાખ કરી રહી છે.' હજી તો તે આગળ બોલવા જતી હતી તેવામાં પેલો પાગલ દોડતો આવ્યો, ને ઓરડા તરફ આંગળીઓ કરવા લાગ્યો. રાધા ઊઠી, અને ઓરડા પ્રતિ ચાલી. જ્યારે તે ઓરડામાં આવી ત્યારે ત્યાં કોઈ જ ન હતું, તેણે પાગલને પૂછ્યું. પાગલે ટેલિફોનની વાગતી ઘંટડી બતાવી. રાધા ટેલિફોન પાસે ગઈ. થોડા જ સમયમાં ઘંટડી વાગવા લાગી. રિસીવર હાથમાં લીધું.

રાધાએ સાંભળવા રિસીવર કાને ધરી રાખ્યું, પરંતુ કાંઈ જ સંભળાયું નહિ, કંટાળી રિસીવર મૂકી દીધું. પરંતુ તેના મુખ પર ઉદાસીની કાળી ઘટા છવાઈ.

જ્યારે રાધા વિચાર કરતી ટેલિફોન તરફ જોઈ રહી હતી ત્યારે રજની, વીણા, સરલા પથારીમાંથી ઊઠ્યાં, અને આ ઓરડામાં આંટા મારવા લાગ્યાં.

'વિજયભાઈ નહિ જ આવ્યા !' સરલા બોલી.

'ક્યાં ગયા હશે !'

'વીણા ! હું પણ એ જ વિચારું છું, કે તે ક્યાં ગૂમ થઈ ગયો.'

વિજયના સ્નેહીઓ પણ જાણી શક્યા નહિ કે વિજય ક્યાં છે

ત્યારે શું વિજય ગૂમ થઈ ગયો ?

## પ્રકરણ નવમું

## પિશાચમંડળ

'નંબર આઠ! તમારા હાથમાંથી એ ચિઠ્ઠી જવી જ જોઈતી ન હતી.'

'જી, સરદાર! પરંતુ એ ચિઠ્ઠીનો નાશ કરવાનો સમય મને મળી શક્યો નહિ, નહિ તો હું દુશ્મનના હાથમાં ચિઠ્ઠી જવા દેત જ નહિ.' ચિઠ્ઠી દુશ્મનના હાથમાં જવા દેવા બદલ ક્ષમા ચાહું છું.' નમ્રતાથી નંબર આઠે કહ્યું.

'નંબર ૭! વિજય ગૂમ થયો તે બદલ તમે જ ગુન્હેગાર છો. તમારી નજર ચુકાવી ક્યાં ચાલ્યો જાય?'

'સ...ર...દા...ર.' નંબર ૭ કંપતા કંપતા બોલ્યો.

'શયતાન! તું મને છેતરવા યત્ન કરે છે, તને ભીખારીમાંથી મેં શ્રીમંત બનાવ્યો, તેનો આ બદલો આપે છે?'

'સ...ર...દા...ર ક્ષમા.'

'ક્ષમા? અને તે તને? નીચ! કૂતરા!' ખાલી ખુરસી તરફથી ક્રોધપૂર્ણ અવાજ આવી રહ્યો હતો. બધાં જ કંપી રહ્યા હતા.

'મારી આજ્ઞાનો અનાદર કરનારને કેવી ભયંકર સજા કરવામાં આવે છે તે કદાચ તું ભૂલી ગયો હશે. આજ તેનો સાક્ષાત્કાર કરાવવો પડશે.' ખુરસી આગળથી પગરવ દૂર જતા સંભળાવા લાગ્યો.

જે દિશાએથી એ પગરવ સંભળાતો હતો, ત્યાંથી એક બુરખાધારી બધાની નજરે પડયો. તે ફણી ઝુલાવતો ખુરશી પાસે આવ્યો. બુરખામાંથી તીક્ષ્ણ કટાર બહાર કાઢી.

"સરદાર! સરદાર! મને માફ કરો. એ વિજયને અમે લાંબી

શોધી આપના ચરણોમાં રજુ કરીશ. મારી સેવાઓ...'

'ચૂપ કૂતરા! મારા શબ્દકોષમાં તારા જેવા માટે ક્ષમા શબ્દ જ નથી. આજ તારું મોત...'

'સરદાર! ન્યાય કરો તો બધાને માટે સરખો કરો. નંબર આઠને ક્ષમા આપવામાં આવી, ને મને!' સરદારને બોલતો અટકાવી નંબર ૭ બોલ્યો.

'નંબર આઠને ક્ષમા કોણે આપી? અને કદાચ આપવામાં આવે તો તે તારે યાદ કરાવવાનું ન હોય.'

'સરદાર!' નંબર ૭ જરા ઉતાવળે બોલ્યો.

'ઓહો, મને ડરાવવા માગે છે! ઓ કાળના કોળિયા મારી શક્તિઓને તું પડકારે છે.' બોલતાં સરદારનું અંગ ક્રોધથી ધ્રૂજી રહ્યું હતું. હાજર રહેલા સભાસદો માની બેઠા હતા કે આજ અહીંથી જીવતું નીકળવું અશક્ય છે. આજ પૂર્વે કદાપિ સરદાર કૃષ્ણરંગી આ બુરખામાં સામે આવ્યો ન હતો. આજ પહેલી જ વખત એ બુરખામાં દેખાયો.

'સરદાર! ક્ષમા કરો, મારી ભૂલ થઈ.'

'નહિ તને ક્ષમા નહિ મળશે. તને તો મૃત્યુ સાદ દઈ રહ્યું છે.' કહી નંબર ૭ને લાત મારી.

નંબર ૭ સમજી ગયો કે હવે મોત નક્કી જ છે, અને તે પણ ભયંકર રીતે. એને પોતાની દૃષ્ટિએ કેટલાયને મરતા જોયા હતા એ યાદ આવતાં તે પાગલ બન્યો, ભાન ભૂલ્યો. જમીન પરથી ઊઠી સરદાર તરફ ધસ્યો. સરદારે તેને પાસે આવવા દઈ જોરથી ધક્કો માર્યો—સરદાર હસ્યો.

'પાગલ! સૂતેલા સર્પને છંછેડે છે? મોત નગારે ગાજી રહ્યું છે, છતાં અવગણના કરવા તૈયાર થાય છે. શયતાન! તારા આ કૃત્યથી તારું મોત ભયંકર રીતે થશે, અને તે જે જોશે તે કંપશે.

અને સ્વપ્નમાં પણ મારો સામનો કરવા માટે નહિ વિચારશે.

નંબર પાંચ ! આગળ વધો. આ નાફરમાનને સામેના થાંભલા સાથે બાંધો. જો જરા પણ તોફાન કરે......'બોલતાં સરદારે કાંઈક ચળકતો પદાર્થ કાઢ્યો. નંબર ૭ તો તદ્દન શાંત જ થઈ ગયો. નંબર પાંચ તેને ઉઠાવી થાંભલા પાસે લાવ્યો. દોરડાથી બાંધ્યો.

'નંબર આઠ !' સરદારના મુખમાંથી શબ્દો નીકળતાં જ નંબર આઠ કંપતો કંપતો સરદારના પગ પાસે આવી બેસી ગયો.

'પેલી થાંભલા પાસેની ભઠ્ઠીમાં આગ સળગાવો. અંદર લોખંડી સળિયા તપાવો.' નંબર આઠ તો કંપતા પગલે સરદારની આજ્ઞાનો અમલ કરવા ચાલ્યો ગયો. ક્ષણમાં નંબર ૭ પાસેની ભઠ્ઠી સળગી ઊઠી. નંબર આઠ તેમાં લોખંડના સળિયા તપાવવા મૂકી પોતાને સ્થળે પાછો આવ્યો.

'નંબર બે ! પેલા કૂતરાને છોડી લાવો.'

નંબર બે દૂર બાંધેલા કૂતરાને છોડી લાવવા ગયો.

એ કૂતરો માનવનો કાળ જ હતો. તેને જોતાંજ જોનારના રામ રમી જાય. ભયંકર શ્વાસો નાંખતો-દોડતો આવ્યો. સરદારે તાળી પાડી. કૂતરો સરદારના પગ ચાટવા લાગ્યો.

'નંબર ૭ ! આ તારો દોસ્ત તને ભેટવા આવે છે. દોસ્તનું સ્વાગત......' તે આગળ શબ્દો બોલે તે પહેલાં જ પોપટ આવ્યો. સરદારના ખભા પર બેઠો. સરદારે પોપટના પગે બાંધેલી ચિઠ્ઠી છોડી. વાંચી, હસ્યો.

'આખરે શિકાર પંજામાં આવ્યો ખરો. દોસ્તો ! આજ રક્તથી હોળી રમાશે. એકને બદલે બીજા પણ મૃત્યુને સ્વાધીન થશે. આ...હા...હા.' હસ્યો. ઊભો હતો ત્યાં જોરથી લાત મારી. તેના પદપ્રહારથી પૃથ્વીમાં બાકું પડયું. તે અંદર ઊતરી ગયો. થોડી જ

ક્ષિતિજોમાં ઊંચે નાનુંશું એરોપ્લેન ઊડતું જણાયું. નિશ્ચિત સ્થળની સમીપમાં આવતા એ એરોપ્લેનમાંથી કાંઈક નાંખવામાં આવ્યું, જેથી ત્યાંની હવા ઝેરી બની ગઈ. ત્યાં ગાલ જોનાર બેશુદ્ધ થયા. એરોપ્લેન નીચે ઊતર્યું. તેમાંથી બુરખાધારી બહાર આવ્યો. બેશુદ્ધ પડેલી વ્યક્તિઓને અંદર લઈ પુનરપિ ઉડ્ડયન શરૂ કર્યું.

બધા સભાસદો સામે તે અલ્પ સમયમાં બેશુદ્ધો સાથે આવી પહોંચ્યો.

'નંબર એક! તને ધન્યવાદ આપ્યા વિના રહી શકતો નથી. તેં આબાદ ફસાવ્યા છે.' બધાને શુદ્ધિમાં આવ્યા પછી સરદારે કહ્યું. નંબર એકે માથું નમાવ્યું.

'મિ. રજનીકાન્ત! આ તો કોઈનું રક્ષણ કરતાં તમે પોતે જ કોઈનું રક્ષણ માગવાની સ્થિતિમાં આવી પડ્યા. અને, વીણાદેવી!' બોલી વીણા પાસે ગયો. 'આખરે સેવકના આંગણે પગલાં કર્યાં ખરાં. સાથે તમારી બહેનપણીને પણ લેતાં આવ્યાં.' બોલી જોરથી હસવા લાગ્યો.

'જુઓ સાહેબ! મારી સ્વાગત કરવાની રીત અનોખી છે. જરા મેં તેમાં ઉણપ આવવા નહિ દઉં, અને આપને ઓછું પણ આવવા નહિ દઉં' બોલી રજનીકાન્ત પાસે ગયો. 'આપ મને પકડવા શ્રમ ઉઠાવી રહ્યા હતા. લ્યો હું હાજર છું. હાથકડીઓ નાંખી દ્યો. આવો સુઅવસર ભવિષ્યમાં કદાચ ન પણ મળે.' કહી એણે હાથ લાંબા કર્યા. શાંત ઊભેલા રજનીકાન્તને હલાવ્યો.

'નંબર બે!'

'જી.' નંબર બેએ કહ્યું.

'આ ગૃહસ્થને નંબર છની પાસેના થાંભલા સાથે બાંધ.' હુકમનો અમલ તાત્કાલિક કરવા નંબર બે રજનીની પાસે આવ્યો.

બાથ ભીડાવી, રજનીએ નંબર બેના પંઝામાંથી છૂટવા યત્નો કર્યો. બંને વચ્ચે થોડીક વાર યુદ્ધ ચાલ્યું.

'ઓહો ! આપ તો આ રણમયદાન સમજી રહ્યા છો. દૂર રહે, નંબર બે ! ' બોલતો બદમાશોનો સરદાર આગળ વધ્યો. રજનીનો હાથ પોતાના હાથમાં લીધો. તે સાથે જ રજની કંપવા લાગ્યા. તેની શક્તિ હરાઈ ગઈ-શરીર પર પ્રસ્વેદબિંદુઓ ઊપસી આવ્યા.

'ચાલો સાહેબ ! આપ જરા અહિંયાં ઊભા રહો.' રજની પર મેસ્મેરિઝમનો પ્રયોગ કરવામાં આવ્યો હોય. તેમ બદમાશની ઇચ્છા પ્રમાણે બતાવેલા સ્થળે જઈ ઊભો રહ્યો. નંબર બેએ રજની-કાન્તને બાંધ્યો.

'નંબર આઠ ! દીવતા બરાબર સળગાવ.' નંબર આઠે આજ્ઞાનું પાલન કર્યું.

'જુઓ મહાનુભાવો ! પહેલાં આ ગુનેગારને શિક્ષા થાય છે. જેઓ મારો સામનો કરે છે, જેઓ મારી ઇચ્છાનો અનાદર કરે છે તેમને કેવા પ્રકારની સજા કરવામાં આવે છે તેનો અભ્યાસ કરો.' કહી તાળી પાડી તે સાથે જ પેલો ભયંકર કૂતરો બૂમો પાડતો નંબર છના શરીરે વળગ્યો. બચકાં ભરવા લાગ્યો. શરીરમાંથી લોહી નીકળવા લાગ્યું. દુઃખથી બૂમો પાડવા લાગ્યો.

'નંબર ચાર ! આ સળગતા લાકડાનો નંબર છને જરા સ્પર્શ કરાવ.'

નંબર છ તો બૂમબૂમ પાડી રહ્યો. કૂતરાના કરડવાથી વેદના થતી હતી ત્યાં આ સળગતા લાકડાંનો સ્પર્શ—એટલે ડામ. તે ગભરાઈ ઊઠયો પરમાત્માને પોકારી ઊઠયો. નંબર ચાર આજ્ઞા પ્રમાણે લાકડું લઈ તેના તરફ દોડયો. દોરડાના બંધથી છૂટવા મથતા દેહ પર ડામ દેવા લાગ્યો.

'નંબર પાંચ ! આ ગરમ થયેલા લોખંડના સળિયાથી જરા તેની આંખો તો બહાર કાઢી લે.'

નંબર છ તો મૃત્યુની વેદના સહન કરી રહ્યો હતો. ત્યાં આ સાંભળતાં જોરથી બૂમ પાડી ઊઠયો.

'ઓ શયતાન ! તારી ક્રૂરતાને અટકાવ ! તારું ખંજર ખુશીથી ભોંકી દે. પણ આ યાતનાઓ સહન ન કરાવ.'

શયતાન હસ્યો. નંબર પાંચ નિરાધાર માનવીની આંખો પાસે ગરમ સળિયા લઈ ગયો. નંબર છ બૂમો પાડતો ચોતરફ મોઢું ફેરવવા લાગ્યો. ભયંકર કૂતરો તેના દેહને બચકાં ભરી રહ્યો હતો. દેહ પર ડામ દેવાઈ રહ્યા હતા. તેમાં ગરમ સળિયાથી આંખો કાઢવા યત્ન થઈ રહ્યો હતો. આ અસહ્ય યાતનાઓ માનવી કેવી રીતે સહન કરી શકે ? નંબર છ તો બૂમેબૂમ પાડી રહ્યો હતો, ત્યારે આ શયતાન નંબર છને તરફડતો જોઈ અટ્ટહાસ્ય કરી રહ્યો. તેવામાં નંબર પાંચે નંબર છની ભયંકર બૂમો વચ્ચે પોતાનું કાર્ય પૂર્ણ કર્યું. તેની આંખોમાં સળિયા ભોંકી દીધા. આ દૃશ્ય જોતાં જ તારા ગભરાઈ ઊઠી. બોલી:

'ઓ પ્રભુ !'

ને બેશુદ્ધ થઈ પૃથ્વી પર પછડાઈ. નંબર છ તો ત્રાસ પામેલા દયાજનક બૂમો પાડે જ જતો. તે સમયે ભેદી માનવે તાળી પાડી. તાળીનો અવાજ સાંભળતાં, પેલા ભયંકર કૂતરાએ શયતાન સામે જોયું. શયતાને રજનીકાન્તને ઇશારાથી બતાવ્યો, ને કૂતરાએ રજનીકાન્ત તરફ દોડવા માંડયું. કૂતરાને પોતાના પતિ તરફ દોડતો જોઈ સરલા ભાન ભૂલી પાગલની જેમ પોતાના પતિ તરફ દોડી. સરલાને રોકવા શયતાન આગળ વધ્યો. દોડતી આવતી સરલાને પકડી તેણે કટાર ઊંચી કરી. લોહી તરસ્યો કૂતરો રજનીકાન્તને વળગ્યો.

ઓરડાનું વાતાવરણ મૃત્યુદેવના હસવાથી—યમરાજ પોતાના

થનાર મહેમાનોને લેવા આવનાં ભયંકર બની ગયું. ક્ષણોમાં મેદાન સાફ થઈ જવાનું હતું. પિશાચના દુસ્મનો પતંગિયાવત્ દીપક પર આવી પડ્યા હતા. આજ શયતાનના માટે દીવાળી હતી. મૃત્યુદેવનો પંજો પડવામાં સેકંડો જ બાકી હતી. તે સરલાનો નાશ કરવા કટાર ધીમે ધીમે હાસ્ય કરતો ઉતારી રહ્યો હતો. નંબર ૭ ભયંકર બૂમો પાડી રહ્યો હતો. શયતાનનો સહાયક કૂતરો ભયંકર બૂમો પાડતો રૂકમીનીને વળગ્યો હતો.

હસ્ય હસતા મૃત્યુદેવને પણ કંપાવી રહ્યું. યમરાજ પણ કંપી ઊઠ્યો. શયતાનના કાર્યથી કુદરત નારાજ થઈ હોય તેમ ભયંકર મેઘગર્જનાઓ થવા લાગી. પવન જોરથી ફુંકાવા લાગ્યા-ને શયતાનની કટાર નીચે ઉતરવા લાગી.

# દ્વિતીય ખણ્ડ

## પ્રકરણ પહેલું

## મૃત્યુના મુખમાં

પિશાચે મનેચ્છા પૂર્ણ કરવા—પોતાના કંટકો દૂર કરવા ક્રૂરતા આદરી. નાશનગારાં વાગી રહ્યા. ભૂખ્યો સિંહ પોતાના શિકારને કદાપિ છોડતો જ નથી તેમ આ શયતાનના હાથમાંથી આ નિર્દોષોનો બચાવ ન હતો—મૃત્યુ મુખમાં હોમાઇ જ ચૂક્યા હતા કુદરત પણ આ શયતાનના ગુરુથી કાંપી ઊઠી હતી. ઇશ્વરે પણ આવા માનવીને ઉત્પન્ન કરવા બદ્દલ આંસુ સાર્યાં હશે?

આ માનવીથી સર્વકો કંપી રહ્યા હતા. પણ તેના હૃદયમાં અનુકંપા—દયા ઉદ્દભવતી ન હતી, તેનું વજ્ર હૃદય પિગળે તેમ ન હતું. તે તો આ ભયંકર રાત્રિને પોતાના ભયંકર કૃત્યોથી વધુ ભયંકર બનાવે જતો હતો. તે પોતાની જાતને સર્વસત્તાધિશ માની સર્વકો પોતાની જ ઇચ્છા પ્રમાણે અનુસરે તેમ ઇચ્છતો હતો અને પોતાના માર્ગમાં આડે આવનારને કંટક માની દૂર કરવા પિશાચી લીલા આદરી રહ્યો હતો.

તેનો સૌથી મોટો દુશ્મન વિજય હતો. જેમ પારધી ઊડતા પક્ષીઓને પકડવા કણ વેરી જાળમાં ફસાવે છે તેમ વિજયને પકડવા જાળ બિછાવી હતી. તેના માણસથી તેની પૂંઠ પકડી હતી, પણ વિજય તેની આંખમાં ધૂળ નાંખી અદૃશ્ય થઇ ગયો હતો. વિજયના અદૃશ્ય

થવાના સમાચાર મળતાં જ પિશાચ છંછેડાયો—જેમ દબાએલો સર્પ ક્રોધથી ફુંફાડા મારતો ફેણ ઉઠાવે. તેણે પોતાના માણસને વીણાને ફસાવી લાવવા યોગ્ય સૂચનાઓ આપી રવાના કર્યો. શયતાનનો સાથી શયતાનને પણ પળ માટે વિચાર કરતો કરી દે તેવો હોય છે, તેણે રસ્તે જતાં વેશ પરીવર્તન કર્યો. ગૃહસ્થ જેવો જણાવા લાગ્યો. અલ્પ સમયમાં જ રજનીકાન્તને ત્યાં આવ્યો. 'સાહેબને જરૂરી કામે મળવું છે' તેમ ત્યાં ખડેપગે ચોકી કરતા માણસને જણાવી રાહ જોતો બેઠો.

પોલિસે રજનીકાન્તને સંદેશો પહોંચાડયો. વિજયની ચિંતા કરતો રજની બહાર આવ્યો, આગંતુક ગૃહસ્થે રજનીને જોતાં નમન કર્યું, પ્રતિ નમન કરતાં રજનીએ તે ગૃહસ્થને પૂછ્યું.

'અત્યારે કેમ આવવું થયું છે ? હું તમારી શું સેવા કરી શકું તેમ છું ?'.

'સાહેબ.' બોલતાં જીભ અચકાતી હતી—પ્રપંચીઓ પોતાની મુરાદ બર લાવવા અનેક પ્રકારના અભિનયો કરે છે.

'ગભરાવ નહિ, શાંતિથી કહો શું છે ?'

'સાહેબ !' બોલતા ગૃહસ્થે આંખમાં પાણી આણ્યું. 'પરમાત્માએ કડવી ફરજ બજાવવાની મારે જ માથે નાંખી.' બોલતાં તે ડુસકાં ખાવા લાગ્યો.

સરલા-વીણા રડવાનો અવાજ સાંભળતાં બહાર આવ્યાં.

'સાહેબ !' આંસુ સાફ કરતાં બોલ્યો. 'આપના સંબંધી વિજયકુમાર, મારા ઘરની બાજુમાં બેશુદ્ધ અને ઘાયલ હાલતમાં પડ્યા હતા, તેઓ ઘેર જતાં મારી દૃષ્ટિએ પડ્યા. તેમની સ્થિતિ પત્થરને પિગળાવે તેવી હતી. મને તેમની દયા આવી. મારે ત્યાં તેમને લઇ ગયો, તેઓની બનતી સારવાર કરી. જ્યારે તેઓ શુદ્ધિમાં આવ્યા ને મુશ્કેલીએ, તેઓનું કોઇએ ખૂન કરવા પ્રયત્ન કર્યો હતો અને

આપને મળવા ઇચ્છે છે તેવું જણાવ્યું ને તરતજ આપને સમાચાર આપવા આવ્યો છું. તેમની સ્થિતિ જોતાં વધુ શ્વાસો લે તેવું મને તો લાગતું નથી.' આ શબ્દો તૂટતા હૃદયે તે બોલતો હોય તેમ સાંભળનારને લાગતું.

ગૃહસ્થના મુખે આ શબ્દો સાંભળતાં સરલા–વીણા ગભરાઈ ગયાં, રજની કાંઈક વિચાર કરવા લાગ્યો, આગંતુકને એકાગ્ર દૃષ્ટિથી નિહાળવા લાગ્યો. ગમગીનીનું, મૌનનું, સામ્રાજ્ય પથરાઈ રહ્યું.

'આપ સાહેબ, વિચાર કરી રહ્યા છો ? આપ આવવા તૈયાર નથી. તેમ આથી સમજાય છે, તો હું આપની રજા લઈશ, મેં મારી ફરજ બજાવી, આપની ફરજ આપ સમજો. મારે ત્યાં વિજયકુમાર છે, માટે તેમની અંત ઘડીએ મારી હાજરી ત્યાં હોવી જોઈએ.' બોલી તે ઊઠયો.

'થોભો હું આવું છું.' રજની બોલી ઊભો થયો. 'ચાલો.'

'અમે પણ આવીએ છીએ.' બોલતાં સરલા–વીણા રજનીકાન્તની સાંનિધ્યમાં આવ્યા. 'વિજયભાઈ પર કોઇ નીચ હીચકારાએ ઘા કર્યો હોય, ત્યારે મારી ફરજ છે કે તેમની બાજુમાં મારે રહેવું જ જોઇએ આ ભાઈ, વિજયભાઈ છેલ્લા શ્વાસ લઈ રહ્યા છે તેવું જણાવે છે તે સાંભળ્યા પછી, એક મિનિટ થોભવું તે કર્તવ્યશિથિલતા જ બતાવે છે.'

સરલાના શબ્દો સાંભળતાં પ્રપંચીને નાચવાનું મન થઈ આવ્યું, તેણે યથાસ્થાને જ ઘા કર્યો છે, અને પરિણામ શુભ જ છે; તે, તે જાણી ગયો: ભોળાંઓને આબાદ ભીડાવ્યાં હતાં.

'રજનીભાઈ !' બોલતી વીણાના મુખ પરથી રક્ત અદૃશ્ય થઇ ગયું હતું, તેના હૃદયદુ:ખનું વર્ણન શબ્દો દ્વારા થઈ શકે નહિ. વીણાની હૃદય વ્યથા તે જ સમજી શકે કે જેણે પોતાનું પ્રિય માનવી ગુમાવ્યું હોય, આંખના આંસુઓને મુશ્કેલીએ રોકી રહી હતી. પગ તો દેહભાર

ઉંચકવા અસમર્થ હતા. છતાં આત્મસંયમ કરી ઉભી રહી હતી. અગર જો પરમાત્માએ તેને પાંખો આપી હોત તો કોઇની પણ રાહ જોયા વિના જ ઉડવા માંડત. અત્યારે રજની–સરલા–વીણા ભયંકર દુઃખના વમળમાં ઘેરાયાં હતાં. પરંતુ વીણાની સ્થિતિ વધુ દુઃખદ હતી.

અજાણ્યા સાથે રજનીએ સરલા–વીણા સાથે ચાલવા માંડ્યું, બંને અબળાઓને સાથે લઈ જતાં રજનીને અંતર દુઃખ થતું હતું, પરંતુ વિજય માટેના આ સમાચાર જાણ્યા પછી ઉભયમાંથી કોઈ જ ઘર આગળ રહી શકે તેમ નહોતું. દુનિયાની દૃષ્ટિએ વિજય રજનીનો મિત્ર હતો. પણ સાચું તો એ હતું કે તે ભાઈથી પણ રજની માટે અધિક હતો. સરલાને મન તે સગોભાઈ–લાડકવાયો દિયર હતો. વિજયનું કોઈ અન્ય સગુંસંબંધી ન હોવાથી રજનીને પોતાનો ભાઈ ગણતો તેના સુખદુઃખનો સદૈવ સાથી બનતો, ને સરલાનો પ્રેમ મળતાં તે પોતાને ભાગ્યશાળી માનતો. તેના પર કોઈની સત્તા ચાલતી હોય તો તે સરલાની જ. સરલાના લાડ, પ્રેમ તેને તેની માની યાદ આપતા.

આ વયે પણ સરલાને તે પજવતો, અને તેમાં તેને આનંદ આવતો. રજની તો વિજયને સરલાનો પાળેલો કૂતરો જ કહેતો, આ દિયરભોજાઈના તોફાનોમાં તેને કેટલીક વખત ભૂખે પણ મરવું પડતું. તે ચિડાતો પણ છેવટે તેને આ દિયર–ભોજાઇ આગળ હસવું જ પડતું.

વિજયને સરલા પરણવા માટે હઠ કરી કહેતી, ત્યારે વિજય હસી કહેતો: 'ભાભી! પરણવામાં વાંધો નથી. પરંતુ પરણીને હું જે મેળવી શકીશ તેનાથી ખોઈશ વધારે, અને તે ખોવાનું બીજું કંઈ નહિ, પરંતુ દેવો જે પ્રેમ મેળવવા તલસે છે, તે માતાનો, સરલા-ભાભીનો પ્રેમ, આ પ્રેમ માટે મારે જો કુંવારા રહેવું પડે તો પણ પરવા નહિ.'

'બિલકુલ ગાંડા છો તમે તો વિજયભાઈ!' સરલા હસીને

કહેતી, રજની તેના હસવામાં સાથ આપતો ને કહેતો: 'આ ગાંડાને—તારા પાળેલા કુતરાને સાંકળે બાંધવો અશક્ય છે તેને તારા પગ ચાટયા સિવાય બીજું કાંઈજ સુઝવાનું નથી.'

'એવું શું બોલતા હશો.' હસતી સરલા કહેતી, 'મારા વિજયભાઈની જોડ તો શોધી લાવો. અરે જો જો તો ખરા કે એક દિવસ હું વિજયભાઈ માટે આરસની પુતળી જેવી વહુ લાવીશ, પરણાવીશ.'

ને રજની તરફથી તેને જવાબ મળતો. 'પરણાવી રહી.'

'વખત બતલાવશે.' સરલા ભાર દઈ ક તી.

આટલો હક્ક ધરાવતી સરલા, વિજયની અંતિમ સ્થિતિના સમાચાર જાણ્યા પછી દૂર રહે જ શી રીતે? અને વીણાનો તો વિજય હૃદયઅંધકારનો નાશ કરનાર સૂર્ય હતો.

વિજયના દુ:ખથી ભાન ભૂલેલાઓ અજાણ્યા પાછળ દોડે જતા હતા. જેમ નદીઓ આડાઅવળા માર્ગ કાઢતી સાગરને મળવા જાય તેમ.

'તમારું મકાન હજી કેટલું દૂર છે ભાઈ!' વીણાએ પૂછ્યું. વિજયને જોવાની અધિરાઇ પળે પળે તેને વધતી જતી.

ઉતાવળે પગલાં ભરતાં તેણે કહ્યું 'હવે થોડુંક જ' આખરે તેમના ચાલવાનો અંત આવ્યો. 'આ સામેના મકાનમાં હું રહું છું.' બોલી તેણે અંગુલિનિર્દેશ કર્યો, વીણાનું બેવફા હૃદય તેની ઈચ્છા વ્યક્ત કરવા લાગ્યું, કે જે કોઇ ન જાણે તે માટે સાવચેતી રાખી રહી હતી. સરલા પોતાના લાડકા ભાઈ પાસે પહોંચી જવા આતુર હતી.

ગૃહસ્થે બારણું ઉઘાડયું, ત્રિપુટી અંદર પ્રવેશી, એટલે તેણે બારણું બંધ કરતાં પોતાના ખિસ્સામાંથી, પોતાનું નાક બંધ કરી ટયુબ જેવું કંઈક કાઢી તેને ખોલી, એક જ ક્ષણમાં મકાનની હવા ઝેરી થઈ ગઈ. ત્રિપુટી અકળાઈ બેશુદ્ધ થઈ, શયતાનના સાથીએ બારણું ખોલ્યું, ને આ બેશુદ્ધ થએલાઓને નિર્મિત સ્થાને લઈ જવા જે ઘોડાગાડી તૈયાર હતી તેમાં કોચમેનની મદદથી ત્રણેને ગોઠવ્યા,

ને ગાઢીને નિશ્ચિત સ્થાને લઈ જવા દોડાવી. ત્યાં પહોંચતાં જ સરદારને સમાચાર પહોંચાડયા, ને સરદારે તેઓને પોતાને સ્થાને લઈ જઈ મૃત્યુના મુખમાં મૂકયાં.

ક્ષણે ક્ષણે નંબર છની બૂમો વધે જ જતી. રજની મૃત્યુનો સામનો બહાદુરીથી કરી રહ્યો હતો, તે જાણતો હતો કે હવે બચાવ નથી તો પછી કાયરતા શાને? અને સરલા—એક હિન્દુ સ્ત્રી, પતિ માટે હસતા મોઢે પ્રાણાર્પણ કરવા તૈયાર થઈ હતી, તે તો પોતાનું સૌભાગ્ય જ સમજતી હતી, આવું બલિદાન થવાનું ભાગ્યશાળી સ્ત્રીના નસીબે જ લખાએલું હોય છે.

'વાર ન કર મારા ભાઈ! તારી કટારને ખુશીથી મારી છાતીમાં ભોંકી દે, મારા પ્રાણ ધક માટે મારું બલિદાન......'

સરલા આગળ બોલે તે પહેલાં વીણા શુદ્ધિમાં આવી, નીચી ઉતરતી કટાર જોઈ. ચિત્તા જેમ શિકાર પર કૂદે તેમ કૂદી, બુરખાધારી વ્યક્તિના હાથમાંથી કટાર નીચે પડી, તેવીજ વીણાએ લઈ લીધી. તેનું મોહક મોહું અસ્ત થતા સૂર્ય જેવું થયું, તેને જોત સહેજે જણાય કે કોઈ રણચંડી દુશ્મનોને સંહારવા નીકળી ન હોય!

શયતાને સરલાને છોડી તાળી પાડી, કુતરો રજનીને છોડી વીણા તરફ દોડયો. વિકરાળ કૂતરો કટાર સહ ઊભેલી વાણાને હતા ન હતી કરવા ધસ્યો. સમિપ આવતા કૂતરાને વીણાએ કટ ભોંકી દીધી. નિર્દોષોનું લોહી પીનાર કૂતરો પોતાના માલીક પ્રતિ એક દૃષ્ટિ નખી મૃત્યુને શરણે થયો. પોતાના વફાદાર કુતરાને મરેલો જોતાં બદમાશે બૂમ પાડી, જેમ ગગનમાં મેઘ ગર્જે. તેના સાથીઓ દોડી આવ્યા, વીણાને પકડવા ધસ્યા, વીણા સિંહણ સમ નીડરતાથી આવતા શયતાનોને અવગણતી, લોહીની સરિતા વહેવડાવવા સામી ઊભી રહી.

'આવો, આવો, મૃત્યુના મહેમાનો, અમારા અદૃશ્ય શત્રુના દોસ્તો! દોડી આવો, યમરાજ તમારી આતુરતાથી રાહ જોઈ રહેલ છે.'

સંબંધીઓ પણ ન ઓળખી શકે તેવા અપાર્થિવ સ્વરે વીણા બોલી નેત્રોનું તેજ દોડી આવનારાઓને પ્રજાળી રહ્યું હતું.

'આગળ વધો, મારા બહાદુરો.' અને બહાદુરો આગળ વધવા યત્ન કરવા લાગ્યા. પણ તેમના પગ ધ્રુજી રહ્યા હતા, ત્યારે પણ નંબર છની વેદનામય બૂમો સંભળાઈ રહી હતી.

'પકડો, નહિ તો તમારું મૃત્યુ નંબર છ કરતાં પણ ભયંકર હશે.'

ભયંકર મૃત્યુની વાત સાંભળતાં શયતાનના સહચરો ધસ્યા, વીણા પણ કટાર સાથે ધસી. ભેગા થતાં જ બહાદુરોએ વીણાને ઘેરી પકડી લીધી. હાથમાંની કટાર છીનવી લીધી. 'શું સુંદર ચહેરો છે. જાણે ગુલાબનું પુષ્પ' બોલતો શયતાન વીણાની પાસે આવ્યો, તે તકનો સદુપયોગ કરવા સરલા રજની તરફ દોડી, વીણાએ આ જોયું શયતાનોનું ધ્યાન એ તરફ ન જાય તે માટે મન સાથે નિશ્ચય કરી બોલી:

'આવો આવો મારા પ્રેમી આવો.' બોલતાં તે હસવા લાગી એ હાસ્ય નહોતું, પરંતુ મૃગને વિંધવા શિકારીએ ફેંકેલું તીર હતું. 'સ્ત્રીને વશ કરવા માટે આવા ઉપાયો લેવા કયા પુસ્તકમાં લખ્યું છે? 'આ કુતરો' તેણે મરેલા કૂતરા તરફ આંગળી કરી: 'કેવો ભયંકર હતો. તે મને મારી નાંખત પછી મારા પ્રેમી! તમે મારા શબ સાથે પ્રેમ કરતા કેમ? આ આપના સાથીદારો.' એ આંખો નચાવતી બોલી: 'મારા દેહને સ્પર્શી–ઉચ્છિષ્ટ બનાવતા અને તે ઉચ્છિષ્ટ થએલા દેહને આપ આલિંગતા કેમ? ઇતિહાસ પોકારી પોકારી કહે છે, પ્રેમી પોતાની પ્રેમિકાને સ્પર્શનારનો પ્રાણ લે છે અને આપ!' બોલતી હસી.

હાસ્યથી પાગલ થયેલા શયતાનને પોતાની ભૂલ સમજાઈ, તે શરમાયો, બોલ્યો: 'ખરેખર વીણા! મારી ભૂલ થઈ અને તે બદલ ક્ષમા ચાહું છું.'

'ઓ હો.' શયતાનને ભાન ભુલાવતાં બોલી. 'ભૂલ સમજાઇ? પણ ઘણીજ મોડી, અને ક્ષમા તે માંગી મળતી હશે?'

'ત્યારે મારે શું કરવું ?' મુંઝાએલો દેવાદાર લેણુદાર આગળ કરગરી કહે તેમ શયતાને કહ્યું. 'કહું છું.' કહી વીણા ગાલે આંગળી અટકાડી શાંત ઊભી રહી.

વીણાએ શયતાનોને રોકી આપેલા સમયનો સદુપયોગ સરલાએ કર્યો. રજનીકાન્તના બંધનો છોડી નાંખ્યાં. રજની છૂટતાં જ વીણાના મોહક સ્વરૂપને જોઇ પાગલ બનેલા શયતાનને ખોચીમાંથી પકડી બોલ્યો.

'ઓ માનવરક્તપિપાસુ ! તારે શું કરવું તે વીણાને બદલે હું કહીશ.'

રજનીને છૂટો થએલો જોતાં જ બદમાશ સમજી ગયો કે વીણાએ બનાવ્યો છે અને પોતે બની ગયો છે. વાતમાં પોતાને રોકી રજનીને છૂટા થવાની તક આપી છે.

'નંબર આઠ.' બોલી તેણે કાંઇક સંકેત કર્યો. નંબર આઠે સમિપની દીવાલ પરની સ્વીચ દબાવી. સાથે જ દીવાલમાંથી સર્પાકારે કાંઇક આવતું જણાયું. રજની તેની સામે આવી જાય તેમ તે ખસ્યો. રજની કાંઇક સમજે તે પહેલાં સર્પાકારે આવતી વસ્તુ રજની સાથે અથડાઇ. સાથે જ તે જમીન પર પછડાયો. સર્પાકારે આવેલી વસ્તુ પાછી યથાસ્થાને ગોઠવાઈ ગઈ. આ બધું એકજ ક્ષણમાં બની ગયું.

'દોસ્તો ! પકડો આ ડેલ વીણાને અને તેની સહચરીને.' શયતાનના સાથીઓએ હુકમનો અમલ કર્યો. સરલા–વીણાને પકડી લીધાં. પછી બદમાશ પોતાના સાથી પાસેથી કટાર લઇ વીણા પાસે આવ્યો.

'વીણા ! પ્રતિહાસના પાના પર એ પણ લખાયેલું છે કે બેવફા થનાર પ્રેમિકાનું પ્રેમિએ ખૂન કર્યું છે. હું તારા વિના ઝૂરીશ. પરંતુ તારું મૃત્યુ આ હાથે જ કરીશ. તેં મને બનાવ્યો, મારું રક્ત-મૃત્યુ જોવા તું ઉતાવળી થઈ, પણ મારા મૃત્યુની ઇચ્છા કરનાર તું કોણ ? વીણા ! મારું મૃત્યુ તમારા જેવા કંગાલોના હસ્તે નહિ જ

થાય.' બોલી તેણે કટાર ઊંચી કરી. શયતાનનું લોહીતરસ્યું હૃદય લોહી વહેવડાવવા થનગનવા લાગ્યું. વીણાનું મૃત્યુ નક્કી થઇ ગયું. કટાર પ્રત્યેક ક્ષણે નીચે ઊતરવા લાગી. એ ઓરડાની દીવાલો પોકારી રહી હતી. 'કાળના પંજામાં સપડાએલાનો કોઈ બચાવ નથી. માનવીનો ઉપાય અહીંઆં ચાલતો નથી. મોત—મોત.'

રજની પડ્યો પડ્યો જોઇ શકતો હતો પણ વીણાને બચાવી શકે તેમ ન હતો. તે દુઃખી થઈ રહ્યો હતો, સરલા લાચારી સાથે વીણાના મૃત્યુની પળો ગણી રહી હતી, પણ વીણા અશાંત ન હતી. મુખ પર ગભરાટ ન હતો. તેતો શાંત જ ઉભી રહી. કુદરતે આ વીકસતા પુષ્પને કરમાવી નાંખવા વિચાર્યું હતું. પિશાચને કુદરતના ઉત્તમ પુષ્પને કચરી નાંખતાં દયા આવતી ન હતી. ભાન-ભૂલેલા માનવીને જે પોતે સર્જી શકતો નથી તેનો નાશ કરવા અધિકાર નથી છતાં—છતાં તેનો નાશ કરે છે.

'વીણા!' લોહી તરસી આંખે શયતાન બોલ્યો. 'મારા માર્ગમાં આવનારને મૃત્યુ વિના અન્ય શિક્ષા નથી.'

બોલતા શયતાનની કટાર વીણાના વક્ષઃસ્થળને સ્પર્શી. રજની સરલાએ કરુણાજનક બૂમ પાડી. શયતાન હસ્યો.

## પ્રકરણ બીજું

## પાગલ

પળમાં તેનું હાસ્ય અદશ્ય થઈ ગયું. એકાએક ઓરડાની બધી જ લાઇટો હોલવાઈ ગઈ. ભેદી માનવી ય ગભરાયો. ચોતરફ જોયું પણ કાંઈજ જણાયું નહિ. લાઇટો બંધ કેમ થઈ તેતે સમજી શકયો નહિ.

'કોણ છે એ કાળનો કોળીઓ! 'નંબર આઠ.' બદમાશે બૂમ પાડી. 'લાઈટ કર અને જો અહીંઆં કોણ છે? કોણે લાઈટો બંધ કરી છે?'

'જી.' બોલતા નંબર આઠે લાઈટ કરી. ચોતરફ જોયું તો કોઈ જ ન હતું. ભેદી હસ્યો. મૃત્યુના મહેમાનો તરફ જોયું. કાંઇક મન સાથે નિશ્ચય કરી તેણે દીવાલમાં કાંઈક દબાવ્યું. સાથે જ ત્યાંની હવા ભારે થવા લાગી. પોતે દૂર ખસી ગયો. ક્ષણુમાં બધાં બેશુદ્ધ થયાં.

શહેરમાં વાત ફેલાઈ કે પોલીસ ઇન્સ્પેકટર રાતના કોઈ અજાણ્યા સાથે ગયા તે પછી પાછા ફર્યા નથી. આ વિષે શહેરીઓનો મત હતો કે આના મૂળમાં 'જીવતું ભૂત' જ છે.

ઓફીસના કલાર્કો, પોલિસઅધિકારીઓ શોકસમુદ્રમાં ગોથાં ખાઇ રહ્યા હતા. તે સમયે તેઓની દૃષ્ટિએ રજનીકાન્ત દેખાયો. સૂર્યનાં દર્શન થતાં કમળો ખીલે તેમ રજનીકાન્તના સહકાર્યકરોનાં મુખો પર આનંદ છવાયો. પોતાની ખુરસી પર બેસતાં રજનીએ કહ્યું: 'એક

મકાનમાં મેં બદમાશને બંધ કર્યો છે. તેને મકાનમાં જીવતો જ સળગાવી દેવા મારી ઇચ્છા છે. કારણકે જો બહાર કાઢી કોર્ટ સમક્ષ ઉભો કરવા વિચારીએ તો તે અદૃશ્ય થઈ જાય. હાથમાં ન આવે. માટે જોઈતા સાધનો લઇ મારી સાથે ચાલો.'

રજનીકાન્તની ઇચ્છા પ્રમાણે તાત્કાલીક વ્યવસ્થા કરવા માંડી, એટલે રજનીકાન્ત પોલીસોને સાધનો સાથે બાળી નાંખવા ધારેલા મકાન તરફ લઇ ચાલ્યો. રસ્તે જતાં બદમાશને કેવી રીતે ફસાવ્યો તે કહી રહ્યો હતો. વાતો કરતાં તેઓ શહેર બહાર આવ્યા. ખંડિએર જેવા મકાનને બતાવતાં બોલ્યો: 'આગ લગાવો.' ઓર્ડર છૂટયો. પોલીસોએ મકાન સળગાવ્યું. રજનીના મુખપર સ્મિત છવાયું. તે સમયે પોલીસો ચોતરફ આગ લાગી છે કે કેમ તેનું નિરીક્ષણ કરવા લાગ્યા.

'ચાલો પત્યું.' બોલતો રજની ત્યાંથી દૂર જવા લાગ્યો: દેખાતો બંધ થયો.

'દુશ્મને મને જીવતો જ બાળવા વિચાર્યું હોય તેમ લાગે છે. મને બેશુદ્ધાવસ્થામાં શયતાન અહીં લઇ આવી, મકાનને સળગાવ્યું લાગે છે. પણ જોઉં છું કે કુદરત સહાય કરે છે કે કેમ?' શાંતિથી ઉંચું-નીચું ચોતરફ જોતાં તે બોલ્યો. 'ઓ શયતાન! આ રજનીનું મૃત્યુ આમ કુતરાની માફક નહિ જ થાય તે તો તને મારતા અથવા પકડતાં મરશે.'

બોલતાં તેની દૃષ્ટિ છાપરા તરફ ગઇ. છાપરું જુનું હતું: બહાર નીકળવાનો માર્ગ થઇ શકે તેમ છે તેમ તેને જણાયું. તેને યત્ન આદર્યો. થોડાંક નળીઆં મુશ્કેલીએ દૂર કરી માર્ગ કર્યો. માર્ગ થતાં જ તેનું હૈયું આનંદથી નાચી ઉઠયું. તેણે બહાર નીકળવા માંડયું. છોલાતો—સંકોચાતો તે બહાર આવ્યો. પોલીસોને જોયા. તેને હસવું આવ્યું.

'દુશ્મને મારો નાશ કરવા મારા જ માણુસો આણ્યા છે. પણ પરમાત્મા મને બચાવવા ઇચ્છી રહેલ છે.' બોલી તેણે પોલીસોને નામ દઈ બોલાવવા માંડયા. પોલીસો પોતાનું નામ સાંભળી ઉંચુ જોતાં અજાયબી પામ્યા. પોતાનો જ ઓફીસર છાપરા પર હતો. તેમણે ચોતરફ જેની સાથે તેઓ આવ્યા હતા તેને જોવા જોયું. પરંતુ કોઇ જ ન હતું. તેમને સમજાયું કે પોતાના ઓફીસરનો નાશ કરવાની આ બાજી શયતાનોએ રચી છે. તેઓને કોઇ બહુરૂપી બનાવી ગયો છે. એટલે રજનીકાન્તને બચાવવા બધા ઉત્સુક થયા. પણ આગ તો ઝડપથી આગળ વધી રહી હતી. શું કરવું તે પોલીસોને સમજાતું ન હતું. તેવામાં રજનીએ બુમ પાડી. 'તમારી પાસે દોરડું હોય તો ફેંકો.' પોલીસોએ અવાજ સાંભળ્યો. સાથે જ પોતાની પાસેના દોરડાને રજનીકાન્ત તરફ ફેંકયું. દોરડું હાથમાં આવતાં જ રજનીએ દોરડાને મોભ સાથે બાંધ્યું. બીજો છેડો જે તરફ આગ ફેલાઇ ન હતી તે તરફ નાંખી તેને વળગી ઉતરવા માંડયું. પોલીસો પોતાના ઓફીસરને ઝીલી લેવા તૈયાર થઈ ઊભા. રજનીએ દોરડાની સહાયથી થોડુંક નીચે ઉતરી કુદકો માર્યો. પોલીસોએ તેને ઝીલી લીધો અને તેઓને બદમાશે કેવી રીતે બનાવ્યા તે વાત રસ્તે ચાલતાં કહેવા માંડી. તેઓ ઓફીસે આવ્યા, રજનીએ પોતાના માણુસોને બનેલો બનાવ કહેતાં કહ્યું, 'બદમાશ મને બેશુદ્ધાવસ્થામાં એ ખંડિએર જેવા મકાનમાં મૂકી મારા જેવો બની તમારી પાસે આવ્યો હોવો જોઇએ. તેણે તમારા હાથે જ મારું નિકંદન કાઢવા વિચાર્યું હોવું જોઇએ.' પોલીસો—ઓફીસરો આ સાંભળતાં બદમાશની નિષ્ઠુરતાથી કંપી ઉઠયા. 'હવે આપણે તેનાં પંઝામાં સપડાએલાઓને બચાવવા યત્ન કરવો જ રહ્યો. દુશ્મનને પકડવો જ રહ્યો. આપણે કોઈની આશા પર જીવી શકીએ તેમ નથી. જેની આશા હતી તે વિજયકુમાર કયાં છે તે આપણે જાણુતા નથી. એટલે જે કાંઈ કરીશું તે હવે આપણી જાતે જ.' બધાએ રજનીકાન્તની વાતનો

સ્વીકાર કર્યો ને પોતપોતાના કામે વળગ્યા. રજની આગળ શું કરવું તે વિચારવા લાગ્યો. તે સમયે રાધા પાગલ સાથે કાંઇક વાતચીત કરી રહી હતી. તેવામાં બિપિનચંદ્ર ત્યાં આવ્યો. રાધા પાસે બેઠો બોલ્યોઃ 'રાધા! મારા પેલા સંબંધીને આવા માણસની જરૂર છે જો તું કહે તો તેને ત્યાં લઇ જઉં.'

'ના, એ નહિ બનશે. આ પાગલથી મારો સમય સહેજે નીકળી જાય છે.' બોલતી રાધાએ નયનો નચાવ્યા.

'તો રાધા! એ રાતના મારા મિત્ર પાસે રહે અને દિવસે અહીંઆ રહે તો તને શું વાંધો?' બિપિને પૂછ્યું. રાધા આ પ્રશ્ન પર વિચારવા લાગી. અંતે બિપિનચંદ્રની ઇચ્છા સાથે સહમત થઇ.

'આટલા માટે જ આવ્યો હતો. રાતના તેને લેવા આવીશ.' કહી ચાલ્યો ગયો. તેના ગયા પછી રાધાએ પાગલને આ કહ્યું. પાગલ હસ્યો, રાધા હસતા હસતા બોલી. 'કેમ જશોને?'

પાગલે હાથના ઇશારાથી ઇચ્છા જણાવી.

સંધ્યાસમય થયો. હંમેશનાં રમનારા—રાધાનું સંગીત સાંભળનારા આવ્યા. બિપિનચંદ્ર પણ આવ્યા, સંગીત નૃત્ય શરૂ થયું. થાકેલા હ્રદયને માદક પીણું મળ્યું. પાગલ દૂર બેઠો આ સજ્જનોની (!) વાનરચેષ્ટા જોઇ રહ્યો હતો તે હસતો, પળમાં શાંત થઇ જતો. સમય થતાં સંગીત બંધ થયું. બિપિનચંદ્રે ઊઠવાની તૈયારીઓ કરવા માંડી.

'બસ, જશો એટલામાં?'

'બીજું થાય શું રાધા! મારા મિત્રને ત્યાં આ પાગલને મૂકી આવવો છે એટલે જરા જલ્દી જવા વિચારું છું કેમ, પાગલ તૈયાર છે ને?'

'હા, હા, તે તો તૈયાર જ છે. આવો વફાદાર માણસ હીરો

લઇ શોધતાં જડે તેમ નથી. પાછો વહેલી સવારે આવવો જ જોઇશે, નહિ તો મારે તમારે......'

'ના. ના, ગુસ્સો ના કરતી, તારો ગુસ્સો અને દુર્વાસાનો ક્રોધ ઉભય સમાન છે, અને તેથી મારું સુખ આનંદ નષ્ટ થઈ જાય. મારી દુનિયામાંથી રસ જ ઉડી જાય, તું છે ત્યાં સુખ છે આનંદ છે. અને તે આનંદ મેળવવા અહીંઆ આવું છું. વધુ સમય અહીં રહેવાય તે માટે જુગારખાનું ચલાવું છું કે જે મારે ન ચલાવવું જોઈએ.'

'પણ હું ક્યાં કહું છું કે તમે જુગારખાનું ચલાવો? તમે શા માટે મને અહીંઆ રાખો છો—મને જે ગમતું નથી તે શા માટે મને કરવા કહો છો? જો તમે મને ચાહો છો—હૃદયથી ચાહો છો અને જો તે સાચું જ છે તો તમે લગ્નગ્રંથીથી શા માટે મારી સાથે જોડાતા નથી. અને જો અહીંઆ રહી લગ્ન ન કરી શકો તેમ હો તો ચાલો આપણે દૂર દૂર કાંઇક ચાલ્યા જઇએ. જ્યાં તમે હો—હું હોઉં, સૌન્દર્ય હસતું હોય, કોઇ સરતાને તીરે આપણી ઝૂંપડી હોય. કહો તૈયાર છો?'

'ગાંડી! હું દૂરથી અહીંઆ આવ્યો અને તે એકજ ઇચ્છાએ, મહાન થવું. મહાન થવા મેં મહેનત કરી. તેના ફળ ચાખવાનો સમય આવ્યો ત્યારે જતા રહેવું?' બોલતા બિપિનચંદ્રે રાધા સામું જોયું. રાધાનો ચહેરો ઉદાસ જણાતો હતો. 'ગાંડી! આમ દુઃખી ન થા. થોડો સમય જવા દે. દુઃખનું વાદળ ચાલ્યું જશે પછી તું અને હું.' બોલતો ઉઠયો. રાધા પણ સાથે ઉઠી. પાગલને ઉઠવા નીશાની કરી. પાગલ ઉભો થઈ બિપિન સાથે થઈ ગયો.

'જો જો. સવારે આવવો જ જોઇએ.'

'ખચિત.' બોલતો બિપિન રાધાથી છૂટો પડયો. પાગલને લઇ અંધારામાં અદશ્ય થઇ ગયો. ઉભય ચાલતા એક ઘટાદાર વૃક્ષ પાસે અટક્યા. બિપિને ઇશારાથી પાગલને થોભવા જણાવ્યું. પાગલ ત્યાં થોભ્યો. બિપિન ત્યાંથી ચાલ્યો ગયો. મિનિટો પર મિનિટો જવા લાગી

પાગલ રાહ જોતો ઉભો જ રહ્યો. આખરે એક કાળા બુરખામાં છુપાએલી વ્યક્તિ આવી. તેણે પાગલની આંખે પાટો બાંધ્યો અને તેનો હાથ પકડી ચાલવા માંડયું. પાગલ ઠોકરો ખાતો ચાલવા લાગ્યો, કેટલુંક ચાલ્યા પછી તેઓ અટકયા. પાગલની આંખેથી પાટો છોડવામાં આવ્યો, પાટો છૂટતાં જ એક છેલ્લામાં છેલ્લી ઢબથી શણગારેલા ઓરડામાં પાગલે પોતાને ઊભેલો જોયો. ઓરડાના લાઈટો તિમિરને ડારતા પ્રકાશી રહ્યા હતા. તે ઓરડામાં વીણા અને સરલા મ્લાનવદને બેઠા હતા. બુરખાધારીએ પાગલને 'આ બંને પર તારે ચોકી રાખવાની છે.' તે ઇશારાથી સમજાવ્યું. પાગલે માથું નમાવી કહેલું માન્ય કર્યું. બુરખાધારી વીણા તરફ જોતો જોતો ત્યાંથી ચાલ્યો ગયો, પાગલ ભેદી માનવના ગયા પછી સરલા—વીણા પાસે આવ્યો, ને તેમના તરફ જોવા લાગ્યો. વીણા સરલાએ પાગલનું મોઢું જોઇ પોતાના મોઢા ફેરવી લીધા. પાગલ તેમની આ ચેષ્ટાથી હસ્યો.

## પ્રકરણ ત્રીજું

## ડૉકટરને ત્યાં

જીવતું ભૂત શાંત થઇ ગયું હતું. તેનો ઉપદ્રવ હવે ન હતો શહેરીઓ પોતાના કાર્યો ભય રહિત થઇને કરે જતા. સૂર્યાસ્ત પછી જે માર્ગો જનશૂન્ય જણાતા તે હવે માનવોના અવરજવરથી ગાજી ઉઠતા. શિતળ ચાંદનીનો ઉપભોગ કરવા શહેરી રાત્રે બહાર નીકળતા શહેરમાં શાંતિ સ્થપાતા પોલીસોની ચિંતા દૂર થઈ ગઈ હતી. પરંતુ રજનીકાન્તની ચિંતાનો બોજો ઓછો થયો ન હતો. સરલા-વીણાને છોડાવવા યત્નો-ચિંતા કરે જ જતો. અદ્યાપિ પર્યંત તે બદમાશોનું પગેરુ શોધી શકયો ન હતો. તેને માટે તો 'પ્રથમગ્રાસે મક્ષિકા' જેવું થયું હતું. પહેલે જ ડગલે વિજયને ગુમાવ્યો હતો. સરલાવીણા પિશાચના પંઝામાં હતા. દિવસો જતા અને બદમાશો દૂરના દૂર રહેતા, 'શું કરવું?'નો વિચાર કરતો શહેરના રસ્તા પર રજની આગળ વધી રહ્યો હતો. વિજયના બળી ગએલા મકાનની પાસે જ એક મકાન પર તેની દૃષ્ટિ ચોંટી.

| રમેશ બી. એ. |
|---|
| રહસ્યભેદક |

પાટીઆ પર લખાએલા અક્ષરો ફરીને ફરી વાંચવા લાગ્યો, અને તે વાંચતો મકાનના પગથીઆ ચઢવા લાગ્યો. કોલબેલ વગાડયો. અલ્પ સમયમાં એક વૃદ્ધ માનવી આંખે ચશ્માવાળો મંદમંદ પગલે આવ્યો. વૃદ્ધને જોતાંજ રજનીએ પૂછ્યું:

'આપનું નામ શ્રીયુત રમેશ બી. એ.?'

'ઓહો ઇન્સ્પેક્ટર સાહેબ!' ધારીધારીને જોતાં રજનીના પ્રશ્નના પ્રત્યુત્તરમાં બોલ્યો. 'જી. સેવકને તે નામથી ઓળખવામાં આવે છે. પધારો અંદર પધારો.' રજનીને લઈ રમેશ પોતાના શણગારેલા ઓરડામાં આવ્યો, પોતાની પાસે બેસાડી બોલ્યો: 'આપના આગમનથી મને ઘણો જ આનંદ થયો છે, આપના માટે મેં ઘણું જ સાંભળ્યું છે આપના જેવા કાર્યદક્ષ ઇન્સ્પેક્ટરો બહુ જ ઓછા હોય છે. હું આપને મળવા આવવા ઇચ્છતો હતો ત્યાં તો 'ચકલી માળે ગરુડ પધાર્યા.'

'જો આપ જણાવી શકો તેમ હો તો જણાવશો કે આપ અહીંઆ ક્યાંથી આવો છો? અને કેટલા સમયથી આવ્યા છો?'

'ચારેક દિવસ પૂર્વે હું દૂરથી અહીંઆ આવ્યો છું. નિવૃત્તિમય જીવન ગાળવાના ઉદ્દેશથીજ. હું ક્યાં જવું તેનો વિચાર કરતો હતો તેવામાં પેપરોમાં અહીંના ઉપદ્રવના સમાચાર વાંચ્યા...વિચાર થયો કે આ શહેરમા કાંઈક જાણવા જેવું મળશે ને નિવૃત્તિમય જીવન પણ ગુજારી શકાશે એટલે બીજે ક્યાંય ન જતાં આજ સ્થળ પસંદ કર્યું.

'અત્યુત્તમ. અમે પણ આપના સંસર્ગમાં આવી શકીશું.' રજનીએ કહ્યું.

'ખચિત, માનવ માનવને સહાય નહિ આપે તો પછી કોને સહાય આપશે કોઈ મારા લાયક કામકાજ?' વૃદ્ધે પૂછ્યું.

'આપને કામકાજ નહિ કહીએ તો કહીશું કોને? હું અત્યારે આપને કાંઇ સલાહ માટે પૂછી શકું છું?'

'જરૂર, જરૂર, શા માટે નહિ.'

'આપે અહીંના ઉપદ્રવ સંબંધમાં પેપરોમાં વાંચ્યું તો છે જ.' બોલતા રજનીએ અત્યાર સુધી શહેરમાં બનેલા બનાવો કહ્યા. છેવટે વીણા સરલાને કેમ છોડાવવા તે સંબંધમાં પૂછ્યું.

'તમારા કહેલા સમાચારોમાં વિજયકુમારનો પત્તો નથી તે અજાયબી પમાડતો સમાચાર છે. પણ હશે, તે સંબંધમાં પછી વિચારીશું. અત્યારે તો મહત્ત્વનો પ્રશ્ન છે સરલાબેન અને વીણાનો.' બોલી વૃદ્ધ ઓરડામાં ટહેલવા લાગ્યો. થોડો સમય આમ વ્યતિત કરી બોલ્યો, 'અત્યારે હું કાંઇજ કહી શકું નહિ. બેએક દિવસ પછી મળજો. વધુમાં કોઇપણ પ્રસંગે મને પોલીસોની સહાયની આવશ્યકતા જણાય તો તેઓ મને સહાય આપે તે માટેની વ્યવસ્થા કરજો.'

'ઠીક, ત્યારે હું રજા લઇશ.' બોલતો રજની ઊઠયો. વૃદ્ધ સાથે હસ્તધૂનન કર્યું અને ચાલવા લાગ્યો.

ઓફીસે પહોંચતાજ વૃદ્ધને–રમેશચંદ્રને પોલીસો જોઇતી સહાય આપે તે માટેનો ઓર્ડર કાઢયો. વૃદ્ધને તેની કોપી મોકલાવી આપી.

સાંજના છ વાગ્યા હશે. શહેરીઓ માર્ગ પર અવરજવર કરી રહ્યા હતા. તે સમયે એક વૃદ્ધ પડતો આખડતો ડોકટર દિનેશના દવાખાના આગળ આવ્યો. આ સમયે ડોકટર દિનેશ 'ટાઇન્સ ઓફ ઇન્ડિઆ' વાંચી રહ્યા હતા.'

વૃદ્ધે ઉધરસ ખાતા કહ્યું. 'ડોકટર સાહેબ.'

ડોકટરે ઉચું જોયું. વૃદ્ધને બેસવા ઇશારો કર્યો. વૃદ્ધ ડોકટર દિનેશની સામે બેઠો ને ઉધરસ ખાતા બોલવા લાગ્યો. 'સાહેબ! પરમાત્મા આપનું ભલું કરશે. મારા પર મહાન્ આપત્તિ આવી પડી છે.' બોલતો વૃદ્ધ ઉધરસ ખાવા લાગ્યો. જ્યારે ઉધરસ શાંત થઇ ત્યારે બોલ્યો; 'આપ જાણો છો મારા જેવા મડદા સાથે કોણ મિંઢળ બાંધે?'

ડોકટર આ શબ્દો સાંભળતાં ચમકયો? શું આ વૃદ્ધને ફરીથી પરણવાના કોડ જાગ્યા છે?

'સાહેબ! મારું કહેવું સમજો છો ને?' બોલતો તે ડોકટર સામે

જોઈ રહ્યો. ડૉકટર આ વૃદ્ધના વિચાર પર હસવું કે તેનો તિરસ્કાર કરવો તેના વિચારમાં હતા.

'કેમ સાહેબ! બોલ્યા નહિ?' વૃદ્ધે પૂછ્યું.

'હું શું જવાબ આપું? મારે તો એટલુંજ કહેવું રહ્યું કે 'સાઠે બુદ્ધિ નાઠી'નો તાદૃશ્ય ચિતાર તમે છો?'

'આવું શું બોલો છો મારા સાહેબ!' મોઢામાંથી લાળ દદડાવતો વૃદ્ધ બોલ્યો. 'સાહેબ! વૃદ્ધ તો ખોળીયું થયું છે નહિ કે આત્મા.'

'ભલા માણુસ! તું અહીંઆ આવવામાં ભૂલ્યો લાગે છે હું ડૉકટર છું. બિમારની દવા કરું છું.' હસતાં હસતાં દિનેશે ઉમેર્યું. 'હું કાંઇ છોકરીઓ મેળવી આપનાર ભાંજગડીઓ નથી.'

'નારે સાહેબ! આપને એવું કહેવાની મારી મુદ્દલે ઇચ્છા નથી. આપ તો દેવ છો. મેં સાંભળ્યું છે કે આપ બહુજ ભણ્યા છો. આપની પાસે ઘણી દવાઓ છે.' વૃદ્ધે કહ્યું.

'હા છે. તેનું કરવું છે શું?'

'કરવાનું શું હોય સાહેબ!'

'ત્યારે આપની પધરામણી કેમ થઈ છે? જરા જલદી કહો મારે બહાર જવું છે.'

'જરૂરાસ્તો સાહેબ! અહીંઆ થોડા રહેશો; અને હું પણ અહીંઆં થોડોજ રહેવાનો છું, હું ખર્યું પાન ધીરે ધીરે કહું છું.'

બોલતો વૃદ્ધ ઉધરસ ખાવા લાગ્યો. 'આપ તો ગરીબોના બેલી છો. આપનું નામ' 'યાવચ્ચંદ્ર દિવાકરો' રહેવાનું મારા ગરીબ-દુઃખીના આશિર્વાદ છે, પરમાત્મા આપને ઘણું જીવાડે.'

'બસ બહુ થયું ભાઇ! હવે જે કહેવું હોય તેના મુદ્દા પર આવો ને.'

'શું મારું કહેવાનું આપે ન સાંભળ્યું? અરે રામ! આપ તો બહુજ ભૂલકણા લાગો છો. હમણાં તો આપણે વાત કરી રહ્યા હતા એટલામાં ભૂલી ગયા?'

'શું મારું કરમ કહ્યું?'

'જી ના. કરમ નહિ. મારી દુઃખ કથા. મારે પરણવું છે.'

'તે પરણો. ના કોણ પાડે છે?'

'અરે, સાહેબ! કોઇ પરણાવતું જ નથી. પછી પરણું કોને?'

'તેમાં હું શું કરીશ.' ડોકટરે કંટાળીને કહ્યું.

'સાહેબ! આપ જ બધું કરી શકો તેમ છો. આપ સહાય નહિ કરો તો પછી કોણ સહાય કરશે?'

'હું આમાં કાંઇ જ કરી શકું તેમ નથી. બસ જાવ.'

'અરે સાહેબ! આવ્યો છું તો જઇશ જ. આમ ઉતાવળ શું કરો છો. વાત કરવાના ટાઇમની ફી પડતી હોય તો લ્યો.' બોલી, ફાટવાતુટયા કપડામાં હાથ નાંખ્યો કાંઇક કાઢયું 'લ્યો સાહેબ!' બોલી એ કાઢેલી વસ્તુ ટેબલ પર મૂકી. 'એ કપડામાં બાંધેલી નોટમાં અજાયબી ભર્યો પ્રભાવ છે. તેને કપડાથી છુટી પાડી હાથમાં લેતા જ માણસની નસો ખેંચાવા માંડે છે. એટલે હું સંભાળીને આપું છું. મને એક વૈજ્ઞાનિકે આપી છે.'

વૃદ્ધના શબ્દો સાંભળતાં ડોકટરની આંખો લાલ થઇ ગઇ. તે ક્રોધથી બોલ્યોઃ 'હરામખોર! ચાલ અહીંથી ચાલતો થા.'

'અરે સાહેબ! આમ ગુસ્સે શું થાવ છો. મારી વાત તો સાંભળો. આપ સારા વિજ્ઞાની છો. એટલે આપને આ નોટ આપી નહિ તો છેડેથી છોડત જ કોણ?'

'બદમાશ! તું છે કોણ?'

'કહું સાહેબ! હસ્તે જાતે પોતે ડાહ્યાલાલ ગાંડાલાલ રહેવાશી

અલ્હાબાદ. ઉંમર વર્ષ પાંસઠ. ધંધો લગને લગને કુંવારાનો. દર્દી પ્રેમનો. કહો સાહેબ! મારા વિષે આથી વધુ જાણવા ઇચ્છા છે?'

'બસ, આટલું જાણ્યું તે બહુ છે. હવે પધારો. મારે વધુ કાંઇ જાણવું નથી.'

જાઉં કેવી રીતે? મારે તો આપની પાસે દવા કરાવવી છે ને.'

'પણ ભાઇ! હું તારી દવા કરી શકું તેવી સ્થિતિમાં નથી. મારી પાસે તારા માટે કોઇ જ દવા નથી. હવે અહીંઆથી ચાલવા માંડ, મારો કીમતી સમય જઈ રહ્યો છે.'

'જાઉં! એ થાય જ કેમ, આપે મારી દવા કરવી પડશે જ હું દવા લીધા સિવાય જવાનો નથી. ફી આપવા છતાં મારી દવા કરવા તૈયાર નથી.?'

'ઉઠાવ, તારી નોટ અને ચાલ્યો જા.'

'હું જઇશ. ખચિત જઈશ. પણ દવાનું નક્કી કરીને. વાત એમ છે સાહેબ! મારે ઘરડામાંથી જુવાન થવું છે. નહિ કે શ્રી. રમણભાઇએ લખેલા 'રાઈનો પર્વત.' પ્રમાણે. મારે તો સાચેજ જુવાન બનવું છે. કોઇ વીસેક વર્ષની છોકરી સાથે પરણવું છે. આપ મારા પર વિજ્ઞાનનો પ્રયોગ નહિ કરો?'

'મૂર્ખ! મારાથી તેમાંનું કાંઇ જ નહિ બને, હવે ઉઠ.' ડૉકટરે કંટાળાભર્યા વદને કહ્યું.

'અરે સાહેબ! આપ આ શું બોલી રહ્યા છો? આપ તો દેવ જેવા છો. મારા ગરીબનું કામ નહિ કરો. મેં તો સાંભળ્યું છે કે આપ હવામાં પિગળી જાવ છો. અને દેવ લોકો સાથે ફરો છો.'

'હરામખોર' ક્રોધથી તે બોલ્યો જેમ ગોળીથી વિંધાતા સિંહ ગર્જે.

'ધીરે સાહેબ! ધીરે. આતો બધું સાંભળેલું કહું છું. આપતો અશ્વનીકુમારોના મંત્ર કહેવાવ. આપ તો મહાન વિજ્ઞાની કહેવાવ.

આપ ધારો તો વાંદરાને માણુસ બનાવી શકો. તો તો મારા માટે તો નજીવો જ પ્રયોગ કરવાનો છે. કહો સાહેબ.' દીનવદને ખુશામત કરતો વૃદ્ધ બોલ્યો. 'કહો સાહેબ ! મારા માટે વિચાર કરશોને ! આપને જેટલી જોઈશે તેટલી ફી આપીશ. કહેવાય છે કે અસલના જમાનામાં પિશાચો માણુસ પાસે કેટલીક શરતો કરાવી ઘરડાને જુવાન બનાવતા એકજ ક્ષણુમાં પરિવર્તન લાવતા. હું જ્યારે જુવાન હતો, ત્યારે એવી પિશાચકથાઓ વાંચેલી તેના નામ કહું સાહેબ !' બોલતો તે સેકંડો માટે શાંત રહ્યો. 'ડૉકટર સાહેબ માનશો. આ ઘડપણુને લઈ જરાક સ્મૃતિચૂક થઇ જવાય છે. અને તેથી વિચાર કરવો પડે છે. હાં યાદ આવ્યું. 'વેગ્નર ધ વેરવુલ્ફ' પણુ અત્યારે તો વિજ્ઞાન માણુસને અદ્દશ્ય કરી શકે છે. માનવની શક્તિ હરી શકે છે. જીવ પણુ લઇ શકે છે. વળી વિજ્ઞાન વિદ્યુત્ શક્તિથી ગોળ ગોળ ફેરવી શકાય, ઉલટાવી શકાય, એવા ઓરડાઓ પણુ બનાવી શકાય છે. અને તેવું આપ કરી શકો છો એ મેં પેપરોમાં વાંચેલું, એ વાંચ્યા પછી જ આપને શોધતો શોધતો અહીંઆ આવ્યો છું.'

'બદમાશ.' બોલતો ડૉકટર ક્રોધથી જવા લાગ્યો.

'નહિ સાહેબ ! આપનું ભૂલકણાપણું અક્ષમ્ય છે. હું તો શ્રીમાન્ ડાહ્યાલાલ ગાંડાલાલ. પણુ આપ ધ્રૂજી કેમ રહ્યા છો ! શું આપનામાં મેલડી માતાનો પ્રવેશ થયો છે કે ભૂલચૂકે પેલી નોટનો સ્પર્શ થઇ ગયો છે ? વળી સાહેબ ! મેં સાંભળ્યું છે કે આપના મિત્રો પણુ બહુજ પરોપકારી છે. કહે છે કે લોકોની તિજોરીમાંથી નોટોના થોકડા તેમના હાથમાં જઈ પડે છે અને તેઓ એક યા બીજા રસ્તે ખર્ચે છે. જેને હું પરોપકાર કહું છું.'

'ઓ...હ આ બધું શું બકી રહ્યો છે ?'

'કાંઇ નહિજી. કાંઈ નહિ. સાંભળેલી વાતો. આપ હવે ધ્રૂજતા બંધ થઇ જાવ તે બદલ આપના પરમમિત્ર પરમાત્માને પ્રાર્થના કરું છું ને આપને વિનતિ કરું છું કે આપ મારી દવાનો પ્રબંધ કરશો.'

ડૉકટર કંટાળેલો ખુરશી પરથી ઉઠયો. વૃદ્ધ પાસે આવ્યો, કે તરતજ વૃધ્ધે કહ્યું; 'હાં, હાં- સાહેબ! મારાથી દૂર રહેજો. નહિ તો ગંભીર પરિણામ આવશે. મારા દેહમાં એક વૈજ્ઞાનિકે એવી રીતે વિદ્યુત ભરી છે કે જો બીજો કોઇ વૈજ્ઞાનિક મને સ્પર્શે તો તાત્કાલિક મરણ પામે.'

વૃદ્ધના શબ્દોની પરવા કર્યા વિના ડૉકટર આગળ વધ્યો.

'આપની ઇચ્છા મને ભેટી મૃત્યુને આમંત્રણ કરવાની છે તો ખુશીથી મને અડકો. પરંતુ આપ જેવા પરોપકારી મહાન્ ડૉકટરનું મૃત્યુ મારાથી થાય તેવું ઇચ્છતો નથી. તમે મારી દવા નહિજ કરો? મને વૃદ્ધમાંથી યુવાન નહિજ બનાવો? જેવી મરજી.' કહી વૃદ્ધ ઉઠયો.

'બદમાશ! તું અહીંથી જીવતો હવે જઇ શકશે નહિ.' ભયંકર મુખમુદ્રા ડૉકટરની થઇ ગઈ હતી. તેણે વૃદ્ધનું ગળું દબાવવા હાથ લંબાવ્યો.

'અરરર, આ શું સાહેબ! આપને મારા શબ્દો સાંભળતા પાગલતા આવી કે શું? નારાયણ, નારાયણ. આપનો વિચાર કાંઈ ઝેરી ગેસનો ઉપયોગ કરવાનો તો નથી ને? મારા જેવા મૃત્યુની રાહ જોતા વૃદ્ધના રક્તથી હસ્ત શાને રંગવા જોઇએ. હજી તો ઘણીએ જુવાનીઆ સાથે તમારે રમતો રમવાની છે.' કહી તેણે ચાલવા ડગલું ભર્યું, સાથેજ ડૉકટર તેની સામે આવી ઊભો.

'ડૉકટર!' અવાજમાં ક્રોધ હતો. તરસ્કાર હતો. 'આગળ ડગલું ભરશો' બોલતાં તેણે ખિસ્સામાંથી રિવાલ્વર કાઢી. 'લ્યો. રામ રામ. આ શ્રીમાન્ ડાહ્યાલાલ ગાંડાલાલન।' કહી તે ચાલતો થયો. ડૉકટર આ વિચિત્ર માનવીને જોતા જ રહ્યા. તેણે (વૃદ્ધે) ટેબલ પર રહેવા દીધેલી, કપડામાં વીંટાળેલી નોટ લીધી, કપડું દૂર કરતાં નોટને બદલે વિઝીટીંગ કાર્ડ દેખાયું, જેમાં લખેલું હતું, 'રમેશ રહસ્યભેદક' વાંચતાં જ તેનો હાથ કંપ્યો, કાર્ડ નીચે પડી ગયું.

## પ્રકરણ ચોથું

### રાધા

રાત્રિએ પોતાનું સામ્રાજ્ય વિસ્તાર્યું હતું. માતા પોતાના પાલવ નીચે બાળકને છુપાવે તેમ રાત્ર પોતાના કાળા સાયા હેઠળ જગતને છુપાવવા લાગી, ત્યારે બિપિનચંદ્ર રાધાના મકાને જઇ રહ્યો હતો. રાધા પલંગ પર પડી હતી. આજે જુગાર રમનારા આવ્યા ન હતા. પાગલ ભેદી માનવને ત્યાં ગયો હતો, તે એકલી વિચાર કરતી પડી હતી. આવતા વિચારો રાધાના મુખ પર પળે પળે હાસ્ય લાવતા, આ સુખદ વિચારો કદાપિ ન અટકે તેવું તે ઇચ્છી રહી હતી. વિચારમાં ને વિચારમાં તેના મુખમાંથી શબ્દો સરી પડયા. 'આપ જ મારા સ્વામિ, માલિક છો આ દેહનું બલિદાન તમારા માટે જ અપાશે.'

આ શબ્દો બિપિનચંદ્રના કર્ણે પડયા. તે રાધા પાસે આવી બોલ્યો: 'નારે રાધા! મારા કારણે તારું બળિદાન અપાયજ કેમ?'

બિપિનચંદ્રને જોતાં, તેના શબ્દો સાંભળતા તે બેઠી થઇ ગઇ. 'આવ્યા.' આવકાર્યો, પણ તેમાં હૃદયનો ઉછળતો પ્રેમ ન હતો, નેત્રોમાં પ્રેમની મસ્તી ન હતી.

'રાધા! આજ ઉદાસ કેમ છે?'

'ઉદાસી જેવું તો કાંઇજ નથી. પણ એકલું ગમતું નથી કાંઇ કાંઇ વિચારો આવ્યા જ કરે છે કે જેને લઇને આમ...'

રાધાથી આગળ બોલાયું નહિ.

'શું કરું મારાથી અહીંઆ રહી શકાય નહિ. પાગલની જરૂર મારા મિત્રને હોવાથી ત્યાં રાખ્યા વિના ચાલે નહિ અને તારું દુઃખ પણ જોયું જતું નથી.'

'તો કાંઈ માર્ગ તો કાઢો, આમ દિવસો કેમ જશે ?' બોલતી રાધાએ બિપિન સામું જોયું તેના મુખ પર ઉદાસી હતી.

'તમારા મુખપર ઉદાસી ?'

'એ તો પોતાનું પ્રતિબિંબ દેખાય છે, આજ તું ઉદાસ છે એટલે તને બધા ઉદાસ દેખાવાના રાધા ! જ્યાં તું દૃષ્ટિ સમક્ષ હોય ત્યાં ઉદાસી કેવી ? કલ્પવૃક્ષના આશ્રયે રહેનાર દુઃખી કેવો ? તને ઇશ્વરે હાસ્યની રાણી બનાવી છે તને જોતાં ઉદાસી દૂર નાસી જાય, જેમ સૂર્યોદય થતાં તારાઓ અદૃશ્ય થાય તેમ.' બિપિનચંદ્ર હસતાં હસતાં કહ્યું. 'તારું હાસ્ય, તારુ સૌન્દર્ય જોતાં ઉદાસી તો શું પણ માનવનું દુઃખ દૂર થઈ જાય.'

'હું જ ઉદાસ છું અને તેથી તમે ઉદાસ દેખાવ છો. એ હું માની લઉં છું છતાં તમારા મુખ પર હાસ્ય તો નથી જ.'

'શી રીતે હોય, જ્યાં મારી હૃદયદેવી દુઃખમાં હોય ત્યાં મારે આનંદ કેવો ? મારાં આનંદ–સુખ બધું ય તું છે. મારી હૃદયેચ્છા તને કયા શબ્દોમાં સમજાવું ? પણ, પણ રાધા ! મારા હોવા છતાં તને દુઃખ શાથી ?

'દુઃખ તો કાંઈ નથી. પરંતુ એકલતા સહેવાતી નથી. કોઈ પણ યત્ને પાગલને મારી પાસે રહેવા દો. શું તે અહીં રહી તમારા મિત્રનું કાર્ય કરી શકે તેમ નથી ?' ઉતરેલા મોઢે રાધાએ કહ્યું.

બિપિનથી રાધાને થતું દર્દ દેખાતું ન હતું તે બોલ્યો 'યત્ન કરી જોઈશું દુઃખી ના થા, મારી મીઠડી !' કહી રાધાના ગાલે ટપલી મારી. રાધા ઉઠી વાજીંત્રોવાળાને બોલાવ્યા વાજીંત્રો વાગવા લાગ્યા સંગીતની છોળો ઉડવા લાગી. સંગીતના સુમધુર સ્વરે ઓરડાનું વાતા-

વરણુ સુખદ બની ગયું, બિપિન આનંદસાગરમાં સ્નાન કરવા લાગ્યો, રાધા તો નૃત્યમાં ભાનજ ભૂલી ગઈ હતી. જ્યારે તે નૃત્ય પુરૂં કરી પલંગ પર પડી, ત્યારે તેના મુખ પર પરિશ્રમનાં ચિહનો જણાવા લાગ્યા. વાજીંત્રો વગાડનારા પણ ચાલ્યા ગયા.

'હું જાઉં છું ત્યારે.' બિપિને કહ્યું.

'જાવ, પણ જરા વિચાર કરજો.' રાધાએ કહ્યું. બિપિન જવા લાગ્યો. બિપિનના ગયા પછી રાધા ઉઠી તેને ચેન ન હતું.

તે ગણગણવા લાગી. 'થઈ વેરણ રાત સખિ મારી.'

તે હસી બોલી; 'મારે વળી કયે દિવસે વેરણ રાત ન હતી? હું તો ગાંડી થઈ છું.

ગાંડી બનું દિવાની બનું.

તારી તારી મારા શ્યામ! તારી દિવાની છું. ગોપીઓને પ્રેમનાં બાણ વાગ્યા, એમને નંદકુંવરની લગની લાગી, ત્યારે તેઓ શું ઘરબાર છોડી પાગલ થઇ કૃષ્ણની પાછળ નહોતી દોડતી? જ્યારે કૃષ્ણજી મથુરા જવા તૈયાર થયા ત્યારે શું તેઓ પ્રાણ ત્યાગવા તૈયાર નહોતી થઇ? ઓધવજીને સંદેશો આપતા શું તેઓનાં નેત્રોમાં પાણી નહતું? પણ કપટી કાનુડો કયારે તેમની દુઃખદ સ્થિતિ નીહાળવા અધિરો બન્યો હતો? પ્રેમ, એટલે જ સ્ત્રીઓનું મૃત્યુ. પ્રણયવિષ, તે સ્ત્રીઓના હૃદયને સ્પર્શી શું મૃત્યુના માર્ગે નથી લઇ જતું? છતાં સંસારમાં સર્વ સુખનું સ્થાન પ્રેમ છે. પ્રેમ વિનાનું જીવન વ્યર્થ છે.' બોલતી રાધાએ એક મંદ મંદ બળતો દિપક રાખી બધાજ લાઈટો હોલવી નાખ્યાં. મુશ્કેલીએ મોં દેખાય તેટલો પ્રકાશ રહયો. તે પ્રકાશમાં દિવાલ પરની એક ખીલી દબાવતાં ભીંતમાં કબાટ જેવું જણાયું. કબાટના બારણાં ખોલ્યાં. તેમાં એક છબી હતી, જેના પર ફૂલનો હાર ચઢાવેલો હતો. રાધાએ ત્યાં રહેલો ઘીનો દીવો પ્રગટાવ્યો. ધૂપ કર્યો, નમન કરી ત્યાંથી અંદરના ઓરડામાં ગઈ. સુંદર વસ્ત્રો પહેરી

ઘુઘરા બાંધી આવી. મંદ મંદ પડતા પ્રકાશમાં રાધાનું સૌંદર્ય વિષ-કન્યા કરતાં પણ વધુ આકર્ષક જણાવા લાગ્યું, તેણે છબી સામું જોયું હસીઃ 'કેવા પકડાયા છો મારા શ્યામ!' બોલી ઓવારણાં લેવા લાગી. 'અહીં તો જેવા મેં જોયા છે તેવા આલેખ્યા છે ને શેષા રૂપે જ બેઠા છો, પરંતુ, મારા હૃદયમંદિરમાં તો સર્વાંગ સંપૂર્ણ બિરાજ્યા છો.' બોલતાં તેના મુખ પર પ્રેમની ઝલક છાઈ, 'આપને મારાથી જગત દૂર રાખશે. પણ–પણ.' તેણે પોતાના બંને હાથ છાતી પર મુકયા. 'અહીંઆથી કોણ દૂર કરી શકે તેમ છે? મારા હૃદયમંદિરિયાના દેવ?'

બોલતા તેના પગ હાલ્યા. ઘુઘરાનો મધુરો અવાજ સંભળાવા લાગ્યો. કલામય રીતે નમન કર્યું. દેહ નમ્યો તે સાથે જ તેણે છબીને પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યું આગળ વધી છબીને આલિંગવા વિચાર્યું, છબીને હાથમાં લીધી, હસતી તેને જોઈ રહી, છબીમાં કાંઇક દેખાયું. ચમકી, છબીને પૂર્વસ્થાને મૂકી. નયનોનાં અશ્રુબિંદુઓ આવ્યાં.

'આપને મારા પર તિરસ્કાર આવે છે? પણ હું શું કરું?' બોલતી બેઠી. તેની બેસવાની છટા એટલી તો આકર્ષક હતી જે જોનારના નેત્રોને સ્થિર કરી દે. નેત્રોમાંથી વહેતા અશ્રુઓનો અર્ધ્ય આપતી બોલી. 'હું વેચાણ થઈ ચૂકી છું અને તેથી જ......' આગળ બોલાયું નહિ. તે બેઠી હતી ત્યાંથી ઊઠી. પોતાના કર્મોની ક્ષમા માંગતી રિસાએલા પોતાના શ્યામને મનાવી લેવા નૃત્ય આરંભ્યુ. તેના અંગના પ્રત્યેક ભાગો જાણે છૂટા છૂટા હોય તેમ વળતા. નૃત્ય, રિસા-એલા પ્રણયીને મનાવવા લેવાતા માર્ગો, અભિનય સુચવતું. તે પ્રિયતમને મનાવવા પગે પડતી. હાથ લંબાવતી, તેનો પ્રિયતમ તેનાથી દૂર જતો, તે મંદ મંદ ઘુઘરાના સ્વર સાથે આગળ વધતી. તેનો પ્રિય-તમ તેનો તિરસ્કાર કરતો. તેના મુખ પર વેદનાનાં ચિહ્નો સ્પષ્ટ જણાતાં નિરાશા મુખ પર વંચાતી, પળમાં તે ભાવ દૂર કરી આશાભર્યા હસ્તે મુખડે પુનરપિ મનાવવા યત્ન કરતી. તે ભાવ–તે અભિનય જોનારને પુરાણકાળમાં શ્રી શંકરને રીઝવવા ભીલરાણીએ આદરેલા

નૃત્યની યાદ આપે. પ્રિયતમને મનાવવા તેણે ઘણા પ્રયત્નો કર્યા છતાં તે ન રીઝાયો, તેનું હૃદય તુટવા લાગ્યું. તે પૃથ્વી સાથે પછડાઈ. ધીના મંદ મંદ બળતા દીપકની જ્યોત રાધાની હૃદયવ્યથા સમજી આશ્વાસન આપવા હાલી, સુતાં સુતાં તેણે બે હાથ લંબાવ્યા. બોલીઃ 'નાથ! માનવીથી જ ભૂલો થાય છે અને તે ભૂલો માટે શુદ્ધ હૃદયથી પશ્ચાત્તાપ કરે તો તેને ક્ષમા મળે છે: શું હું જ એવી અભાગિણી છું કે આપની ક્ષમા મેળવી શકતી નથી? હું જે પશ્ચાત્તાપ કરી રહી છું તે શુદ્ધ હૃદયનો છે તેની પ્રતિતી થતી નથી? હા...ય!' બોલતાં તે ઊઠી દુઃખ વ્યક્ત કરતો ઘુઘરાનો અવાજ જે આવતો હતો તે બદલાયો; વાતા-વરણ જે શોકમય થયું હતું તેમાં આશાના ભાવો પ્રગટ કરતું રાધાએ નૃત્ય આરંભ્યું. બિપિન આગળ નૃત્ય કરતા થાકેલી રાધા, અત્યારે ભાન ભૂલી હતી. તેણે છબીમાં પોતાનો તિરસ્કાર કરતો ભાવ જોયો હતો, તે ભાવ દૂર કરાવવા નૃત્ય, અભિનય કરે જ જતી. રાત્રિ તેનો અભિનય જોવા બારીમાંથી ડોકીયું કરી થોભતી, તેની કલા સંપૂર્ણ રીતે જોવા વિચારતી, પણ કર્તવ્ય તે કર્તવ્ય અને નિઃશ્વાસ નાંખી આગળ વધતી, ઘડિયાળમાં કલાકોના ટકોરા પર ટકોરા વાગેજ જતા. અખંડ બળવા સર્જાએલો ઘીનો દીવો રાધાનું હૃદય દુઃખ દેખી પોતાની જ્યોત નાની મોટી કરે જતો, ને રાધાનું નૃત્ય વેગ પકડે જતું.

પાગલ પોતાનું કાર્ય પૂર્ણ કરી સમય થતાં મકાને આવ્યો. રખેને અવાજથી રાધાના નૃત્યમાં ભંગ પડે તેથી કાળજીપૂર્વક દબાતા પગલે દાદર ચઢવા લાગ્યો; ને જ્યાં તે નૃત્ય કરી રહી હતી ત્યાં આવ્યો, એક ખૂણામાં ઉભો રહ્યો, તેની દષ્ટિએ આજસુધી નહિ પડેલું કબાટ દેખાયું. જેમાં નાની છબી જોઈ. જે કોઈ કલાકારની અનુપમ કૃતિ હતી, તેની દષ્ટિ છબી પરથી રાધા પર પડી. અદ્દભુત નૃત્ય-સૌંદર્ય જોયું. તે તો અભિનય સમજ્યો. તેને બોલવા જીહવા હોત તો ખચિત એ જડ છબી પાસે જઇ રાધાના પશ્ચાત્તાપ માટે ખાત્રી આપત. પરંતુ પોતે લાચાર હોવાથી માત્ર આંખથી આંસુ સારતો-

રાધાને, પાગલ ઓરડામાં છે તે જોવા જાણવાનો સમય ન હતો. તે તો નૃત્યમાં તલ્લીન થઈ ગઈ હતી. તેની દૃષ્ટિ માત્ર છબીને જ જોતી.

પ્રભાતનો મંદમંદ પવન વહન કરવા લાગ્યો ત્યારે તેણે કબાટમાં રહેલી આરતી સળગાવી, નાજુક હાથમાં કલામય રીતે પકડી ઉતારવા લાગી. તે સમયનો તેનો અભિનય દેવોને પણ પાગલ બનાવે તેવો હતો. જ્યારે જ્યારે તપસ્વીઓના ધ્યાનભંગ કરાવવા અપ્સરાઓ પૃથ્વી પર આવતી હશે ત્યારે આવોજ અભિનય કરતી હશે. ઋષિઓના મન ડોલાવતી હશે. આરતી પૂરી કરી હાથ જોડી છબી સામે બેઠી. બોલી, 'હૃદયદેવ! એક વખત માત્ર એક વખત મને 'મારી છો.' તેમ કહો. હું બીજું કાંઇ જ ઇચ્છતી નથી. ઇચ્છું છું માત્ર આપનો પ્રેમ. નથી ઇચ્છતી આપને લગ્ન બંધનથી બાંધવા, માત્ર ઇચ્છું છું આપની સેવા. હું આપના બારણે બેસી રહીશ. આપની, આપની ધર્મપત્નીની આજ્ઞાઓ ઉઠાવીશ. આપ ઉભયનું એઠુંજૂઠું પ્રસાદ રૂપે ખાઇ આનંદ માનીશ. અંતે આપના ચરણોમાં દેહસમર્પણ કરીશ. કહો નાથ! આટલી દયા કરશો?'

પાગલના કર્ણે આ શબ્દો પડતાં રડવા લાગ્યો. રાધાના પ્રેમને હૃદયથી નમન કરવા લાગ્યો. રાધા ઉઠી, ખીલી દબાવી કબાટ અદૃશ્ય કરી દીધું. અંદરના ઓરડામાં જવા ફરી, તેવીજ તેની દૃષ્ટિ પાગલ પર પડી. પાગલની આંખમાં આંસુ હતાં. તે પાસે આવી, પોતાની કીમતી સાડીથી આંસુ લુછતાં બોલી, 'રડે છે? તું રડશે તો હું કોને જોઇને હસીશ? *પરમાત્માએ માનવી માટે આંસુ વહાવવા સિવાય બીજું રાખ્યું જ છે શું? માનવી સુખ મળતાં ભાન ભૂલે છે, ઈશ્વરને ભૂલી તે જે કાર્યો કરે છે તેનાથી તે અને બીજાઓ રડે છે. જો રુદન ન હોત તો માનવી પાગલ બની જાત. હૃદયવ્યથા—ભાર દૂર કરવા તે વિના અન્ય કોઇ માર્ગ છે જ નહિ. એ રુદન રત્નોથી પણ વધુ કીમતી છે તેને વેડફી ન દેવાય. માનવીના આંસુની કીંમત જે આત્માને ઓળખે છે. વૈષ્ણવજન કહેવાય છે તે જ સમજી શકે છે.

રડ ના. તારાં આંસું.' આગળ બોલી શકી નહિ. તેને કાંઇક થતું હોય તેમ લાગ્યું. તે પાગલના પગ આગળ પડી, બેશુદ્ધ થઇ ગઇ. પાગલે તેને સાચવીને ઉપાડી પલંગ પર સુવાડી, શુદ્ધિમાં લાવવા યત્ન કરવા લાગ્યો. કેટલા પ્રયત્ને રાધા જાગૃત થઇ, આંખો ઉઘાડવા યત્ન કરવા લાગી. નિદ્રાનો અભાવ–રાત્રિનો શ્રમ જાણે આંખોને બંધ થવા ફરજ પાડતો હોય તેમ તેને મીંચી દીધી. મુખ પર સ્મિત ફરક્યુ. રાધાને શુદ્ધિમાં આવેલી જોતાં પાગલ પલંગ પરથી ઊઠયો. રાધાએ હાથ લંબાવ્યો. આંખ ખોલવા યત્ન કર્યો. તે ન ખૂલી પણ પુનરપિ બેશુદ્ધ થઇ પાગલને આ જોતાં દયા ઉપજી, જો તે બોલી શકતો હોત તો કહેતઃ

'રાધા! જો કદાચ તારો પ્રેમી નિષ્ઠુર હશે, છતાં તારી હૃદયની આ સ્થિતિ જોઇ તને અપનાવ્યા વિના નહિ રહે. આવો સ્નેહ મેળવવા દેવો ઝંખે તો પછી તારો પ્રણયી તારો તિરસ્કાર કેમ કરી શકે? શાંત થા, રાધા! શાંત થા. અવશ્ય તું તારા પ્રણયીને મેળવી શકીશ. તારા હૃદયના પ્રેમને સમજી તે તારી પાછળ પાગલ થશે. રાહ જો. એક દિવસ એવો આવશે કે જ્યારે તારી મનોભિલાશા પૂર્ણ થશે. નિરાશાનો ત્યાગ કર. જો માનવી આશાનો તાંતણો છોડી નિરાશ જ રહે તો તે જીવતો મૃત્યુ પામેલો છે. તેનું હૃદય પળેપળે મૃત્યુનેજ ઝંખે છે. પણ તેવા મૃત્યુમાં પણ આનંદ શો? એ તો અણગમતો મહેમાન આંગણે આવે અને તેથી માનવી જે ભાવો અનુભવે તેવું જ તે મૃત્યુ લાગે, માટે રાધા! મૃત્યુને પરમપ્રિયમિત્ર બનવા દઇ આનંદથી તેની સાથે ગમન કરવા અભિલાશા સેવ.'

પણ આ શબ્દો કેવી રીતે તે રાધાને સંભળાવે? તે અભાગિણીના બળતા હૃદયને કેવી રીતે શાંત કરે? તેના મનના ભાવો મનમાં જ સમાયા.

'પ્રિયે! એક વખત, એક વખત.' બેશુદ્ધાવસ્થામાં રાધા

બોલીઃ 'અંધકાર ન હોત તો પ્રકાશને માનવી કેવી રીતે જાણત ? અને પ્રકાશની ઝંખના ...!'

પાગલને રાધાના રુસ્વાતથી દુઃખ થતું હતું. તે શુદ્ધિમાં આવે તે માટે યત્નો કરવા લાગ્યો. બેશુદ્ધાવસ્થામાં રાધાએ પોતાનું મસ્તક પાગલના ખોળામાં નાખી દીધું. પાગલ દુઃખી થતી રાધાના મસ્તક પર હાથ ફેરવવા લાગ્યો.

કેટલી મિનિટો પછી રાધા શુદ્ધિમાં આવી. કોનો સ્નેહાળ હાથ પોતાના માથા પર ફરી રહ્યો છે તેની કલ્પના કરવાની ન હતી. તે જાણતી જ હતી કે તે પાગલનો હાથ છે એ હસ્તસ્પર્શ તેનું હૃદય દુઃખ હરી રહ્યો હતો, તે શાંત પડી રહી. સમય જતાં પાગલે જાણ્યું કે રાધા શુદ્ધિમાં આવી છે તેથી રાધાના મસ્તકને ખોળામાંથી નીચે મૂકી ઊઠયો ત્યારે તેના કર્ણે શબ્દો પડયા. '...હું રાધા.'

# પ્રકરણ પાંચમું

## છુટયા

ભોંયરામાંનો એ ઓરડો ભલે સુશોભિત હો. પરંતુ સરલા વીણા માટે તો અરણ્યવત્ હતો, જેમ જગતને શાંતિસુધાનું પાન કરાવનાર ચંદ્રદેવ વિરહીને માટે અગ્નિ–સૂર્ય કરતાં પણ વધુ પ્રજાળનાર છે તેમ. અત્યાર સુધી તેઓ જીવન ટકાવી રહ્યા હોય તો તે પાગલને લઈને જ. પરંતુ દિવાલો સાથે વાતો કરીને આનંદ કેમ મેળવાય ? અન્ન માટે તરફડતો ભોજનપાત્ર નિહાળી કેવી રીતે તૃપ્ત થાય ?

'હું તો માની શકતી નથી, વીણાબહેન ! હવે જીવના આ પાતાળમાંથી બહાર આવીએ. કારણ કે અહીં માનવીના પ્રયત્નો સફળ થવા, અને સસલાનું શૃંગ મેળવવું ઉભય સમાન છે. હવે તો આપણે આપણા પ્રિયજનોને યાદ કરી મૃત્યુનું આરાધન જ કરવું રહ્યું.'

અવાજમાં દુઃખ હતું. મુખ પર નિરાશા હતી. બળતા હૃદયે સરલા બોલી રહી હતી.

'સરલાબહેન ! તમારા કલ્લોલ કરતા કુટુંબ પર દુઃખરાત્રિને ઉતારનાર હું જ અભાગિણી છું. મારે લઈ તમે પતિ–પત્ની વિખુટાં પડયાં. વિજયકુમાર !' બોલતાં મુખપર શરમના શેરડા પડતા હતા. પરંતુ તે શેરડા સરલા જોઈ શકી નહિ. 'મારે લઈ ક્યાંક ફસાયા.' તેને દુઃખ થતું હતું તેની તેના નેત્રોએ સાક્ષી આપી. આંસુઓ વહેવા લાગ્યાં.

'રડ ના, મારી બહેન! જે કાંઇ થાય છે તે ઇશ્વરેચ્છાથી જ થાય છે. આપણું પૂર્વસંચિત જ સુખદુઃખનું કારણ થઇ પડે છે. છતાં પ્રભુકૃપા છે કે દુશ્મનનો માણસ પાગલ આપણા પ્રત્યે સ્નેહ દર્શાવે છે. આપણો આપ્તજન હોય તેમ આપણા દુઃખે દુઃખી થાય છે.'

'કૃષ્ણપક્ષમાં તારકપ્રકાશથી માનવી સંતોષ માને છે તેમ પાગલને આપણે આપ્તજન માની સંતોષ માનવો રહ્યો, અને...'

વીણા આગળ બોલે તે પહેલાં ઓરડાની લાઇટ ઓલવાઇ ગઇ. અંધારું થઈ ગયું. તેમની દૃષ્ટિએ માનવી ભય પામે તેવું દૃશ્ય હાથમાં ખંજર સાથે હાડપિંજર પડયું. તે ભયંકર હાસ્ય કરી રહ્યું હતું. બંને અબળાઓ ભયથી કંપી રહી હતી. બીલાડીના પંજામાં મરવા સપડાએલ ઉંદરની દયાજનક સ્થિતિ જોઈ બીલાડી આનંદ પામે તેવી પરિસ્થિતિ અહીંઆં થઇ હતી. હાડપિંજર મંદમંદ પગલે વીણા પાસે આવ્યું. તે બોલ્યું, 'વીણા.'

હાડપિંજરને બોલતું સાંભળી તેઓ અજાયબ થયા—વધુ ડર્યા.

'વીણા! આ દુઃખમાંથી છૂટવું હોય—બીજાને છોડાવવા હોય તો 'જીવતું ભૂત' જે ઇચ્છે છે તે તારો દેહ તેને અર્પણ કર. તેં તેની સાથે જે ચાલાકી ચલાવી હતી તે બદલ ક્ષમા માંગ તે તને માફ કરશે તારો સ્વીકાર કરશે.' હાડપિંજર બોલ્યું.

'ઓ માનવીના હાડપિંજર! એ 'જીવતું ભૂત' કદાપિ મને મેળવી શકશે નહિ. મને આ મળેલો માનવદેહ, કે જે પુનરપિ મળનાર નથી તેનો દુરૂપયોગ હું કરનાર નથી. જે કૃત્યથી મારો આત્માજ મારો તિરસ્કાર કરે તે હું કરનાર નથી. 'જીવતું ભૂત' એ પ્રત્યુત્તર લઇ ગએલ છે. અને તું પણ લઈ જા.'

'સીધી આંગળીએ ઘી નહિ જ નીકળે એમજને?' બોલતું હાડપિંજર વીણાને પકડવા આગળ વધ્યું. વીણા સરલા હાડપિંજરથી દૂર—એક ખૂણામાં જઈ ઊભા. હાડપિંજર તે તરફ જવા લાગ્યું.

'ત્યાંજ થોભજો નહિ તો......' બોલતો રમેશ હાડપિંજર સામે પિસ્તોલ સાથે આવી ઉભો. સરલા–વીણાએ શાંતિનો શ્વાસ લીધો. તેમને લાગ્યું કે તેમને બચાવવા દેવદૂત જ આવી પહોંચ્યો છે.

'ઓહો ડિટેક્ટીવ મહાશય! આપ પધાર્યા, કરોળીઆની ઝીણા તારથી બનાવેલી જાળથી પણ વધુ ભયંકર વિદ્યુત્ જાળમાં ફસાવા દોડી આવ્યા. 'જીવતું ભૂત' તમારા જેવા મોંઘેરા મહેમાનનું સ્વાગત કરવા તૈયાર છે.' બોલતું હાડપિંજર દિવાલ તરફ ચાલ્યું. ને જોતજોતમાં અદૃશ્ય થઇ ગયું. ઓરડામાં તિમિર છવાયું પળમાં લાઇટો થઈ. તે લાઈટમાં કાળા બુરખામાં રહેલી વ્યક્તિ દેખાઇ. 'પધારો રમેશ બાબુ! સેવક આપની સેવામાં હાજર છે. સોડા લેશો કે લેમન?' બોલતી વ્યક્તિ રમેશ તરફ આગળ વધી. 'સિંહની ગુફામાં આવ્યા છો તો તે સિંહ અવશ્ય તમને તેની સુંદર ગુફા બતાવશે.' બોલતી વ્યક્તિએ દિવાલ પરની સ્વીચ દબાવી. તે સાથેજ રમેશ વિદ્યુત તારોના પાંજરામાં પૂરાયો: 'સાહેબ! ભૂલથી પણ આ તારોને તમે સ્પર્શવા યત્ન કરશો નહિ. નહિ તો મૃત્યુ પામશો, આ તારોમાં વિદ્યુત્ પ્રવાહ વહી રહ્યો છે અને આપની પિસ્તોલ કોટમાં મૂકી દો.'

'હું માનતો નથી' કહી રમેશે પિસ્તોલ કોટમાં મૂકી તારને સ્પર્શ કર્યો પણ કાંઇજ અસર થઇ નહિ. 'જીવતું ભૂત' આ જોતાં બે ડગલાં પાછું હઠયું. રમેશ હસ્યો. 'મારું મૃત્યુ તો હજી દૂર છે પરંતુ આપનું તો...' રમેશ આગળ બોલે તે પહેલાં રજનીકાન્ત અને પોલીસોને ઘેરી બદમાશના સાથીદારો ત્યાં આવ્યા તેમને જોતાં જ રમેશના મુખમાંથી ઉદ્ગાર સરી પડયો 'ઓહ.' પોલીસો સાથે રજનીને જોતાં 'જીવતું ભૂત' બૂમ પાડી બોલ્યું, 'આ કયાંથી?'

'નામદાર!' બદમાશના સાથીદારોએ ઘણીજ નમ્રતાથી કહ્યું 'આ લોકો આપણા ગુપ્ત ભોંયરાનો ભેદ જાણી ચૂકયા હોય તેમ જણાય છે. તેઓ વિજળીના દોરડા કાપવા યત્ન કરતા હતા; ત્યાં અમે અનાયાસે જઇ પહોંચ્યા, પકડયા.'

'ઓહ, આ તો વિખૂટા પડેલાં પંખીઓ ભેગાં થયાં. લાંબાગાળે પ્રિય મિલન થયું.' હવે આ બધાંને થોડાક સમય માટે યોગ્ય સ્થાને પહોંચાડી દઉં. મિત્રો ! તમે બહાર જાવ.' બદમાશના સાથીદારો ત્યાંથી દૂર થયા, કે એ ઓરડો જેમ લિફ્ટ નીચે ઊતરે તેમ ઊંડે ઊંડે પાતાળ ગમન કરી રહયો. આખરે સ્થિર થયો.

'રમેશભાઈ! આખરે ફસાયા.' રજનીકાન્તે કહયું.

'ફસાયા ન હોત તો સરલાબ્હેન–વીણા છૂટત જ શી રીતે? હવે આપણે અહીંઆથી નાસી છુટવા યત્ન કરવો પડશે. માર્ગ શોધવો પડશે; પરંતુ મિ. રજનીકાન્ત ! તમને મેં માર્ગ તેમજ નાસી છૂટવાની યુક્તિઓ બતાવી હોવા છતાં પકડાયા કેવી રીતે?'

બોલતાં તેણે પોતાના હાથ પર રબ્બરના મોજા ચઢાવ્યા અને કોટ અંદરથી ખંજર કાઢી વિદ્યુત તારો કાપવા લાગ્યો. કેટલા યત્ને તારો કાપી બહાર આવ્યો. પોલીસો–સરલા–વીણા, રજનીકાન્ત રમેશને જોઈ રહ્યા હતા, બહાર આવતાં જ બોલ્યો; 'હાં, આપણા છુટા પડયા પછી શું થયું?

'આપણે છૂટા પડયા.' રજનીકાન્તે કહેવા માંડયું: 'અને મારા માણસો તમારા આપેલા નકશા પ્રમાણે અંદર જવાનો માર્ગ શોધવા લાગ્યા. આખરે માર્ગ જડયો–અંદર પ્રવેશ્યા, ત્યાં અંધારું હતું. કેટલુંક અંધારામાં આગળ ચાલ્યા પછી એક ઓરડામાં આવ્યા તમારા કહ્યા પ્રમાણે એ ઓરડામાં પેટી પડેલી હતી. હું આગળ વધ્યો, મારા પગ નીચે કાંઈક દબાયું ને ઘંટડીનો અવાજ આવવા લાગ્યો. સેકંડોમાં અમારી સામેની દિવાલ જુદી થઈ ત્યારે વિચાર આવ્યો કે તમારા કહેવા પ્રમાણે પેટી ખોલી બધાં કનેકશન કાપી નાંખવા કે આગળ વધવું? અંતે કનેકશનો કાપવા નિશ્ચય કર્યો. લાઈનો કાપવાની શરુઆત કરું છું તેવામાં કેટલાક બુરખાધારીઓ દોડી આવ્યા. મને સમજાયું કે આ પેલી ઘંટડીના અવાજનું જ પરિણામ છે.

મેં મારા માણસોને વિંધી નાંખવા ઓર્ડર આપ્યો. ઓર્ડરનો અમલ મારા માણસો કરે તે પહેલાં જ જાણે વિદ્યુત પ્રવાહ અમને સ્પર્શતો હોય તેમ શરીર ઝંણઝંણવા લાગ્યું હાથમાંના હથિયારો પડી ગયા.

"હથિયારો ઉપાડવાની સહેજ પણ હિલચાલ કરશો તો આ પિસ્તોલમાંથી નીકળતો ગેસ તમારું સ્મશાન અહીંઆંજ બનાવશે." મને એ ગેસની માહિતી હતી. એનો સામનો કરવો નિરર્થક હતો. મેં મારા સાથીદારોને શાંત રહેવા સંજ્ઞા કરી. પછી બુરખાધારીઓ અમને જીવતા ભૂત સામે લાવ્યા.'

'ઠીક,' બોલતો રમેશ ઓરડામાં આંટા મારવા લાગ્યો. 'ક્યાંસુધી આ 'જીવતું ભૂત' અજ્ઞાત રહેશે અને અમને રાખશે?' નીચું જોઈ ડગલા ભરતાં રમેશના પગે કાંઈક અથડાયું તે નીચો વળ્યો જોયું તેને દબાવતાં ઓરડો હાલ્યો તેને લાગ્યું કે આ ખીલી દબાવતાં ઉપર જવાશે. મુખ પર સ્મિત ફરક્યું છુટકારો દેખાયો: 'જુઓ, સાહેબ! હવે થોડોક સમય આપણે અહીંઆ વ્યતિત કરવો પડશે.' બોલી તે આરામથી બેઠો. સરલા-વીણા સાથે વાતે વળગ્યો. થોડોક સમય જતાં તેણે પેલી ખીલી દબાવી. ઓરડો ઊંચે ચઢવા લાગ્યો. અલ્પ સમયમાં યથાસ્થાને આવી પહોંચ્યા. 'તમે બધાં મારી પાછળ ચાલો. અને સરલા બહેન, વીણા તમે મારી સાથે ચાલો અને મિ. રજની-કાન્ત તમે બધાની પાછળ આવો.'

રમેશના કહ્યા પ્રમાણે બધા ચાલવા લાગ્યા, અને બહાર નીકળ્યા. 'બધા સહીસલામત બહાર આવી ગયાં છીએ.'

બોલતા રમેશે શાંતિનો શ્વાસ લીધો. 'પરંતુ સંપૂર્ણ સહિસ-લામત થયા ત્યારે જ ગણાઈએ કે જ્યારે આપણે શહેરમાં પહોંચી જઈએ.'

'અને ખચિત પહોંચીશું જ.' રજનીકાન્તે કહ્યું. આગળ ચાલો કોઈ વાહન કદાચ મળી આવે.'

તેઓએ વાતો કરતાં આગળ વધવા માંડયું. થોડુંક ચાલ્યા પછી રમેશ અટકયો. બોલ્યો : 'તમારાથી મારે અત્યારે કેટલીક તપાસ કરવાની હોવાથી અહીંઆથી છૂટા પડવું પડશે. તમે સત્વરે શહેરમાં પહોંચી જાવ.' બોલતો રમેશ બીજા માર્ગે ચઢી ગયો. વયે વૃદ્ધ જણાતો રમેશ યુવાન કરતાં પણ વધુ ઝડપે ડગલાં ભરી રહ્યો હતો. રમેશના ગયા પછી પોલીસો પણ છુટા પડી શહેરમાં જવા લાગ્યા. રજની, સરલા–વીણા વાતો કરતાં શહેર તરફ પગલાં ભરી રહ્યા. શહેરમાં નિરવતા છવાઈ હતી. આ ત્રિપુટીના પગરવથી તેનો ભંગ થતો હતો.

'વીણા બહેન ! આખરે ઇશ્વરે સામું જોયું ખરું.' સરલાએ કહ્યું.

'હા બહેન ! દુશ્મનોનાં પંજામાંથી છૂટી ઘરના દર્શન કરવા ભાગ્યશાળી થયાં ખરાં.' વીણાએ કહ્યું.

'અને તે માટે આપણે રમેશચંદ્રનો જ ઉપકાર માનવો રહ્યો. તેમના વિના આપણે ભેગા થઈ શકત નહિ રમેશચંદ્રે દુશ્મનોનો ભેદ જાણવા અત્યંત શ્રમ ઉઠાવ્યો છે. તે ભેદ મને બતાવ્યો.. પણ તેનો ઉપયોગ કરી શકયો નહિ. દુશ્મનોની ભેદી જાળ તોડી શકયો નહિ. પણ હું માનું છું કે હવે તેઓ એ સ્થળ છોડી અન્યત્ર ચાલ્યા જશે.' રજનીકાન્તે કહ્યું.

'પાપીના પાપનો ઘડો એક દિવસ ફૂટયા વિના રહેવાનો નથી ભલેને તે ગમે તેટલા સાચવી......' સરલાને બોલતી રજનીકાન્તે અટકાવી તેને કોઈનાં પગલાંનો અવાજ સંભળાયો.

## પ્રકરણ છઠ્ઠું.

### ભિખારણ

'તમે જરા સંભાળીને ઊભા રહેજો; આપણી પાછળ કોઈ પડયું હોય તેમ જણાય છે, અને તે જોવું રહ્યું.' કહી રજની પાછળ ફર્યો. એને કાંઈ પડછાયા જેવું દેખાતું હતું તે તરફ ઝડપથી જવા લાગ્યો. પાછળ પડનારે જોયું કે રજનીકાન્ત પોતાની તરફ ઝડપથી આવી રહ્યો છે એટલે તેણે પુંઠ ફેરવી દોડવા માંડયું. રજની પણ પાછળ દોડયો. આગળ દોડનાર આડોઅવળો થઇ રજનીને ભૂલથાપ આપવા માંગતો હતો. બાજની માફક દ્રષ્ટિ રાખી રજની તેની પાછળ દોડેજ જતો. જ્યારે રજની, સરલા–વીણાથી કેટલેક દૂર ગયો ત્યારે આ બે અબળાઓ રજની જે દિશા તરફ દોડે જતો હતો તે તરફ જોઈ રહી હતી. તેવામાં ત્યાં એક બુરખાધારી આવ્યો. પોતાનું નાક દબાવી તેણે પોતાના રૂમલાથી સરલાનું નાક દબાવ્યું. રૂમાલમાં રહેલ પદાર્થની તિવ્ર ગંધથી સરલા બેશુદ્ધ થઇ, વીણા બૂમો પાડવા લાગી. પડતી સરલાને સાચવીને સુવાડી વ્યક્તિએ બૂમો પાડતી વીણાના કાનમાં કાંઈક કહ્યું.

'પણ હું તમારા પર વિશ્વાસ કેવી રીતે મૂકી શકું ? એક વખત અમે આવી જ રીતે દુશ્મનના સપાટે ચઢયાં હતાં.'

'ને ત્યાંથી છૂટયા પણ ખરા, ફરીથી ફસાશો તો ફરીથી છૂટશો બોલો, શું વિચાર છે ?' વ્યક્તિ બોલી ને વીણા સામે જોઈ રહી.

'જુઓ સામેથી રજનીકાન્ત આવી રહેલ છે જે પળો જાય છે તે અમુલ્ય જાય છે. હું રોકાઈ શકું તેમ નથી.'

વીણા કાંઇક મન સાથે નિશ્ચય કરી બોલી: 'ચાલો હું તૈયાર છું.'

'દોડવા માંડો.' વ્યક્તિએ કહ્યું.

વ્યક્તિ અને વીણા દોડતાં દૂરને દૂર જવા લાગ્યા. જ્યારે રજની આવ્યો ત્યારે તેણે સરલાને બેશુદ્ધ પડેલી જોઈ, વીણા તો દેખાઈ જ નહિ. શું થયું તે તેને સમજાયું નહિ.

'આફત' બોલતો રજની અફસોસ કરવા લાગ્યો 'વિજયે કહ્યું હતું કે વીણાને સંભાળજો. પણ તે મારાથી ન બન્યું. દુશ્મન મારી ગેર હાજરીનો લાભ લઈ વીણાને ઉઠાવી ગયાં.' બોલી સરલાને ઉપાડી પોતાના મકાને આવ્યો સરલાને પલંગમાં સુવાડી શુદ્ધિમાં લાવવાનું કાર્ય શરૂ કર્યું. કેટલી મિનિટો પસાર થયા પછી સરલા શુદ્ધિમાં આવી ને બોલી.

'વીણા.'

રજની બોલ્યા વિના શાંત જ બેસી રહ્યો. સરલા બેઠી થઇ બોલી : 'વીણા ક્યાં ?'

'એ હું સમજી શકતો નથી. તમને સાવધ રહેવાનું કહી જેની મેં પૂંઠ પકડી હતી તે હાથમાં નહિ આવવાથી નિરાશ થઈ તમે હતા ત્યાં હું પાછો આવ્યો ત્યારે તમે બેશુદ્ધ થઈ પડેલા જણાયા. વીણા ત્યાં ન હતી.'

'શું વીણા ન હતી ?'

'ના.' રજનીકાન્તે દુઃખભર્યા અવાજે કહ્યું.

'બિચારીના નસીબે દુઃખ જ લખાએલું છે. દુશ્મન મને બેહુદ્ધ બનાવી વીણાને ઉપાડી ગયો હોય તેમ લાગે છે. પરમાત્મા તેનું રક્ષણ કરો.' બોલી સરલા આંસુ પાડવા લાગી.

'રડવાથી કાંઇજ વળનાર નથી. આપણે ધૈર્યધારી શોધ ચલાવીશું તો ફરી પાછી લાવી શકીશું.'

આશ્વાસન આપતા રજની કહેવા લાગ્યો. તે સમયે દોડે જતાં વ્યક્તિ અને વીણા થોભ્યાં. તેઓ દોડવાથી શ્રામત થયાં હતાં.

જ્યાં આ બે જણ ઉભા હતાં ત્યાં એક બુરખાધારી વ્યક્તિ આવી. બોલી: 'ફતેહ?'

'જુઓ આ રહ્યા.' વ્યક્તિએ કહ્યું.

'શાહબાશ. નંબર આઠ!' બોલતી વ્યક્તિએ નંબર આઠનો ખભો થાબડયો. 'તારી સફળતા માટે સાચે જ અભિનંદન ઘટે છે.' વીણા આપણા હાથમાં આવવાથી આપણી બાજી જીત તરફ આગળ વધી રહી છે.'

આ શબ્દો સાંભળતાં વીણા ગભરાઇને બોલી, 'મારી સાથે દગો કર્યો? મને ફસાવી?'

'વીણા! આ જગતમાં કોઇ કોઇને ફસાવતું નથી. કોઇ કોઇને દગો દેતું નથી. જ્યારે મને તમારી જરૂર હોય ત્યારે તમને ભ્રમમાં નાંખી મારી સાથે લઇ જાઉં. જો તમે તમારી બુદ્ધિનો ઉપયોગ ન કરો તો તમે તમારી જાતે જ ઠગાવ છો—ફસાવ છો. કોઇ એક વસ્તુ જે બાળક પાસે છે. અને તે લેવી હોય, ત્યારે તેને બીજી વસ્તુનો મોહ બતાવવો પડે છે. અને તે મોહમાં પડી પોતાની પાસેની વસ્તુ આપે છે. આ તો તમે સમજી શકો તેવું છે. છતાં પૂછો છો. જરા સમજો માનવ જગતમાં જન્મે છે. અને જન્મેલા માનવીને મોક્ષનો મોહ હોય છે. એને કોઇ અવધૂત મોક્ષનો માર્ગ બતાવે અને તે માર્ગે માનવી આગળ વધવા તયાર થાય, ત્યારે પેલો અવધૂત બધાંનો ત્યાગ કરવા કહેશે માનવી મોક્ષ માટે લલચાઇ તેમ કરશે. છતાં તે મોક્ષ ન મેળવી શકે તો પેલા અવધૂતે તેને ફસાવ્યો કહેવાય? દગો કર્યો કહેવાય?' વ્યક્તિએ કહ્યું.

'એટલે હું મારી જાતે જ ઠગાઈ એમજ ને ?'

'સહેજ પણ નહિ. જેની સાથે તમને મેળવવાનું કહેવામાં આવ્યું છે. તેની પાસેજ લઈ જવામાં આવશે.'

'અને હું ન આવું તો ?'

'જે દશા સરલાની કરવામાં આવી તે દશા તમારી કરવામાં આવશે. સમજ્યાને.'

પોતાનો હવે બચાવ નથી. નાસી છૂટવાનો કોઈ માર્ગ જ ન હતો. આ લોકો તેની ઇચ્છા વિરુધ્ધ પણ લઈ જાય તેમ હતા. એટલે એટલે શાંતિથી તેમની સાથે જવા નિરધાર્યું.

'ચાલો, હું આવું છું.'

'સમજ્યા ખરા. નંબર આઠ! સખ્તાઈ કરવાની જરૂર પડી નહિ.'

'ચાલો, હવે આગળ વધો.' અને ત્રિપુટી ચાલવા લાગી. પાસેના જંગલમાં જતાં તેમાં અદૃશ્ય થઈ ગઈ.

સૂર્યનારાયણ પૃથ્વી પ્રદક્ષિણા કરવા ક્યારનાએ નીકળી ચૂક્યા હતા. માનવીઓના, પશુ–પક્ષીઓના વિવિધ અવાજો સર્વત્ર સંભળાઈ રહ્યા હતા.

તે સમયે બિપિનચંદ્ર શેઠ મકાનની બારીએથી શહેરનો ચાલતો વ્યવહાર જોઈ રહ્યા હતા. તે સમયે એક વીસેક વર્ષની ભીખારણ હાથમાં તંબુરો લઈ ગાતી ગાતી બારી નીચે આવી. તેના અવાજમાં દર્દ હતું. તેનો જાદુઈ કંઠસ્વર સાંભળતાં બધાં તેને સાંભળવા ઊભા રહેતાં. સુમધુર કંઠ સાથે કુદરતે છૂટા હાથે સૌંદર્યનું પણ દાન કર્યું હતું. અને તે સૌંદર્ય ભલભલાના ભાન ભૂલાવે તેવું હતું.

ભિખારણને જોતાં શેઠના મગજમાં વિચાર આવ્યો. 'ભિખારીને આવું રૂપ ?'

ને ભિખારણ તો તંબુરાપર આંગળીઓ ફેરવતી ગાઈ રહી હતી.

'મળ્યોરે જટાધારી.'

મળ્યોરે જટાધારી, જોગેશ્વર બાવો.'

તેની આંગળીઓ તંબુરા પર વિદ્યુત્ ગતિએ ફરતી. ભિખારણને સાંભળવા માનવમેદની વધવા લાગી. આ મેદનીમાંથી કેટલાક તો તેના ફાટલાતુટલા વસ્ત્રોમાંથી જણાતા સૌંદર્યને જોઈ રહ્યા હતા. ભિખારણ આવિકારીઓની દૃષ્ટિને ઓળખી ગઈ હતી પણ પરવા કર્યા વિના તે તો ગાએ જ જતી.

'મળ્યોરે જટાધારી જોગેશ્વર બાવો
મળ્યોરે જટાધારી......
હાથમાં ઝારી, હું તો બાળ કુંવારી વા'લા
દેવળ પૂજવાને ચાલી.
સાડીફાડી મેં કફની કીધી, વા'લા.
અંગપર ભભૂત લગાડી.
આસનવાળી બાવો મઢીમાં બેઠો વા'લા.
ઘેર ઘેર અલખ જગાડી.
મીરાં કે' પ્રભુ ગિરધરના ગુણ વા'લા.
પ્રેમની કટારી મુને મારી.'

સૌંદર્યના પિપાસુઓ પણ સ્વરના જાદુથી દેહ નિરિક્ષણ કરવાનું ભૂલી સાંભળવા લાગ્યા. ભેગી થએલી માનવમેદની બીજું ભજન સાંભળવા ઉત્સુક હતી. પણ એ ભિખારણ તો તંબુરા પર આંગળીઓ ફેરવતી આગળ ચાલવા લાગી. લોકો પણ તેની પાછળ જવા લાગ્યા.

બિપિનચંદ્ર શેઠ ભિખારણને જોઇ રહ્યા હતા. ભિખારણે ચલાવેલા સ્વરજાદુમાંથી તે મુક્ત થાય તે પહેલાં તે દૂર ચાલી ગઈ.

'નહિ, તે પાછી આવવીજ જોઈશે તેનું સૌંદર્ય આમ વેડફાઈ જવું જોઈએ નહિ. તેના સ્વરની કદર થવી જ જોઈએ અને તેથી જ તેને પાછું આવવું જ જોઈશે.' બોલતો ઝડપથી કપડાં બદલવા લાગ્યો.

નીચે ઊતર્યો. મોટરસાયકલ પર બેઠો. ને સાયકલ દોડવા લાગી. દોડતી સાયકલ અને ભિખારણ વચ્ચેનું અંતર ઘટવા લાગ્યું. મોટરસાયકલનું હોર્ન વાગતું. લોકો માર્ગ આપતા. ઝડપથી આગળ વધતી મોટર-સાયકલ ભિખારણ સાથે અથડાઈ. ભિખારણ પડી. પડતાં જ તેનું માથું પથ્થર સાથે અફળાયું. લોહી નીકળવા લાગ્યું. બિપિનચંદ્ર સાયકલ પરથી નીચે ઊતર્યો. ઊંડા દર્દ સાથે ભિખારણ પાસે આવી બોલ્યો: 'મારી સાયકલથી બહુ વાગ્યું તે માટે હું ઘણો દિલગીર છું.'

'પરમાત્મા, તમારું ભલું કરો.' બોલતી ભિખારણ ઊઠવા લાગી.

'ઊઠશો નહિ. હું તમને દવાખાને મેકલી આપું છું.' બિપિન-ચંદ્રે કહ્યું.

'નારે ના. એવી તકલીફ લેવાની જરૂર નથી. હું મારા રસ્તે ચાલી જઈશ.' ભિખારણે કહ્યું.

'ના. ના. ઘણું સખત વાગ્યું છે. એટલે આમ ચાલી ન જવાય.' કહી બિપિનચંદ્ર ચોતરફ જોવા લાગ્યો. તેની દૃષ્ટિએ ઘોડાગાડી પડી. ગાડીવાળાને બોલાવ્યો. ભિખારણને ડૉકટર દિનેશને ત્યાં લઈ જવા જણાવ્યું. ભાડાના પૈસા આપી દીધા, સાથે ડૉકટર દિનેશ પર એક ચિઠ્ઠી લખી આપી. ભિખારણ આનાકાની કરતી ગાડીમાં બેઠી, ભેગી થએલી મેદની બિપિનચંદ્રની પ્રશંસા કરવા લાગી. બિપનચંદ્રને આ સાંભળવા સમય ન હતો. તે તો સાયકલ પર બેસી ચાલ્યો ગયો. માનવમેદની વિખરાતી પોતપોતાના માર્ગે ચાલી ગઈ.

ઘોડાગાડી ડૉકટરના દવાખાને આવી અટકી. ભિખારણ દવા-ખાનામાં લોહીનીતરતા મસ્તકે આવી. ડૉકટર દિનેશ આવ્યા ન હતા. ગાડીવાળો કમ્પાઉન્ડરને ચિઠ્ઠી આપી ચાલ્યો ગયો.

થોડો સમય વ્યતીત થયો હશે ને ડૉકટર આવ્યા. તેની દૃષ્ટિએ ભિખારણ પડી. કમ્પાઉન્ડરે બિપિનચંદ્રની ચિઠ્ઠી આપી. વાંચી ભિખારણને તપાસવા લાગ્યો.

'શેઠની સાયકલથી ઇજા થઇ છે કેમ? અને થએલી ઇજા એટલી ભયંકર છે કે તમારે થોડાક દિવસ નિયમિત દવાખાને આવવું પડશે.' ઘા તપાસતાં ડૉક્ટરે કહ્યું.

'તમારું કહેવું ખરું છે, ડૉક્ટર સાહેબ પરંતુ મારાથી રોજ અહીંઆ અવાશે નહિ, કારણ કે મારે તો ભીખ માગવા આજ અહીં તો કાલે બીજે રખડવાનું હોય છે. મારી તો અહીંઆ પણ આવવાની ઇચ્છા ન હતી. પણ શેઠે જબરજસ્તીથી મોકલી આપી. વળી અમારે ગરીબોને શું દવાને દારૂ? પરમાત્માના નામની જ દવા અમારે તો ખરી. ડૉક્ટરો તો પૈસાદારોને જ પાલવે. અમને જ્યાં એક ટાઈમ ખાવાના સાંસાં હોય ત્યાં ડૉક્ટરોની ફી, મોસંબીનો ખર્ચો ક્યાંથી પાલવે? ડૉક્ટર સાહેબ! તમે જ કહો, ગરીબોને અત્યારે દવા કરાવવી પાલવે તેમ છે? ગરીબોનું ઘરમાં કેમ ચાલે છે તેની તમને ખબર ક્યાંથી હોય—એ તો જાણનારો મારો રામ છે. અને હું પણ એ રામનામની દવાથી જ ચલાવી લઈશ.'

'ઠીક' કહી ડૉક્ટર પોતે જ ભિખારણનો ઘા સાફ કરી ડ્રેસીંગ કરવા લાગ્યા. 'તમારી સાથે બીજું કોઈ છે?'

'કોઈ નથી મારા બાપ! મારે તો ઉપર આભ અને નીચે ધરતી છે.'

'તમારી સંભાળ લેનાર કોઈ નથી તો મારું કહ્યું માનો. હું તમને બધી જ સગવડ કરી આપું, પછી તો દવા કરાવવામાં વાંધો નથી ને?'

'અરે બાપા! એ બધી તકલીફ શીદને તમે લ્યો. પરમાત્મા અમારું દર્દ મટાડી દેશે.' ભિખારણે કહ્યું.

## પ્રકરણ સાતમું

### હાડપિંજર

બિપિન શેઠે ભિખારણને આરામ થાય ત્યાંસુધી પોતાને રાખવા ચિઠ્ઠીમાં ઇચ્છા જણાવી હતી. પરંતુ 'રામનામ'ની દવામાં માનતી અજ્ઞાન ભિખારણ ડૉકટર સાથે સહમત થતી ન હતી. ડૉકટરની દૃષ્ટિએ ઘા ભયંકર હતો. જ્યારે આ જડ—જંગલવાસીને તેની પરવા પણ ન હતી. અને તેવી પરવા રાખે ગરીબોને પાલવે પણ ક્યાંથી? વળી ડૉકટરે પોતાના જેવી અજાણી ભિખારણ માટે કોઇપણ જાતની વ્યવસ્થા કરવાની જરૂર પણ શું?

'જુઓ.' ઘા ભયંકર છે. તમારે ટ્રીટમેન્ટ લેવી જ પડશે. નાહક જોખમ ખેડવું સારું નહિ. બિપિનચંદ્ર શેઠની સાયકલથી તમને વાગ્યું છે. એટલે તમને થએલું નુકશાન તેઓ ભરી આપવા બંધાએલા છે. તેમણે મને લખેલી ચિઠ્ઠીમાં જણાવ્યું છે કે જ્યાંસુધી તમે સારા થાવ ત્યાં સુધી તેઓ તેમને ત્યાં તમને રાખશે. આ શહેરમાં તેમના જેવો પવિત્ર, અને ઉદાર બીજો કોઈ છે જ નહિ. ગરીબને જોતાં તેમનું હૃદય રડી ઊઠે છેઃ ગરીબો માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર છે. શહેરના ગરીબો તેમને દેવ માને છે. તેવા માણસની વિનંતિને તમે ઠોકરે મારો છો? એ પરોપકારી પુરુષને દુઃખી કરવા ઇચ્છો છો? જરા વિચાર કરો.' બોલતો ડૉકટર ભિખારણ સામે જોઈ રહ્યો. ભિખારણ ડૉકટરના શબ્દો પર વિચાર કરવા લાગી.

'એમાં વિચારવાનું શું ? જે માણસ ગરીબો માટે લાગણી રાખે તેમને તમારા માટે લાગણી થાય તે સ્વાભાવિક છે. વળી તેમની સાયકલથી તમને વાગ્યું છે એટલે તમારી સેવા ચાકરી કરવી તે તેમની ફરજ-ધર્મ છે.'

ડૉકટર બોલતો-ભિખારણ વિચારતી શાંત બેસી રહી. 'હા કહી દો, વિચારે કાંઇજ વળવાનું નથી. શરીર તો સાચવવું પડશે, જે શરીરથી ધર્મ-અર્થ-કામ અને મોક્ષ સધાય છે.'

ને ભિખારણે હા પાડી એટલે ડૉકટરે પોતાના કમ્પાઉન્ડર સાથે તેને શેઠને ત્યાં મોકલી દીધી. કમ્પાઉન્ડર તેને શેઠના મકાન આગળ મૂકી પાછો ગયો. ભિખારણ આગલા ઓરડામાં બેઠી. નોકરે તેને અંદર બેસવા જણાવ્યું. પણ તે તો ત્યાંથી ઊઠી જ નહિ.

જ્યારે શેઠ બહારથી આવ્યા ત્યારે તેમણે ભિખારણને આગલા ઓરડામાં બેઠેલી જોઇ બોલ્યા, 'અરે અહીંઆ શા માટે બેઠાં છો ? અંદર ચાલો.' શેઠના શબ્દોને તે અમાન્ય કરી શકી નહિ. તેમની સાથે તે અંદર ગઇ-દિવાનખાનામાં આવ્યા, જે દિવાનખાનું સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. જોનારની દૃષ્ટિ તે જોતાં સ્થિર થઇ જાય. સુંદર-કીંમતી ફ્રેમોમાં ચિત્રો મઢેલાં હતાં. ટીપોઇઓ પર ઉત્તમ કારીગીરીના નમૂના ગોઠવેલા હતા ગાલીચાઓ બિછાવેલા હતા.

'બેસો, અહીંઆ બેસો.' સોફો બતાવતા શેઠે કહ્યું, કીંમતી સ્વચ્છ સોફા પર અસ્વચ્છ કપડાં સાથે બેસતાં તે સંકોચાઇ.

'નારે બાપા, હું તો નીચે જ બેસીશ, અમારે વળી આવું શું ?'

'તમારે જરા પણ ગભરાવું નહિ, આ બધું તમારું જ છે એમ સમજજો. નિઃસંકોચપણે આ બધી વસ્તુઓનો ઉપયોગ કરો.' બોલતાં શેઠ ભિખારણ પાસે આવ્યા, તેનો હાથ પકડવા પોતાનો હાથ લંબાવ્યો.

'ના, ના, શેઠ ! તમે મને મને અડકશો નહિ, હું ઉપર બેસવાની નથી. બહુ કરશો તો હું ચાલી જઇશ.'

'સારુ' ' જેમ તમને ઠીક લાગે તેમ કરો. આ તમને ગમતું નથી ? ને ગમે પણ ક્યાંથી ! જેણે તૂટેલો ખાટલો પણ જોયો નથી તે સોફાનો ઉપયોગ ક્યાંથી કરે ? ચાલો તમને પસંદ આવે તેવો ઓરડો બતાવું, જંગલના પક્ષીને સુવર્ણ પિંજર ન ગમે, કેમ બરાબર ને ?' બોલી શેઠ આગળ થયા.

ભિખારણ માત્ર માથું જ હલાવી શેઠની પાછળ પાછળ જવા લાગી. બેત્રણ ઓરડા વટાવ્યા પછી એક તદ્દન સાદા ઓરડામાં આવ્યા.

'આ ઓરડો' તો ગમે તેવો છે ને ?'

'હાઃ' ભિખારણે જવાબ આપ્યો.

'વારુ ત્યારે, તમારી વ્યવસ્થા અહીંઆ થશે. તમને જોઈતી બધી જ વસ્તુઓ મોકલી આપું છું.' કહી શેઠ ત્યાંથી ચાલ્યા ગયા. ભિખારણ ઓરડામાં ફરવા લાગી. તેવામાં નોકર જોઈતી વસ્તુઓ લઈ આવ્યો. ભિખારણના કહેવા પ્રમાણે તે ગોઠવવા લાગ્યો.

નોકરના ગયા પછી ખાટલામાં ભિખારણ પડી. આંખો મીંચી ઉંઘવા યત્ન કરવા લાગી. તેવામાં તેને કર્ણે કાંઈ અવાજ પડ્યો. તે ઊઠી. અવાજ જે દિશાએથી આવતો હતો તે તરફ વધી. દિવાલ પાસે આવી અટકી સાંભળવા લાગી.

'આજ પ્રયોગ બરાબર છે; અગર જો આ પ્રવાહીનું મિશ્રણ વધારે કરવામાં આવે તો માનવીને બીજા જ સ્વરૂપમાં ફેરવી શકાય.'

આવતો અવાજ શાંત થયો, કાચના પ્યાલા ખખડ્યા, મશીન ચાલતું હોય તેમ જણાયું. અવાજ ક્યાંથી આવે છે તે શોધવા તે યત્ન કરવા લાગી. પણ કાંઈજ જણાયું નહિ. તે કંટાળી ખાટલામાં પડી. કાને બોલાયેલ શબ્દોના પડઘા પડવા લાગ્યા. બોલનારનો અવાજ તેને ક્યાંક સાંભળ્યો છે તેમ તેને લાગ્યું, પણ ક્યાં સાંભળ્યો છે તે યાદ કરવા યત્ન કરવા છતાં યાદ આવતું નહિ.

પંદરેક મિનિટ આમ પસાર થઈ ગઈ હશે. તે ઊઠી 'હવે શું કરવું ?' તે વિચારવા લાગી. કાંઈક વિચાર આવતાં તેણે ઓરડાનું બારણું અંદરથી બંધ કર્યું, સાંકળ મારી, દિવાલો તપાસવા લાગી. કોઈ ગુપ્ત દ્વાર હોય તેની શોધ કરવા લાગી. ચોતરફ આંખો ફેરવવા લાગી પણ કાંઈ જ જડયું નહિ.

'અવાજ બાજુમાંથી આવતો હતો, તે નક્કી છે. પણ માર્ગ જડતો નથી.' બોલી ખાટલામાં પડી, તેની અજાયબી વચ્ચે ભીંત બે ભાગમાં વહેંચાતી જણાઈ. તેમાંથી હાડપિંજર બહાર આવતું જણાયું. તે ચમકી. ભિખારણ પાસે હાડપિંજર આવ્યું ને દિવાલ હતી તેમ થઈ ગઈ. ભિખારણ પાસે જઈ હાડપિંજર બોલ્યું : 'તું–તું દિવાલમાં કાંઈક શોધી રહી હતી કેમ ?' બોલતા હાડપિંજરની આંખોમાંથી વિદ્યુત્ કણ ઝરવા લાગ્યાં તેણે પોતાનો હાથ લંબાવ્યો. તે હાથમાં ખંજર ચમકતું હતું. ખંજર જોતાં જ ભિખારણને હાડપિંજર 'યમ' સ્વરૂપે દેખાવા લાગ્યું.

'બોલ શાંત કેમ છે ?' હાડપિંજરના મુખ પર ક્રૂરતા છવાએલી જણાતી.

ભિખારણ આ અમાનુષી ભયંકર મુખમુદ્રાવાળા હાડપિંજરથી કંપી રહી હતી. બોલવાની તો શક્તિ જ હરાઈ ગઈ હતી. હાડપિંજરે કીકીયારી કરી—સ્મશાનમાં પ્રેતો કીકીયારી કરી રહ્યા હોય તેમ. 'બદમાશ છોકરી ! તું નહિ જ બોલે. આ ખંજર તને બોલાવશે.' બોલતાં હાડપિંજરે ખંજર ઊંચું કર્યું ભિખારણે માની લીધું કે પોતે જેટલા શ્વાસો લઈ રહી છે તે હવે છેલ્લા જ છે. હાડપિંજરે ભિખારણના ગળા પર હાથ મૂકી ખંજર નીચે ઉતારવા માંડયું. 'નહિ જ બોલે ?' બોલી તેણે હાસ્ય કર્યું. એ હાસ્યથી ઓરડો કંપી ઉઠયો. ઓરડાની દિવાલો ધ્રૂજતાં ધ્રૂજતાં માનવીને જાણે કહી રહી હોય. 'આ હાડપિંજર શયતાનને પણ કંપાવે તેવું છે તેનામાં દયા

નથી. રક્તમાં સ્નાન કરવા તે સદૈવ આતુર હોય છે. માણસને મારવા એ અસ્થિઓ ટેવાએલા છે. દૂર રહો, દૂર રહો, તેનાથી દૂર રહો.'

આ દિવાલોના શબ્દો સમજવા—સાંભળવા માનવને ઇશ્વરે શક્તિ આપી હોત તો પણ તે શબ્દોનો અમલ તે કરી શકત કે કેમ તે પ્રશ્ન છે. હાડપિંજરના હાથમાં આવેલો શિકાર છટકી શકતો નહિ. તેને તો મરે જ છૂટકો હતો. અત્યારે ભિખારણની પણ મૃત્યુઘડીઓ ગણાઇ રહી હતી. પોતાના હાથે જ પોતે ઓરડો બંધ કર્યો હતો એટલે નાસી જવાનો રસ્તો અગાઉથી જ તેણે બંધ કર્યો હતો.

'કેમ તારે જીવવું છે?' હાડપિંજરે અટ્ટહાસ્ય કરી પૂછ્યું.

કોણ જીવવાની ઇચ્છા નહિ કરતું હોય! આશાના તાંતણે જીવતો માનવી કોઇપણ વયે મૃત્યુ ઇચ્છતો નથી. માનવી દુઃખથી પીડાતો રીબાતો હોય—દેહ જર્જરિત થઇ ગયો હોય મૃત્યુને સદૈવ કંટાળી પોકારતો હોય છતાં મૃત્યુને દેખી કંપે છે. વધુ જીવવા દેવા મૃત્યુને વિનવે છે. માનવીની દૃષ્ટિએ સુખ—વૈભવ લૂંટી લેનાર જો કોઇ શત્રુ હોય તો તે મૃત્યુ જ છે. ભલે શાસ્ત્રો કહે મૃત્યુ તે જૂનું કપડું કાઢી નવું પહેરવાનો સમય છે, છતાં માનવી તૈયાર નથી. તે તો પોતાને મળેલો દેહ—અને વેઠવા પડતાં સુખદુ:ખમાં રચ્યોપચ્યો રહેવા વિચારે છે. મૃત્યુ તે સત્ય—અનિવાર્ય છે, છતાં તેનાથી દૂર નાસે છે, પણ મૃત્યુના પંજામાંથી કોણ બચ્યું છે! જગતની કોઇપણ શક્તિ મૃત્યુને અટકાવી શકતી નથી.

'ભોંકી દઉં, આ ખંજર?'

'ના. ના, મારે જીવવું છે. આટલી નાની વયમાં મરવા મારી ઇચ્છા નથી.' કંપતાં કંપતાં ભિખારણ બોલી: 'અનાયાસે મારા કર્ણે કાંઇક અવાજ પડયો. એટલે એ અવાજ કયાંથી આવે છે તે જાણવા જિજ્ઞાસા થઇ, અને તેથી દિવાલને અટકી હતી. હવે હું કદાપિ સાંભળવા યત્ન નહિ જ કરું.'

'તે શું સાંભળ્યું ?'

'કાંઇ જ નહિ, અને જે મેં સાંભળ્યું છે તે મને યાદ પણ નથી.'

'એટલે ? શું તેં જે સાંભળ્યું છે તેમાંનું કાંઇ જ યાદ નથી ?'

'ના. હું જે કહી રહી છું તે સત્ય જ છે. હું યાદ કરવા મહેનત કરું, તો પણ યાદ આવી શકે તેમ નથી.'

'હું તારા શબ્દોમાં વિશ્વાસ રાખું છું. પણ યાદ રાખજે જો કદાપી એ સાંભળેલા શબ્દોમાંથી એક પણ શબ્દ કોઇને કહીશ તો આ ખંજર...'

કયો માનવી આ ભયંકર હાડપિંજર અને તેનું ખંજર જોયા પછી તેની ઇચ્છા વિરુદ્ધ વર્તવા તૈયાર થાય ? ભિખારણ હાડપિંજરથી વણબોલાયેલા શબ્દો–તેનો અર્થ સમજી ગઇ તે બે હાથ જોડી બોલી: 'હું ભૂલચૂકે પણ એ શબ્દ હોઠ બહાર આવવા નહિ દઉં.

'અને આવશે તો...' બોલતાં હાડપિંજરે ભયંકર હાસ્ય કર્યું. એ રકતને શાંત કરનાર હાસ્ય સાંભળનાર કદાપિ ભૂલી શકતો નહિ.

'મારી શકિત જેની મર્યાદા નથી, તે શકિતથી તને ક્ષણમાં મારી સાંનિધ્યમાં ખેંચી લાવીશ.

તારા ગળાને આ હાથથી દબાવીશ આ ખંજરથી તારા દેહ પર ઘા કરીશ. દર્દથી તું દુ:ખી થઇશ, છતાં તું બૂમ પાડી શકીશ નહિ. તું તરફડીશ. દયા માટે પોકાર કરીશ પણ બધું વ્યર્થ જશે સમજી.' બોલી હાડપિંજર ભિખારણના કાન પાસે મોઢું લાવી ધીમેથી કાંઇક કહી દૂર જવા લાગ્યું. પળમાં હાડપિંજર દિવાલમાં સમાઇ ગયું. ને ભિખારણને લાગ્યું કે પોતાનો આખો દેહ પ્રસવેદથી ભીંજાઇ ગયો છે. વળી એક હાથે હાડપિંજર તેનું ગળું દબાવી રહ્યું છે અને બીજા હાથે ખંજર છાતીમાં ભોંકવા તૈયારી કરી રહ્યું છે. તેણે આંખો મીંચી

દીધી. તેને ભય લાગતો હતો કે આંખ ખોલતાં હાડપિંજર દેખાશે અને તેથી શાંત પડી રહી, તેવામ નોકરે સાંકળ ખખડાવી. એટલે તેને આંખો ખોલ્યા સિવાય ચાલે તેમ ન હતું. ખાટલામાંથી ઉઠયા વિના છૂટકો જ ન હતો.' તે ભયથી કંપતી ચોતરફ જોતી ઊઠી. સાંકળ ખોલી બારણું ઉઘાડયું. નોકર ઓરડામાં આવી ખાવાની થાળી મૂકી ચાલતો થયો.

ભિખારણ ખાવા બેઠી. તેવામાં બિપિનચંદ્ર આવ્યા, સામે બેઠા.

'કેમ, અહીંઆ ફાવશેને ?'

'ના. હા.' જેમ તેમ કરી ભિખારણ બોલી.

'અરે આ શું ? તમારા મોઢા પરની લાલાશ કયાં અદૃશ્ય થઈ ગઈ. તમને શું થઈ ગયું ?'

'કાંઈ નહિ. કાંઇ.' જેમ તેમ કોળીઆ ગળે ઉતારતી ભિખારણ બોલી.

'શું ખાવાનું ભાવતું નથી. શું રસોઇ સ્વાદિષ્ટ નથી ?' ભિખારણ બરાબર ખાતી ન હતી તે જોઈ બિપિનચંદ્રે કહ્યું.

'રસોઈઓ કેવી રસોઈ બનાવવી તે જ સમજતો નથી. ઘેર આવેલા મહેમાનને પસંદ પડે તેવી વાનીઓ બનાવવાને બદલે...'

'ના, ના. શેઠ, રસોઇ તો સ્વાદિષ્ટ છે. ને અમને ભિખારીઓને તો ગમે તેવી રસોઈ હોય તો પણ ચાલે. કયે દિવસે અમારા નસીબમાં આવું જમણ જમવાનું હોય છે ?' બોલતી ભિખારણે હાથ ધોયા. નોકર આવ્યો, થાળી લઈ ગયો ભિખારણ ત્યાંથી ઊઠી દૂર ઊભી રહી.

'માથામાં દર્દ તો થતું નથી ને ?'

'ના, બહુ જ સારું છે. મને હવે રજા આપો તો સારું અમે તો રમતા જ સારા. રાત દિવસ સ્વતંત્ર રીતે ફરવા ટેવાયેલા, લૂખુસુકું ખાવા ટેવાએલાને અહીંઆ નહિ રહેવાય, આ ભોજન–સગવડ દુઃખ-કર્તા જ નિવડવાના.'

'એટલે શું તમારે જવું છે?'

'જી. હું અહીંઆ રહી શકીશ નહિ. સલામત રહો મને તો મારી ઝુંપડી. આ બંગલાના મોહમાં હું મારા જીવનનો સોદો કરી શકું તેમ નથી.'

'એટલે? એટલે?' શેઠે પૂછ્યું.

'એટલે કાંઈ જ નહિ.' કાંઈક યાદ આવતાં તે શાંત થઈ ગઈ. કેટલીક ક્ષણો માટે ઓરડીમાં શાંતિ પથરાઈ ગઈ. તે શાંતિનો ભંગ કરતાં શેઠે પૂછ્યું. 'અરે, હું તો તમારું નામ જ પૂછવાનું ભૂલી ગયો.' બોલી શેઠે ભિખારણ સામું જોયું. 'તમારું નામ શું?'

'અમારે વળી ભિખારીને નામ શાં? લોક ગમે તે નામે બોલાવી શકે છે.' ભિખારણે કહ્યું.

ને એ પુરાતન સત્ય છે. ગરીબનું નામ અને તે ગમે તેટલું સુંદર હોય પણ જગતના કહેવાતાં મહાન માનવીઓ તે નામ બગાડી જ નાંખવાના. ગરીબોને સારું નામ ધરાવવાનો અધિકાર જ ન હોય તેવી તેઓની માન્યતા હોય છે. અને ગરીબોને પોતાનું નામ બગાડનારને કાંઈ જ કહેવાનો અધિકાર જ હોતો નથી. જો તેઓ કદાચ વિરોધ કરે તો તેમનું અસ્તિત્વ જોખમાઈ જાય છે.

કેટલાએ એ કચડાએલા આત્માના જીવવાના હક્કની માંગણી કરે છે, તેઓનું નેતૃત્વ લઈ પ્લેટફોર્મ ઉપરથી મોટા ભાષણો કરે છે. પરંતુ સમય આવતાં એ જ નેતાઓ તેમના શ્વાસ રુંધે છે. ને ગરીબો પોતાની ઝુંપડીઓમાં અશ્રુઓ પાડતા બેસી રહે છે.

'તું આમ કેમ કરે છે?' 'તમે'નું 'તું' કરતાં બિપિનચંદ્ર બોલ્યા.

'કાંઈ નહિ શેઠજી! મને હમણાં એકલી રહેવા દો તમે જાવ.'

'પણ તને થઈ શું ગયું છે?'

'કાંઇ જ નહિ.' ભિખારણે કહ્યું.

'ઠીક ત્યારે હું જાઉં છું.' બોલતા શેઠ ચાલ્યા ગયા, ભિખારણે બારણું બંધ કર્યું ખાટલામાં સુતી સાથે જ વિચારમાળા શરૂ થઈ, તે વિચારમાળાનો અંત ભયંકર હાસ્યથી આવ્યો, તે ચમકી, દિવાલ સામે જોયું તો હાડપિંજર તેની દૃષ્ટિએ પડ્યું.

'છોકરી અહીંઆથી નાસી જવા વિચારે છે? પણ યાદ રાખ આ લોહી તરસ્યો છરો તને અહીંઆથી જીવતી બહાર નહીં જ જવા દે. મારી આજ્ઞા છે કે તારે આ સ્થળ છોડી ક્યાંય જવું નહિ, છતાં તું જશે તો આ મારા હાથ...' બોલતા હાડપિંજરે હાથ લંબાવ્યો. 'તને ગમે ત્યાંથી ખેંચી લાવશે. હું તારી દૃષ્ટિએ પુનરપિ એટલા માટે જ જણાયું કે તું શેઠને આ ઓરડાની ભયંકરતા વિષે કહેવા વિચારતી હતી. માટે માટે...' બોલતું હાડપિંજર ધ્રૂજવા લાગ્યું 'તું મારું બલિદાન છે જ્યારે મેં તારું રક્ત ચૂસી લીધું હશે, ત્યારે તારું શબજ બહાર જશે તારું ભાવિ સાંભળી લે.'

ને હાડપિંજરે કરેલા અટ્ટહાસ્યથી ઓરડો કંપી ઊઠ્યો.

## પ્રકરણ આઠમું

## શયતાનના પંજામાં

'મિ. રજનીકાન્ત! હવે વિલંબ શા માટે? તમે તમારા માણસોને લઈ મારી સાથે ચાલો, એકાદ વિકેટ આજ ખચિત ખેરવી નાંખીશું.' રમેશે કહ્યું. 'હું જે કહું છું તે તદ્દન સત્ય જ છે. આજ સવારના ભિખારણ તેના મકાન આગળથી ગાતી ગાતી પસાર થઈ હતી. તેની પાછળ બિપિન મોટર સાયકલ લઈ ગયો—એક્સિડેન્ટ થયો ને તેણે ભિખારણને સારવાર માટે ડૉક્ટર દિનેશને ત્યાં મોકલી, ડૉક્ટર દિનેશે ડ્રેસીંગ કર્યા પછી તે ભિખારણ છોકરીને બિપિનને ત્યાં પહોંચાડી છે અને અત્યારે તે ત્યાં જ છે.'

'પરંતુ બિપિનચંદ્ર સંબંધમાં અદ્યાપિપર્યંત કાંઈજ મારા રેકાર્ડ પર આવ્યું નથી, જેથી શંકાને સ્થાન આપી શકાય તેના જેવો ધાર્મિક પરોપકારી ઉદાર ગૃહસ્થ ભાગ્યેજ જોવા મળશે.'

'માની લઉં છું મિ. રજનીકાન્ત! તમારી વાતને. પરંતુ, યાદ રાખો ઉજળું એટલું બધુંજ દૂધ હોતું નથી જો તમારે ગુનેગારોને પકડવાજ હોય, તમારા હાથમાંથી ગએલી વીણાને ફરીથી પાછી મેળવવી હોય તો જે માર્ગે હું દોરી રહ્યો છું, તે માર્ગે જ આગળ ડગલાં ભરો અત્યાર સુધી મેં તમને જે જે કહ્યું તેમાં અસત્ય શું દેખાયું! છતાં બિપિનચંદ્ર માટે વધુ ખાત્રી જોઈતી હોય તો રાતના શહેરના છેડે આવેલા રાધા નર્તકીના મકાને જઈ પહોંચજો.

રાત્રે એ મકાનમાં નૃત્ય ગાયનનો જલ્સો થાય છે. અમુક અધિકારી વ્યક્તિઓ અંદર જાય છે. બીજા બહારથી રસ્તા ઉપરથી સાંભળે છે જેમ સાકર દૂધમાં મળી જાય તેમ તમે પણ બહાર જમા થએલી મેદનીમાં મળી જજો. અને આંખો ખૂલી રાખી મકાનમાં જનારાઓને જોઈ રહેજો. તો તેમાં તમને બિપિનચંદ્ર જોવા મળશે, આથી વધુ મારે તમને કહેવાનું નથી. તમને પ્રતીતિ થાય એટલે આવજો.' કહી રમેશ રજનીકાન્ત પાસેથી ઉઠી ચાલતો થયો. રજનીકાન્ત વિચાર કરતો બેસી રહ્યો. અંતે તે નિશ્ચય પર આવ્યો–રાધાના મકાને સાંજના જવા નક્કી કર્યું, અને ખાત્રી કરી કે રમેશે આપેલી માહિતી કેટલા ટકા સાચી છે. પોતાનું પોલીસ ખાતું રમેશ જેટલી માહિતી મેળવે છે તેટલું મેળવી શકતું નથી તે બદલ તેને શરમ આવી. પોતાના હાથ નીચેના ઓફિસરોને બોલાવ્યા. ઇન્સ્પેકટર સાહેબનો સંદેશો મળતાં જ બધાં તેની પાસે આવ્યા.

'મિત્રો ! મારા મોઢે આપણી શરમની વાત કહેતાં મને ઘણું દુઃખ થાય છે આપણા શહેરમાં કોઈ દૂરથી આવેલા માણસે ભેદી માનવનું સ્થાન શોધી કાઢયું, તેમાં રહેલી રચનાઓનો નકશો તૈયાર કર્યો. અત્યારે પણ તે આગળ વધી રહ્યો છે. આપણે આવા ગુના પકડવા માટે આ ખાતામાં રોકાએલા છીએ, છતાં આપણે કાંઈજ કરી શકયા નહિ, એ ભેદી માનવ કોણ છે ? તે સંબંધમાં આપણી અત્યાર સુધીની તપાસનું પરીણામ શૂન્યમાંજ આવ્યું છે. આ આપણી નિર્બળતા માટે આપણે શરમાવું જોઈએ. હું ઇચ્છું છું, આપણે, આપણી પોલીસ વધુ બુદ્ધિનો ઉપયોગ કરતાં શિખીએ અને નિર્બળતાના કલંકને ધોઈ નાંખીએ.'

પોલીસ અધિકારીઓએ રજનીકાન્તના શબ્દો શાંતિથી સાંભળ્યા; અને બદમાશને પકડવા પોતાનાથી બનતું બધું જ કરવા જણાવી છૂટા પડયા.

બધાનાં ગયા પછી રજની પોતાના કામે વળગ્યો. પરંતુ કામ

થઈ શકતું નહતું. તેની દૃષ્ટિ સમક્ષ રાધાનું મકાન જણાતું હતું. તે પળે પળે ઘડિયાળ સામે જોતો, સાંજનો સમય ક્યારે થાય તે વિચારતો, આખરે તેની અધિરાઈનો અંત આવ્યો. સાંજનો સમય થયો, તે સારાં કપડાં પહેરી રાધાના મકાને જવા ઉપડ્યો.

રાધાનું મકાન ગમે તેવો અજાણ્યો માણસ પણ શોધી કાઢી શકે તેવું હતું કારણ કે તેના મકાનને શણગારવાની રીત અનોખી, બધાંથી જુદી હતી. તે મકાન બીજા મકાનોથી જુદું તરી આવતું હતું; તે ત્યાં આવી અટક્યો.

ગાયનના શોખીનો ધીરે ધીરે એકત્ર થવા લાગ્યા, અને યોગ્ય સ્થાને ગોઠવાવા લાગ્યા. રજનીકાન્ત પણ તેમાં ભળી ગયો. રાધાના સંબંધીઓ, જુગારના શોખીનો આવવા લાગ્યા. ભેગા થએલા લોકો તરફ એક દૃષ્ટિપાત કરતા અંદર જવા લાગ્યા અંદરથી વાજિંત્રોના કર્ણપ્રિય સુરો બહાર આવવા લાગ્યા. તેવામાં બિપિનચંદ્ર શેઠ તદ્દન સાદા વેશમાં આવ્યા. રજનીકાન્તની આંખોએ તેને ઓળખી લીધો. રમેશના શબ્દો સોએ સો ટકા સાચા લાગ્યા.

મકાનમાં સંગીત–નૃત્ય થવા લાગ્યું, તે સંગીતની તારીફ બહાર બેઠેલા કરેજ જતા. અને કેટલાક તો પોતે અંદર જઈ શકતા નહતા તે બદલ નિઃશ્વાસ પણ નાખતા.

રાત જતાં સંગીત બંધ થયું બધા જવા લાગ્યા, રજની પણ ધીમે ધીમે પોતાના મકાને જવા લાગ્યો. બિપિનચંદ્રની સાથે રમનારાઓ આજે રમ્યા વિના-જ જવા લાગ્યા. કારણ આજે બિપિનને ઘેર જવા ઉતાવળ હતી.

'કેમ આજ આટલી બધી ઉતાવળ ?' રાધાએ બિપિનનો હાથ પકડી પૂછ્યું.

'આજ કોણ જાણે કેમ ઉંઘ આવી રહી છે.' શેઠે પ્રત્યુત્તર વાળ્યો.

'આજે સંગીતમાં તમને આનંદ આવ્યો હોય એમ જણાતું નથી. આવ્યા છો ત્યારના જઉં જઉં ઝંખી રહ્યા છો. આજે તમને થયું છે શું? આ પાગલ...' બોલતાં તેણે પાગલ તરફ જોયું.

'ઓ હો, તારો પાગલ હવે તો તને મળી ગયો ને? મારે તેની નોકરી છોડાવવી જ પડી. શું થાય મારાથી તારું દુઃખ દેખાતું નહોતું.'

શેઠના શબ્દે રાધા હસી.

'કેમ હસું આવ્યું?' શેઠે પૂછ્યું.

'તમે કહો છો, તારું દુઃખ દેખી નોકરી છોડાવી. જ્યારે આ પાગલ કહે છે, તમે જેની પાસે રખાવ્યો હતો અને તેને જે પંખીઓની સંભાળ રાખવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું તે પંખીઓ ઊડી જતાં તેને રજા મળી. જવાનું બંધ થયું અને તેથી તે દુઃખી થાય છે. એક મારું મનરંજન કરવા યત્ન કરે છે, જ્યારે બીજાને મારી પરવા નથી. તેથી મને હસવું આવ્યું. વળી પાછો એ કહેતો હતો કે આજે તમારાથી એક અકસ્માત થઈ ગયો, શું એ સાચું છે?'

'અકસ્માત' શબ્દે શેઠ ચમકયા 'પાગલ ત્યાં કયાંથી?' મનમાં બબડયા. બોલ્યા, 'આ પાગલની ભાષા તું સારી રીતે સમજી શકતી હોય તેમ જણાય છે.'

'ઘરમાં રાખ્યો છે એટલે તેની ભાષા સમજવી તો જોઈએ જ ને, નહિ તો છબરડા વળે જ જાય. પણ કહો તો ખરા કે શું બન્યું હતું?'

'કાંઈ નહિ એ તો સહેજ.' બોલતાં વાત બદલવા યત્ન કર્યો. 'હવે તો તને અહીંઆ આનંદ રહે છે ને?'

રાધા સમજી ગઈ કે શેઠ વાત ઉડાવવા માંગે છે. એટલે તેને પણ જાણવાની જિજ્ઞાસા છોડી દીધી.

'સાથીદાર હોય એટલે આનંદ તો થાય ને? તમને ક્યાં મારી

પડી છે ? તમને તો લોકોનાં દુઃખો દૂર કરવામાંથી સમય મળતો નથી. એટલે મારે આવા રમકડા જેવા પાગલ સાથે સમય ગુજારવોજ રહ્યો ને ? બાળકને જેમ ઢીંગલી આપવામાં આવે ને તે મળતાં બધું જ ભૂલી જાય ને ઢીંગલી સાથે રમવામાં તલ્લીન બની જાય–આનંદ મેળવે–તેવું મારા માટે છે. મારી ઢીંગલી આ પાગલ. કેમ રે ?'

પાગલે માથું ધુણાવ્યું. અને હસવા લાગ્યો. તિરસ્કાર ઉપજાવતા મોઢેથી થતું હાસ્ય કોને સાંભળવું ગમે ?

બિપિનચંદ્ર રાધાના શબ્દો સાંભળી હસ્યા, બોલ્યાઃ 'મોંઢું ય જોવું ન ગમે તેવા આ પાગલ સાથે સમય જાય કેમ ? આનંદ મેળવાય કેમ ?'

'માને પોતાનું કદરૂપુ બાળક શું બીજાના સુંદર બાળક કરતાં વધુ સુંદર નથી લાગતું ? મા તે બાળક પાછળ પાગલ નથી થતી ? બાહ્ય દષ્ટિએ જોનારને સાચું ક્યારે દેખાય છે ? બાહ્ય આકર્ષણોથી અંજાતા માનવીને આંતરિક સુંદરતા–સત્ય–ક્યારે સમજાય છે ?'

'એટલે શું હું સત્ય સમજી શકતો નથી ? સાચી સુંદરતા જોઈ શકતો નથી ?'

'એવું તો મારાથી કહેવાય જ કેમ ? આપ તો મહાન છો. આપની દષ્ટિ દિવ્ય છે. નહિ તો આ પાગલ મને પાછો મળત જ કેમ ?'

'રાધા !' હસતાં હસતાં શેઠ બોલ્યા. 'જીવનની શરૂઆતમાં આ પાગલ જોયો હોત તો...'

'પરણી જાત.' રાધાએ શેઠના શબ્દોને આગળ વધતા અટકાવી કહ્યું.

'અને તારી પસંદગી પર જનતા પુષ્પ વર્ષાવત.' બોલતાં શેઠ હસ્યા ને ઊઠયા.

'સૂર્યને પ્રકાશ નહિ સહન કરનાર ઘુવડ જેવા બધા થોડા જ

હોય છે?' બોલી રાધા હસી. 'શું જાવ છો?' બોલતાં તેનું હાસ્ય અદૃશ્ય થઈ ગયું. કરમાએલા પુષ્પ જેવું તેનું મોઢું થયું.

'ગાંડી.' બોલી, હસી શેઠ ચાલ્યા ગયા.

શેઠના ગયા પછી રાધા પાગલ પાસે આવી. બોલીઃ 'પાગલ.'

પાગલે રાધા તરફ જોયું. રાધાના નેત્રોમાંથી પ્રેમ વર્ષી રહ્યો હતો. 'કાંઈ સાંભળવું છે?' પણ, પાગલ તરફથી કાંઈજ જવાબ મળ્યો નહિં તે તો વિચારવશ સ્થિતિમાં બેસી રહ્યો.

'પરણી જાત એમ કહ્યું તેથી ખોટું લાગ્યું? મારા જેવી તને પસંદ નથી?'

પાગલની આંખોમાંથી કોણ જાણે કેમ આંસુ આવ્યાં.

'પાગલ.' બોલતી પાગલનાં આંસુથી ગભરાતી રાધાએ તેનો હાથ પકડયો. 'આ આંસુથી મને કેટલું દુઃખ થાય છે તે તને સમજાય છે?' બોલતી રાધા તેને અંદરના ઓરડામાં ખેંચી ગઈ. ને તેની પથારી બતાવી. પાગલ સૂતો. રાધા તેની સાથે વાતો કરતી પોતાની પથારીમાં સૂતી. નિદ્રાએ ઉભયને પોતાની ગોદમાં લીધાં.

હજી તો રમેશ ચા પી પરવાર્યો પણ ન હતો. તે પહેલાં રજની ત્યાં આવ્યો તેને જોતાં જ તે બોલ્યો.

'આજ ચા પીનાર સાથી મળ્યો ખરો. રોજ એકલા ચા પીતા કંટાળતો હતો. લ્યો ચા પીઓ.' બોલી રજની તરફ ટ્રે સરકાવી રજનીએ કપમાં જોઈતું દૂધ-ચાનું પાણી ખાંડ નાંખી ચા બનાવી.

'તમે તદ્દન સાચા છો. અમારા કરતાં તમારી દૃષ્ટિ દીર્ઘ છે. હું તમારા કહેવા પ્રમાણે રાધાના મકાન આગળ ગયો હતો. ત્યાં મેં બિપિનને જોયો. બહારથી ધાર્મિક જણાતા—ગણાતા બિપિન પર મને તિરસ્કાર આવ્યો. તેને તેજ સ્થળે પકડી બે શબ્દો કહેવાનું મન થયું, પરંતુ બાજી બગડી જાય તેટલા માટે જ હું શાંત રહ્યો.

'ઘણું જ સારું કર્યું !' બોલતાં ઉભય ચા પીવા લાગ્યા. 'મિ. રજનીકાન્ત ! આજ સાંજના આપણે દરોડો પાડીએ. સારા માણસો સાથે રાખજો. બદમાશ હાથથી છટકી ન જાય તે માટે સંભાળ રાખવી પડશે. પહેલેથી જ શેઠના મકાનની આસપાસ સાદા વેશમાં હથિયારો સાથે પોલીસોને ગોઠવી દેજો એટલે જરૂર પડતાં તેમને બોલાવી લઈશું. તે લોકોને જણાવી દેવાનું, 'વ્હીસલ' સાંભળતાં જ ત્યાં આવી જાય.'

'ઉત્તમ. તમે ક્યાં મળશો ?'

રમેશે જવાબમાં રજનીકાન્તના કાનમાં કાંઈક કહ્યું.

'ત્યારે હું જાઉં ?'

'ખુશીથી.' રમેશનો જવાબ મળતાં રજની ગયો. ઓફિસે આવી રજનીકાન્તે પોતાના માણસોને યોગ્ય સૂચનાઓ આપી, પહોંચી જવા જણાવ્યું. માણસો ફરજ બજાવવા ચાલ્યા ગયા.

બિપિન શેઠ બહાર નીકળવાની તૈયારીઓ કરી રહ્યા છે તે સમયે એક આંધળાને દોરતો ફાટયાં તૂટયાં કપડાંવાળો જુવાન શેઠના બારણા આગળ આવી અટકયો.

આ ગરીબોને જોતાં શેઠ બોલ્યા : 'શું જોઈએ છે ?'

'બાપા ! આ શેઠ પૂછે છે કે શું જોઈએ છે ?'

'એ દેવ જેવા શેઠ કયાં છે ? મારા દીકરા ! હું તેમને પગે પડું, ભલું થજો એમનું કે મારી દીકરીની દવા કરાવી ઘેર લઈ આવ્યા.'

વૃદ્ધના શબ્દો સાંભળતાં શેઠ ચમકયા.

'અલ્યા ! શું બકે છે ? હું કયારે તારી છોકરીને લાવ્યો ?'

'કેમ બાપા ! આમ બોલો છો ? કાલે તમારી બાઈસિકલથી બિચારીનું માથું ફૂટી ગયું હતું ને દયાળુ દાક્તર સાહેબે પાટો બાંધ્યો હતો અને તેમના માણસ સાથે અહીંઆં આણી હતી. પેલી વીસેક વરસની રૂપરૂપના અંબાર જેવી છે ને તમારા ઘરમાં છે એ.'

'અહીંઆ તો કોઈ નથી. ચાલતો થા.' શેઠે જોરથી કહ્યું. જોરથી બોલાતું સાંભળી ભીખારણ ત્યાં આવી. છોકરીને જોતાં છોકરો બોલ્યો: 'બાપા! આ આવી. બુન! બાપા બોલાવવા આવ્યા છે, આ બદમાશ તો કહે છે કે અહીંઆ કોઈ નથી. સારું થયું કે તું દોડી આવી.' જુવાનને જોરથી બોલતો સાંભળી લોકો ભેગા થવા લાગ્યા.

'ધર્માત્મા થઈને આવાં કામ કરે છે?' છોકરો બોલ્યો.

'જરા અંદર આવો. શું આ છોકરી તમારી છે? તે તો કહેતી હતી કે મારું કોઈજ નથી.'

ભિખારણ વિચારમાં પડી ગઈ કે આ કોણ? છોકરો અને વૃદ્ધ અંદર આવ્યા. બિપિનચંદ્ર આ બંનેને ભિખારણના ઓરડામાં લઈ ગયો. ભિખારણ તેમની પાછળ ત્યાં આવી.

'આ છોકરી તમારી છે એમ ને?' ભિખારણને બતાવતાં શેઠે પૂછ્યું.

'હા,' ડોસાએ જવાબ આપ્યો.

'તમે તેને ખુશીથી લઈ જાવ. મારે તો તેની સારવાર કરવી હતી. છોકરી! જા, આ તારા બાપ-ભાઈ સાથે...'

'ના. મારે તો નથી જવું.' ભિખારણે જવાબ આપ્યો.

'તમારી દીકરી છે તો તમે લઈ જાવ. હું બહાર બેઠો છું' કહી શેઠ ઓરડામાંથી બહાર ગયા. કોઈજ નથી તેની ખાત્રી કર્યા પછી યુવાન બોલ્યો.

'એ છોકરી! હું પોલીસ ઇન્સ્પેકટર છું અને આ ડિટેક્ટીવ રમેશચંદ્ર છે. તું કહી દે, આ શેઠે જબરજસ્તીથી મને અહીંઆ રાખી છે. એટલે આ ક્ષણે જ તેને હું ગિરફતાર કરી લઉં.'

ભિખારણ જવાબ આપવાને બદલે વિચાર કરવા લાગી, કાંઈક કહેવા તૈયાર થાય તે પહેલાં ભયંકર અવાજ આવ્યો.

'ઇન્સ્પેકટર સાહેબ! ડિટેકટીવ રમેશચંદ્ર! પધારો, એક વખત છટકી ગયા હતા પણ આજ ફરીથી મારે સપાટે ચઢયા. આપ આ છોકરીને લઈ જવા આવ્યા છો? હા—હા—હા.' હસવાનો અવાજ આવ્યો ચોતરફ રમેશ–રજની જોવા લાગ્યા. પણ કાંઈ જ જણાયું નહિ. તેથી રજની બોલ્યો.'

'કોણ બોલ્યું હશે?'

'હું' અવાજ આવ્યો. સાથે જ દિવાલ જુદી થઈ. હાથમાં પિસ્તોલ સાથે હાડપિંજર તેમની દૃષ્ટિએ પડયું.

'જો સહેજ પણ અવાજ કરશો, બહાર બેઠેલા શેઠને એક પણ શબ્દ સાંભળવાની તક મળશે તો આ નળીમાંથી જે ગેસ નીકળશે તે તમને મૃતપ્રાયઃ કરી નાંખશે. કહો અવાજ કરવો છે! જો જીવવું હોય તો તમારા હથિયારો નીચે નાંખી દો.'

પણ રમેશ–રજની હાડપિંજરના શબ્દો માનવા તૈયાર ન હતા તેમણે પોતાના હથિયારોનો ઉપયોગ કરવા વિચાર્યું.

'નહિ જ માનો.' ક્રોધથી હાડપિંજરે કહ્યું 'મારી અવજ્ઞા કરવાનું ફળ.' બોલતાં તેણે પિસ્તોલનો ઘોડો દબાવ્યો......

# તૃતીય ખણ્ડ

## પ્રકરણ પહેલું

### ગેબી મદદગાર

મૃત્યુના ખેલ ખેલાઈ રહ્યા, હાડપિંજરે પોતાની પિસ્તોલની નળીમાંથી જે ગેસનો ઉપયોગ કર્યો તેનાથી રજની, ભિખારણ, રમેશ અવશ બની ગયાં; હાડપિંજરે ભયંકર હાસ્ય કર્યું. માનવ-રક્તાપિપાસુ હાડપિંજરથી આ નિર્દોષોનું કોઈપણ રક્ષણ કરી શકે તેમ ન હતું. તેણે બેશુદ્ધ પડેલા રજની અને રમેશને ઉપાડી દીવાલની અંદરના માર્ગે જવા વિચાર્યું. તે રજની પાસે આવ્યો, ઉપાડયો ને દીવાલની અંદરના માર્ગે જવા લાગ્યો, તેવામાં રમેશની મૂર્છા વળી. તે ઊઠયો: ભિખારણ પણ ઊઠી. રમેશે સંયોગોનો વિચાર કરી લીધો, ભિખારણ પાસે આવી, તેને કાંઈક કાનમાં કહ્યું, ભિખારણે પણ કાંઈક કહ્યું; સાથે જ રમેશ દીવાલ તરફ દોડયો. હાથ ફેરવતાં, ખીલી જેવું કાંઈક હાથમાં આવ્યું. તે દબાવતાં દીવાલ જોડાઈ ગઈ.

'આ ખીલીને તું અંદર જવા દઈશ નહિ. હવે સામનો કરવો જ પડશે.' ભિખારણને કહી તે બહાર આવ્યો. ત્યાં બિપિન ન હતો, તેણે 'વીસલ' મારી, પોલીસો દોડી આવ્યા.

'અહીંઆથી કોઈ બહાર નીકળ્યું છે?' રમેશે પૂછયું.

'કયાંય નહિ, ડિટેકટીવ સાહેબ! હું કયાંય ગયો નથી.

તમારી સેવામાં હાજર જ છું. હું તમને પૂછી શકું છું કે તમે અહીંઆ શું ધાંધલ મચાવી રહ્યા છો? આ પોલીસોને અહીંઆ શા માટે બોલાવવામાં આવ્યા છે? તમારી સાથે જે પોલીસ ઇન્સ્પેક્ટર હતા તે ક્યાં છે? તમે આવ્યા ત્યારે ભિખારીનાં બાપ હતા ને? મિ. રમેશ!' લાલ આંખ કરી બિપિન બોલ્યો: 'તમારા માટે ડોકટર દિનેશ પણ ફરિયાદ કરતો હતો કે તમે તેને સપડાવવા ગયા હતા, મારે ત્યાં પણ તેવી જ ચાલાકી ચલાવી રહ્યા છો. મારી પ્રતિષ્ઠાને કલંકિત કરવા યત્ન કરી રહ્યા છો. હું આ સંબંધમાં ઘટતાં પગલાં લેવાનો જ છું. યાદ રાખો સત્ય પાસે પ્રપંચો નિરર્થક છે. તમારી જાળ અન્યત્ર બિછાવજો.'

રમેશ શાંતિથી સાંભળી રહ્યો તે લાચાર થઈ ગયો હતો. રજનીને હાડપિંજર ઉઠાવી ગયું છે તે કહેતાં કોઈ માને તેમ ન હતું. દગાબાજ ધાંધલ કરી રહ્યો હતો.

'જાવ. તમે ચાલ્યા જાવ.' રમેશે કેટલોક વિચાર કર્યા પછી પોલીસોને જણાવ્યું અને પોલીસો ચાલ્યા ગયા પોલીસોના ગયા પછી બિપિનને ઉદ્દેશી રમેશ બોલ્યો.

'શેઠ! તમે મને ડરાવી રહ્યા હતા કેમ? તમારી ધરપકડ કરવા માટે મારી પાસે પૂરતા પૂરાવા છે. તમે એની ના પાડી શકશો નહિ કે તમારા મકાનમાં ભયંકર કાર્યો થતાં નથી; તમે એ શયતાનોના સાથીદાર છો. અને રજનીકાન્ત ક્યાં છે તે તમારે જાણવું છે? ચાલો. હું તે તમને બતાવું.' બોલતો રમેશ બિપિનનો હાથ પકડી ભિખારણ હતી ત્યાં આવ્યો, બોલ્યો. 'શેઠ! આ ખીલી, શું તમારા કાળાં કામની સાક્ષી નથી?' કહી તેણે ખીલી દબાવી. દીવાલ જુદી થઈ ગઈ. માર્ગ દેખાયો. 'શેઠ! આજ માર્ગે તમારો સહચર શું રજનીને નથી લઈ ગયો? અને 'હાડપિંજર' જે દેખાય છે તે 'જીવતું ભૂત' નથી એમ કહેવાની તમે હિંમત કરી શકશો? તમારે મને ડરાવવા ઊંચા સ્વરે બોલવું છે કેમ? બોલો, હું

પણ શહેરીઓને બોલાવીશ, આ માર્ગ બતાવીશ. અને જણાવીશ, જોઈ લ્યો આ સફેદ કપડામાં છુપાએલો શયતાન. લોકો જોશે, અને તમારી પર થૂંકશે. તમારી પ્રતિષ્ઠા પાતાળમાં પેસી જશે. બોલાવું...?'

'પણ–પણ–આ માર્ગ વિષે હું ખરેખર અજ્ઞાત છું.' રમેશને આગળ બોલતો અટકાવી તે બોલ્યો, તેના મુખ પર નિર્દોષતાના ભાવો તરવરી રહ્યા હતા. 'સાચે જ બદમાશોએ મને પાયમાલ કરવા અહીં આ માર્ગ બનાવ્યો હોવો જોઈએ. આ ભિખારણ માટેજ મેં આ ઓરડો ઉઘાડયો છે નહિ તો આ ઓરડામાં હું આવતો નહોતો.' બોલતો તે ગળગળો થઈ ગયો. 'સાહેબ! આ પૂરાવાના આધારે તમે મને બદનામ કરી શકો છો. મને આત્મહત્યાના પંથે વાળી શકો છો. મારા માટે પ્રતિષ્ઠા કરતાં પ્રાણ વધારે નથી.'

'ઓહો, તમે તો કુશળ અભિનેતા પણ જણાવ છો. છતાં તમે મને છેતરી શકશો નહિ.' બોલતાં રમેશના મુખ પર કડકાઈ આવી. 'તમે દંભના પાયા પર જે પ્રતિષ્ઠાની ઈમારત ચણી છે તે હું સારી રીતે જાણું છું. કહો, બિપિનચંદ્ર! રાધા વેશ્યાના મકાનમાં જુગારખાનું કોણ ચલાવે છે?'

'રાધા અને જુગારખાનું' શબ્દ સાંભળતાં મુખ પર ફિક્કાશ આવી ગઈ છતાં હિંમત રાખીને બોલ્યો: 'રમેશચંદ્ર! તમે રાધા, જુગારખાનું અને મને બરાબર સમજ્યા નથી: તમે કહો છો તેમ હું રાધા વેશ્યાને ત્યાં જાઉં છું. પણ એ રાધા વેશ્યા કોણ?' બોલતાં તે થોભ્યો. મસ્તક ઊંચું કર્યું, 'વિષયી કૂતરાઓની સરદાર ચંપા વેશ્યાના હાથમાં પડેલી. જેનો દેહ તે કૂતરાઓદ્વારા ચુંથાવાની તૈયારીમાં હતો ત્યારે વેશ્યાને ત્યાંથી નાસી છૂટેલી, મારી મહેનતે અને પૈસે બચેલી એક અનાથ સ્ત્રી અને તેનું મેં રક્ષણ કર્યું છે: જ્યારે લોકો તેનો તિરસ્કાર કરતાં હતાં ત્યારે મેં તેના પર ઉપકાર કર્યો, રહેવા ઘર આપ્યું બધી સગવડો આપી બદલામાં તે મને સંગીત–

જૂત્ય આપે છે. તમે કહો છો. હું જુગારખાનું ચલાવું છું. તેનો તમારી પાસે પૂરાવો છે? કોઈએ મારો હાથ પકડ્યો છે? છતાં માની લઈએ કે હું જુગાર રમાડું છું. પણ કહેશો, જગતમાં કોણ જુગાર નથી રમતું. પ્રત્યેક ભિન્ન ભિન્ન પ્રકારે જુગાર રમે જ છે. તમે મને સપડાવવા શું જુગારનો દાવ નથી રમ્યા? ભિખારી બની તમે મારે ત્યાં આવ્યા, તે શું તમારો દાવ નહોતો? આ માર્ગ સાથે મારો સંબંધ બતાવી મારી પ્રતિષ્ઠાને હલકી પાડવા શું દાવ નહોતો નંખાયો? તમે દુનિયાના માનવી સાથે જીવનના જુગાર ખેલો છો ત્યારે હું તમારા કહેવા પ્રમાણે પૈસાનો જુગાર ખેલું છુ.' બોલતાં તેના ચહેરા પર ઉગ્રતા આવવા લાગી. 'મિ. રમેશ! મારા જેવા માણસ પર આક્ષેપ કરતાં શરમ નથી આવતી? હું તમને કહું છું કે તમે અહીંઆથી ચાલ્યા જાવ.'

રમેશ હવે શું કરવું અને શું ન કરવું તેના વિચારમાં પડ્યો.

'કેમ, મારા શબ્દો નથી સંભળાતા? મારે તમને ધક્કો મારી બહાર કાઢવા પડશે. તમે મારા પર કુઠારાઘાત કર્યો છે, મારી પ્રમાણિકતા પર સંશય આણ્યો છે. એકાએક આ માર્ગ જોતાં હું ગભરાયો હતો, મારી પ્રતિષ્ઠા સરતી હું જોઈ રહ્યો હતો. ત્યારે મેં તમારી સમક્ષ મારી નિર્દોષતા જાહેર કરવા યત્ન કર્યો હતો, છતાં તમે મને વિષયી, જુગારી માન્યો, તમારી દૃષ્ટિએ કોણ નિર્દોષ હોઈ શકે તે જ હું સમજી શકતો નથી. કેમ, હવે જવું છે કે આખરી ઉપાય અજમાવું?'

શેઠના શબ્દો રમેશને વિચારની ઊંડી ગર્તામાં ધકેલી રહ્યા હતા, આગળ શું કરવું તે સમજાતું ન હતું. રજનીને મૂકીને જવાય જ કેમ તે પ્રશ્ન તેનો અંતરાત્મા પૂછી રહ્યો હતો.

'શેઠ! કદાચ, તમે નિર્દોષ હશો છતાં તમે જે બધું કહ્યું તે સત્ય છે કે કેમ તેનો જવાબ તો સમય જ આપશે. મને અહીંયાથી જવા કહી રહ્યા છો પણ હું મારા મિત્ર રજનીને લીધા વિના

જઈ શકું તેમ નથી. મારે આ માર્ગે અંદર તે માટે જવું પડશે, કહો, આ માર્ગ ક્યાં જાય છે?'

'વાહરે ડિટેકટીવ સાહેબ! તમે બહુ સુંદર શબ્દજાળ ગૂંથી શકો છો. હું પહેલાં જ જણાવી ચૂક્યો છું કે આ ઓરડામાં માર્ગ છે તે સંબંધમાં કાંઈ જ જાણતો નથી; તો પછી તે ક્યાં જાય છે તે તો હું કેવી રીતે કહેવાનો હતો? હવે રહ્યો તમને અંદર જવા દેવાનો પ્રશ્ન. મારા ડાહ્યા મિત્ર! એ માર્ગે જતાં કાંઈક અનિષ્ટ પરિણામ આવે તો તે માટે જવાબદાર હું જ ગણાઉં. મિ. રમેશ! તમે મને શું મૂર્ખ સમજો છો? શું હું મારા હાથે જ મારા પગ પર કુહાડો મારીશ? હવે તમે ઘેર જાવ.'

'એ નહિ બનશે. હું આ ગુપ્ત માર્ગે આગળ વધવાનો, જોઉં છું કે મને કોણ રોકે છે!' બોલતો રમેશ અંદર જવા તૈયાર થયો. બિપિન વચ્ચે ઊભો રહ્યો. 'મિ. રમેશ! ગૃહસ્થ તરિકે હું જણાવું છું કે આવી રીતે વર્તવું તે તમને શોભતું નથી.'

'અને, હું પણ એક ગૃહસ્થ તરીકે જણાવું છું કે એક નિર્દોષ માણસનો જીવ કોઈ શયતાન લઈ રહ્યો હોય ત્યારે તેનો બચાવ કરનારને અટકાવવો તે તમને પણ શોભતું નથી, સમજ્યા? મને અંદર જવા દો.'

'તે નહિ બનશે.' શેઠે કહ્યું.

'નહિ બનશે?' કહેતાંજ રમેશે શેઠને ત્યાંથી હડાવવાનો યત્ન કર્યો, અને તેથી ઉભય વચ્ચે દ્વંદ્વ શરૂ થયું, બિપિન યુવાન હતો, ત્યારે રમેશ વૃદ્ધ હતો. બિપિનને સમજાયું કે રમેશ વૃદ્ધ હોવા છતાં યુવાનને હંફાવવાની શક્તિ ધરાવે છે. તેથી તેને જીતાશે નહિ, એટલે યુક્તિપ્રયુક્તિએ નાસી છૂટયો. રમેશ થાક ખાતો બેઠો. તેવામાં દીવાલવાળા માર્ગમાં હાડપિંજર દેખાયું. તેના મુખ પર ક્રૂર હાસ્ય

હતું. ભિખારણ રમેશના પડખામાં ભરાઈ, હાડપિંજર છરો ચમકાવતું બહાર આવ્યું.

'રમેશ ! તારા મિત્ર પાસે જવા તારી ઈચ્છા છે? ચાલ, હું તને તેની પાસે લઈ જાઉં. તૈયાર છે?'

'હા, તૈયાર છું મારે તારું નરક જોવું છે. ચાલ, જો છોકરી !' બોલતા રમેશે ભિખારણ સામું જોયું. હાડપિંજરે પણ પોતાની તીવ્ર અગ્નિ ઝરતી દૃષ્ટિ છોકરી તરફ નાંખી. ભિખારણે મોઢું ફેરવી લીધું. તેનાથી આ દૃષ્ટિ સહન થઈ શકી નહિ.

'રમેશચંદ્ર, તમે જાવ, મને કાંઈ પણ કહેશો નહિ. મને અહીંઆ એકલીજ રહેવા દો.' અને રમેશ હાડપિંજર સાથે ગુપ્ત માર્ગે આગળ વધ્યો. થોડું ચાલતાં દીવાલ જોડાઈ ગઈ. અને તેઓ ચાલતાં જમીનના તળીએ એક ઓરડામાં આવ્યા.

'તારે મારું નરક જોવું હતું કેમ? જો આ મારું સ્વર્ગ-નરક જે માને તે. અને આ તારો મિત્ર.'

ઓરડામાં અંધારું તો એટલું બધું હતું કે જો હાડપિંજરમાંથી પ્રકાશ પડતો ન હોત તો એકબીજાને જોઈ પણ ન શકે. આ પ્રકાશમાં રજની થાંભલા પાસે બંધાયેલો રમેશની દૃષ્ટિએ પડયો.

'રમેશ ! તારા મિત્રને—તેને એકલાને મારી નાંખું તેમાં મને આનંદ ન આવે, તમે બંને એકબીજાને જોતા રહો, થતી વેદનાની ચીસો પાડતા રહો. તેમાં મને આનંદ-સુખ મળે તેમ છે, હવે હું તારા મિત્રનું મૃત્યુ કેવી રીતે આણું છું તે તું જો' કહી તેણે પગ પછાડયો સાથેજ ધર્ ર્ ર્ અવાજ આવતો સંભળાયો ઉપરથી તીક્ષ્ણ ભાલાના ફળાવાળું પાટિયું નીચે ઊતરતું રમેશ-રજનીની દૃષ્ટિએ પડયું.

'રમેશ ! મારું આ હથિયાર એટલું ભયંકર છે કે જે માનવને અત્યંત વેદના કરાવે છે, તારો મિત્ર આ હથિયારથી મૃત્યુ પામશે. તેને થતી વેદના જોઈ તું મૃતપ્રાયઃ સ્થિતિમાં આવી જશે.

હવે જોજે મિનિટોમાં તારો મિત્ર વેદનાની બૂમો પાડશે. તારામાં શક્તિ હોય તો આગળ વધ, તારા હથિયારથી તારા મિત્રનું રક્ષણ કર.' બોલતું હાડપિંજર હસવા લાગ્યું.

રમેશની શક્તિને આ પડકાર હતો. ઉપરથી પાટીયું એવી રીતે ઉતરતું હતું કે તેના પર તે રિવોલ્વરની ગોળીઓ ચલાવે તો પણ રજની બચી શકે તેમ ન હતો. રમેશને મૂંઝાતો જોઈ હાડપિંજર હસીને બોલ્યું. 'રમેશ ! રજનીકાન્તને બચાવવો છે?'

'શયતાન કદાપિ પોતાના શિકાર પર દયા કરતો નથી.' રમેશે કહ્યું.

'છતાં હું દયા કરવા તૈયાર છું પણ જો તું મારી શરત માન્ય કરે તો.'

'તારી શરત ? પિશાચની શરત ?' બોલતો રમેશ હાડપિંજર તરફ જોઈ રહ્યો. હાડપિંજરે કાંઈક દબાવ્યું. પેલું નીચે ઉતરતું પાટિયું અટકી ગયું.

'બોલ શું વિચાર છે?'

'વિચાર ? તારી શરત સાંભળવાનો.'

'તો સાંભળ. તારે 'જીવતું ભૂત' શું કરે છે તેનો વિચાર કર્યા સિવાય આ ગામ છોડી ચાલ્યા જવું. અને રજનીકાન્તે વીણાને 'જીવતું ભૂત' કહે ત્યાં મોકલી આપવી, આ શરતો માન્ય કરશે તો તું અને રજનીકાન્ત અહીંઆથી જીવતા બહાર નીકળી શકશો.'

'મિ. રમેશ !' બંધાએલા રજનીકાન્તે કહ્યું: "ભલે મારો દેહ પડે તમે એ શરતોનો અસ્વીકાર કરો. મારો આત્મા ત્યારેજ સદ્ગતિ પામશે, જ્યારે 'જીવતું ભૂત' પૃથ્વી પર નહિ હશે"

'રમેશ ! સમય અમૂલ્ય જાય છે જવાબમાં 'હા કે 'ના જોઈએ.'

'ઓ શયતાન ! જીવનના મોહ માટે શું હું શરતો સ્વીકારીશ તેમ તું માને છે ? ને હું છું ત્યાં સુધી 'જીવતું ભૂત' અસ્તિત્વ

ધરાવી શકશે નહિ. અને વીણા તો તમારા કબજામાં...' રમેશ આગળ બોલે તે પહેલાં ઓરડામાં અંધારું છવાઈ ગયું. ભયંકર અવાજ આવ્યો 'જુઠો' સાથે જ અજવાળું થયું. રમેશે પ્રકાશમાં જોયું, 'જીવતું ભૂત ' ન કે હાડપિંજર.

જીવતું ભૂત કર્કશ અવાજે બોલ્યું: 'વીણા સરલાને ભગાડનાર શયતાન! તું જુઠો છે. વીણા મારી પાસે નથી પણ તેં...તેં તેને સંતાડી છે હું તેને શોધી કાઢીશ. પણ જવા દે એ વાત તારી સામે મૂકવામાં આવેલી શરતો સ્વીકાર્ય છે?'

'પણ, હું એ પૂછી શકું છું કે આ શરતોનો સ્વીકાર મારી પાસે કોણ કરાવે છે તું કે હાડપિંજર?'

'હાડપિંજર!' બોલી જીવતું ભૂત હસ્યું 'એ તો મારું એક યંત્ર છે હું જે બોલું છું તેનો તે પડઘો પાડે છે એટલે એ એ શરતો મારીજ છે.'

'મિ. રમેશ!'

'શાંત થાવ, મિ. રજનીકાન્ત! શાંત થાવ. પેલા વિજયનો તો આજ સુધી પત્તો નથી, અને જો હઠ કરશો તો તમે પણ લાપત્તા થઈ જશો.' જીવતું ભૂત ' રજનીને ઉદ્દેશી બોલ્યું.

'લાપત્તા થતાં પહેલાં તારો વિનાશ ખચિત થઈ જશે.' રમેશે કહ્યું.

'એમ.' કહી તેણે એક તાળી પાડી સાથેજ એક બુરખાધારી તેની પાસે આવ્યો જાણે પૃથ્વીમાંથી શયતાનજ નીકળી આવ્યો હોય. 'નંબર આઠ! આ ડિટેકટીવ બાબુને ન હાલે ન ચાલે તેવી સ્થિતિમાં મૂકવા બ્યવસ્થા કર.'

નંબર આઠ માથું નમાવી આગળ વધ્યો. રજની, રમેશ તરફ જોતો બાજુમાં ગોઠવેલા યંત્ર પાસે આવ્યો, ને યંત્રનું પૈડું

ફેરવ્યું. પૈડાના ફરવા સાથે જ વિદ્યુતપ્રવાહ જેમાં દોડી રહ્યો છે તેવા તારો-દોરડાં રમેશની આસપાસ ઉપરથી આવી પડચાં.

'રમેશ, હવે તમારો મિત્ર પરલોકે જાય છે. મનમાં તેના આત્માના કલ્યાણ માટે પ્રાર્થના કરજો' બોલી પેલું પાટિયું વધુ નીચે આવે તે માટે 'જીવતું ભૂત' કાંઈક દબાવવા જાય તે સાથેજ એકાએક ધડાકો થયો. 'જીવતું ભૂત' આ ધડાકો શાનો થયો તે વિચારવા ન રહેતાં અદ્દશ્ય થયું. ઓરડામાં અંધારું થઈ ગયું. રજનીને લાગ્યું કે કોઈ તેને છૂટો કરી રહેલ છે. રજનીને છૂટો કરી તેને રમેશ પાસે લઇ આવવામાં આવ્યો: તેમના કર્ણે ધીમો પણ સ્પષ્ટ અવાજ પડયો.

'પગ નીચે લાત મારો, રસ્તો મળશે, જલ્દીથી ચાલ્યા જાવ. દુશ્મન આવે તે પહેલાં દૂર દૂર નીકળી જાવ.'

સાંભળ્યા પ્રમાણે લાત મારી. જમીનમાં ઊતરી ગયા. થોડુંક તેઓ આગળ ચાલ્યા હશે કે પોલાણ સંધાઈ ગયું.

જ્યારે ઓરડામાં લાઈટ થયું ત્યારે 'જીવતું ભૂત' ચોતરફ જોઈ રહ્યું હતું. તેની દૃષ્ટિએ બેશુદ્ધ નંબર આઠ પડયો. શિકાર છટકી ગયેલા જણાયા. તે સાથે જ મુખમાંથી ઉદ્દગાર સરી પડયા.

'ઓ-હ કેવો ચમત્કાર!?'

## પ્રકરણ બીજું

### રમેશની બાજી

'ચમત્કાર નહિ તો બીજું શું ? આપણો બચાવ અસંભવિત હતો પણ કોણ જાણે કયાંથી કોઈ આવ્યું અને આપણને બચાવ્યા.' ઉતાવળે પગલાં ભરતાં રજનીકાન્તે કહ્યું.

તેઓ ભોંયરામાં આગળને આગળ ચાલેજ જતા હતા. ભોંયરામાં જરા પણ અજવાળું ન હતું, હાથ લંબાવતા ઠોકરો ખાતા આખરે શહેર બહાર નીકળ્યા.

'આખરે સહિસલામત બહાર આવ્યા ખરા.' બહાર આવતાં જ રમેશ બોલ્યો, 'રજનીકાન્ત ! રાત ઘણી ગઈ છે, તમે તમારે ત્યાં જાવ. મારે શયતાનને પકડવા જાળ બિછાવવા તમારાથી છૂટા પડવું પડશે.' બોલતો ડિટેકટીવ રમેશ તેનાથી છૂટો પડયો. રજનીને સમજાયું નહિ કે આ બુઢ્ઢા રમેશને આરામની આવશ્યકતા છે કે કેમ ? તે તો મન સાથે તર્કવિતર્ક કરતો મકાને આવ્યો. સરલા તેની રાહ જોઈ હતી. રજનીને જોતાંજ તે બોલી: 'આવી ગયા કાંઈ નવાજૂની ?'

'નવાજૂનીમાં પકડાયા અને છૂટયા' કહી રજનીએ બધી વાત કહી.

'ત્યારે વીણા ગઇ કયાં ?' સરલાએ રજનીની વાત સાંભળ્યા પછી પૂછ્યું.

'હું પણ એ જ વિચારું છું, શયતાનના શબ્દો પર વિશ્વાસ રાખું તો વીણા તેની પાસે નથી અને બીજી દૃષ્ટિએ વિચાર કરું તો શયતાન બનાવી રહ્યો છે. વીણા તેની પાસે નથી કહી અમને બીજી બાજુ દોડાવી રહ્યો છે. વિજય અને વીણા અત્યારે અદૃશ્ય થઈ ગયાં છે તે નક્કી. જેમજેમ આ ઉપર હું વિચાર કરું છું તેમ-તેમ ઊંડા ભેદમાં ફસાતો જાઉં છું. કોકડું ઉકલવાને બદલે ગુંચાતું જ જાય છે.'

'આપણે કોકડું ઉકેલવા યત્ન કરવો રહ્યો. આગળ તો ઇશ્વરેચ્છા.' બોલતાં ઉદાસ થયેલા દંપતિ પોતપોતાના ઓરડામાં નિદ્રાને શરણે થઈ ગયાં.

સવારના ચારનો સમય થયો છે. રાધા ઊઠી. પાગલ તો પથારીમાં સુખ-શાંતિથી નિદ્રા લઈ રહ્યો હતો, તેના સામે જોઈ તે હસી. અવાજ ન થાય તે પ્રમાણે પાસેના ઓરડામાં દબાતા પગલે ગઈ, લાઈટ કર્યું. ખીલી દબાવી કબાટ દેખાયું, તેને ખોલ્યું તેમાં છબી સામે દીપક બળી રહ્યો હતો. રાધા તે છબી પર દૃષ્ટિ સ્થિર કરી બોલી : 'નાથ!' બોલતી રાધાએ હાથ જોડયા : 'કયાં સુધી હવે સહન કરાવશો? કયાં સુધી અળગા રહેશો? જે પશ્ચાત્તાપ હું કરી રહી છું તે શું અપૂર્ણ લાગે છે? આપને કેવી રીતે બતાવું કે આ હૃદયમાં પશ્ચાત્તાપની પુનિત ગંગા વહી રહી છે. હૃદયદેવ!' બોલી રાધા જમીન ઉપર પડી. પ્રણામ કર્યાં, તે ઊઠી ત્યારે તેના મુખ પર કાંઈક નિશ્ચયની રેખાઓ જણાતી હતી. તે બોલી : 'આ અસહ્ય યાતનાઓ સહન કરવા કરતાં મૃત્યુને શા માટે ન સ્વીકારવું? મારું પાપ આપને મારે મોઢેથી કહી શકીશ નહિ. મારું નામ-મારો પરિચય આપને આપી શકીશ નહિ. અને તે જાણવા જ્યારે આપ જિજ્ઞાસા બતાવો અને હું ન કહું. ને આપ નારાજ થાવ તે પહેલાં મારું મૃત્યુ કેમ ન થવું જોઈએ? એ ઉત્તમ માર્ગને ગ્રહણ

કરવામાં સમય શાને વિતાવવો જોઈએ ?' બોલી ઓરડામાં કાંઈક શોધવા લાગી. રાધાના અવાજથી પાગલ જાગી ઊઠ્યો. રાધા હતી ત્યાં આવ્યો એક ખૂણામાં છુપાઈ તે શું કરે છે તે જોવા લાગ્યો. શોધતાં શોધતાં રાધાના હાથમાં ખંજર આવ્યું. પાગલ ચમક્યો છતાં તે શું કરે છે તે જોવા શાંત ઊભો રહ્યો.

'નાથ ! આજ મારો દુનિયામાં છેલ્લો દિવસ છે, આ ખંજર-થી મારા રક્તનું તર્પણ કરીશ. આપનું સ્મરણ કરતી પરલોકે જઈશ. અગર જો શાસ્ત્રો સાચા જ હશે તો ખચિત આપને આવતે ભવે મળીશ. આપના ચરણની સેવા કરી મુક્તિને વરીશ. હે પરમ કૃપાળુ પરમાત્મા ! હું મારા હૃદયદેવને શુદ્ધ પ્રેમથી પૂજું છું. તેમની પાસે મારાં કરેલા કૃત્યોની ક્ષમા માગી રહી છું તેનો સાક્ષી માત્ર તું જ છે. મારી અંત સમયની અંતરેચ્છા છે કે તેઓ સદાય સુખી થાય. એક સ્ત્રી પોતાનાં હૃદયદેવ માટે આથી વધુ શું ઈચ્છી શકે ?' બોલતાં તેના નેત્રોમાં પાણી આવ્યું. પાગલને આ દુઃખી થતી રાધા માટે ઘણું જ દુઃખ થતું. રાધાને આત્મહત્યા કરવા તૈયાર થએલી જોતાં તેને ઘણી જ વ્યથા થતી.

રાધા નેત્રો સાફ કરી બોલી : 'નાથ ! આજ હું આપની સમક્ષ છેલ્લું નૃત્ય કરું છું. આપનાં શ્રીચરણોમાં મારી બધી જ કલા અર્પણ કરું છું.' રાધાના શબ્દો સાંભળતાં પાગલ પોતાના સ્થાનેથી હઠી પથારીમાં જઈ સૂઈ રહ્યો, રાધા ઓરડામાં આવી પાગલ પ્રતિ જોઈ બોલી : 'ઉંઘ, પરમાત્માએ તને શાંતિની ઉંઘ આપી છે તો તેનો ઉપયોગ કર હું જ કમનસીબ છું. મને જ એ સુખ પરમાત્માએ આપ્યું નથી. પરમાત્મા તને સુખી રાખે.' બોલતી તે કપડાં બદલવા બીજા ઓરડામાં ગઈ.

કપડાં બદલી જ્યારે તે બહાર આવી ત્યારે નવોઢા પતિગૃહે જઈ રહી હોય ને તે સમયે તેના મુખ પર જે ભાવો હોય તે ભાવ

રાધાના મુખપર આલેખાએલા હતા, કપડાં પણ સુંદર રીતે પહેર્યાં હતા. પગમાં ઘૂઘરા બાંધ્યા હતા તે આગલા ઓરડામાં આવી. પાગલ પણ પાછળ પાછળ આવ્યો. રાધાએ છબીને નમન કરી પગને વેગ આપ્યો ઘૂઘરાનો અવાજ આવવા લાગ્યો. તેને નૃત્ય આરંભ્યું. તેના મુખ પર પ્રસન્નતા હતી. ઓરડાનું વાતાવરણ આનંદથી છવાઈ ગયું. તેણે નૃત્ય કરતાં કરતાં જમીન પર મૂકેલું ખંજર લીધું. તે દીપકજ્યોતથી ચમકવા લાગ્યું. રાધા ખંજર ઉછાળતી નૃત્ય કરી રહી હતી. પાગલ સમજી ગયો કે તે આત્મહત્યા કરવાની તૈયારીમાં છે. કોઈ પણ ક્ષણે નિર્વિવાદ તે ખંજરનો ઉપયોગ કરશે જ વધુ સમય રાધાને આપવો એટલે આત્મહત્યા કરવા સમય આપવા બરાબર છે. તે ઊભો હતો, ત્યાંથી દોડ્યો, ખંજરને ઉછાળતી રાધાને પકડી લીધી, નેત્રો સાથે નેત્રો મેળવ્યાં. જાણે તે નેત્રો પોતાની ભાષામાં કહી રહ્યા હોય ! 'ગાંડી, આ પાગલપણું ? જ્યાં સુધી હું તારી સાંનિધ્યમાં છું ત્યાં સુધી તારાથી આત્મહત્યા થઈ શકશે નહિ. તું પાપી હો અથવા પુણ્યશાળી. પણ મારી દૃષ્ટિએ તો તું પવિત્ર દેવી છે. ભલે આ જગત તને વેશ્યા માની તારો તિરસ્કાર કરે, પણ મારું હૃદય તો તને પૂજશે જ. ઓ અભાગણી ! આત્મહત્યા કરી શાને ઈશ્વરી આજ્ઞાની અવજ્ઞા કરે છે ?'

પાગલનો સ્પર્શ થતાં તેની બધી જ શક્તિ હરાઈ ગઈ, તેણે પોતાનું માથું પાગલની છાતી ઉપર નાંખી દીધું ને રડવા લાગી. તેને રડતી જોઈ પાગલ બોલી શકતો હોત તો કહેત : 'રડે છે પાગલ ! તને કયું દુઃખ રડાવે છે ? પરમાત્માએ તને શું નથી આપ્યું ? તારો હૃદયદેવ જે તારા હૃદયમાં રહેલો છે તેણે તારી પૂજા સ્વીકારી છે. ક્યાં તારે તેની સાથે લગ્ન બંધનથી બંધાવું છે ? તું તો તેની સેવા માગે છે તે તને અવશ્ય આપશે. આત્મહત્યાના વિચારો છોડી દે, તારા જીવનને આનંદિત બનાવ, જેને તું ઝંખી રહી છે તેને આનંદિત કરવા તારા બધા જ યત્નો કર. પાછી

ફર, ઓ પાગલ ! આત્મહત્યાના વિનાશક વિચારના માર્ગેથી પાછી ફર, બીજા ભવમાં મળવાની ઉતાવળમાં આ ભવનો આવી રીતે નાશ ન કર.'

રાધા પાગલના વિચારો સમજી ચૂકી હોય તેમ તેનાથી અળગી થઈ તેના સામે જોતી બોલી : 'તું...તું મને મરતાં અટકાવે છે. કયા હકથી ? અને મારા જીવવાથી તને શું લાભ થવાનો છે ? તને કોઈ ચાહતું નથી. બધાં તારો તિરસ્કાર કરે છે. ત્યારે હું તને ચાહું છું તે લાગણીથી દોરાઈ મને મરતાં અટકાવે છે ? પાગલ ! હું તને ચાહું છું. તારા વિકૃત મુખ પર મારા હૃદયદેવની રેખાઓ અંકિત થએલી જોઉં છું. મને તારા પર પ્રેમ આવે છે અને તેથી જ તારો સ્પર્શ સહન કરું છું. પાગલ ! આ દુનિયાના માનવીઓ તને બાહ્ય ચક્ષુથી જુએ છે, જ્યારે હું મારા અંતરચક્ષુથી તને જોઉં છું. તારી આંતરિક સુંદરતા મારા નાથની જ છે. તારાં આત્માનો અવાજ હું સાંભળી શકું છું. કહે, શું હમણાં તું હું આત્મહત્યા ન કરું એ રસ્તેથી પાછી ફરું તે સંબંધના વિચારો નહોતો કરતો ?'

પાગલે માથું હલાવ્યું. તે મનમાં બોલ્યો : 'રાધા ! રાધા ! મારી એ જ ઇચ્છા હતી, અને છે. તું આત્મહત્યા ન કર, વિધાતાને તેનું કામ કરવા દે. કેટલીક વખતે અસંભવિત સંભવિત થાય છે. તારી મનેચ્છા ફળવાનો સમય આવી શકે.'

'પાગલ !' બોલતી રાધા એકાએક હસી. 'જો સવાર થઈ ગયું, મારો કરેલો નિર્ણય પણ તે સાથે ચાલ્યો ગયો ચાલ !' બોલી રાધા પાગલનો હાથ પકડી ઓરડામાં લઈ ગઈ.

નવેક વાગ્યા હશે. રમેશ પોતાના ઓરડામાં ટહેલી રહ્યો હતો. અવનવા વિચારો કરી રહ્યો હતો તે ભેદની સાંકળ જોડવા યત્ન કરતો હતો પણ એક કડી જોડાતા બીજી તૂટતી હતીઃ તે બોલ્યો :

'કોણુ કેવો ભાગ ભજવી રહેલ તે જ સમજાતું નથી. જ્યારે હું એકનો પીછો કરું છું. ત્યાં જ બીજો આવી ઊભો રહે છે, કોને પકડું અને કોને છોડું. કાંઈ જ સમજાતું નથી.'

બોલતો ટેબલ પાસેની ખુરશી પર બેઠો. ટેબલ પર પડેલી પેન્સિલથી કાગળ પર લીટા દોરવા લાગ્યો. લીટીઓ દોરતાં તે એકદમ અટક્યો. 'બરોબર આમ જ હોવું જોઈએ અને જો.' બોલી કાગળ પર એક લીટી દોરી. 'જો હું આજ માર્ગ લઉં તો ખચિત નવાજૂની કરી શકું. અને તે જ યોગ્ય છે, હવે દિવસો ગુમાવવા નથી. કાં તો શયતાન પકડાશે અથવા હું અદૃશ્ય થઈ જઈશ. પણ આ માર્ગે જતાં.' દોરેલી લીટી પર ફરીથી લીટી દોરતાં તે બોલ્યો : 'અનિચ્છનીય કરવું પડશે. નિર્દોષ આત્માને ત્રાસ આપવો પડશે.' બોલતો વિચારમાં પડ્યો. હસ્યો. 'માણસ માણસનો સંહાર કરે છે, તે નિયમ પરાપૂર્વથી ચાલ્યો આવે છે. તો હું એ માર્ગનું અવલંબન કરું તેમાં ખોટું શું? જે દૃષ્ટિએ હું જોઈ રહ્યો છું તે ઈશ્વરપ્રેરિત છે. અને ઈશ્વર તેનો સહાય કરશે.' 'બોલતો ખુરશી પરથી ઊઠ્યો. કપડાં બદલવા લાગ્યો. તેવામાં રજની ત્યાં આવ્યો.

'મિ. રમેશચંદ્ર! આપના વિચારમાં ખલેલ પાડવા માટે ક્ષમા ચાહું છું.'

'ઓહો, મિ. રજનીકાન્ત!' બોલતો બુઢ્ઢો હસ્યો 'હું તમારી તરફ આવવા કપડાં પહેરી રહ્યો હતો, ખરેખર જેને આપણે હૃદયથી ઇચ્છતા હોઈએ તે આપણને મળી જ આવે છે. ચાલો સારું થયું કે તમે આવી ગયા. બેસો, બેસો,' બોલતો રમેશ કપડાં પહેરી રજનીની બાજુમાં બેઠો. 'જુઓ મિ. રજનીકાન્ત! હવે હું અવળાજ માર્ગે જવા વિચારું છું, મારો ઇરાદો...'બોલતાં તેણે લીટી દોરેલો કાગળ પાસે ખેંચ્યો. 'જુઓ, આ વ્યક્તિને છોડી અહીંયા ધરપકડ કરવાનો છું, અને જો આ વ્યક્તિ હાથમાં આવે

ને તેની પાસેથી કાંઈ જાણી શકીએ તો માર્ગ સરળ થાય.' જાણે ભૂમિતિનું પ્રમેય સિદ્ધ કરી રહ્યો હોય તેમ લીટીઓ પર પેન્સીલ ફેરવે જ જતો, રમેશ શું કહેવા માગે છે તે રજની સમજી શક્યો નહિ. તેણે પૂછ્યું: 'વ્યક્તિ કઈ? કોની ધરપકડ કરવી છે? કંઈક સ્પષ્ટ તો સમજાવો.'

'શું ન સમજ્યા?' બોલતો રમેશ રજની તરફ જોઈ હસ્યો: 'બાળક જેવા છો!'

'પણ તમે કાંઈ જ સમજાવ્યું જ નથીને.'

'ઓહ, તદ્દન સાચું. હું મારા વિચારમાં જ બોલે જતો હતો જુઓ. મેં એવો નિર્ણય કર્યો છે કે એ ભેદી માનવને છોડી દેખાતા માણસોને પકડવા અને એવે સમયે પકડવા કે તેઓને જાળ બિછાવવાનો સમય જ ન મળે. અત્યાર સુધીમાં આપણે એવે સ્થળે ગયા છીએ કે શયતાનોને તેમને જોઈતો સમય મળી શકે.'

'એટલે, તમારો વિચાર કોને પહેલો પકડવાનો છે?'

'હું કહું? ના, ના, તમે જ વિચાર કરો.' બોલતો તે રજની તરફ જોઈ રહ્યો. રજની વિચારવા લાગ્યો.

'મારી માન્યતા છે કે તમે ડૉકટર અથવા બિપિનને પહેલાં ઝડપવા માંગો છો.'

'અર્ધું સાચું, અર્ધું ખોટું. છતાં માની લઈએ કે તમારી માન્યતા સાચી છે પણ કહો જોઈએ. હું કયે સ્થળે દરોડો પાડવા ઈચ્છું છું?'

રજની કાંઈક વિચાર કરતો બોલ્યો: 'ના તેમના મકાને તો નહિ જ તેઓના મકાને દરોડા પાડતાં તેઓને જોઈતી સગવડ મળી રહે છે.' બોલતો શાંત થયો. આખરે શાંતિનો ભંગ કરતાં બોલ્યો:

"હાં સમજ્યો, મિ. રમેશ! તમારો વિચાર પેલી વેશ્યાના ઘેરથી જ તેઓને પકડવાનો હોવો જોઈએ. કેમ બરાબર છે ને?'

'અક્ષરશઃ સાચું. જ્યારે તેઓ વેશ્યાને ત્યાં જુગાર રમે છે ત્યારે કાંઈ સાથે પિસ્તોલો રાખવાના નથી. અને માની લઈએ કે તેમની પાસે તે સમયે હથિયાર હોય તો તેમને વાપરવા સમય જ આપણે આંપવો નહિ. આપણી સંપૂર્ણ સાવચેતી હોવા છતાં બદમાશ છટકી જાય. તો પણ તેના સાથીદારો, વેશ્યાને પકડી શકીશું. જુગારખાનું ચલાવવાના ગુના હેઠળ તેઓને અંધારી કોટડીમાં પૂરી શકીશું. એ વેશ્યા આપણાં હાથમાં આવતા એ બદમાશોની માહિતી મેળવી શકીશું.'

'પણ મિ. રમેશ! એ બદમાશોની સાથી વેશ્યા કાંઈ પણ કહેશે કે કેમ તે પ્રશ્ન જ છે. શરૂઆતમાં મારા હાથમાં એ મંડળની સ્ત્રી આવી હતી, તેણે પોતાનો સહેજ પણ પરિચય આપ્યો ન હતો. જેને બદમાશ અમારી વચ્ચેથી ઉડાવી ગયો હતો.'

'શક્ય છે, પરંતુ, મારી માન્યતા છે કે આપણે સફળતા મેળવીશું જ. મિ. રજની! કહો ક્યારે દરોડો પાડવા તૈયારી કરો છો?'

રજની માટે આ પ્રશ્ન નિરર્થક હતો. તે તો સદાએ તૈયાર જ હતો.

'તમે કહો ત્યારે, પણ મિ. રમેશ! વીણા–વિજય માટે કાંઈ વિચાર્યું કે?'

'તેમાં વિચારવાનું કાંઈ જ નથી. વીણા જો બદમાશો પાસે નથી તો કોઈ પાસે છે. અને તે કોઈને આપણી જરૂરિયાતે શોધી કાઢીશું. વિજય તો ખોવાયેલ જ છે જેમ તે ખોવાયો છે તેમ તેને જડી આવવું પડશે.'

રમેશના શબ્દોમાં રજનીને કાંઈ સમજાયું નહિ. તે તો તેના મોઢા સામે તાકી જ રહ્યો.

'આમ શું જોઈ રહ્યા છો? જ્યારે આપણે દુશ્મનોને પકડવા યુક્તિ યોજી રહ્યા છીએ ત્યારે આવી ગૌણ વાતો વચ્ચે લાવવી ન જોઈએ. અત્યારે વિજય-વીણા મારા માટે મહત્ત્વના નથી. પરંતુ મારું ધ્યેય બદમાશને પકડવાનું છે. તે પકડાશે એટલે બધું જ બરાબર થઈ જશે. સમજ્યા, ઉતાવળે આંબા ન પાકે.'

રજનીને રમેશનું કહેવું વ્યાજબી જણાયું. 'દુશ્મન હાથમાં આવતાં બધો જ ભેદ બહાર આવી જશે.' તે સમજી ગયો. 'વારુ ત્યારે ક્યારે દરોડો પાડવા વિચાર છે?'

'આજનો દિવસ તો જવા જ દો. કાલે બધી વ્યવસ્થા કરી દરોડો પાડીશું. પેલા મૂર્ખ પંડિતોની માફક ચોટલી તો ચોટલી જે હાથમા આવ્યું તેને જ પકડી લઈ સંતોષ માનીશું.'

'સારું ત્યારે કાલે ક્યાં મળશો?'

'તમારી ઑફિસે જ.' કહી બંને છૂટા પડયા.

'બદમાશો પકડાશે, વીણા અને વિજય.' બોલતાં રમેશ હસ્યો: " ભેદ ભેદ બધો જ ભેદ હાથમાં આવી જશે, બધી જ તૂટતી કડીઓ જોડાઈ જશે.'

## પ્રકરણ ત્રીજું

### વિચિત્ર પત્ર

'ખૂચિત, એ તૂટેલી કડી કોઈ પણ પ્રકારે જોડાવી જ જોઈએ.' આંટા મારતું 'જીવતું ભૂત' બોલ્યું: 'એકાએક ધડાકો થયો જ કેમ? એ ધડાકો કરનાર કોણ હોવો જોઈએ? આ કડી કેમે જોડાતી નથી. નંબર આઠ!' 'નંબર આઠ' શબ્દ બોલતાં હૃદયનો પ્રેમ તેને મારેનો વ્યક્ત થતો હતો. 'તારા સિવાય બીજું કોઈ ત્યાં હતું જ નહિ ને?'

'નામદાર! આપના પ્રશ્નનો પ્રત્યુત્તર હું કેવી રીતે આપું? હું તો આપની આજ્ઞાનુસાર રમેશને વિદ્યુત તારોથી ફસાવવામાં રોકાયો હતો.' અવાજમાં કંપ હતો, દીનતા હતી.

'માની લઉં છું નંબર આઠ! તારી વાત માની લઉં છું. મને તારામાં શંકા નથી. તું તો મારું હૃદય છે. આ બધામાં જો કોઈ વિશ્વાસપાત્ર હોય તો તે તું જ છે. મેં જે આ કરોળિયાની જાળથીએ વધુ ભયંકર જાળ ગૂંથવા માંડી છે. અને તે ગૂંથતાં થાકું છું. મારી ગુપ્ત વાત, મારું દર્દ જ્યારે હું કોઈને કહેવા વિચારું ત્યારે મને તું જ યાદ આવે છે. બધા છે પણ જાણે પરાયાં.'

'એ તો આપની કદરદાની છે, નામદાર! મારાથી જે કાંઈ બને છે તે કરવા સદા તૈયાર જ છું અને બીજાઓ પણ તે જ પ્રમાણે આપના માટે બધું કરવા તૈયાર જ છે.'

'નંબર આઠ!' શબ્દ અવાજ લાગણી ભર્યો હતો. દાનવ પણ સમયે માનવ થઈ શકે છે તેની પ્રતીતિ આપતો હતો. ભયંકર મનાતો સિંહ પણ પોતાના કુટુંબીઓ પાસે નમ્ર જણાય છે તેમ આ 'જીવતું ભૂત' નંબર આઠ સમીપે જણાતું 'યાદ કર, તે દિવસે તું બેભાન થયો.' બોલતાં તેને દુ;ખ થઈ રહ્યું હતું તે સ્પષ્ટ જણાતું હતું. 'રમેશ રજની નાસી છૂટયા, એ નાસનારાઓને મેં ધાર્યું હોત તો પકડી પાડત. પણ, તને છોડી તેમની પાછળ જવા વિચાર ન જ આવ્યો. ને તેને નિઃશ્વાસ નાંખ્યો. 'અને તને છોડી જવાનો વિચાર આવે જ કેમ? તારા જેવા સહચરને ગુમાવવા હું તૈયાર નહતો. તને ઉપાડી જ્યારે પેલા ચોતરા પાસે આવ્યો ને તું શુદ્ધિમાં ન આવ્યો ત્યારે મારું પાષાણી હૃદય પિગળ્યું.' અવાજ એટલો બધો ગળગળો થઈ ગયો હતો કે સાંભળનારને એમ જ લાગે કે તે હમણાં જ રડી પડશે. 'મેં તે સમયે પ્રતિજ્ઞા કરી, જો નંબર આઠને કાંઈ થશે તો જે દુશ્મને આ કૃત્ય કર્યું છે, તેને ગમે ત્યાંથી શોધી તેના લોહીથી તારું તર્પણ કરીશ. પરંતુ તું હાલ્યો સાથેજ નિર્ધનનું ચોરાએલું ધન એકાએક તેને પાછું મળતા તેને જેટલો આનંદ થાય તેથી વધુ આનંદથી મારું હૃદય નાચી ઊઠયું. હું પ્રતિહિંસાની વાત ભૂલી વિચારવા લાગ્યો. આ બધું છોડી નંબર આઠ જેવા સહચર સાથે દૂર દૂર ક્યાંક ચાલ્યો જાંઉં. ભલે ત્યાં દુઃખ વેઠવું પડે ક્ષુધા-તૃષા સહન કરવી પડે. મૃત્યુના ભયંકર જડબામાં જઈ પડવું પડે. છતાં હું ત્યાં સુખી જ થઈશ. મારી આ વિચારમાળા આગળ ચાલે તેવામાં તે મારી પાસેથી જવા રજા માગી. હું તને રોકી શકતોતો હતો જ નહિ. એટલે તું ગયો. મને અગાધ જળમાં ડૂબતા માનવીની માફક નિરાધારીમાં ડૂબતો મૂકી ચાલ્યો ગયો. મને મારા પોતાના પ્રત્યે તિરસ્કાર આવ્યો, હું જે વર્ષોથી સાયન્સની સાધના કરતો આવ્યો હતો, તે નિરર્થક લાગી. એક તારા સિવાય, નંબર આઠ! સાંભળે છે.?' બોલતો નંબર આઠ

તરફ જોઈ રહ્યો નંબર આઠે નીચું જોઈ માથું હલાવ્યું. તેના મનથી તે સરદાર માટે દયાનો ભાવ અનુભવી રહ્યો હતો.

'નબર આઠ! જ્યારે હું નાનો હતો. યુવાનીએ માત્ર પોતાનો હાથ જ હજી લંબાવ્યો હતો, હું કોલેજમાં .ભણતો હતો ત્યારે વિજ્ઞાન સાધનાની વૃત્તિ જાગૃત કરનાર સમર્થ નવલકથાકાર શ્રી. એચ. જી. વેલ્સનું 'ઈન્વિઝિબલ મેન' પુસ્તક વાંચ્યું તેઓ તેમની કથામાં દશ્યમાનવીને અદશ્ય થવાનો સિદ્ધાંત રજૂ કરી અટકી ગયા. પણ દશ્ય–અદશ્ય ને દશ્ય પુનરપિ કરી શકયા નહિ, ત્યારે મારા આત્માએ પોકાર કર્યો. હું અદશ્ય થએલાને દશ્ય કરવાને પ્રયત્ન કરું? તે દિવસથી રાતદિન મેં પ્રયોગો કરવા શરૂ કર્યા. અને પ્રવાહી તૈયાર કર્યું, મારા વહાલા કૂતરાને પાયું, જે કૂતરો વીણાના હાથે માર્યો ગયો. તે પ્રવાહી પીતાંજ તે અદશ્ય થયો. તે જોતાં સરિતાઓ પણ સાગરને ભેટવા કલકલ ધ્વનિ કરતી જેટલા આનંદથી નહિ જતી હોય, તેટલો આનંદ મને થયો. મેં બીજું પ્રવાહી અદશ્ય ને દશ્ય થવા તૈયાર રાખ્યું હતું તે તેને પાયું. થોડી જ ક્ષણોમાં તો તે દેખાવા લાગ્યો. મેં મહાન ચમત્કારી પ્રવાહીની શોધ કરી. આ શોધનો ઉપયોગ મેં જનતાના ભલા માટે કરવા વિચાર્યું પણ, પણ,' બોલતો તે અટકયો. તેને તેનો ભૂતકાળ યાદ આવવા લાગ્યો. 'ચાલ જવા દે એ વાત. અને જેણે મારા–તારા પર ઘાતકી હુમલો કર્યો તે બદમાશ કોણ હોવો જોઈએ. તેનો વિચાર કરવા દે.'

'નામદાર! નાહક બોજો હૃદય પર શાને વધારો છો? હુમલો કરનારને સફળતા મળી નથી. ન તે આપને કે મને નુકશાન કરી શકયો છે.' નંબર આઠે કહ્યું.

'ભૂલે છે, નંબર આઠ! એક ક્ષણ પણ વધુ ત્યાંથી ચાલ્યા જતાં મને થઈ હોત તો મારું મૃત્યુ નિશ્ચિત હતું, ને તું બચ્યો એ તો એક ચમત્કાર જ છે, છતાં તેનો વિચાર કરવા ના પાડે છે!'

'જી.' નંબર આઠે કહ્યું.

'જેવી ઇચ્છા. હું તને દુઃખી નહિ કરું.' બોલતો તે હસ્યો. શાંત થયો: 'હવે એ તૂટેલી કડી જોડવા પ્રયત્ન નહિ કરું—અનાયાસે જોડાઈ જશે તો જોઈ લઈશ. પણ હં.' વાતને બીજી દિશાએ વાળતાં તે બોલ્યો: 'પેલી વીણા સંબંધમાં કાંઈ સમાચાર મળ્યા?'

'નામદાર! એ કડી જોડાતી નથી. રમેશ, રજની, સરલા, વીણા, પોલીસો અહીંઆથી નાસી છૂટયાં ત્યાં સુધી તો બરાબર છે, પણ માર્ગમાં સરલાને કોઈ બેશુદ્ધ બનાવી વીણાને ઉપાડી ગયું. તેમાં સમજણ પડતી નથી.' નંબર આઠે કહ્યું.

'અને રમેશને આપણા સ્થળ વિષેની માહિતી કેવી રીતે મળી હશે તે સમજાય છે? પેલા વિજયના સમાચાર?'

'આપની આજ્ઞા પ્રમાણે નામદાર! અમે બધાં એ વિજયની શોધ કરી પણ તે જડતો નથી. મને તો એમ જ લાગે છે કે કોઈ હિંસક પશુએ તેના દેહની ઉજાણી કરી હોવી જોઈએ. અને રમેશને આપણા સ્થળની માહિતી કેવી રીતે મળી તે સમજાતું નથી. પણ હું માનું છું કે તે આપણી શોધ કરતો હોવો જોઈએ. તેની માન્યાતા હશે કે આપણું સ્થળ વસતીમાં નહિ, પણ જંગલમાં હોવું જોઈએ. તે ગુનાશોધક છે, તેની જિંદગીનો મોટો ભાગ આવા ગુપ્ત ભેદો–માર્ગો શોધવામાં ગયો હોવાથી આપણું સ્થળ કોઈપણ રીતે શોધી કાઢયું હશે ને યુક્તિ–પ્રયુક્તિથી અંદર પ્રવેશ કરી બધું નિહાળ્યું હોવું જોઈએ.'

'ચોક્કસ એમજ બન્યું હોવું જોઈએ. નંબર આઠ! કલ્પના સચોટ છે. ખરેખર મારી સાથે રહ્યો તે કરતાં તું...'

'નામદાર! એવા વિચાર શાને કરો છો.' નંબર આઠે બેદી, માનવને બોલતો અટકાવી કહ્યું. 'હું સુખી છું.'

'પણ મારું હૃદય તે શબ્દો સ્વીકારવા તૈયાર નથી. તને

તારા જીવન પ્રત્યે અણગમો નથી આવતો? અહીંથી છૂટવા અથવા આત્મહત્યા કરવાના વિચારો નથી આવતા?'

નંબર આઠે સરદારના પૂછેલા પ્રશ્નોનો પ્રત્યુત્તર ન આપ્યો, શાંત જ ઊભો રહ્યો.

'કેમ, બોલતો નથી નંબર આઠ?'

'નામદાર! આવી વાતોની ચર્ચા શું? હવે મને રજા આપો તો...'

'જવું છે? જા.' ભગ્ન હૃદયે તે બોલ્યો. 'પણ પેલા નવા માર્ગે જજે. દુશ્મનો જૂના માર્ગથી જાણીતા થઈ જવાથી તે હવે રહ્યો જ નથી. દુશ્મનો કોઈ દિવસ માર્ગ શોધી કાઢશે તે હું જાણતો જ હતો; અને તેથી બીજો માર્ગ મેં તૈયાર રાખ્યો જ હતો.'

'એક પ્રશ્ન પૂછું, નામદાર, અગર જો રજા હોય તો.' નંબર આઠને પ્રશ્ન પૂછવા રજા આપવામાં આવી.

'જેઓએ આ ગુફાઓ, ચમત્કારી ઓરડાઓ અને વિદ્યુતની ગોઠવણી કરી તેઓ કોણ છે. ક્યાં છે?'

નંબર આઠનો પ્રશ્ન સાંભળતાં ભેદી માનવ અસ્વસ્થ થવા લાગ્યો. મિનિટો પસાર થતાં, તે સ્વસ્થ થયો, બોલ્યો: 'નંબર આઠ! એનો જવાબ કોઈ દિવસે આપીશ. એ ભયંકર ભૂતકાળ' બોલતો તે કંપ્યો. 'ના, કોઈ દિવસે શા માટે? આજે જ સાંભળ. જેઓએ મારી ઇચ્છા પ્રમાણે કર્યું હતું. તેઓને મજદૂરી, ઇનામ આપવાને બદલે તેમને જ સર્જાવેલી ભયંકર વિદ્યુત્ રચનાને મેં ભેટ ધર્યા; ઓહ, બસ, તું જા. મને એકલોજ રહેવા દે. જા... જા...' ભેદી માનવે દુઃખપૂર્ણ સ્વરે કહ્યું. નંબર આઠ તેને એકલો મૂકી ચાલ્યો ગયો, નંબર આઠના ગયા પછી તે નિઃશ્વાસ પર નિઃશ્વાસ નાખવા લાગ્યો. તેનો ભૂતકાળ રજતપટ પર આવતા દૃશ્યની માફક તેને દેખાવા લાગ્યો. તેને નિઃશ્વાસ નાંખ્યો:

'એક દિવસ, એક દિવસ અને કેટલા ઉત્સાહથી હું આગળ વધ્યો. પણ આજ એ બધું મને નિરર્થક સમજાય છે. તેનાથી મને શાંતિ તો ન મળી પણ અશાંતિ ઉત્પન્ન કરતા દુશ્મનો ઊભા કર્યા.' બોલતો શાંત થયો. થોડી જ સેકંડો પછી પોતાના વિચારો પર હસી બોલ્યો. 'જ્યારે દુશ્મનો મને સપડાવવા બાજીઓ ગોઠવી રહ્યા છે. ત્યારે આવા કાયર વિચારો હું કરું છું. હવે તો જે માર્ગે પગલું મૂક્યું છે. તે માર્ગે આગળ વધે જ જવાનો.' બોલતો આંટા મારવા લાગ્યા.

જ્યારે ભેદી માનવ આ વિચારો કરતો હતો, ત્યારે રમેશ મોઢામાંથી સિગરેટનો ધુમાડો કાઢતો પલંગ પર પડી રહ્યો હતો. 'જે માર્ગે મેં પગલું મૂકવા વિચાર કર્યો છે. તે માર્ગે આગળ વધતાં કોકડું ઉકલી જ જવાનું. બધો ભેદ ખૂલી જ જવાનો. ને જો પેલી ભિખારણ કાંઇક માહિતી આપે તો આગળ વધવાનો માર્ગ વધુ સરળ થાય.' બોલતો પલંગ પરથી ઊઠયો; ઓરડામાં ફરવા લાગ્યો. 'વિચારમાં સમય પસાર કરું તે કરતાં કાંઇક નિશ્ચયાત્મક પગલું ભરું તો!' બોલતાં તેણે છત સામે દૃષ્ટિ જડી. આમને આમ તે પાંચેક મિનિટ જોઇ રહ્યો. હસ્યો. 'કેટલો સરળ માર્ગ હું જ ત્યાં પહોંચી જાઉં તો!' બોલી પહેરવા કપડાં કાઢવા લાગ્યો.

'કેમ સાહેબ! કયાં જવા તૈયારી કરી રહ્યા છો?' મકાનમાં પ્રવેશ કરતાં રજનીકાન્ત બોલ્યો.

'મિ. રજનીકાન્ત! કડીઓને જોડવા અવનવા વિચારો કરું છું. પણ કાંઇક વિચાર આવતાં જોડાતી કડીઓ એમને એમ રહે છે. આજે મેં નવો જ દાવ ફેંકવા વિચાર કર્યો છે. જોઉં છું કે તેમાં સફળતા મળે છે કે કેમ?'

'હું કાંઇ મદદ કરી શકું તેમ છું?' રજનીએ પૂછ્યું.

'ના. મને મારું કાર્ય કરવા દો. પણ હાં, તમારું અત્યારે કેમ આવવું થયું!'

'મિ. રમેશ, !' બોલતાં રજનીકાન્તે પોતાના ખિસ્સામાંથી એક પત્ર કાઢી બતાવતાં કહ્યું: 'મને આ એક પત્ર મળ્યો છે.' ને તે પત્ર રમેશને આપ્યો. રમેશે તેના પર દૃષ્ટિપાત કરી વાંચવા માંડયો.

'......

તારા માટે કયું સંબોધન પસંદ કરું? એકકે સંબોધન મને યોગ્ય જણાતું નથી. તેથી વગર સંબોધને પત્રની શરૂઆત કરું છું. પણ આ પત્ર તને પહોંચશે કે કેમ તે પ્રશ્ન છે. છતાં કાગળ પર અક્ષરો પડે છે. મને જાળમાં ફસાવનાર કોણ છે તે સમજાતું નથી. ફસાવનાર વ્યક્તિ એક છે કે બે? જો તે જુદી હોય તો તેઓની મારા માટે ભાવના એક કેમ છે? અને એક જ હોય તો ઓળખાતી કેમ નથી? તેઓના અવાજ જુદા છે. બોલવાની ઢબ જુદી છે. બધું જ જુદું છે. હું તને પૂછું છું તું કાંઈ સમજી શકે તેમ છે? તને મળ્યા પછી કોણ જાણે કેમ આ વિચારો ઘર કરી બેઠા છે. તને પૂછવા નક્કી કરું છું પણ તારી હાજરીમાં પૂછાતું નથી. માટે લખું છું. પણ લખ્યા પછી તેનો નાશજ કરવામાં આવશે. એનો નાશ થશે, એટલે મારા વિચારો મારા હૃદયમાં જ......'

કાગળ લખનાર કાંઈક વધુ લખવા માંગતો હોય તેમ અધૂરા રહેલા પત્ર પરથી સમજાતું હતું.

'મિ. રજનીકાન્ત! તમને આ પત્ર ક્યાંથી મળ્યો.' કાગળ પર દૃષ્ટિ રાખી રમેશ બોલ્યો.

'એ એક અકસ્માત છે. હું અહીંઆ આવવા નીકળ્યો ત્યારે રસ્તામાં આ પત્ર ઊડતો આવી રહ્યો હતો, પહેલાં મેં માન્યું કે આવા ઘણા ય કાગળો રસ્તામાં ઉડે છે. હું આગળ વધ્યો પણ કોણ જાણે કેમ મને આ કાગળનું આકર્ષણ થયું. હું થોડાંક ડગલાં પાછો ફર્યો આ કાગળ હાથમાં લીધો વાંચ્યો.'

'અને મને આપ્યો એમજ ને?' બોલતો રમેશ પત્રને પુનરપિ

વાંચવા લાગ્યો. 'જેમ જેમ હું આ પત્રનું વાંચન કરું છું તેમ તેમ વધુ અંધારામાં ગોથા ખાઉં છું. મિ રજનીકાન્ત ! આ અક્ષરો-પરથી તમે કહી શકશો કે આ પત્ર લખનાર કોણ હશે ? મને અને તેને ઉભયને સરખાજ પ્રશ્નો ઉદ્દભવે છે. તે પૂછે છે મને જાળમાં ફસાવનાર કોણ ? જ્યારે હું વિચારું છું જાળ બનાવનાર કોણ ? મારા પ્રશ્નનો પ્રત્યુત્તર મળે તો લખનારને સહેલાઇથી જવાબ મળી શકે.' બોલતાં તે પત્રનું નિરીક્ષણ કરવા માડયું. 'બિચારો લખનાર કોઇના સપાટે ચઢેલ છે. જ્યારે તે પત્ર લખવા બેઠો છે. ત્યારે તેના હ્રદયે દુઃખ છે. તે વ્યક્ત કરવા વિચારે છે પણ જેને તે કહેવા વિચારે છે તેને કહેવાતા નથી. હું તો એમ માનું છું, કે તેને આવા પત્રો લખ્યા હશે, અને લખીને ફાડી નાંખ્યા હશે. કહો જોઇએ લખનાર સ્ત્રી હશે કે પુરુષ ?' બોલી કાગળ રજનીકાન્તને આપ્યો. રજનીકાન્ત તે કાગળને સૂક્ષ્મ દૃષ્ટિએ જોવા લાગ્યા 'ચાલો રહેવા દો. ભવિષ્યમાં કોઈ દિવસ તેનો વિચાર કરીશું.' કહી રજની-કાન્ત પાસેથી કાગળ લઈ ટેબલમાં મૂક્યો.

'કહો, મિ. રમેશ. દરોડા માટે કયો દિવસ નક્કી કર્યો ?'

'તે માટે હું પછી જણાવીશ. અત્યારે તો હું જરૂરી કામે જઈ રહ્યો છું.'

રમેશના શબ્દે રજનીકાન્ત હસ્તધૂનન કરી ચાલ્યો ગયો. રજનીના ગયા પછી રમેશે પુનરપિ કાગળને ટેબલમાંથી કાઢી વાંચ્યો.

'એમજ હોવું જોઈએ. તે અને હું બંને એકજ વિચાર કરીએ છીએ. તે વિચારો કાગળ પર લખે છે જ્યારે હું ભેદ શોધવા આગળ વધું છું.'

## પ્રકરણ ચોથું

### ડૉકટર ગિરીશચંદ્ર

ને એક ઉતાવળાં ડગલાં ભરતો નવયુવાન ચામડાની હેન્ડબેગ હાથમાં રાખી ઉતાવળે ચાલી રહ્યો હતો. અરે, દોડી જ રહ્યો હતો. તેણે વિદેશી ઢબનાં વસ્ત્રો પરિધાન કર્યા હતાં. તે એક મકાન પાસે આવી અટક્યો. કૉલબેલનું બટન દબાવ્યું સાથે જ મકાનના બારણાં ખૂલ્યા. અને ડૉકટર દિનેશ દેખાયો. આગંતુકે નમન કર્યું.

'પધારો. આપ ?'

'શું આપને મારો પત્ર મળ્યો નથી ? ઓ–હ ગૉડ ! પોષ્ટની અનિયમિતતાથી તો હું થાકી જ ગયો. મારી તો માન્યતા હતી કે મારો પત્ર આપને ખચિત મળ્યો જ હશે. આ તો ઠીક થયું કે આપ મકાન પર છો નહિ તો મારે પાછું જ જવું પડત. હું ડૉકટર ગિરીશચંદ્ર બેનરજી.'

'આપનું નામ, આપનું નામ. ક્યાંક સાંભળ્યું હોય તેમ...'

'એ યાદ ભાગ્યે જ આવશે. હું જ તે યાદ કરાવું. છેલ્લી વૈજ્ઞાનિકોની મીટીંગમાં મેં ભાષણ આપેલું.'

'હા, હા. યાદ આવ્યું ચાલો, ચાલો અંદર ચાલો. આપણે શાંતિથી બેસીએ.' બોલતો દિનેશ ગિરીશનો હાથ પકડી પોતાના હોલમાં લઈ આવ્યો. તે ખુરશીમાં બરાબર ગોઠવાયા પછી બોલ્યો: 'આપ તો બહુ જ રોકાણમાં પડી જવાથી અમને આપે આપના-

લેખોથી દૂરજ રાખ્યા છે. અફસોસ. તેથી અમને આપની પ્રવૃત્તિના સમાચાર સાંપડતા જ નથી. મેં પણ એક પ્રયોગ કરવા ધાર્યો છે. અને તે, કોઈ પણ માનવ માનવદેહમાંથી નીકળતા આત્માને જોઈ શકે. તેને પુનરપિ તે જ માણસના દેહમાં પ્રવેશાવી શકે.'

દિનેશ આ બોલતા, સ્વપ્ન સેવતા નવયુવાનને જોઈ રહ્યા યુવાને બોલવાનું જારી રાખ્યું 'હું બંગાળથી દરેક વિજ્ઞાનીઓને મળવા નીકળ્યો છું. મારા કાર્ય માટે જે કાંઈ સુચનાઓ મળે તેની નોંધ કરું છું. વિચારોનો વિનિમય કરું છું આપના લેખો પત્રોમાં આવતા હતા એટલે આપનું નામ મારી ડાયરીમાં છે.' બોલી ખિસ્સામાંથી ડાયરી કાઢી બતાવી. 'અત્યાર સુધીમાં હું ઘણા વિજ્ઞાની-ઓને મળ્યો છું આપની પાસે પણ કાંઈક જાણવાની ઈચ્છાથી આવ્યો છું.' બોલતાં તેણે ખિસ્સામાંથી સિગરેટનો ડબ્બો કાઢ્યો તેમાંથી એક તેણે લઈ ડબ્બો દિનેશ તરફ સરકાવ્યો. દિનેશે તેમાંથી સિગારેટ લઈ સળગાવી. સિગારેટ પીતાં પીતાં ગિરીશે કહ્યું 'આપે આપની લેબોરેટરી તો મને બતાવી જ નહિ. આપની કાર્ય કરવાની પ્રણાલિકા જોવાની તો મને તક જ આપી નહિ.'

ડૉકટરે હસીને કહ્યું; 'દૂરથી આવ્યા છો. જરા આરામ લ્યો. ઉતાવળ શું છે?'

'જી, મારે આરામ લેવાનો સમય જ ક્યાં છે? રાત થોડી ને વેશ ઝાઝાં. આપની સાથેની મુલાકાત પૂરી થતાં જ આગળ વધીશ અગર જો આપને સમય હોય તો, અને લઈ જઈ શકો તેમ હોતો આપની પ્રયોગશાળામાં—'

'હા, હા, શા માટે નહિ ચાલો.' બોલતો દિનેશ ઉઠ્યો. સાથે બેનરજી પણ ચાલ્યો. બેનરજી ચોતરફ જોતો દિનેશની પાછળ

પાછળ જઈ રહ્યા હતો 'મકાન અતીવ સુંદર છે. સુંદર સગવડો વાળું છે.'

બેનરજીના શબ્દો સાંભળતાં દિનેશ સમજી શક્યો કે તે મકાનને બારીકાઈથી અવલોકી રહ્યા છે.

'અને ડૉક્ટર આવી દીવાલોમાં એક બીજાના મકાનમાં જવા આવવાના માર્ગો પણ યોજી શકાય છે. આપણા પૂર્વજો પોતાની તેમજ પોતાની મિલ્કતની સલામતી માટે જેમ તિજોરીઓમાં છૂપા-ખાનાં હોય છે તેમ દીવાલોમાં તેવી વ્યવસ્થા કરતા. ઘણા મકાનોમાં તો ભોંયરાં પણ રખાતાં. અત્યારની આપણી મકાનો બનાવવાની રીતો જ જુદી છે. છતાં આ મકાન જોતાં મને પહેલાંના મકાનોની સ્મૃતિ થઈ આવે છે.'

વાતો કરતાં ઉભય પ્રયોગશાળામાં આવ્યા. ચોતરફ વિજળી લાઈટો જણાતી. તેમાંની કેટલીક શેડવાળી, કેટલીક રંગ બેરંગી શેડોવાળી હતી. 'લેમ્પોની ગોઠવણી ઘણી સુંદર છે. અને આ યંત્રો.' બોલતો બેનરજી યંત્રો પાસે આવ્યો. જે યંત્રો પાસે ત્રાંબા પિત્તળના તારો. કાચની ટયુબો. પ્યાલા, શીશીઓ વ્યવસ્થિત રીતે મૂકેલાં હતાં. 'આપની પ્રયોગશાળા ખરેખર એક આદર્શ છે. મારી માન્યતા છે કે અહીંઆ આપ એકલાજ કામ કરતા હોવા જોઈએ, નહિતો આવી વ્યવસ્થા રહી શકે નહિ.' બોલી તે વસ્તુઓને જોતો, મૂકતો. 'આપ અહીંઆ નિયમિત કામ કરો છો?'

'ના રે ના. જ્યારે જરૂર હોય ત્યારે જ આ પ્રયોગશાળામાં આવું છું.' ડૉકટર દિનેશે કહ્યું,

'ઓહો આ એકસરેનો રૂમ લાગે છે. સુંદર. અતિ સુંદર. અરે આ કાળું કપડું કેવું?' બોલતાં તેણે કાળું કપડું ઉપાડયું, 'શું કબ્બો છે?'

'ના, ના તેવું કાંઈ નથી તેતો હાથ સાફ કરવાના ઉદ્દેશથી જ રાખવામાં આવેલું છે. રહેવા દો એને બાજુ પર !' બોલતાં દિનેશ ગભરાતો હોય તેમ જણાયું.'

'આ એક્સરે સંબંધમાં.' બોલતાં તે દિનેશ પાસે આવ્યો. 'આપણે ઘણાજ આગળ વધી શકીએ તેમ છીએ. હમણાં જ કાચના કપડાં બને છે તેને આપણી બુદ્ધિની કસોટીએ ચઢાવી એવા બનાવી શકીએ, કે જે પહેરતાં એક્સરે ની ગરજ સારે. પણ આપણે આપણી બુદ્ધિને કસવા ક્યાં તૈયાર છીએ. જ્યાં તૈયાર રોટલો ખાવાની ટેવ પડી ગઇ હોય ત્યાં ડોક. દિનેશ! પશ્ચિમના લોકોએ છેલ્લા વિશ્વયુદ્ધમાં કેટલી નવી શોધો કરી. યુદ્ધ સામગ્રી બનાવી બધું તારાજ કરી નાખ્યું. એ ભયંકર ગેસો—બોમ્બો. શું બધી શોધ પશ્ચિમવાળા જ કરશે. આપણે કાંઈ નહિ કરીએ ? ક્યાં સુધી આપણે: બીજાઓની આશા પર જીવીશું. કાંઈકતો કરવું જ જોઇશે ને ?'

'ચોક્કસ' ગિરીશને બારીકાઈથી નિહાળતાં ડોક્ટર દિનેશ બોલ્યો: 'તમારી મહત્વાકાંક્ષાઓ જોતાં મને લાગે છે કે ભાવિ પ્રજા માટે જબરજસ્ત વારસો મૂકી જશો.'

'અગર જો આપ જેવાની સહાય હશે તો. મારા કાચના કપડાં સંબંધનાં વિચારો માટે આપનું શું ધારવું છે?' ગિરીશે દિનેશ સામે જોઈ પૂછ્યું. શું દિનેશનો અભિપ્રાય મહત્વનો હશે !

દિનેશને આ પ્રશ્નથી એમ જ લાગ્યું કે આ યુવાન હૃદયના ઊંડાણમાં કાંઈક શોધી રહ્યો છે. તેની આંખો પોતાને માટે એક્સરે છે.

'શું મારો પ્રશ્ન પ્રત્યુત્તરને યોગ્ય નથી ?'

હવે દિનેશને બોલ્યા વિના છૂટકો જ ન હતો. તે બોલ્યો: 'પ્રશ્ન મહત્વનો છે. પણ જ્યાં સમર્થ વિજ્ઞાનીઓ હોય ત્યાં હું શું કહી શકું. મારા અભિપ્રાયની કિંમત શું ?'

'ઓહો !' આશ્ચર્યથી વ્યક્ત કરતાં ગિરીશ બોલ્યો : 'શું આપ આપને તુચ્છ માનો છો ? હાય રે કમનસીબ ! આપના જેવા પ્રખર વિદ્વાન આવા શબ્દો બોલશે, સૂર્ય છાબડાથી ઢંકાશે તો પછી અમારા જેવાનું તો સ્થાન જ ક્યાં ? હું કેટલી આશાઓ સેવતો આપની પાસે આવ્યો હતો. મારા કેટલાએ મિત્રોએ આપને મળવા સુચવ્યું હતું. હું તો મારી જાતને આપના દર્શનથી કૃતકૃત્ય થએલી માની રહ્યો છું. આપની પાસેથી જાણુવા આતુર થઈ રહ્યો છુ. ત્યાં મારે તો પહેલે જ પગથીએ 'મક્ષિકાપાત' જેવું થયું. આટલો નિરાશ મને કોઇએ કર્યો નથી.' બોલતાં તેના મુખ પર નિરાશા છવાઈ, તે જોનાર સહેજે કલ્પી શકે.

'શ્રી બેનરજી ! મને માફ કરશો. મારા પ્રત્યુત્તરથી તમને દુ:ખ થશે તેવી કલ્પના પણ મને ન હતી. અત્યારે હું માત્ર દવાખાનાના જ કાર્યમાં રસ લઉં છું. મારી બુદ્ધિનો ઉપયોગ મારા ગરીબ ભાઈઓ માટે કરી રહ્યો છું કે જેઓ મેડિકલ એડવાઇઝ–ટ્રીટમેન્ટ લઈ શકતા નથી. આપણા દેશમાં એક એવો વર્ગ છે કે જે ગરીબ મનાતો નથી. છતાં સાચે જ ગરીબ છે તેઓ પોતાની સારવાર માટે મોટી મોટી ફી આપી ડોક્ટરો પાસે જઇ શકતા નથી. તેવા આપણા ભાઈઓ માટે હું રાતદિવસ મહેનત કરું છું, હાલમાં મારી પાસે પ્રયોગો કરવા સમય જ નથી. છતાં મારા બીજા ભાઈઓ જે વિજ્ઞાનમાં રસ લઈ આગળ વધી રહ્યા છે. તેઓ સફળ થાય તેવી મારી સદૈવ ઇચ્છા હોય છે. મારા વૈજ્ઞાનિક મિત્ર ! માનવી જે ધારે તે યત્નથી પ્રાપ્ત કરી શકે છે જ, કાચના કપડાં પર પ્રયોગ કરી સફળતા મેળવી દુનિયા સમક્ષ મૂકી શકે છે, અને તેવી શોધ આપણા કેટલાએ મિત્રો કરી રહ્યા હશે જ.'

'જુઓને, આ ટેલિવીઝનનો પ્રયોગ બીજા દેશોએ કર્યો, જ્યારે આપણે તે માટે કાંઈ જ કરતા નથી. આપણે તો આયાત કરવાની જ

ફીકરમાં હોઈએ છીએ. કેટલાએ ઉત્સાહી ભાઈઓએ ટેલિવિઝન અંગેના યંત્રો મંગાવ્યા હશે ને તેને અભરાઈ પર મૂકયા હશે. કેમ બરાબર છે ને ?'

'માની લઉં છું. આપણને સહેલાઈથી આવકનું સાધન મળી રહેતું હોય તો શ્રમ કરવાની વૃત્તિ જ કયાં રાખીએ છીએ. મને આ સંબંધમાં રસ છે પણ માનવસેવા આગળ સમય જ મળતો નથી.'

'અભિનંદન, ડૉકટર! આપ આપનો સમય એ મૂગા ગરીબો ન મનાતા છતાં ગરીબો છે, તેમને આપી રહ્યા છો તે બદલે મારા હાર્દિક અભિનંદન, અત્યારે જાત-ધર્મના ઓઠા હેઠળ જે ભયંકર જુલ્મ ચાલી રહ્યો છે. તે સમયે આપે માનવધર્મ સ્વીકારી જે સેવાનો ભેખ ધારણ કર્યો છે તે જાણી મારું હૃદય આપને નમન કરી રહ્યું છે આપના દર્શનથી મારી મુસાફરી સફળ થઈ. આપ જેવી મહાન વ્યક્તિનો સંસર્ગ થવો એ સદ્‌ભાગ્યની વાત છે,' બોલતો તે ઊઠયો. યંત્રો પાસે ગયો, ત્યાં એક કાગળ પડયો હતો કે જેના પર નિશાનીઓ કરેલી હતી, અને કાંઈક લખેલું હતું. તે દિનેશ ન દેખે તેમ ધીમે ધીમે સરકાવ્યો. અને પોતાના ખિસ્સામાં મૂકયો; 'આ છેલ્લીમાં છેલ્લી ઢબના યંત્રો લાગે છે ?'

જે દિનેશ અ' યુવાનની વાતો પર વિચાર કરતાં અન્યમનસ્ક બની ગયો હતો તે આ પ્રશ્નથી ચમકયો, બોલ્યો : 'હા આપનું માનવું તદ્દન સત્ય છે. મેં કેટલીએ મુશ્કેલીએ આ યંત્રો મેળવ્યાં છે.'

'મને લાગે છે કે આ યંત્રો હમણાં વપરાતાં હોવા જોઈએ, જુઓને, આ પ્યાલામાં કાંઈક પ્રવાહી પડેલું છે.'

'હા—ના.' બોલતો દિનેશ ઊઠયો. પ્રવાહીવાળો પ્યાલો હાથમાં લઈ તેનું નિરીક્ષણ કરવા લાગ્યો : 'આ કયું પ્રવાહી બનાવ્યું હશે ?'

'સ્મૃતિપટ પરથી અદશ્ય થઈ ગયું હોવું જોઈએ. અને આવા પદાર્થો આમ પડી રહે તે પણ ઇચ્છવા યોગ્ય નથી. સારું છે કે અહીંઆ આપના સિવાય બીજું કોઈ આવતું નથી. કદાચ, ભૂલથી અહીંઆ કોઈ આવી ચડે. પ્રવાહી પી જાય તો પરિણામ ભયંકર આવે જ ને? મને યાદ છે કે એક વિજ્ઞાનીએ માનવને વાનર બનાવવાનું પ્રવાહી તૈયાર કરેલું, અને આમ જ તે ટેબલ પર પડેલું, તેનો એક મિત્ર પ્રયોગશાળામાં આવ્યો. અને તે પ્રવાહીને પી ગયો. પરિણામ તો તમે સમજી જ શક્યા હશો. તે વાનર થયો. પ્રયોગશાળામાં ધમાલ કરી મૂકી. કેટલાએ કીંમતી યંત્રો અને ઓજારોનો નાશ કરી નાખ્યો. જ્યારે તેનો મિત્ર આવ્યો ને થએલું નુકશાન જોતાં ક્રોધે થયો. તેવામાં તેનો વાનર થએલો મિત્ર દાંત કચકચાવતો, તે પોતાનો વાનર સામે બચાવ કરવા કંઈ વિચારે તે પહેલાં જ તેના પર તૂટી પડ્યો. પરિણામ શું કહું? અને મને બીજો પણ એક દાખલો યાદ આવે છે. એક માણસને વૃદ્ધત્વમાં યુવાનની શક્તિ જોઈતી હતી. અને તેથી દવાઓ કરવા માંડી અને દવાના પ્રભાવથી વાનર જેવી ચેષ્ટાઓ કરવા લાગ્યો.'

દિનેશ યુવાનના શબ્દો સાંભળી રહ્યો.

'કેમ યાદ આવ્યું?' યુવાને પૂછ્યું.

'કાંઈ જ યાદ આવતું નથી.' ડૉક્ટરે જવાબ આપ્યો.

'ત્યારે હું તે ઢોળી દઉં છું.' ડૉક્ટર કાંઈ કહે તે પહેલાં જ તેણે તે દવા ઢોળી નાંખી. 'માનું છું કે મેં આ સારું જ કર્યું છે.'

શું કહે બિચારો ડૉક્ટર?

'આપને ઘણી તકલીફ આપી. હવે હું રજા લઈશ. વળી મળવા યત્ન કરીશ.' બોલતાં તેણે ખિસ્સામાં હાથ નાખી બહાર કાઢ્યો. સાથે જ તેના ખિસ્સામાંથી એક કાગળ પડ્યો. તેણે પોતાની ચામડાની હેન્ડ બેગ હાથમાં લીધી. અને નમન કરી ચાલવા લાગ્યો.

ડૉક્ટર દિનેશ તેની પાછળ પાછળ બારણાં સુધી વળાવવા ગયો. યુવાન ગિરીશ દેખાતો બંધ થયો ત્યારે તે હસ્યો, બોલ્યો : 'હું શું જાણું છું અને શું કરું છું તે કદાપિ કોઈ જાણી શકે તેમ નથી. તો તું કોણ ? મારી પ્રવૃત્તિ હું જ જાણું છું.'

તે પોતાની પ્રયોગશાળામાં આવ્યો. 'પ્રવાહી ઢોળી નાખ્યું. પરવા નહિ, ફરીથી બનશે.' બોલતાં ટેબલ પર નજર કરી, કાગળ અદૃશ્ય થઈ ગયો હતો. 'મેં કાગળ અહીંઆ મૂકયો હતો, તે ગયો કયાં ?' ચોતરફ તે ખોળવા લાગ્યો. પણ કાગળ મળ્યો નહિ. અને મળે પણ કયાંથી ? તે તો કોઈના ખિસ્સામાં જઈ પડયો હતો. પણ યુવાન બેનરજીએ પોતાના ખિસ્સામાંથી પડવા દીધેલો કાગળ તેના હાથમાં આવ્યો. તેના અક્ષરો પર દૃષ્ટિ પડતાં શરીરે પ્રસ્વેદ વળ્યો. હાથ પગ પછાડવા લાગ્યો.

'રમેશ ! રમેશ ! આજ ફરીથી તું મને બનાવી ગયો. મારી પ્રયોગશાળા જોઈ ગયો. હું શું કરું છું તેનો પુરાવો સાથે લઈ ગયો. ઓ—હ રમેશ ! તું મારા માથાનો થયો હું માનતો હતો કે મારી સરખામણીમાં ઊભું રહે તેવું કોઈ નથી; પણ શેરના માથે સવાશેર મળ્યો.'

## પ્રકરણ પાંચમું

### મુલાકાત

'દુનિયામાં શેરના માથે સવાશેર હોય છે જ મિ. રજનીકાન્ત એ બદમાશ એમ જ સમજે છે કે તે કદાપિ પકડાશે નહિ. પરંતુ, તેની માન્યતા ખોટી પડી છે. ઇશ્વર કદાપિ અન્યાય સાંખતો નથી. પાપીનું પાપ બહાર આવ્યા વિના રહેતું નથી.'

'પરંતુ. મિ. રમેશ! અત્યારે તો બદમાશના પાસા પોબાર પડે છે. તેણે જે જાળ બિછાવી છે તે ભેદાતી જ નથી. માની લઉં છું કે ઇશ્વર પાપ સાંખતો નથી. અન્યાય ચલાવી લેતો નથી અને તેની તે સજા કરશે જ પરંતુ, અત્યારે તો તેને સપાટે ચઢેલા દુઃખ પામી રહ્યા છે.' રજનીએ કહ્યું.

'સહુ સહુનાં નસીબ.' બોલી રમેશ ટેબલના ખાનામાંથી કાંઈક કાઢવા લાગ્યો. પણ એકાએક કાંઈક વિચાર આવતાં તેને ટેબલનું ખાનું બંધ કર્યું. 'જુઓ, મિ. રજનીકાન્ત! આજ સાંજના દરોડો પાડવાનું નકકી છે. બદમાશે આબાદ ગોઠવેલી બાજી સામે આપણો પહેલો, પણ તેને હંફાવતો દાવ છે. તે દાવ નાંખતાં જીવન મરણનો પ્રશ્ન વિચારવાનો રહેતો નથી. જો તેના સપાટે ચઢતાં છૂટીએ તો આપણાં નસીબ. અને મૃત્યુ તો નકકી જ છે. તમે હવે જાવ. તમારી તૈયારીમાં રહો, સાંજના હું...'

તેને રજનીના કાનમાં કાંઈક કહ્યું. રજની સાંભળી ચાલ્યો ગયો. રજનીના ગયા પછી રમેશે ટેબલનું ખાનું ખોલ્યું. તેમાંથી એક કાગળ બહાર કાઢ્યો. તે પર વિચાર ચલાવવા લાગ્યો.

'ડૉકટર દિનેશ ઘણો જ આગળ વધ્યો છે. તે વધુ સમય છૂટો રહેશે તો માનવ જાત માટે શાપરૂપ નીવડશે, પણ તેને પકડવો કેવી રીતે? જનતા તેને ચાહે છે. તેનું વર્તન એટલું તો ભદ્ર છે કે તેના પર આક્ષેપ મૂકી શકાય નહિ. આજસુધી તેના હાથે શહેરીઓનું ભલું જ થયું છે. આવા માણસને કેવી રીતે ફસાવવો? એ જો ફસાય તો જ ભેદ પર પ્રકાશ પડે. પણ એ આશા આકાશકુસુમવત છે. છતાં મારું શેરના માથે સવાશેરનું મંતવ્ય સાચું જ છે મને તો દિનેશ કરતાં બિપિનચંદ્ર વધુ ભયંકર લાગે છે. તેની મુલાકાત લેવાની આવશ્યકતા છે. યત્ન કરું કાંઈ હાથ આવે તો.' બોલતો કાંઈક યુક્તિ શોધવા લાગ્યો.

'બિપિનચંદ્ર શેઠ! છે કે?' એક જ્યોતિષી બિપિનચંદ્ર સંબંધમાં પૂછી રહ્યો હતો.

'ના, ના, નથી શેઠજી બહાર ગયા છે.' બોલતો નોકર બહાર આવ્યો.

'અરરર, કેટલી આશાએ આવ્યો હતો અને શેઠજી બહાર ગયા. અરે, રામ. રામ.' બોલતા જોષી મહારાજ માથું ધુણાવવા લાગ્યા.

'હશે, જેવાં નસીબ.' ભાઈ! કાંઈ ચોકખું પાણી પીવા મળશે કે?'

'શા માટે નહિ મહારાજ! બેસો, પાણી લાવું છું.' કહી નોકર પાણી લઈ આવ્યો. મહારાજ ચોતરફ જોવા લાગ્યા. 'શેઠ ના મળ્યા તે ના જ મળ્યા.' તેને બબડવા માંડયું. તેવામાં નોકર પાણી લઈ આવ્યો. મહારાજ પાસે લોટો મૂકયો.

'ઓહો.' મહારાજ એકદમ બોલી ઊઠ્યા. 'આવો હાથ તો કોઈ દિવસ મેં જોયો નથી.' મહારાજ સ્થિર દૃષ્ટિએ નોકરનો હાથ જોઈ રહ્યા.

'મહારાજ! પાણી પીઓને.'

'થોભ, થોભ. આ રેષાઓનું સૂક્ષ્માવલોકન કરવા દે.' બોલતાં મહારાજે નોકરનો હાથ પોતાના હાથમાં લીધો, આંગળીઓ, હથેળી નખ ધ્યાનપૂર્વક અવલોકવા લાગ્યા. જેમ જેમ તે હાથ જોતા તેમ તેમ તેમના મુખ પર હાસ્ય ફરકતું. નોકર તો મહારાજને હસતા જોઈ. પોતાના નસીબનું પાંદડું ફરી જવાનું હોય તેમ માનવા લાગ્યો.

'મહારાજ, પાણી પીઓને.' નોકરે મહારાજને ફરીથી પાણી પીવાનું યાદ કરાવ્યું.

'આવો હાથ જોવાનો મૂકી, પાણી તે શી રીતે પીઉં? ઊભો રહે ભાઈ! ઊભો રહે.' બોલી હાથની રેખાઓ બારીકાઈથી અવલોકવા લાગ્યા 'હજી લગ્ન થયાં નથી કેમ ભાઈ!?'

'લગ્ન' શબ્દ કોને નથી આકર્ષતો? બાળક યોગ્ય વયનો થતાં સ્ત્રી-પુરુષ વચ્ચેનો ભેદ સમજતો થાય ત્યારથી જ તેને કોઇની જરૂર છે. કોઈ વિના અપૂર્ણતા છે તે લાગવા માંડે છે. ને તેથી પોતાને યોગ્ય શોધવા ચોતરફ દૃષ્ટિ દોડાવે છે. આ શોધ તેને કોઈ અજાણ્યો ખણ્ડ શોધી કાઢવા જેવી મહાન લાગે છે; શોધ જ્યારે પૂર્ણ થાય છે ત્યારે તે લગ્નમાં પરિણમે છે. અને 'લગ્ન' જીવનનું કોઈ મહાન કાર્ય હોય તેમ ઉજવાય છે, આનંદની મર્યાદા રહેતી નથી પણ તે સમયનો આનંદ જીવનના અંતિમ દિન સુધી રહેશે કે કેમ તે તો તેના અનુભવીઓ જ કહી શકે. બધાં લગ્નો સુખદ નિવડે છે, તેની ખાત્રી કોઈ આપી શકતું નથી અને તેનું કારણ આપણી સમાજ વ્યવસ્થા છે. બાલ્યકાળથી બાળક-બાળિકા જુદાં રાખવામાં આવે છે.

વયે વધતાં તેઓ એક બીજા સાથે બોલી પણ શકતા નથી, વડીલોને ભય રહે છે કે સાથે રાખતાં અનિષ્ટ તત્ત્વોનો જન્મ થશે, આ માન્યતા સાચી ઠરાવવા અનેક દૃષ્ટાંતો આપશે. પણ એ સ્વીકારવા તૈયાર નહિ થાય કે જેમ તેઓ દૂર રહેશે તેમ આકર્ષણ વધતું જ જશે. સાથે રહેતાં તેઓ અરસપરસ મિત્રો બની શકશે, ભાઈ–બહેન પણ થઈ શકશે. પણ જોવાનું દૃષ્ટિકોણ જુદું હોવાથી અનિચ્છનીય બનાવો બનતા રહેવાના, લગ્નો સોદા જેવા નિવડવાના છતાં લગ્ન માટે દરેકની કોઈ પણ વયે ઈંતેજારી તો રહેવાની જ. તો પછી આ બિચારો નોકર તે આશાનો ત્યાગ કેવી રીતે કરી શકે?

'હેં મહારાજ! કાંઈ લગ્ન થાય એવી આશા છે ખરી?'

'શા માટે નહિ, તારો હાથ કહે છે, ગ્રહો બોલે છે. તારાં લગ્ન થવાં જ જોઈએ. પણ...પણ...' બોલતાં મહારાજ અચકયા.

'શું છે? મહારાજ! કાંઈ જપ કરાવવા પડે તેમ છે?' ઉદાસ થતાં નોકરે પૂછયું, નોકર તો મહારાજના 'પણ'થી ગભરાઈ ગયો હતો.

'એવું તો ખાસ કાંઈ નથી, પણ શનિ મહારાજની દૃષ્ટિ છે એટલે લગ્નકાર્ય વિલંબમાં પડે છે.' બોલતા મહારાજ હથેળીનો ભાગ દબાવવા લાગ્યા. 'કાંઈ વાંધો નહિ, બધું બરાબર થઈ શકશે. તારે જરાપણ ગભરાવું નહિ. ચોક્કસ, ચોક્કસ.'

મહારાજના 'ચોક્કસ' શબ્દથી નોકરની ઉદાસીનતા ભેડી ગઈ. તેની દૃષ્ટિ પાણીના લોટા પર પડી. 'અરે મહારાજ! પાણીની તરસ લાગી હતી. ને તમે પાણી તો હજી સુધી પીધું નહિ, જાણે પાણી પીવાનું ભૂલી જ ગયા.'

'અરે હા, તારો હાથ જોવામાં બધું જ ભૂલી ગયો હતો.' બોલી મહારાજ પાણી પીવા લાગ્યા.

'મારી દષ્ટિએ તારા માટે અકસ્માત્ ધનયોગ છે અને તે યોગ ફળતાં તું ધનવાન થઈ જઈશ. તારો ભાગ્યોદય થશે, તારાં લગ્ન થશે. બંગલો થશે.'

બિચારો નોકર મહારાજનાં શબ્દો સાંભળી સ્વર્ગ સુખ અનુભવવા લાગ્યો. શ્રીમંતાઈ–સ્ત્રી–બંગલો, પછી રહ્યું શું ? નોકર તો મહારાજને દેવ માનવા લાગ્યો. અને આવા કેટલાએ જોષી મહારાજો આશાની જ્યોત બતાવી ભોળાં સ્ત્રી–પુરુષોને લૂંટે છે શબ્દો ફેંકે છે તેમાં લોકો ફસાય છે, તેમનાં ખિસ્સાં ખાલી કરી પોતાના ખિસ્સાં ભરતા જાય છે તેમને એ જેવાની–જાણવાની ફુરસદ નથી કે તેમના શિકાર થએલાઓનું શું થયું. મહારાજ તો લૂંટેલા પૈસાથી મોજ કરે છે જ્યારે લુંટાનાર, આશા નિરાશામાં ફેરવાતાં રડયા જ કરે છે.

'હેં મહારાજ ! એ બધું કયારે થશે ?' હસતાં હસતાં–નોકરે મહારાજને પૂછ્યું.'

'કહું છું. પણ ઘરમાં કોઈ નથી ?' મહારાજે પૂછ્યું.

'ના, મહારાજ ! મારા શેઠે હજી લગ્ન કર્યું નથી. કરવાની જરૂર હોય તેમ પણ હું માનતો નથી. કારણ કે મહારાજ ! તમે જાણો છો ને નર તો ભ્રમર છે. રોજ નઈ બહાર ! ઉપરાંત શેઠ તો ધર્મના ઠેકાદાર છે. બધાંની નજરે તે લોકોનાં ભલા ખાતર દોડતા જ જણાય. 'બહારકી તો અચ્છી બની, ભીતરકી રામજી જાણે.' અને એ હું જ જાણું. સમજ્યા ને મહારાજ !'

'એમ.' જોષી મહારાજ બોલ્યા. 'ત્યારે તને અહીંઆ એકલું રહેવું પડતું હશે કેમ !'

'ના રે, ના. કેટલીએ ચિડિયાને શેઠ અહીં પણ લાવે છે મને સંભળાવે છે 'સ્ત્રીઓ તરફ પુરુષો નિર્દયતાથી વર્તે છે. પોતાનો સ્વાર્થ સરી જતાં રખડતી મૂકી દે છે.' મને એ શબ્દોથી હસવું આવે છે. પણ આપણે તો કામથી કામ હમણાંએ એક

ભિખારણ આવી છે. એ તો શેઠના માથાની છે. જરાએ નમતું આપતી જ નથી. ને જવાનું નામે લેતી નથી, ને મહારાજ! એ ગાય છે પણ સારું. શેઠ એનું ગાયન સાંભળવા, જેમ માછલી જળ વિના તરફડે તેમ તરફડે છે પણ દાદ જ દેતી નથી. એકલી હોય છે ત્યારે ગણગણે છે.'

'એમ. એવી જબરી છે. મને બતાવશે ખરો?'

'જોકે શેઠની મનાઈ છે. પણ તમને બતાવવામાં કાંઈ જ વાંધો નથી.' ને નોકરને વાંધો હોય જ કેવી રીતે? એ મહારાજે જ્યાં શ્રીમંતાઇ, સ્ત્રી, બંગલો બધું જ મળવાની સોએ સો ટકા આશા આપી હોય ત્યાં? નોકર પાણીનો લોટો ઉપાડી મહારાજને લઇ ભિખારણના ઓરડામાં આવ્યો. ભિખારણને જોતાં મહારાજ બોલ્યા. 'આશિર્વાદ. જોષી છું, ભુત-ભવિષ્ય વર્તમાન જાણું છું હસ્ત રેખાનું સારામાં સારું જ્ઞાન ધરાવું છું. તમારો હાથ બતાવશો? આ તો ગંગાજી ઘેર બેઠાં આવ્યા છે.'

ભિખારણ જોષી મહારાજ સામે જોઈ રહી.

'બુન! હાથ બતાવો મહારાજ તો દેવ જેવા છે.' નોકરે કહ્યું.

'મારે તો કાંઈ હાથ બતાવવો નથી'

'અરેરે, કળીકાલ; જરા આસ્થા જ નહિ. ને લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા જનાર મૂર્ખ જ ગણાય ને? તમારી પાસે દક્ષિણા તો માંગતો નથી. સાચાજૂઠાની જરા પરીક્ષા તો કરી જુઓ!'

'હા, બુન! હા. જરા નાણી તો જુઓ.' નોકરે આગ્રહ કર્યો, ભિખારણે હાથ લંબાવ્યો જોષી મહારાજ હાથને ધ્યાનપૂર્વક જોવા લાગ્યા

'માનો, ન માનો, પણ તમારા નસીબમાં રાજસુખ લખાએલું છે.' બોલતા મહારાજ ભિખારણનું કપાળ જોવા લાગ્યા. 'ભાઈ! તમે જરા બહાર જશો, મારે તેમને કેટલુંક ખાનગીમાં કહેવું પડે અને પૂછવું પડે તેમ છે.'

જોષી મહારાજના શબ્દો સાંભળતા નોકર લોટો લઈ બહાર ચાલ્યો ગયો.

'હું રજનીકાન્ત સાથે હતો તે રમેશચંદ્ર છું. તમને તે દિવસે વાત કરી હતી તે સંબંધમાં કાંઈ નવાજૂની જાણવા મળી છે ખરી?'

'પહેલાં એ કહો રજનીકાન્ત ક્યાં છે?'

રમેશે ભોંયરામાંથી કેવી રીતે છૂટયા તે સંબધનો ઇતિહાસ કહ્યો. અને અત્યારે તેઓ બદમાશ પકડવા તૈયારીઓ કરી રહ્યા છે, તે પણ જણાવ્યું.

'એ હાડપિંજર, તે દિવસ પછી દેખાયું નથી, શેઠ પણ અહીંઆ આવતા નથી. પણ આ દીવાલ પાછળ કોઈ મશીન, યંત્ર હોય તેમ જણાય છે. પણ ત્યાં જવાનો કોઈ માર્ગ જડતો નથી. મેં આખું ઘર તપાસી જોયું.'

'એ માર્ગ એવો હશે કે જે સહેજે દૃષ્ટિએ ન પડે હાં પેલો ડોક્ટર અહીંઆ આવે છે ખરો, કે જેણે તમારી સારવાર કરી હતી.'

'ના, મેં તો તેને જોયો જ નથી. આ મકાનમાં શેઠ સિવાય બીજું કોઈ જ આવતું નથી. પણ મારા નસીબમાં રાજસુખ લખાએલું છે તે કેવી રીતે જાણ્યું? હું તો ભિખારણ છું.'

'હું કેવી રીતે જાણું છું તે કહી શકતો નથી. તમે મને કહેશો તમને રજનીકાન્ત માટે કેમ લાગણી થાય છે?'

'એ તો કોઈ ભલા માણસને દેખીએ એટલે લાગણી થાય જ.'

'તો હું ભલો માણસ નથી? મારા માટે લાગણી થતી નથી?'

ભિખારીએ કાંઈ જ જવાબ આપ્યો નહિ.

'હશે મારા માટે તમને લાગણી થાવ, વા ન થાવ તેની ચિંતા નહિ. પણ તમને સંપૂર્ણ સુખ મળશે તે હું જણાવું છું. એ વાત જવા દો. તમે બરાબર તપાસ રાખતા રહેજો. કેમ બાઈ! મારા વિદ્યાની પરીક્ષા થઈ ચૂકી ને? હું જે કહું છું તે બરાબર છે ને?' જોષી મહારાજ મોટા અવાજે બોલ્યા. નોકર ત્યાં આવ્યો. બોલ્યો: 'કેમ બુન! હું નહોતો કહેતો કે મહારાજ દેવ જેવા છે.'

'તારું કહેવું સાચું છે મહારાજ, ભૂત-ભવિષ્ય, વર્તમાન બધું જ જાણે છે હવે મહારાજ! તમારે વધારે કહેવા જેવું કાંઈ રહ્યું નથી ને?'

'ના, હું ઊઠીશ.' બોલતા મહારાજ ઊઠયા. શેઠના ઓરડામાં આવ્યા, ખિસ્સામાંથી પોતાના નામનું વિઝિટીંગ કાર્ડ કાઢી ટેબલ પર મૂકયું બોલ્યા: 'તારા શેઠ ન મળ્યા. મારી બધી જ આશાઓ ધૂળમાં મળી ગઈ. હશે, જેવાં નસીબ! જ્યારે શેઠ આવશે, ને મારુ કાર્ડ જોશે એટલે મને જાણી શકશે. ચાલ હું જાઉં છું ભગવાન તારું ભલું કરશે.' કહી જોષી મહારાજ, રમેશ પોતાના મકાને જવા લાગ્યો આવ્યો: 'બિપિન! તું ઊંડા પાણીમાં રમી રહ્યો છે. પણ એ રમત ખુલ્લી પડયા વિના રહેવાની નથી. તું સપડાયા વિના રહેવાનો નથી આ હવે દરોડો પાડું છું અને તેનું પરિણામ મને આશા છે કે સારું જ આવશે. પ્રપંચીઓની બાજીનો દોર હાથમાં આવ્યા વિના રહેવાનો નથી. તમારી બાજી છિન્ન ભિન્ન થયા વિના રહેવાની જ નથી. હું તમને છોડનાર નથી.'

## પ્રકરણ છઠ્ઠું

### છટકયો

'તું રમેશ ! તું, મને પકડી શકનાર નથી. તારી બાજી પળમાં છિન્નભિન્ન કરી નાંખીશ. તું મારો પીછો કરી રહ્યો છે છતાં તું મને કાંઈજ કરી શકનાર નથી. મારાં કાર્ડ ખુલ્લાં છે.' બોલતાં બિપિને નોકરને બોલાવ્યો. નોકર આવ્યો. ટેબલ પરનું વિઝિટીંગ કાર્ડ બતાવતાં તેને નોકરને પૂછ્યું 'એક જોષી મહારાજ આવ્યા હતા. તે મૂકી ગયા છે.' નોકરે કહ્યું.

'જોષી મહારાજ ?' તે ગુસ્સાથી બોલ્યો.

શેઠને ગુસ્સામાં જોતાં નોકરે જોષી મહારાજના ગુણગાન ગાવાનો વિચાર માંડી વાળ્યો.

'આવા ભટકતા ક્યાંથી આવે છે ? એ નવરા માણસોને એટલું પણ ભાન હોતું નથી કે તેમનાથી મારા કાર્યમાં કેટલું ખલેલ પડે છે.' નોકર તરફ ફરી બોલ્યો. 'હવેથી આવા કોઈપણ કાર્ડ તારે લેવા નહિ. એવા ભટકતા ભામટાઓ માટે મારા દરવાજા બંધ છે.'

નોકરે માથું નમાવ્યું. 'જા તારું કામ કર.' નોકર ચાલ્યો ગયો.

'રમેશ! મારે તને વળતી મુલાકાત આપવી પડશે. અને તે મુલાકાત અત્યારે હશે.' બોલતો બિપિન પોતાના મકાનેથી રમેશને ત્યાં જવા નીકળ્યો. અલ્પ સમયમાં તે રમેશને ત્યાં આવ્યો. તે સમયે રમેશ સાંજના શું કરવું તે વિચારતો હતો. બિપિને મકાનનું બારણું ખખડાવ્યું.

'Come in (અંદર આવો.)' રમેશે ત્યાંથીજ જણાવ્યું, ને બિપિન રમેશ હતો ત્યાં આવ્યો. સામે પડેલી ખુરશી પર બેઠો.

'મારા મકાને આવ્યા હતા?' બિપિને સિદ્ધોજ સવાલ રમેશને પૂછ્યો.

'હા. તમારી મુલાકાતે.' બેપરવાઈથી રમેશે જવાબ આપ્યો.

'તમને પાછા જવું પડ્યું, એટલે મુલાકાત આપવા હુંજ તમારી પાસે આવ્યો છું. કહો. કઈ ઇચ્છાએ મારે ત્યાં આવવું થયું હતું? બિચારો નોકર તમારી સરભરા શું કરી શકે? તમારું મારી ગેરહાજરીમાં યોગ્ય આતિથ્ય નહિ જ થયું હોય તે માટે હું ક્ષમા માગું છું.'

'એ તમારા હૃદયની વિશાળતા છેઃ આવ્યો હતો, તમને પૂછવા કે આ જુલ્મો હજી ક્યાં સુધી કરે જ જવા છે. ક્યાં સુધી ધારણ કરેલો દંભનો બુરખો ઓઢી રાખવો છે?'

'મિ. રમેશ! જરા સભ્યતા શીખો. તમે પહેલાં પણ મારી સાથે આવું વર્તન ચલાવ્યું હતું, તે હું ભૂલી ગયો નથી. તમારી પાસે મારા પર આક્ષેપો કરવા ક્યાં કારણો છે?'

'પ્રત્યક્ષ પ્રમાણ તો હજી સુધી મેળવી શક્યો નથી. તે મેળવવા યત્ન કરી રહ્યો છું. પણ એતો નિર્વિવાદ જ છે કે આ શહેરમાં થયેલા ઉપદ્રવમાં સીધા અથવા બીજી રીતે તમારો હાથ છે.'

'અને તે માનવાને કારણ?'

'કારણ? શેઠ તમે ઘણા બુદ્ધિશાળી છો. તમે તમારા હાથ એટલા તો ચોકખા રાખ્યા છે. કે તમારો દુશ્મન પણ તમારા માટે શંકા લાવી શકે નહિ; છતાં હું કહું છું કે તમે આજ સુધીમાં અનેક અબળાઓના શિયળ લૂટર્યા છે. તમારા બદમાશ સાથીદારો પાસે તમે તિજોરીઓ તેડાવી છેઃ તમે મને એ કહી શકશો કે આ બધું દ્રવ્ય તમારી પાસે કયાંથી આવ્યું?'

'તમારી તો એવીજ માન્યતા છે કે મેં આ બધું લૂંટીને ભેગું કર્યું છે કેમ?'

'જી. માન્યતા નહિ, એ સાચું જ છે. જેટલું સૂર્ય પૂર્વમાં ઉગે છે તે સાચું છે તેટલું જ.'

'કોણે મારા વિરુદ્ધ ફરિયાદ કરી, કોણ તમને કહેવા આવ્યું? મિ રમેશ! મારા કાર્ડ ખુલ્લાં છે. હું કાંઈ પણ ગુપ્ત રાખતો નથી.?'

'કહી શકો છો, બહારથી બતાવી શકો છો. તમારા હૃદયમાં એ ગુપ્તતા જળવાઈ [illegible] છે. તમારી રમતનાં મૂળ ઊંડા છે. છતાં એ વાત જવા દઈએ. તમે શ્રીમંત ન હતા, એકાએક થયા છો તમને કોઈ ઓળખતું ન હતું. આજે દાનેશ્વરી કર્ણ થયા છો. કહો. કેવી રીતે બન્યા?'

'આ પ્રશ્ન? આ શંકા?' બોલતો બિપિન હસ્યો 'મિ. રમેશ! દુનિયામાં કેટલાએ ગરીબો માલેતુજાર બન્યા છે એ બધાને પૂછ્યું છે, તમે કેવી રીતે શ્રીમંત થયા? કોઈ સટ્ટાથી. કોઈ અકસ્માત્ જમીનમાંથી અથવા બીજી રીતે ધન મળતાં શ્રીમંત બને છે. હું પણ એમજ ધનવાન થએલો છું.'

'એમજ એટલે? શું તમને જમીનમાંથી ધન મળી આવ્યું છે? રેસમાં ધન મેળવ્યું છે? કહો તો ખરા મારા શેઠ!'

'અને ન કહું તો?'

'મારું કહેલું સત્ય જ છે. તમારે તમારો બચાવ કરવો હોય તો કહેવું જ પડશે.'

'તમે મારી પાસે કહેવડાવવા ફરજ પાડશો?'

'અગર જો તમારે તમારું સ્થાન જાળવી રાખવું હોય તો, તમારાં કાર્ડ ખુલ્લાં છે તે પૂરવાર કરવા વિચાર હોય તો.'

'હું એમ કહું કે મિ. રમેશ! મેં એ પૈસા રેસથી મેળવ્યા છે તો?'

'તો એમ તમે કહો. અસત્ય હશે તો તેનો પ્રતિકાર થશે' રમેશે કહ્યું: 'તમે ઉદાર પણ તેવું કહેવડાવો છો પણ કોને પૈસે? તમે ગરીબોને સહાય કરો છો, તે ક્યાંથી લાવી? તમારી મિલ્કતમાંથી નહિ. પણ શહેરીઓને રોવડાવીને. તમારું મંડળ છે જે વેશપરિવર્તન વિદ્યામાં કુશળ છે. વિજ્ઞાનના પ્રયોગો કરવામાં કુશળ છે; તેઓ, તમે બધાં શહેરીઓને લૂંટવાનું, તમારી વિષયલાલસા સંતોષવા સૌંદર્યવતી બાળાઓને ફસાવવાનું કાર્ય કરો છો. તમે નિરાશ્રિત બાળાઓને ઘેર રાખો છો. શા માટે પુરુષોને નહિ? તમારી દૃષ્ટિએ સ્ત્રીઓજ દયાને પાત્ર છે પુરુષો નહિ! બહાર તમે બતાવો છો સ્ત્રીઓ કચડાએલી છે. પુરુષો તેમના પર અત્યાચાર કરે છે અને તમે તે અત્યાચારમાંથી છોડાવો છો. તેમને સહાય કરો છો શેઠ! તમારે તેમને સહાય કરવી છે તો ખુશીથી કરો. પણ તેમને તમારે ત્યાં રાખવાની કંઈ જરૂર છે? શા માટે તેમને તમે કોઈ આશ્રમમાં પહોંચાડતા નથી? તમારી પાસે અનગળ દ્રવ્ય છે તો આશ્રમમાં તે માટે કાં આપતા નથી? શા માટે તમેજ અનાથો માટે આશ્રમ બંધાવતાં નથી? કહો, તમારી પાસે શું જવાબ છે? આપણે એ વાત જતી કરીએ કે તમે ધંધા વિના શહેરમાં ફરો છો, તમારી કોઈ પેઢી અગર બીજું કાંઈ નથી. આપણે એ પણ ભૂલી જઈએ કે તમારા મકાનમાં છૂપા ભોંયરા છે અને તેમાંથી શયતાનો અવર

જવર કરે છે. આપણે એ પણ ભૂલી જઈએ કે તમે બદમાશોના નેતા છો. અને તમારી આજ્ઞાએ શહેરમાં ઉપદ્રવ થાય છે. હું તો તમારી પાસેથી એજ જાણવા માંગું છું કે કુબેર ભંડારી જેટલું ધન તમે ક્યાંથી લાવ્યા ? લાવ્યા પછી જનહિતાર્થે કેમ કાંઈ ઉપયોગી સ્થળો ન બંધાવ્યા, નિસ્પૃહિ બની જનતાની સેવા કાં ન કરી ?'

'મિ. રમેશ ! તમારી નીતિ જ મને યેન કેન પ્રકારેણ ગુનેગાર સાબિત કરવાની છે, તો હું તમને કાંઈજ જવાબ આપવા માગતો નથી.'

'નાચવું નહિ ત્યારે આંગણું વાકું. એ સિદ્ધાંતનો અમલ કરી રહ્યા છો. મારા પ્રશ્નોનો તમારી પાસે જવાબ જ નથી. નતો તમે ધન રેસ–સટ્ટામાં મેળવ્યું છે કે ન જમીનમાંથી મળી આવ્યું છે. કે ન કોઈનો વારસો મળ્યો છે. બિપિનચંદ્ર શેઠ ! રમેશને બાળક ન સમજશો. હું તમને હજી પણ તક આપું છું. જવાબ આપવો હોય તો.'

'અને જો હું જવાબ નહિ આપું તો કરશો શું ?'

'શું કરીશ ? તમને લોહકંકણુની ભેટ કરીશ.'

'કોણુ રમેશ મને કારાગૃહની કોટડીમાં મોકલશે ?'

'હા. અને જે આક્ષેપો મેં તમારા પર મૂક્યા છે, તે કાલે જનતા સમક્ષ કહેવામાં આવશે. શહેરની જે જનતા તમારાથી અંજાઈ છે તેમની આંખો ખોલવામાં આવશે.'

'મિ. રમેશ !' ક્રોધથી તે બોલ્યો.

'શાંત થાવ, મારા પરોપકારી મિત્ર ! શાંત થાવ, ક્રોધમાં માનવ પોતાનું જ અહિત કરે છે. ક્યાંક એવું ન બને કે ક્રોધમાં તમે તમારી જાનને મુશ્કેલીમાં મુકી દો.'

'તમે મને ડરાવો છો ? મને ઉશ્કેરો છો !'

'સહેજ પણ નહિ મારા માનનીય મિત્ર ! હું ઘરડો તમને યુવાનને કેવી રીતે ડરાવવાને હતો ? તમારામાં યુવાનીનું લોહી વહે છે તમે ધારો તો મને ડરાવી શકો, ઉશ્કેરાવું તેનો નિર્બળતાનું લક્ષણ છે. માણસ ત્યારે જ ઉશ્કેરાય છે જ્યારે પોતાનો બચાવ કરવા પોતાની પાસે દલીલો હોતી નથી ને પોતે નગ્ન સ્વરૂપમાં આવીને ઊભો રહે છે ત્યારે જ તે ઉશ્કેરાય છે, અત્યારે તમારી સ્થિતિ તેવી જ છે. તમે જેવા છો તેવા જ મેં ચિતર્યા છે. એ ચિત્ર તમારાથી જોયું જતું નથી. ઢાંકપિછોડો કરી શકો તેમ નથી, તમારા બચાવનો માર્ગ તમને જડતો નથી, કેમ હું ઠીક કહું છું ને ?'

રમેશના શબ્દોથી બિપિન ઉશ્કેરાતો પણ તેને જવાબ માટે શબ્દો જડતા નહિ અને નિરુત્તર જ રહ્યો.

'નહિ બોલો મહાશય ! તમને તમારો બચાવ કરવો નથી. એટલે મારે એમ જ માનવું રહ્યું કે જે મેં કહ્યું તે તદ્દન સત્ય છે. જ્યારે હું આ બધું જનતા સમક્ષ મૂકું. કાયદાથી તમારી વ્યવસ્થા કરવા વિચારું ત્યારે તમે એમ તો નહિ જ કહી શકો કે રમેશે બચાવ કરવા સમય આપ્યો ન હતો. કદાચ તમે તમારો બચાવ કોર્ટમાં કરવા તૈયાર થશો. કરશો, તે પહેલાં દુનિયાની દૃષ્ટિએ તમે શયતાન ઠરી જ ચૂક્યા હશો. જનતા જાણી ચૂકી હશે કે તમે ઝેરી સાપ છો. તમારાથી દૂર જ રહેવું સારું છે આ મંતવ્ય જનતાનું થઈ ચૂક્યું હશે તેમની દૃષ્ટિમાં તમે નીચા પડી ચૂક્યા હશો ત્યારે તમારો બચાવ વૃથા હશે. તમે સ્થાન-ભ્રષ્ટ થઈ ચૂક્યા હશો, માટે હજી પણ કહું છું, જો તમારો બચાવ કરવો હોય તો સમય છે નહિ તો...'

'લોહકંકણની ભેટ એમજ ને ?' બિપિને પૂછ્યું.

'એ મારે ફરી ફરીને કહેવાનું ન હોય, જો તમારે તમારી

પ્રતિષ્ઠા જાળવવી હોય તો તમારે તમારા ગુનાનો એકરાર કરવો જ રહ્યો, વળી તમારે પ્રતિજ્ઞા લેવી પડશે કે તમારે જનતાનું અહિત થાય તેનું એક પણ કાર્ય ન કરવું : જો એ પ્રતિજ્ઞાનો ભંગ કરશો તો તમારો એકરાર જનતા સમક્ષ મૂકવામાં આવશે.'

'અને તે તમે મૂકશો ! મિ. રમેશચંદ્ર ! હું મૃત્યુને પસંદ કરીશ પણ તમારા ઉપકાર હેઠળ–તમારી શરતે જીવવા તૈયાર નથી. મારા દરેક કાર્યોને તમે અવળી દષ્ટિએ જોઈ રહ્યા છો અને તે તમારી દષ્ટિએ જનતા સમક્ષ મૂકવા વિચારો છો–જનતા તે માને જ કારણકે દુનિયાને કાળી બાજુ જોવાની ટેવ હોય છે. તેમાં તેને રસ હોય છે.'

'શું હું તમારા કાર્યોને યથાર્થ સમજી શક્યો નથી ? હજી પણ આ ચાલાકી ? બિપિનચંદ્ર ! હું તમને હજી પણ તમારો બચાવ કરવા સમય આપું છું.'

'મારે તે સમય જોઈતો જ નથી, હું અહીંઆથી ચાલ્યો જાઉં છું.' બોલતો તે ઊઠ્યો. 'મિ. રમેશ ! સમય આવતાં હું બચાવ કરીશ. તમારી પાસે બચાવ કરવા તૈયાર નથી.'

'તો તમે અહીંઆથી જઈ પણ શકતા નથી' બોલતા રમેશે પોતાના પાટલૂનના ખિસ્સામાંથી રિવોલ્વર કાઢી જવાનું જે બારણું હતું તે પાછા પગલે જઈ બંધ કર્યું. 'મિ. બિપિનચંદ્ર ! અગર જો એક ડગલું આગળ વધ્યા તો આ રિવોલ્વારની ગોળી તમને કારાવાસી બનાવશે.'

'મકાને મળવા આવનાર સાથે આવું વર્તન ચલાવવું તમને છાજતું નથી મિ. રમેશ !'

'મારે કેવું વર્તન ચલાવવું ને ન ચલાવવું તેનો નિર્ણય તમે ન કરી શકો, જ્યાં તમે ઉભા છો, ત્યાંથી આગળ અગર પાછળ જવા યત્ન કર્યો તો મૃત્યુ જ તમને મળશે.'

'એટલે શું તમે મને મારી નાંખવા જ ચાહો છો?' શાંતિથી બિપિને પૂછ્યું.

'ના, મારી તેવી સહેજ પણ ઇચ્છા નથી, મારો નિયમ છે કે જ્યાં સુધી બને ત્યાં સુધી મારે મારા હાથ રક્તથી રંગવા નહિ, જો તમે સીધી રીતે તમારા ગુનાનો એકરાર કરો—ભવિષ્યમાં જનતાનું તમે અહિત નહિ કરો તેવું વચન આપો તો તમારા માટે માર્ગ ખુલ્લો છે. નહિ તો કારાગૃહની કાળી કોટડી તૈયાર છે. જે તમને યોગ્ય લાગે તે માર્ગ સ્વીકારો.'

'મને વિચારવા સમય આપો.' બિપિને કહ્યું.

'ખુશીથી તમે બેસી જાવ.' ને બિપિન બેઠો. રિવોલ્વર ખિસ્સામાં મૂકી રમેશ તેની સામેની ખુરશી પર બેઠો. બિપિન કાંઈ ઊંડા વિચારમાં ઉતરી ગયો હોય તેમ સહેજે જણાતું.

'ઠીક, કાગળ લાવો, હું લખી આપું છું.' બિપિને કહ્યું.

રમેશ કાગળ લેવા ઊઠ્યો કે તરત જ બિપિન જે ખુરસી પર બેઠો હતો તેજ ઉપાડી રમેશ તરફ ફેંકી. રમેશ બિપિનની બાજીસમજી ગયો, સામનો કરવા તૈયાર થયો, ઉભય વચ્ચે મારામારી શરૂ થઇ, બિપિન રમેશના ખિસ્સામાં રહેલી રિવોલ્વર પડાવી લેવા યત્ન કરવા લાગ્યો, રમેશ રિવોલ્વર તેના હાથમાં ન જાય તે માટે પ્રયત્ન કરતો. રિવોલ્વર હાથમાં ન આવવાથી બિપિન ગુસ્સે થયો, મુઠ્ઠી ઉગામી. રમેશને વાગ્યું છતાં હિંમતથી તેને પછાડવા મહેનત કરવા લાગ્યો. તેવામાં રજનીકાન્ત આવ્યો. બારણું ખટખટાવ્યું.

'મિ. રમેશ!' રજનીએ બૂમ પાડી.

'મિ. રજનીકાન્ત! મહેનત કરી બારણું ખોલો, મેં બદમાશને પકડ્યો છે.'

રજનીકાન્ત આવ્યો. પોતાના માટે એક વધુ હરીફ આવ્યો. સમય ગુમાવવો વૃથા છે પકડાયો તો કારાગૃહની કોટડી તૈયાર જ છે. આ સમજતાં બિપિન રમેશના હાથમાંથી છૂટવા યત્ન કરવા લાગ્યો, છૂટયો. બારી તરફ દોડ્યો. રમેશને પાછળ આવતો જોયો. પાસે પડેલી ખુરશી ઉઠાવી, રમેશ તરફ ફેંકી, તે રમેશને આબાદ વાગી. બિપિન બારીએથી કૂદી નાઠો. તેટલામાં રજનીએ બારણું ખોલી નાખ્યું. અંદર આવ્યો. રમેશને ખુરશી સજ્જડ વાગી હતી. તે જમીન પર બેસી ગયો હતો. રજનીએ તેને ઉઠાડયો. સાચવી ખુરસી પર બેસાડયો. અને પૂછ્યું. 'કોણ હતું મિ. રમેશ ?'

'બદમાશ બિપિન, હાથમાં આવેલો શિકાર છટકી ગયો.' રમેશે કહ્યું. વાગ્યાના દુઃખ કરતાં શિકાર છટકી જવાથી ઘણું દુઃખ તેને થતું હતું.

## પ્રકરણ સાતમું

### 'તું જ મારો છે'

'મિ. રમેશ! બદમાશ એકાએક અહીંઆ ક્યાંથી? અને એવું તો શું બન્યું કે જેનું પરિણામ આ આવ્યું?' રજનીએ પૂછ્યું.

'મિ. રજનીકાન્ત! હું તેને ત્યાં ગયો હતો મારી ઈચ્છા હતી કે હું કાંઈક જાણી શકીશ. પેલી ભિખારણ પાસેથી કાંઈક માહિતી મેળવવા ઈચ્છા હતી, તેથી જોષી બની ત્યાં ગયો, તેના નોકર પાસેથી તેના સંબંધમાં થોડું ઘણું જાણ્યું. ભિખારણને મળ્યો પણ કાંઈ માહિતી મળી નહિ. પાછા ફરતાં મારું કાર્ડ મૂકતો આવ્યો. અને તેથી મહાશય મને મળવા આવ્યા. વાતચિતનો દોર જ એવો પકડાયો કે જેનું પરિણામ મારામારીમાં આવ્યું અને તે પછી જે થયું તે તમે જાણો છો જ.'

'તો હવે આપણે આજ સાંજની તૈયારીઓ કરીએ.'

'ના. મિ. રજનીકાન્ત! હવે આજ કાંઈ જ કરવું નથી. એ બદમાશ હવે શું પગલું લે છે તે જોઉં છું. એટલું તો તે સમજી ચૂક્યો હશે કે પોલીસ મારી પાછળ પડી છે. હવે કોઈ પણ ક્ષણે ગિરફતાર કરશે જ. મારી ઈચ્છા નથી કે તેને એકલાને પકડવો. એકીસાથે તે મંડળના બધા જ સભ્યોને પકડવા. આજ તમે મુલ્તવી રાખો મને રાહ જોવા દો.'

'તો હું જાઉં?' રજનીએ પૂછ્યું

'ખુશીથી.' અને રજની ચાલ્યો ગયો. રમેશ આગળ શું કરવું તેનો વિચાર ટેબલ પર માથું મૂકી કરવા લાગ્યો. થોડોક સમય આમ વિતાવીને ઊઠ્યો.

જ્યારે રમેશ બહાર નીકળ્યો ત્યારે ભિખારણ મકાનનો જો કોઈ ગુપ્ત માર્ગ જડે તો તે શોધવા યત્ન કરી રહી હતી, તેવામાં તેને કર્ણે અવાજ આવ્યો.

'મારો ભેદ શોધવા યત્ન કરે છે?'

અવાજની દિશાએ તેણે જોયું તો હાડપિંજર દેખાયું.

'મૂર્ખ! મારા માર્ગો, મારી શક્તિઓ તું શું શોધી શકવાની હતી, જાણી શકવાની હતી. બોલ, કોના કહેવાથી આ પ્રવૃત્તિ આદરી છે? શું ડિટેક્ટીવ રમેશ તને મળ્યો હતો. તેણે ગુપ્ત માર્ગ શોધવા જણાવ્યું હતું?'

ભિખારણ નિરૂત્તર રહી.

'તું બદમાશને મળી ગઈ હોય તેમ જણાય છે. તારું તો રક્તજ રેડવું રહ્યું.' જળમાં હોવા છતાં કમળ જળથી અસ્પૃશ્યજ રહે છે તેમ હાડપિંજરના શબ્દો ભિખારણ માટે અસ્પૃશ્યજ, અસર કર્યા વિનાના રહ્યા. તેથી ક્રોધપૂર્ણનેત્રે તે બોલ્યું. 'શું તને મૃત્યુનો ડર નથી?'

'ડર હોય તો પણ થાય શું? જે નિશ્ચિત જ છે, આવવાનું છે, તો પછી ગભરાવાથી, ડર રાખવાથી લાભ શો? હું જાણું છું. તારી ઇચ્છા મારું રક્ત પીવાની છે. અને તે જ્યારે તું પીશે ત્યારે શાંત થનાર છે તો પછી રડવાથી લાભ શો? આવ. ખુશીથી આવ. તારું રક્તપિપાસુ ખંજર મારા દેહમાં ભોંકી દે જેથી આવા ત્રાસજનક જીવનથી છૂટું. આ કારાગૃહની કોટડીથી છૂટકારો પામું.' ભિખારણે નિડરતાથી કહ્યું.

'ભિખારણ, મને જોતાં ભલભલા કંપે છે. છતાં તું નહિ ડરતાં નિડરતાથી મારી સામે ઊભી છે. તેથી હું તારા પર ખુશ છું. તારો નાશ કરવા નહિ વિચારું.'

'પરંતુ, હું તો અહીંઆથી ચાલ્યા જવા વિચારું છું.' ભિખારણે કહ્યું.

'શું કહ્યું ! ચાલ્યા જવું છે ? પણ ક્યાં ? આવું સલામત સુખપૂર્ણ સ્થળ છોડી....'

'મારે અહીંઆની સલામતી અને સુખ ન જોઈએ. ભલે હું સ્વતંત્ર રહી દુઃખી થાઉં. જંગલમાં સ્વતંત્રપણે વિહાર કરતા પશુને ઉત્તમ ભોજન આપી પાંજરામાં રાખો તો તે શું સુખી થશે ! કદાપિ નહિ. અંધકારને વખાણનારા ઘુવડને પ્રકાશની શું કીંમત !'

'એટલે શું તું સ્વતંત્ર થવા ચાહે છે. અહીંઆથી જવા ઇચ્છે છે !'

'હા, ખચિત. મને અહીંઆ ફસાવવામાં આવી છે. મારા પ્રત્યે લાગણી બતાવવાના ઓઠા હેઠળ મને ગુલામ બનાવવામાં આવી છે. તમારા ષડ્યંત્રે હું જીવતાં મરેલી જ છું, આ એકાન્ત વાસ મારા માટે ઘણોજ ભયંકર છે. ન હું અહીંઆ કોઇને મળી શકું છું, કે ન કુદરતની લીલા અવલોકી શકું છું. મારા રાત દિવસ આ દીવાલો જોવામાં જ જાય છે. મારું દુઃખ જડ દીવાલોને કહું છું. પણ તે આશ્વાસન થોડીજ આપવાની છે !'

'તારે બહારના જગતમાં જવું છે ? તો હું તને જવા દેવા તૈયાર છું, પણ એક શરતે.'

'મારે તારી પિશાચની શરત માન્ય કરવી નથી. હું મારી જાતે જ ચાલી જઈશ અને જો તારે મને બહારના જગતથી દૂરજ રાખવી હોય, તો ખુશીથી તારું ખંજર ભોંકી દે.'

'બહુ જ ઉતાવળી. જ્યારે હું તારી નીડરતાથી ખુશ થઈ

તારા અનુપમ સૌંદર્યનો નાશ કરતા અચકાઉં છું ત્યારે તું મને પિશાચ કહી ઉશ્કેરી રહી છે. છતાં છતાં હું તને ક્ષમા કરું છું ને મારી શરત તને કહું છું. યોગ્ય લાગે તો સ્વીકારજે. હું તને એક સૌંદર્યસંપન્ન સ્ત્રી પાસે જવા શરત કરું છું બોલ કબૂલ છે.'

ભિખારણે હાડપિંજરે રજુ કરેલી શરત પર વિચાર કરવા માંડયો, આનાકાની કરવા માંડી પણ છેવટે શરત કબૂલ કરી. એટલે હાડપિંજર તેની પાસે આવ્યું, તેના કાનમાં કાંઈક કહ્યું. ભિખારણ પહેરેલે કપડે ત્યાં જવા તૈયાર થઈ. એટલે હાડપિંજરે તેને બેશુદ્ધ બનાવી ખભે નાંખી ચાલવા માંડયુ.

આ સમયે સંધ્યાકાળ થયો હતો, રાજમાર્ગ પરના વિદ્યુત્ દીપકો સળગી ચુકયા હતા. તે સમયે ઉદાસવદને બિપિન પોતાના મકાને આવી રહ્યો હતો. તે મકાનમાં આવ્યો, કપડાં ઉતારી ખુરશી પર બેઠો. નોકર હુકમ સાંભળવા તેની સમીપમાં આવી ઊભો. પણ બિપિનને તેની ખબર પડી નહિ.

'શેઠજી.' નોકરે ઘણી જ નમ્રતા સાથે કહ્યું. બિપિને ઊચું જોયું. બોલ્યોઃ 'જોતો પેલી ભિખારણ શું કરે છે?'

શેઠના શબ્દે નોકર ભિખારણના ઓરડા તરફ ગયો. ઓરડામાં કોઈ જ નહોતું તે ગભરાયો. દોડતો પાછો આવ્યો.

'શે...એ...ઠ...જી...ઈ...ઈ'

'શું છે?'

'ભિખારણ નથી.' ડરતાં ડરતાં કહ્યું.

'નથી. તો શું પાતાળમાં પેસી ગઈ, આકાશમાં ઊડી ગઈ?'

નોકર શાંત જ ઉભો રહ્યો. તેને શાંત ઊભેલો જોતાં બિપિન

ગુસ્સે થઈ બોલ્યો.

'ગધેડા.'

'જી.'

'હરામખોર, તેંજ તેને નાસી જવા દીધી. માટે તું પણ જા. મારે તારું કામ નથી.' બિપિન બેઠો હતો ત્યાંથી ઊઠી ઓરડામાં આંટા મારતાં બોલ્યો. 'જા. ચાલ્યો જા.'

'પણ ક્યાં!' કંપતા-ડરતા તે બોલ્યો.

'જહન્નમાં.'

'શેઠજી, મારા પર દયા કરો. હું કાંઈજ જાણતો નથી. હું નિર્દોષ છું.' કરગરતાં તે બોલ્યો.

'મારી પાસે રડે કાંઇજ વળવાનું નથી. તું હવે નહિ જોઈએ.' કહી બિપિને કોટના ખિસ્સામાંથી નોટોનો થોકડો કાઢી નોકર તરફ ફેંક્યો. 'આ લે ને ચાલતો થા.'

'શેઠજી.'

'કાંઈજ નહિ કહ્યુંને આ લઈ ચાલતો થા. મારા સામેથી દૂર થા.' બિચારો નોકર રડતો રડતો જવા લાગ્યો.

'કેમ સંભળાતું નથી! આ નોટો ઉપાડી લે. મારે હવે તારું કામ નથી, તું આજથી છૂટો છે.'

બિચારા નોકરને હવે નોટોનું બંડલ ઉપાડવું પડ્યું તે લઈ પોતાના કપડાંની પોટલી બાંધી મકાન છોડી ચાલતો થયો. બિપિન ખુરશીમાં આવી બેઠો. 'આજ ભયંકર ભૂલ કરી. રમેશ સાથે મારા મારી કરવી જોઈતી ન હતી. શાંતિથી કામ લીધું હોત તો ભયંકર સ્વરૂપ ન પકડત. ઉતાવળ થઈ.' બોલતો શાંત થયો ઓરડાંમાં તેથી શાંતિ પથરાઈ। મનિટો પછી તેનો ભંગ કરતાં બોલ્યોઃ 'પણ રમેશે મને બદમાશ માની જે આક્ષેપો કર્યા તે અસહનીય હતા અને તેથીજ

એ પરીણામ આવ્યું પણ હવે કરવું શું ? જો શાંત બેસી રહીશ તો પોલીસ મને પકડયા વિના રહેવાની નથી. તેમના હાથે પકડાઈ કારાગારની દીવાલો વચ્ચે સડવા કરતાં ક્યાંક ચાલ્યો જાઉં તો ?' બોલતો અટકયો 'એજ માર્ગ મારા માટે ઉત્તમ છે. પોલીસો આવી જ રહ્યા હશે બિપિનચંદ્ર શેઠ ! વિચારમાં સમય વિતાવવા કરતાં ચાલતા થાવ નહિ તો લોહકંકણ તમારા હાથમાં પડી જશે,' બોલી ચોતરફ જોવા લાગ્યો. 'આમાંથી મારી સાથે શું લઈ જઉં ?' બોલતો કપડાં પહેરવા લાગ્યો. 'મારે કાંઇ પણ સાથે લઈ જવું નથી. પહેરેલે કપડે જ પહેલાં રાધાને ત્યાં જઈશ. પછી શું કરવું તેનો વિચાર કરીશ.' બોલી મકાનમાંથી બહાર નીકળ્યો, 'પોલીસ મને ચાલ્યો ગયેલો માની વિસામણ કરશે.' અને તે હસ્યો ને ઉતાવળે પગલે રાધાના ઘર તરફ જવા લાગ્યો. અલ્પ સમયમાં તે રાધાને ત્યાં રાજમાર્ગ છોડી ગલીઓમાં થઈ આવ્યો. બિપિનને જોતાં રાધા ઉઠી સામે ગઈ. 'પધારો શેઠ, પધારો.' આવકારતાં તેના મોઢા પર સ્મિત ફરકવા લાગ્યું. નેત્રોમાં મસ્તી આવી. આ જોતાં બિપિન દુઃખ ભૂલી હસ્યો, બોલ્યો: 'રાધા, તું કેટલી સુંદર છે તારું મુખ જોતાં ચંદ્ર યાદ આવે છે. પણ ચંદ્ર કલંકયુક્ત છે. ત્યારે તું—'

'ન કલંકીની બરાબરને ?' શેઠનો હાથ પકડી ગાદી પાસે લઈ આવી તે પર બેસાડતાં બોલી.

બિપિને ચોતરફ જોઈ પછ્યું: 'રાધા ! કયાં ગયો તારો પેલો કૂતરો ?'

'કોની વાત કરો છો ?' અજાણી થઈ રાધાએ પૂછ્યું.

'પેલા પાગલની બીજા કોની ?'

શેઠના શબ્દો સાંભળતાં મોં મચકોડી બોલી: 'શેઠજી તેના માટે તમે ગમે તેવા શબ્દો વાપરો તે મને પસંદ નથી. એ તો દયાપાત્ર છે ઈશ્વરે જીહવા ન આપી તેને જે સજા કરી છે. તેમાં તેનું અપ-

આન કરી વધારો કરવો ન જોઈએ.'

રાધાના આ શબ્દો બિપિનને સારા તો ન જ લાગ્યા પણ રાધાને કાંઈ કહેવાય તેમ ન હતું.

'શેઠજી, ખોટું લાગ્યું?' બોલતી રાધાએ શેઠના ગળામાં હાથ નાંખ્યો, સાથે જ શેઠ રાધાના શબ્દો ભૂલી ગયા. 'કહો શેઠ, શું હુકમ છે?'

'અરે રાધા, આજ તો અનિચ્છનીય બનાવ બની ગયો, પોલીસો સાથે મારામારી થઈ. અને તેથી મેં આ ગામનો ત્યાગ કરી અન્યત્ર જવા વિચાર કર્યો છે. આ તો તને મળવા આવ્યો છું.'

'બીજે જવાની વાત તો તમારે કરવી જ નહિ.' લાડ કરતાં રાધાએ કહ્યું. 'આ મકાન કોનું છે? અહીંયા તમે રહો, કોઈ જ તમારો વાંકો વાળ કરનાર નથી.'

'પણ બહાર તો નીકળાય નહિ ને?'

'અરે; જાવ રે મારા શેઠ, એ શું બોલ્યા, બે દહાડા પછી પોલીસોને મનાવી લેવાશે.' રાધાએ હસીને કહ્યું 'કેમ અહીંઆ રહેશો ને?'

રાધાના શબ્દોથી શેઠ એટલા તો પરવશ થઈ ગયા કે તેને ના પાડી જ શક્યા નહિ. હસીને બોલ્યા.

'રાધા, તને છોડીને સ્વર્ગમાં પણ જવાનું થાય તો હું જવા તૈયાર નથી. હવે તો આ દેહ તારું સાંનિધ્ય અનુભવતો દિવસો પસાર કરશે સમસ્ત જગતમાં મારું કોઇ હોય તો તું...જ તું...જ તું મારી છે.' બોલતા શેઠે રાધાને પોતાના હાથમાં ઉપાડી લીધી.

## પ્રકરણ આઠમું

### ખૂનીનું ખોળિયું

રાધા શેઠના હાથમાંથી છૂટી વેગળી ઊભી રહી. તેવામાં પાગલ આવ્યો. પાગલને જોતાં શેઠને અણગમો થવા લાગ્યો.

'આવ્યો ?' રાધાએ હસીને પૂછ્યું.

પાગલે માથું ધુણાવ્યું. શેઠ પાગલ તરફ તિરસ્કારથી જોતાં બોલ્યાઃ 'પરમાત્માને આવા મુખનો આકાર બનાવતાં કેટલોએ વિચાર કરવો પડ્યો હશે નહિ ?'

પાગલે આ શબ્દો સાંભળ્યા, તે હસ્યો. રાધાએ પણ જાણે અજાણે હસવામાં સાથ આપ્યો. શેઠને આ હાસ્ય રુચ્યું નહિ.

'શેઠ ! ઇશ્વર કેટલીક વખતે એવા નમૂના ઘડે છે જે જોતાં માનવી પાગલ બને છે. પરંતુ, તેના સહવાસ આવતાં એ પાગલતા, પાગલતા જ નિવડે છે, ને તમને આ પાગલ સંબંધમાં કહી ચૂકી છું કે......'

'બસ, બસ. જવા દે એ વાત અને શરૂ કર દુઃખવિદારક સંગીત.' શેઠે કહ્યું.

રાધાને શેઠની પરવા ન હોય; અથવા તો શેઠને ચિડવવા જ માંગતી હોય તેમ તેણે પાગલને પૂછ્યુંઃ 'કંઇ સાંભળવું છે ?'

શેઠને રાધાનું આ વર્તન ન રુચ્યું. તે કંટાળીને બોલ્યા. 'ત્યારે રાધા હું જાણું છું કેમકે તું મારા માટે નહિ પણ પાગલ માટે ગાવા તૈયાર છે. મારી ઇચ્છાને નહિ પણ પાગલની ઇચ્છાને અનુસરવા માંગે છે.'

'અરે, એવું તો હોય શેઠજી !'

'એમ જ છે રાધા ! એમ જ છે. પાગલની પાછળ તું પાગલ જ બની ગઈ છે. તારી એ પાગલતામાં તને તારો ભૂતકાળ યાદ આવતો હોય તેમ જણાતું નથી.'

'શેઠ, ભૂતકાળ તો સદૈવ યાદ આવે છે. ભૂલવા પ્રયત્ન કરું છતાં ભૂલી શકું તેમ નથી. આ જીવન જ મને મારો ભૂતકાળ યાદ રખાવે છે.' બોલતાં તેના મુખ પર શોકની છાયા છવાઈ, પાગલ એ છાયા જોતાં દુ:ખી થવા લાગ્યો. રાધાએ શેઠને ઉદ્દેશી કહેવા માંડયું. 'આજ મને સમજાય છે કે તે સમયે તમે દયા ન કરી હોત તો મને મૃત્યુ જ મળ્યું હોત, અને તેથી હું સુખી થઈ હોત, શેઠજી. આ જીવન, મૃત્યુની વેદના કરતાં પણ વધુ વ્યથા કરાવે છે. પણ તેમાં તમારો શો દોષ ? માનવ સંયોગોનું જંતુ છે અને સંયોગો માનવીને જેવી સ્થિતિમાં રાખે તેવી સ્થિતિમાં રહેવાનું છે ન કોઈ, કોઈનું ભલુ કરે છે કે ન બુરૂં. જે કાંઈ થાય છે તે સંયોગાનુસાર. જવા દો એ વાત, તમારે કાંઈ સાંભળવું છે ? હું સંભળાવવા બંધાએલી છું.' બોલતી રાધાએ પોતાના હાથમાં સારંગી લીધી. પણ તે અસ્વસ્થ હતી. પાગલને રાધાના આ શબ્દો, હૃદયોદ્ગાર દુ:ખના સાગરમાં ડુબાડી દેનાર નિવડયા. તે રાધાનું હૃદય સમજતો હતો. તેને આ ધંધો–શેઠ, ગુલામી ખૂંચતી હતી. તેને શેઠ જોઈ તો ન હતો. આ ધંધો કરતાં તેનો આત્મા કંપતો હતો. તે તો કોઈને પૂજે છે. તેના ચર્ણોમાં તેનું સર્વસ્વ અર્પણ કરી ચૂકી છે: પાગલને રાધાએ પ્રભાતમાં કરેલું નૃત્ય યાદ આવ્યું. આત્મહત્યા કરવા તૈયાર થઈ હતી તે પ્રસંગ યાદ આવ્યો. સાથેજ તેનું હૃદય પોકારી ઊઠયું. 'શું આ રાધા આદર્શ ગૃહિણી ન બનત ? જો તે સમાજની વચ્ચે હોત–બદમાશોના સપાટે ન ચઢી હોત તો તેના પગલાં ન પૂજાત ? તેનો પતિ તેનાથી ભાગ્યશાળી ન મનાત ? પણ–પણ વિધિની કઠણાઈથી તેને આ જીવન સ્વીકારવું પડયું. અને બીજી કેટલીએ બહેનોને આવું જીવન સ્વીકારવું પડતું હશે. વિષયના કીડાઓ સાથે

અણુગમતે હૃદયે સંપર્ક રાખવો પડતો હશે અને વેશ્યાઓની સંખ્યામાં વધારો કરવો પડતો હશે. ને તેને લઈ તેના જ સંબંધીઓ દીપકના પતંગીઆ જેવા બની તેની પાસે વિષયભોગની યાચના કરતા હશે. ખરેખર આ જીવન સ્વીકારનાર બહેનો દયાને પાત્ર છે. સમાજની શરમ છે.'

પાગલની વિચારમાળા આગળ વધે જ જતી. પણ સંગીતના સ્વરોએ તેમાં ભંગ પાડયો. રાધાનું સંગીત સાંભળવા લાગ્યો પરંતુ અત્યારે તે સંગીત તેને આનંદદાયી ન લાગ્યું. કારણ આજ રાધા હૃદયવ્યથા જ ગાઈ રહી હતી. અને તેથી ઓરડાનું વાતાવરણ શોકમય બન્યું.

'રહેવા દે, રહેવા દે રાધા! તારું ગાવાનું, તારા સંગીતથી તો આ જડ દીવાલ પણ રડતી હશે.' ને રાધાએ સંગીત બંધ કર્યું, સારંગી દૂર મૂકી શેઠ પાસે આવી બેઠી. બોલીઃ 'ખરેખર, મારા સંગીતથી તમને આનંદ નથી જ મળ્યો, માફ કરશો. આજ હું બહુ અસ્વસ્થ બની ગઈ છું.'

'હું સમજી શકું છું. ચાલ ત્યારે શેત્રંજ લાવ. એ રમતથી ખચિત આનંદ આવશે.' શેઠના શબ્દે રાધા ઊઠી શેત્રંજ લાવી. શેઠ, રાધાએ મહોરાં ગોઠવ્યાં.

'આવને પાગલ, દૂર કેમ બેઠો છે.' રાધાએ પાગલને બોલાવ્યો પાગલ રાધા પાસે આવ્યો. રમત શરૂ થઈ. રાધા રમતી પણ બેપરવાઈથી. તેથી તેના મહોરાં મરવા લાગ્યા. શેઠના વજીર, ઊંટ, ઘોડાએ દોડાદોડી કરવા માંડી. રાધા હારવાની અણી પર આવી પહોંચી. શેઠ હસ્યા, બોલ્યાઃ 'રાધા! ગમે તેમ પણ જીત તો પુરુષને જ વરવાની.'

'પણ એ મેળવેલી જીતની પાછળ હાર રહેલી જ હોય છે શેઠજી!' રાધાએ ઊંચું જોયા વિના જ કહ્યું.

હારતી રાધાને સહાય કરવા પાગલ બાજી પાસે આવ્યો, શેઠના મૂકેલાં મહોરાંને શિકસ્ત આપવા તેણે રાધાના મહોરાંની ચાલ બદલી.

'ઓહો, તું મદદે આવ્યો ! કોઈ દિવસ આ બાદશાહી રમત–શેતરંજ રમ્યો છે ?' શેઠે કહ્યું. શેઠ અને પાગલ વચ્ચે રમત શરૂ થઈ–રંગે ચઢી. હારેલી બાજીને જીતમાં ફેરવવા પાગલ બુદ્ધિપૂર્વક ચાલ ચાલતો. શેઠ ખેલાડી હતા, પણ અબુધ પાગલની ચાલ તેમને ગભરાવતી, વિચારવશ કરતી. સંભાળી સંભાળી ચાલવા છતાં પાગલ શેઠના મહોરાં મારે જ જતો આખરે રહ્યો રાજા.

'કેમ શેઠ, જીતની બાજી હારમાં ગઈ ને ?' અને પાગલે શેઠને હરાવ્યા. રાધા હસી.

'અરે શેઠ, આ પાગલથી હાર્યા ? જેણે આ શેતરંજની બાજીને કદાચ અહીંઆજ જોઈ હશે. તેણે તમને હરાવ્યા !'

શેઠ બોલ્યા વિના પાગલ તરફ જોઈ રહ્યા. રાધાનું દુઃખી હૃદય પાગલની જીતથી આનંદિત થયું. પોતાનું દુઃખ ભૂલી ગઈ. પાગલથી શેઠ પોતે હાર્યા અને તેથી તેમને શરમ આવી. પણ થાય શું ? પાગલે, જેમ માનવજીવન આકાશમાં કોઈ એક પળે અજાણ્યો ધૂમકેતુ ક્યાંકથી આવી ચઢી પોતાની પૂંછડીથી બધું અસ્તવ્યસ્ત કરી નાંખે–પાયમાલ કરી નાંખે તેમ શેઠની રમતને અસ્તવ્યસ્ત કરી હરાવ્યા.

'એમે હોય. રોજ જીતનાર કોઈ દિવસ હારે પણ ખરો.' શેઠે કહ્યું.

'સાચે જ તે હાર ભયંકર હોય કે નહિ શેઠ ?'

'હશે.' બોલતા શેઠે બગાસું ખાધું.

'ઉંઘ આવે છે, કેમ ? ચાલો તમને સુવાની વ્યવસ્થા કરી આપું. જીંદગીમાં એક દિવસ એવો હતો કે હું આશ્રય વિનાની હતી. અને તમે વ્યવસ્થા કરી આપી હતી. ને આજે......'

'તું કરી આપે છે એમ જ ને.' હસી શેઠ બોલ્યા.

રાધા હસતી શેઠની સુવાની વ્યવસ્થા કરવા ચાલી ગઈ. અલ્પ-સમયમાં શેઠને 'પથારી તૈયાર છે'નું સૂચન મળ્યું શેઠ સુવા ચાલ્યા.

ગમા. રાધા પાગલને લઈ સુવા ચાલી ગઈ. શેઠથી આ સહન ન થયું. શેઠ આજ સુધી તેને મદદ કરી હતી. તેને દૂર રાખી પાગલને માટે આટલો પ્રેમ! પણ થાય શું?

રાત ધીમે ધીમે આગળ વધવા લાગી, શહેર શાંત થઈ ગયું ભાગ્યે જ કોઈનો અવાજ કર્ણે પડતો. રાધા–પાગલ નિદ્રામાં હતાં. ને નિદ્રામાં રાધા હસી રહી હતી. તે કોઈ સ્વપ્ન જોઈ રહી હતી. તે સુખદ હોવું જોઈએ. નહિ તો સ્મિત ક્યાથી આવે! હસતાં હસતાં તે નિદ્રામાં જ બબડવા લાગી.

'હવે હું આપને ઓળખી ગઈ, આપે મને ભ્રમણામાં રાખી હતી. આપ મારી સાથે આવી રમત રમશો તે હું માનતી ન હતી. પણ આખરે પકડાયા. આજ પર્યંત આપે શું મારી પ્રેમપરીક્ષા કરી. હું તો સદૈવ કહું છું કે આપને હું યોગ્ય નથી. છતાં પ્રેમ-ભિક્ષા માંગુ છું આપનાં ચરણની સેવા ચાહું છું. હૃદયદેવ, આ દાસીને સ્વીકારો.' બોલતાં તેણીએ હાથ લંબાવ્યો. લંબાવેલો હાથ ત્યાં એકાએક ઉપસ્થિત થએલા બુરખાધારીએ પકડયો. રાધા કોઈનો સ્પર્શ થતાં ઝબકી જાગી. મંદમંદ બળતા દીપકના પ્રકાશમાં તેને બુરખાધારીને જોયો તે કંપી. બુરખાધારીએ પકડેલા હાથથી રાધાને ખેંચી. ઊભી કરી. પોતાની સાથે આવવા ઈશારાથી જણાવ્યું. રાધા કંઈ પણ બોલ્યા ચાલ્યા સિવાય તેની પાછળ પાછળ જવા લાગી. તે ક્યાં જઈ રહી હતી તેનું તેને ભાન ન હતું.

રાધાને ઓરડો છોડી ગયે બેએક મિનિટ થઈ હશે ને પાગલ જાગ્યો, પોતાની પાસેની પથારીમાં રાધાને ન જોતાં કાંઈક વિચાર આવ્યો. તે ઉઠયો. ખુલ્લા રહેલા બારણામાંથી આગળ જવા લાગ્યો. એકાદ ઓરડો, વટાવતાં રાધા, બુરખાધારીને જોયાં તે અટક્યો. જ્યારે તે આગળ જતાં ત્યારે થોડુંક ચાલતો. અટકતો. તેઓ આખરે એક ઓરડામાં આવી અટક્યા. આ ઓરડાનો ઉપયોગ જુગાર રમવા માટે જ થતો. પાગલ પણ તેમની લગભગ આવી

પહોંચ્યો. તે સમજી ચૂકયો કે 'બનાવ કાંઈક ભયંકર બનશે જ. આ બુરખાધારી ખંજરનો ચમત્કાર બતાવ્યા વિના રહેશે જ નહિ.' તેથી તે જરા દૂર સંતાયો. અદ્ભુત વ્યક્તિએ ઓરડાનું બારણું બંધ કરી લાઇટ કર્યું.

'રાધા.' ખોખરા અવાજે વ્યક્તિએ કહ્યું 'મારી અને તારી વચ્ચે જે શરતો થઈ હતી તેનો ભંગ થઈ રહ્યો છે. યાદ આવે છે?'

'બધું જ યાદ આવે છે.'

'તો આ પાગલ સાથે કયા હકકથી...'

'હકકથી' વ્યક્તિને બોલતાં અટકાવીને બોલી: 'મારો જીવવાનો હકક તો તમે નષ્ટ કરી નાખ્યો છે. છતાં કોણ જાણે કેમ આ દેહ કદાચ પાગલના આધારે જેમ વેલી વૃક્ષને આધારે જીવંત રહે તેમ ઊભો છે.'

'એટલે?'

'એટલે એ જ કે હું તમારાથી ત્રાસી છું મારો વિચાર પાગલને લઈને કયાંક ચાલ્યા જવાનો છે. મારો ગુજારો ગમે ત્યાં થઈ રહેશે.'

'ગુજારો થઈ રહેશે.' બોલની વ્યક્તિ હસી. એ હાસ્ય માનવને કંપાવે તેવું હતું. 'શું પાગલને લઈ કયાંક ચાલ્યા જવું છે?'

'હા.' બેપરવાઈથી રાધાએ કહ્યું. 'પાગલ સાથે રહેતાં મને દુઃખ નથી, થશે પણ નહિ. અહીંઆ તમારી સાથે રહેવાથી...'

'બેવફા ઓજાત.' રાધાને બોલતાં અટકાવી વ્યક્તિએ કહ્યું. 'તારા માટે મેં શું શું કર્યું તેનો તો વિચાર કર, આજ તું જે સગવડો ભોગવી રહી છે તેને તું યોગ્ય છે ખરી?'

'આજે એ પ્રશ્નનો જવાબ જોઈએ છે તો સાંભળો. મારી યોગ્યતા જોઈ સગવડો આપવામાં આવી નથી. પણ...'

'ચુપ.' ભયંકર અવાજે વ્યક્તિએ કહ્યું ને રાધા ચુપ થઈ ગઈ. ભેદી વ્યક્તિ તેના સામે જોઈ રહી.

'તારે ચાલ્યા જવું છે એમજ ને? મારે તને કંઈક યાદ કરાવવું પડશે.' બોલતાં તેણે કાંઈક પ્રવાહી જેવું કાઢયું અને ઓરડામાં છાંટયું જે હવામાં ભળતાં માનવ બેશુદ્ધ થઈ જાય; ને રાધા બેશુદ્ધ થઈ. ભેદી માનવે લાઈટ બંધ કરી, ઓરડામાં અંધારું થયું. જ્યારે રાધા શુદ્ધિમાં આવી ત્યારે ઓરડામાં અંધારું હતું. જે કાંઈક અજવાળું ત્યાં આવી રહ્યું હતું, તે હાડપિંજરમાંથી. હાડપિંજરની મુખમુદ્રા એટલી તો ભયંકર હતી કે જે જોતાં માનવની રક્તવહન ક્રિયા અટકી જાય. તેના હાથમાં ખંજર હતું. તે મંદમંદ પગલે રાધા પાસે આવ્યું.

'રાધા, મારા મંડળમાં જોડાવાની પ્રતિજ્ઞા યાદ કર. તે સમયની તારી સ્થિતિ યાદ કર. તને તારું મૃત્યુ જ ભૂલાવી રહ્યું છે.'

'ભલે. મારું મૃત્યુ મને ભૂલાવે. હું મરવા તૈયાર જ છું જ્યાં માનવતા નથી. રાતદિવસ કપટ પ્રપંચની જ જ્યાં વાતો થતી હોય, તેવા વાતાવરણમાં રહેતાં હું થાકી ગઈ છું. મને આ જીવન જીવવા કરતાં મૃત્યુ સારું લાગે છે.'

'તો હું એ મૃત્યુની ભેટ તને આપીશ. તને રીબાવીશ-તરફડાવીશ. તું તરફડતી બૂમ ન પાડે તે માટે હું તારી જીહ્વા કાપી નાંખીશ, પછી તારી આંખો ફોડીશ. તારા અંગે અંગમાં ખંજરના ઘા કરીશ.' બોલતું હાડપિંજર હસતું હસતું રાધા પાસે આવી રહ્યું. રાધા નીડરતાથી ઊભી રહી. હાડપિંજર આગળ વધતું અટક્યું. રાધાએ હાડપિંજરની આવી ભયંકર મુખમુદ્રા કદાપિ જોઈ ન હતી.

પાગલે જોયું કે ક્ષણમાં હાડપિંજર રાધાને હતી ન હતી કરી નાંખશે તે આગળ વધ્યો કાચનું બારણું તોડી-ખોલી અંદર આવ્યો. બારણું બંધ કર્યું.

'ઓહો, તું પણ આવી પહોંચ્યો. ચાલો રાધાને પરલોકનો સાથી મળી આવ્યો.'

રાધાએ પાગલને જોયો. ઊભી હતી ત્યાંથી હટી પાગલ પાસે આવી ઊભી રહી. આ દશ્યે હાડપિંજરની આંખમાંથી વિદ્યુત્ તણખા ખેરવ્યા તે ધસ્યુ, પાગલ રાધાને બેસવી હાડપિંજર તરફ ધસ્યો. એકાએક ત્યાં અંધારૂં થઈ ગયું. પાગલ હાડપિંજરને પકડવા ફાંફાં મારવા લાગ્યો. રાધાએ લાઈટ કર્યું. તે લાઈટમાં હાડપિંજરને બદલે ભેદી માનવ તેમની દષ્ટિએ પડયો. પાગલ તેને બીડાવવા દોડયો. ભેદી માનવ આ માટે તૈયાર હોય તેમ પાગલને પાસે આવવા દઈ ધક્કો માર્યો. પાગલ પડતાં બચ્યો, સાવધ થઈ ભેદી માનવ તરફ ધસ્યો. ઉભયે એક બીજાને હંફાવવાની હરીફાઈ આદરી. રાધા તો પાગલની ચતુરાઈ જોઈ આનંદ પામતી, ભેદી માનવ જ્યારે પાગલને પછાડતો ત્યારે તેનું હૃદય વિદિર્ણ થઈ જતું પણ જ્યારે પાગલ ભેદી માનવને જમીન સાથે દબાવતો ત્યારે તેના મુખ પર સ્મિત ફરકતું. આમ પાગલ ભેદી માનવને બીડાવવા યત્ન કરતો હતો, ત્યારે ભેદી માનવ તેના હાથમાંથી આબાદ છટકી જતો. પાગલ આખરી દાવ અજમાવવા દોડયો-ચમકયો. તેને દેખ્યું ખૂનીનું ખોળિયું.

# ચતુર્થ ખણ્ડ

## પ્રકરણ પહેલું

## ડૉક્ટરને ત્યાં

**પા**ગલ અને ભેદી માનવ વચ્ચે યુદ્ધ ચાલતું હતું, ત્યારે અદ્ભુત વ્યક્તિ પોતાનો બુરખો રહેવા દઈ અદશ્ય થઈ ગઈ. પાગલના હાથમાં બુરખો આવ્યો. તે ચિડાયો. તેના નેત્રોમાંથી તણખા ઝરવા લાગ્યા. મોઢું લાલચોળ થઈ ગયું. તે ભયંકર દેખાવા લાગ્યો. રાધા તેની પાસે આવી, ને તેનો હાથ પકડ્યો. પ્રેમભર્યાં નેત્રો પાગલના મુખ પર સ્થિર કર્યાં.

'હવે શાને ક્રોધ કરવો? દુશ્મન હાથતાળી આપી ચાલી ગયો. હવે આપણા હાથમાં આવનાર નથી. એટલે અહીં આ થોભવું નિરર્થક છે. ચાલો આપણે જઈએ.'

પાગલ શાંત થયો. રાધા સાથે પેલો બુરખો લઈ ચાલ્યો. સુવાના ઓરડામાં આવ્યા. પાગલે નિદ્રાદેવીનું શરણ સ્વીકાર્યું. તે ઘસઘસાટ ઉંઘવા લાગ્યો. રાધા ઉંઘવા પ્રયત્ન કરવા લાગી, પણ નિદ્રાદેવી તેના પર રૂઠી હતી. તેને ઉંઘ ન આવી. તે ઊઠી.

કેટલાક ઓરડા વટાવતી એક ઓરડા આગળ આવી અટકી. ઓરડાના બારણાને તે જોઈ રહી. આ સમયે તેના ચહેરા પર દુઃખનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. નેત્રોમાં આંસુ આવ્યાં. તેણે બારણું ખોલવા હાથ લંબાવ્યો. તે ધ્રૂજતો હતો. કેટલી ય મુશ્કેલીએ બારણું ખોલ્યું. અંદર જઈ લાઈટ કર્યું. આ ઓરડો કેટલાયે સમય પછી ખૂલ્યો હોય તેમ સહેજે જણાઈ આવતું. દીવાલો પર જાળાં બાઝ્યાં હતાં. ઓરડામાં ધૂળ જણાતી હતી.

રાધાએ ચોતરફ જોઈ કબાટ ખોલ્યું. કબાટમાં કેટલાંક કપડાં હતાં. તેણે તે લીધાં. છાતી સાથે દબાવ્યાં.

'મારી ભૂતકાળની નિશાનીઓ! તમને હું કેમ રીતે વિસરી શકું ? આ વસ્ત્રો સાથે હું......'

'રાધા!'

રાધા બોલતી અટકી. તેણે પાછળ જોયું. બિપિનચંદ્ર દેખાયો.

'રાધા! હવે ભૂતકાળ–તેની નિશાનીઓ યાદ કરી દુઃખી શા માટે થાય છે? ડાહ્યા માણસો કહે છે, ભૂતકાળને ભૂલી જઈ વર્તમાનને અનુકૂળ થવું. માનવો ભૂતકાળને યાદ કરે તો તેમના જીવનમાં હર્ષ–આનંદનો દિવસ આવે જ નહિ. માટે રાધા! ભૂલી જા એ ભૂતકાળ, જે તારા નેત્રોમાંથી અશ્રુઓ પડાવે છે. એ નિશાનીઓને જલાવી દે, જે નિશાનીઓ તને દુઃખી કરે છે.આજ તેં સ્વરસાધના કરી છે. તારા કંઠમાં સ્વરદેવતા વસ્યો છે. તારું સંગીત હૃદયનું છે, જે પ્રત્યેકને પાગલ બનાવે છે. એ સિદ્ધિથી આનંદ માન.'

'બિપિનચંદ્ર! આનંદ કેમ રીતે માનું ? ભૂતકાળનું ભૂત મને છોડતું જ નથી. કયો માણસ પોતાનો ભૂતકાળ યાદ કરી દુઃખી થવા ચાહે ? ભૂતકાળ ત્યારે જ ભૂલી શકાય, જ્યારે વર્તમાનના સંયોગો ભૂતકાળ કરતાં વધુ ગૌરવવંતા હોય. પણ મારા માટે...' બોલતાં તે

ટટ્ટાર થઈ હાથમાં રહેલાં વસ્ત્રો કબાટમાં મૂકતાં બોલી, 'શેઠ! આ દિવસો ભયંકર છે. આ સ્થિતિમાં જીવવા કોઈ સ્ત્રી ન ચાહે.'

'પાગલ!' બોલતો બિપિન હસ્યો. 'આજ તું સ્વતંત્ર છે. તારી ઇચ્છાને અવગણવા કોઈ હિંમત કરી શકતું નથી. જેનો તું તિરસ્કાર કરે છે તે તારા ચરણોમાં પડી દયાયાચના કરે છે. તારું સંગીત સાંભળવા કેટલા તરફડે છે. તારા ચરણમાં પ્રશંસાના પુષ્પો વેરે છે. આ બધું કોઈની પત્ની બની પ્રાપ્ત કરી શકત? તું એકની જ મિલકત હોત–તારે તારા માલિકની ઇચ્છા પ્રમાણે જ વર્તવાનું હોત–તેને પ્રસન્ન રાખવા તેના ચરણોમાં આળોટવું પડત, છતાં...'

'એ સ્થિતિ સહર્ષ સ્વીકારત. કોઈની પત્ની તરીકે દુનિયા મારા તરફ વિકારની નહિ, પણ માનની દૃષ્ટિએ જોતી. સમાજમાં મારું સ્થાન હોત. આજ કબૂલ કરું છું કે તમારી દયાદૃષ્ટિથી સુખી છું. આ જીવનમાં પ્રવેશતાં જે હતી, તે હું આજે છું. પણ...પણ, હું કોઈની નથી. ભલે તમે મને મારી છો એમ કહો. છતાં, સમાજમાં તમે મને તમારી સાથે રાખી શકતા નથી, અને રાખી શક્યા હોત તો આ પાગલ મારા તમારા માર્ગમાં આવતો નહિ. તે મારી દૃષ્ટિએ ચડતો નહિ, જેનો તમે તિરસ્કાર કરો છો. શેઠ! હું પણ સમજી શકું છું. કે આ દેહ જેને સમર્પણ કરવામાં આવે તેને વફાદાર રહેવું તેના–મય થઈ જવું, પણ, પણ ઈશ્વરે......'

'ગાંડી! આવા વિચારો કરી શાને દુઃખી થાય છે? આ ઓરડાનું વાતાવરણ તને ભૂતકાળ તરફ ઘસડી જાય છે, તો અહીંઆંથી ચાલ.' અને, રાધા ઓરડામાંથી બહાર આવી. ઓરડો બંધ કર્યો.

ત્યારે પ્રભાત થઈ ચૂક્યું હતું. પક્ષીઓનો કલરવ સંભળાઈ રહ્યો હતો.

'રાધા! આજે આ શહેરની જનતા જાણશે કે બિપિનચંદ્ર શહેરમાંથી અદૃશ્ય થઈ ગયો છે. પોલીસ મારી ફિકર કરનારને

ઉશ્કેરશે. હું બદમાશ હતો તેવું જાહેર કરશે.' બોલતાં તેણે નિઃશ્વાસ નાંખ્યો.

'હું દુઃખી છું–તમે દુઃખી છો–સુખી છે માત્ર આ પાગલ.' બોલતાં તેણે પાગલ તરફ જોયું. પાગલ શાંત નિદ્રા અનુભવતો હતો. રાધા તેની પાસે ગઈ. તેના મસ્તક પર પ્રેમથી હાથ ફેરવતાં બોલીઃ 'ઊઠવું નથી?'

પાગલ ઊઠયો. રાધા–બિપિનને જોયાં. તેને કાંઈક વિચાર આવ્યો. તે પથારીમાં ઊઠી. પેલો બુરખો અને પોતાનાં જૂનાં કપડાં તેણે જ્યાં મૂક્યાં હતાં ત્યાંથી લીધાં. અને મકાન છોડી જવા ઇચ્છતો હોય તેમ તે જવા લાગ્યો. રાધા પાગલનો હૃદયભાવ સમજી ગઈ તેને રોકવા તેના માર્ગમાં આવી ઊભી રહે તે પહેલાં તે ચાલ્યો ગયો. રાધા 'પાગલ! પાગલ!'ની બૂમો પાડી રહી. પાગલને જતો જોઈ તે દુઃખી થઈ. પાગલ તેની દૃષ્ટિથી પર થયો, તે દોડતી પોતાની પથારીમાં પડી રડવા લાગી. બિપિનચંદ્ર તેની પાસે આવ્યા. તેને આશ્વાસન આપવા લાગ્યા. પણ, રાધાને શેઠનો સ્પર્શ દઝાડતો હોય તેમ લાગ્યું. તે શેઠના સ્પર્શથી બચવા આંસુ લૂછતી ઊઠી. બોલીઃ 'એકાએક દૃષ્ટિએ પડ્યો–આવ્યો–ચાલ્યો ગયો. પોતાની નિશાની સરખી પણ રાખી નહિ.'

શેઠનું હૃદય પાગલના ચાલ્યા જવાથી પ્રફુલ્લિત થયું હતું. છતાં, મુખ પર પાગલના ચાલ્યા જવાથી દુઃખી થતા હોય તેવા ભાવો લાવી બોલ્યાઃ 'રાધા! મને પણ તેના જવાથી દુઃખ થાય છે. હું તેને તિરસ્કારતો હતો તે મારી ભૂલ હતી, અને તે હું કબૂલ કરું છું. હવે શોક ત્યાગી પ્રાતઃક્રિયા કરવા પ્રવૃત્ત થા.' અને રાધા પોતાનું પ્રાતઃકર્મ કરવા લાગી. પણ તે મન વગરનું. ચિત્ત અશાંત હતું. પળે પળે તે પાગલની ઝંખના કરતી. નેત્રો પાગલને નિહાળવા ચોતરફ ફરતાં પણ પાગલ ન હતો. તે તો દૂર દૂર ક્યાંક ચાલ્યો

ગયો હતો. તેને રાધાનું સૌંદર્ય—સ્વર જાદુ રોકી શક્યું નહિ. એ તો યોગી જેવો નિર્મોહી થઈ ચાલ્યો ગયો. સાથે રાધાનું-સુખ-આનંદ લેતા ગયો. તેને પાગલ બનાવતો ગયો. સૂર્યનારાયણ આગળ વધે જતા હતા છતાં રાધા તો ધ્યાનસ્થ યોગીની માફક બેસી રહી. શેઠ તેને સમજાવવા હસાવવા યત્ન કરતા, પણ હૃદય વિહોણી રાધાનું ધ્યાનભંગ ન જ કરી શક્યા.

'તો રાધા! હું પણ જાઉં છું. દુનિયા ઘણી મોટી છે. ક્યાંક આશરો મળી રહેશે. મારાથી તારું આ દુઃખ જોવાશે નહિ. દૂર જઈશ એટલે 'દેખવું યે નહિ અને દાઝવું યે નહિ.' જવાની ઇચ્છા તો હતી જ નહિ, છતાં શેઠે કહી નાંખ્યું.

રાધાના કર્ણે શેઠના શબ્દો પડ્યા. તે સ્વસ્થ થઈ. બોલી, 'ના, ના. બિપિનચંદ્ર! તમે ન જશો.'

'પણ, હું અહીં રહી કરું શું? ઘેરથી હું તો ક્યાંય જવાનો નિર્ણય કરીને જ આવ્યો હતો. તારા શબ્દોથી જ રહેવાનો નિરધાર કર્યો. તારી સાથે રહેવું અને તને દુઃખી જોવા તે કરતાં.....'

'નહિ, શેઠ!' બોલતી રાધા હૃદયની વ્યથા હૃદયમાં દબાવી મુખ પર હાસ્ય લાવી બોલી. 'શેઠ! હું વિધિની ઇચ્છાને આધીન થઈશ. હું બધું ભૂલીશ. અને રાધા બની રહીશ.' કહેતાં તે કૂદકો કરી અને ગાવા લાગી.

'કન્હૈયો તોરો કારો, કયસે બ્યાહું રાધા.'

એ જ મધુરો કંઠ—એ જ હૃદયને પાગલ બનાવતો અભિનય—રાધા ઉલટાવી—ઉલટાવી ગાઈ રહી હતી. તેવામાં વર્તમાનપત્રના ફેરિયાની બૂમ સંભળાઈ. રાધાનું સંગીત બંધ થયું. ફેરિયાના શબ્દ સાંભળવા કાન માંડ્યા.

'......બિપિનચંદ્ર શેઠ ગૂમ!'

સફેદ કપડામાં છુપાયેલા શયતાનની અજબ લીલા !'

શબ્દો સાંભળતાં બિપિનચંદ્ર શેઠનું મુખ જોવા જેવું થયું. રાધાએ મકાનથી બહાર આવી વર્તમાનપત્ર ખરીદ્યું. જ્યાં શેઠ હતા ત્યાં આવી વાંચવા માંડ્યું.

'......અમારા પ્રતિનિધિએ પોલીસઓફીસની મુલાકાત લીધી હતી. કારણ, રાતના પોલીસની દોડધામ શહેરમાં વધી ગઈ હતી. 'ભેદી માનવ'ની શોધ કરવા રોકાએલા શ્રી રમેશચંદ્ર રહસ્ય ભેદકના મકાને બિપિનચંદ્રને અથડામણ થઈ ત્યારે જાણીતા પોલીસ ઇન્સ્પેક્ટર મિ. રજનીકાન્ત ત્યાં જઈ પહોંચ્યા હતા. મિ. રજની-કાન્તને આવેલા જોતાં જ બિપિનચંદ્ર પલાયન થઈ ગયો હતો.

બિપિનચંદ્ર સંબંધમાં પોલીસની ડાયરીમાં એવી નોંધ કરવામાં આવી છે કે તે માણસનો શહેરમાં થયેલા ઉપદ્રવમાં સીધો અથવા આડકતરો હાથ હતો. તે અહીંઆ ક્યાંથી આવ્યો તે સંબંધમાં ચોક્કસ માહિતી મળી નથી. પણ, તેની સ્થિતિ સારી ન હતી. તે કેટલાક બદમાશો સાથે સંબંધ ધરાવતો હોઈ તેમની સહાયથી પૈસો ભેગો કરતો. અને તે પૈસાનો ઉપયોગ-પોતાની પ્રતિષ્ઠા જમાવવા-પરોપકારી કહેવડાવવા-કરતો. તેની આ પ્રપંચબાજી શહેરની જનતા સમજી શકી નહિ. પરંતુ, શ્રી રમેશચંદ્ર ડિટેક્ટીવે તે શોધી કાઢ્યું. પરોપકારના ઓઠા હેઠળ અનેક સ્ત્રીઓનાં શિયળ તેણે લૂંટ્યાં છે.

આ બદમાશ શ્રી રમેશચંદ્રને ત્યાંથી નાસી ક્યાંક અદ્દશ્ય થઈ ગયો છે. પોલીસે તેના મકાનપર તપાસ કરી હતી. પરંતુ, તે ઘેર ન હતો. પોલીસે તેના મકાનનો કબજો લીધો છે અને વધુ તપાસ ચાલે છે. તેને ગિરફતાર કરવા યોગ્ય પગલાં પોલીસ લઈ રહી છે. શહેરીઓ આવા બદમાશોથી સદા યે ચેતતા રહે.'

રાધા વાંચીને હસી. બોલી: 'પોલીસના માણસોએ તમને તમારી સેવા બદલ સુવર્ણચંદ્રક એનાયત કર્યો.'

'હું જાણતો જ હતો કે પોલીસ મારી વિરુદ્ધ પ્રચાર કરશે જ. મને પકડવા યત્નો કરશે. અને, તેથી જ અહીંઆથી ચાલી જવા મેં કહ્યું હતું.' બિપિને કહ્યું.

'કયાં યત્નો ! પોલીસ તમને પકડવા આકાશ–પાતાળ એક કરે છતાં તે પકડી શકતી નથી. અહીંઆ તમે સંપૂર્ણ સલામત છો.'

'એ તો હું જાણું છું જ.' બોલતા શેઠ રાધાનો હાથ પકડી અંદર ગયા.

શહેરમાં તો આ સમાચારથી ભારે સનસનાટી ફેલાઈ હતી. આબાલવૃદ્ધ બધાં બિપિન સંબંધમાં ચર્ચા કરતાં હતાં. પોતપોતાનો અભિપ્રાય આપતાં હતાં. કોઈ આ સમાચારને સાચા તો કોઈ ખોટા કહેતું. ત્યારે રમેશ ડૉક્ટર દિનેશના દવાખાને આવ્યો. હજી ડૉક્ટર આવ્યા ન હતા.

'ડૉક્ટર કેટલા વાગે આવે છે ?' રમેશે કમ્પાઉન્ડરને પૂછ્યું.

'આવતા જ હશે.'

ને, ડૉક્ટર આવ્યા. તેમના હાથમાં વર્તમાનપત્રની નકલ હતી. દવાખાનામાં પગ મૂકતાં જ ડૉક્ટરે રમેશને જોયો. તે ચમક્યો. જાણે તેણે કોઈ અણમાનુષી વસ્તુ જોઈ હોય તેમ છતાં સ્વસ્થતા જાળવી બોલ્યો: 'મંગળ પ્રભાત !' ડિટેક્ટીવ હસ્યો. બોલ્યો. 'સુંદર ભાષાન્તર 'ગુડ મોર્નિંગ'નું.'

'અત્યારમાં કાંઈ આપના પગલાં, અને તે પણ વેષ પરિવર્તન સિવાય ?' ડૉક્ટરે પૂછ્યું.

'એ તો આપના મિત્રની રામાયણમાં. આજના વર્તમાનપત્રે બિપિનચંદ્ર માટે ચમકાવનારા સમાચાર છાપ્યા છે.'

'અને તે પણ તમારા ખાતાની ડાયરી પરથી.' ડૉક્ટરે કહ્યું.

'હા. મારા પોતાના સ્ટેટમેન્ટ પરથી. હું માનું છું કે તે અહેવાલ ખોટો નથી. મેં કોઈને જનતાની દૃષ્ટિમાં હલકો પાડવા યત્ન કર્યો નથી, પરંતુ ક્ષીર-નીર જુદું કરી સ્પષ્ટ કર્યું છે.'

'હશે તેમાં મને રસ નથી.' જાણે ડૉક્ટરને આ સમાચાર સાથે કાંઈ લાગતુંવળગતું ન હોય તેવા ભાવથી જણાવ્યું.

'શું આપને રસ નથી? આપ સાચું કહો છો? આપનો તે મિત્ર હોઈ આપને ખચિત દુઃખ થવું જોઈએ. હું તો માનતો હતો કે આપની પાસેથી તેના સંબંધમાં કાંઈ જાણવા જેવું મેળવી શકીશ.'

'ડિટેક્ટીવ સાહેબ! હું ડૉક્ટર તરીકે અનેકના પરિચયમાં આવું છું. તેવી જ રીતે બિપિનચંદ્ર સાથે પરિચયમાં આવેલો. મને તમારી માફક કોઈના જીવનમાં ઊંડા ઊતરવાનો રસ નથી. મારા કર્તવ્ય અંગે જેની સાથે જેટલો સંબંધ રાખવો પડે તેટલો જ રાખું છું.'

'તો તમે તેના સંબંધમાં કાંઈ જ કહી શકશો નહિ.'

'હું કાંઈ જ જાણતો નથી. પણ, એટલું કહું છું કે તમે ક્યાંક ભ્રમમાં કૂટાઈ રહ્યા છો ને ઝાડને પકડવાને બદલે ડાળીઓ જ પકડી રહ્યા છો.'

'હું તે સમજી શકું છું. છતાં, મને મારી બુદ્ધિ પર પૂરો વિશ્વાસ છે. હું ભ્રમમાં કૂટાતો નથી. એક દિવસ એવો આવશે, જ્યારે તમે જ કહેશો કે રમેશચંદ્ર તન પૂર્ણ અજ્ઞાન હતા. પણ, અમે જ અંધારામાં કૂટાતા હતા. જે અમે કાંઈ જ જાણતું ન હતું તે તમે જાણતા હતા.'

'જ્યારે તમે કહો છો તે સાચું બનશે તે દિવસ આવશે ત્યારે ખચિત હું તમને અભિનંદન આપીશ.'

'અને, તે અભિનંદન આપવાનો દિવસ તદ્દન સમીપ આવી રહ્યો છે, ડૉક્ટર! હવે હું તમારાથી છૂટો પડીશ. આશાએ આવ્યો હતો કે તમે કાંઈ કહેશો. પણ, ખાલી હાથે જાઉં છું—જલદી પાછા મળવાની આશાએ.' બોલતો રમેશ દવાખાનું છોડી ચાલવા લાગ્યો. ડૉક્ટર હસી રહ્યો.

.૧૧

## પ્રકરણ બીજું

### પકડાયાં

'હસી લો. શયતાનના સાથીઓ! હવે થોડાક વધુ સમય માટે હસી લો. આજનો મારો નિર્ણય અફર હશે. તમને આજ પકડ્યા વિના રહેનાર નથી. આજ સુધી તમે દાવો નાંખ્યાં. જનતાની આંખે પાટા બંધાવ્યા. પણ, હવે તમારા કાળાં કામો ક્રમશઃ બહાર આવી રહ્યાં છે,' બોલતા તેણે રજનીકાન્તને ટેલિફોન કર્યો.

રજનીકાન્ત આવ્યો. રમેશ તેની રાહ જોઈ રહ્યો હતો. 'આવો મિ. રજનીકાન્ત! હું ક્યારનો તમારી રાહ જોઈ રહ્યો છું. આજે છેલ્લો દાવ ફેંકવો છે. આજ દુશ્મન પકડાવા જોઈએ, અથવા મારે આ શહેર છોડવું જોઈશે.'

'આવો છેલ્લો નિર્ણય કરવા કયું કારણ મળ્યું?' રજનીએ પૂછ્યું.

'કેટલાય દિવસો થયા હું આ કાર્યમાં પડ્યો છું. પણ તેનો અંત આવતો નથી. હું અહીંઆ નિવૃત્તિ લેવા આવ્યો હતો, તે નિવૃત્તિ તો માર્યો દૂર રહી ને પ્રવૃત્તિ ગળે વળગી છે. તેનો આજ અંત લાવવા નક્કી કર્યું છે. અત્યારથીજ તમે તમારા માણસોને રાવાના ઘરની આસપાસ ગોઠવી દ્યો. આપણે સાંજના જઈશું. બદમાશ, અને તેના સાથીદારોને પકડી પાડીશું.' રજનીકાન્તે રમેશના શબ્દો સ્વીકારી લીધા! 'તમે હવે જઈ શકો છો.' ને રજની ઊઠીને ચાલ્યો ગયો રમેશ તે સમયને માટે જોઈતી તૈયારીઓ કરવા લાગ્યો.

રવિબિંબ પશ્ચિમાકાશે ઊતરી પડ્યા. પક્ષીઓ પોતાના માળા તરફ જવા લાગ્યાં, પશુઓ પોતાના માલિકના ઘર તરફ ચાલ્યાં.

અને વેપાર–નોકરી માટે ગએલાઓ પોતાના ઘર તરફ ઉતાવળે પગલાં ભરી રહ્યા. શહેરનું વાતાવરણ ઘોંઘાટભર્યું થઈ રહ્યું. દરેકને ઘર ભેગા થવાની ઉતાવળ હતી, ત્યારે રમેશ શાંતિથી પગલાં ભરતો રજનીને ત્યાં આવ્યો. રજનીકાન્ત તેની રાહ જોઈ રહ્યો હતો. તેને જોતાં જ તે હસ્યો.

"કોણ કહી શકે તેમ છે કે તમે વૃદ્ધ છો ? આજે પણ તમારા શરીરમાં યુવાનીનું જ લોહી વહી રહ્યું છે. અને તે તમારી આખા દિવસની કાર્યવાહી કહી આપે.'

'આવો, રમેશભાઈ!' સરલાએ સ્નેહથી રમેશને આવકાર્યો. 'જ્યારે જ્યારે તમે યાદ આવો છો. ત્યારે ત્યારે વિજયભાઈ દૃષ્ટિ સમક્ષ ઉપસ્થિત થાય છે રમેશભાઈ! વિજયભાઈ તો હજી સુધી જડ્યા જ નહિ. હવે તેઓ જડશે કે કેમ તે પ્રશ્ન જ છે.'

'સરલાબહેન ! મેં તે યુવાન વિષે ઘણું સાંભળ્યું હતું. વિજય એકાએક કેવી રીતે ગૂમ થયો તે હું સમજી શકતો નથી. પિશાચોના અખાડામાં તે નથી. બહાર પણ કોઈ સ્થળે દેખાતો નથી. એટલે તે જીવિત છે કે કેમ તે પણ કહેવાય નહિ. હતભાગી યુવાન !' રમેશે બોલતાં નિઃશ્વાસ નાંખ્યો.

'મને તો આશા હતી, મિ. રમેશચંદ્ર, એ એક દિવસ મળશે જ. પણ તે આશા દિવસે દિવસે નાશ પામતી જાય છે.' રજનીએ કહ્યું.

'પરંતુ, રમેશભાઈ ! મારો અંતરાત્મા તો કહે છે કે વિજયભાઈ હયાત છે. ગમે ત્યાં હો, પણ તે સુખી છે...કોઈ દિવસ તેને પોતાનાં આ ભાઈ–ભાભી યાદ આવશે. અને, દુઃખી થએલાંને હસાવવા દોડી આવશે.' બોલતાં સરલાનાં નેત્રોમાં પાણી આવ્યાં. આ અશ્રુની કિંમત રમેશને સમજાઈ. પરંતુ, વિજયને પકડી લાવી શકાય તેમ ન હતું. ક્યાં હતો, તે કોઈ જાણતું ન હતું. 'સરલા બહેન ! પરમાત્મા

તમારી હૃદયેચ્છા પૂર્ણ કરશે. વિજય તમારી સમક્ષ આવીને ઊભો રહે તેવી હું પરમાત્માને પ્રાર્થના કરીશ.'

જ્યારે સરલા–રમેશ આ વાત કરી રહ્યાં હતાં. ત્યારે રજનીનું હૃદય વિજયની યાદથી દુઃખી થઈ રહ્યું હતું. ઇચ્છતો હતો કે વિજય સંબંધનો વાર્તાલાપ અટકે તો વધારે સારું. રમેશની દૃષ્ટિ રજનીની હૃદયવ્યથા જોઈ શકી. તેથી વાર્તાલાપને સમેટી લેતાં રજનીને કહ્યું:

'મિ. રજનીકાન્ત ! હવે આપણે અહીંઆથી ચાલીએ. તમે વ્યવસ્થા તો બરાબર કરી છે ને ?'

'હા, વ્યવસ્થા બરાબર થએલ છે. કદાચ મકાનને નાબૂદ કરવું પડશે તો ત્યાં સુધી પહોંચી વળીશું.'

'બસ તો ચાલો' અને, બંને ઊઠયા શહેરના શત્રુઓને પકડવા જતા ઉભયને સરલા જોઈ રહી. તેનું હૃદય પોકારતું હતું. 'આ યશ વિજયભાઈને મળ્યો હોત તો–આજ વિજયભાઈ હોત તો ?'

પરંતુ તેના હૃદયમાં ઉદ્ભવતા વિચારો હૃદયમાં જ સમાવા સરજાયા હોય ત્યાં શું થાય ? ઉભય સરલાની દૃષ્ટિમર્યાદાથી દૂર થયા. તેઓ ઉતાવળા પગલે રાધાનાં મકાને જઈ રહ્યા હતા. તે સમયે રાધાના મકાનમાંથી સંગીતના સ્વરો બહાર આવી રહ્યા હતા. આજ તેના ગળામાંથી નીકળતું સંગીત પત્થરને પિગળાવે તેવું હતું. તેના હૃદયે દુઃખ હતું, અને હૃદયથી ઉદ્ભવતું સંગીત તેના જ પડઘા પાડતું હતું. આજે તેનો પાગલ–તેના હૃદય દેવની રેખાઓથી અંકિત થએલો નિરાધાર ચાલ્યો ગયો હતો. કયાં જાય છે–તે કહ્યા સિવાય–શોધ કરવા જતા હાથ ન આવે તેટલે દૂર–નિષ્ઠુર–નિર્દય થઈ ચાલ્યો ગયો હતો. તેને હૃદય હતું. રાધાના દુઃખે તેનું હૃદય કચવાતું હતું, છતાં તે દુઃખી અબળાને છોડી ચાલ્યો ગયો. રાધાનું હૃદય તે સહન કરી શકતું ન હતું. અને તે રડતા હૃદયે ગાઈ રહી હતી.

હૃદયને હસાવે તેવા સંગીતને સ્થાને આજનું ગવાતું સંગીત–ત્યાં બેઠેલા શોખીનોને ન ગમ્યું. એટલે હળવો ગણગણાટ શરૂ થયો. બિપિને સંગીત બંધ કરવા ઇચ્છા દર્શાવી. રાધાએ તેનો અમલ કર્યો.

'દોસ્તો ! આજ રાધા રડાવવા જ ઇચ્છતી હતી. પરંતુ, આપણે સવેળા ચેતી ગયા. ચાલો આજ રમતના દાવથી આનંદ મેળવવા યત્ન કરીએ.' બધાએ બિપિનના શબ્દોને હર્ષથી અપનાવ્યા. અને, રમવા માટે ઊઠયા.

'રાધા ! ક્યાં સુધી રડયા કરીશ–જીવવું હોય–કોઈને જીવાડવા હોય તો આનંદમાં રહેવું જ પડશે. આમ રડે કેમ ચાલશે ? અને, એ પાગલ પાછળ આવી ઘેલછા ? જે બોલી શકતો ન હતો, જેના માટે કોઈપણ પ્રકારનું આકર્ષણ થવું સંભવે નહિ તેના માટે આટલું દુઃખ ? તે જડ હતો. તેને તારું સંગીત–નૃત્ય કાંઈજ આકર્ષી શક્યું નહિ. એવા અરસિક માટે......'

'બસ શેઠ ! હવે વધારે તેને માટે ન બોલશો. તે કેમ ગયો તે હું સમજું છું. તેને તમે જડ કહો છો–અરસિક કહો છો. પણ જેણે અંતરચક્ષુથી તેને જોયો હશે તેજ તેને ઓળખી શકશે. તમારી દૃષ્ટિએ તે પાગલ છે, પણ હું તેને જે રીતે સમજી શકી છું. જોઈ શકી છું તેથી હું કહી શકું છું કે તે એક સંસ્કારી આત્મા હતો. તે આ નરકાગારમાં ન રહી શક્યો. અને રહે પણ કેવી રીતે જે ભ્રમર પુષ્પનો ભોગી છે તે કદાચ અન્યત્ર સપડાઈ જાય; પણ જ્યારે તેને સમય મળે ત્યારે તે પોતાને સ્થાનેજ પહોંચી જવાનો.'

'તું જ્યારે આ સમજે છે, ત્યારે આટલો શોક શાને ? ઊઠ. ત્યાં બધા આપણી રાહ જોઈ રહ્યા હશે.' બોલતા શેઠે રાધાનો હાથ ખેંચ્યો. રાધા ઘસડાઈ શેઠ સાથે ચાલી.

રજની–રમેશે માન્યું કે સંગીત પૂરું થઈગયું છે. બધા જુગારના દાવો ખેલવા અંદર ચાલ્યા ગયા છે. તેણે સુનંદા પોલીસોને બોલાવ્યા.

અને, સાથે આવવા જણાવ્યું. દબાતા પગલે બધા રમેશની પાછળ જવા લાગ્યા. રમેશ આ મકાનનો ભોમિયો હોય તેમ આગળ વધે જ જતો. તેઓ બધા એક પછી એક ઓરડા વટાવતા એક ઓરડા આગળ આવી અટક્યા. રમેશે ભાગ્યે જ સમીપમાં ઊભેલો માણસ સાંભળી શકે તેવા અવાજે કહ્યું:

‘તમે બધા સંતાઈ જાવ. જ્યારે હું પિસ્તોલનો અવાજ કરું ત્યારે તમે દોડી આવજો; રજનીકાન્ત! તમે પણ.’

બધા રમેશની સૂચના પ્રમાણે સંતાઈ ગયા. રમેશ ધીરે ધીરે તે ઓરડામાં ગયો. ત્યાં રમતનો રંગ જામ્યો હતો. બધા જીતવા યત્ન કરી રહ્યા હતા. ત્યાં રમેશ એક ખૂણામાં સંતાયો.

‘શેઠજી! આજ તો તમને મેં ખાલી જ કરવા નિશ્ચય કર્યો છે.’ એક જુગારીએ કહ્યું.

‘જોઈશું. એક દાવ હાર્યો છું, પણ બીજામાં તો જીતવાનો છું જ. હું ખાલી થાઉં છું કે તું, તે તો રમત પૂરી થતાં જ જણાશે.’

‘એ તો શરૂઆત જ કહી આપે. જેની શરૂઆત સારી તેનો અંત સારો જ આવવાનો. આજ મને વિશ્વાસ છે કે જીત્યા વિના હું રહેવાનો નથી.’

‘રાધાના આશીર્વાદ માગ. અને તે મળે તો કદાચ તું જીતી શકે’ બિપિને કહ્યું.

‘પણ, રાધાબાઈ તો આજ બોલતાં જ નથી. આજે તેમને જે સંભળાવ્યું તેનાથી માણસનો ઉત્સાહ અદૃશ્ય થઈ જાય તેવું હતું. કહો, ન કહો, પણ રાધાબાઈ આજે સુખી નથી.’

અને દુનિયામાં સુખી કોણ છે તે કોઈ કહી શકે તેમ છે? મોટરમાં બેસી ફરનારને, પગે ચાલનાર સુખી માને છે. પણ, જો મોટરમાં ફરનારને પૂછવામાં આવે: ‘તમે સુખી છો?’ તો જવાબ

મળશે: 'ના.' જંગલમાં વસનારને પૂછો, 'ભાઈ! તું સુખી છે?' જવાબ મળશે, 'ના.' દરેકને ઠગારી આશા. કોઈને કોઈ તાંતણે વળગાડી દોડાવી રહી છે. માનવી આંખમીંચાં કરી દોડે જ જાય છે. શ્વાસ ખાવા થોભે છે, પોતાને હજી દૂર જવાનું છે, તે વિચારે છે અને નિઃશ્વાસ નાંખે છે. દુનિયા અસંતોષના વાતાવરણથી કલુષિત થઈ ચૂકી છે. અને તેથી જ દરેકના ગોડે કોડે દુઃખ છે. દુઃખને દૂર કરવાનો ઉપાય 'શકટનો ભાર જેમ શ્વાન તાણે.' પ્રવૃત્તિનો ત્યાગ જ છે પણ માનવીને મહાન થવું છે. તેને તો કોઈ પણ પ્રયત્ને—બળજબરીથી ભાર પોતાની ખાંધ પર લેવો છે, ઉપાડાય નહિ છતાં ઉપાડી આગળ ને આગળ વધવા યત્ન કરવો છે. જેને પરિણામે ન તો તેના ધ્યેયને પૂર્ણ કરી શકે છે કે ન સુખનો ઉપયોગ કરે છે. ક્ષણે ક્ષણે નિઃશ્વાસ નાંખી અપૂર્ણ આશાને પૂર્ણ કરવા ઝંખી રહે—દુઃખી થાય છે. દુઃખી થતા માનવીઓને કોઈ કહેશે, બંગલામાં સુખ નથી. મોટરોમાં સુખ નથી. સુખ છે જંગલોમાં—મિત્રાબાગોમાં. માનવી ત્યાં દોડશે. ઠગારી આશા અવનવા રૂપે ત્યાં પણ તેને શાંતિ નહિ જ આપે. દૂર દૂર દેખાતી આશા જ્યોતને હસ્તગત કરવા માનવી બહુ જ જુસ્સાથી તે દિશાએ દોડવા માંડશે. પણ તેને ખબર નથી તે તો ઝાંઝવાના જળ છે. કદાપિ હાથમાં આવનાર નથી. અને તે નિરાશામાં માનવી જીવનના અંતિમ દિવસની સરહદે પહોંચ્યો હશે ત્યારે પણ અધૂરી આશા માટે દુઃખી થતો હશે—પુનરપિ માનવ દેહ મળે તો પૂર્ણ કરવા વિચારતો હશે. પરમાત્માને તે માટે પ્રાર્થતો હશે.

માનવજીવનનું ચક્ર આ જ પ્રમાણે ચાલ્યા કરે છે. તેમાંથી છૂટવા યત્નો કરવા છતાં છૂટી શકતો નથી. યોગીઓ—વિદ્વાનો એટલા માટે કહે છે: "સંસાર અસાર છે" અને તે અસાર સંસારમાંથી જો સાર જ કાઢવો હોય તો જળકમળવત્ રહેવું જોઈએ. પણ તે માનવીથી રહેવાતું નથી, અને તેથી જ તે સુખ—શાન્તિ પ્રાપ્ત કરી

શકતો નથી. રાધાને પાગલ, ભરતની હરિણી માફક મળી આવ્યો. ભરતને એ હરિણી માટે જન્મ લેવો પડયો, તો રાધા પાગલ માટે દુઃખી થાય તે સ્વાભાવિક જ છે. તેનું દુઃખ દૂર કરવાની દવા ભેગા થયેલાઓમાંથી કોઈની પાસે ન હતી. તેઓ તો પોતાની રમતમાં મસ્ત હતા. તેમને રાધાના સુખ–દુઃખની પડી ન હતી, છતાં તેઓની દૃષ્ટિ સમક્ષ તે હોવાથી તેના દુઃખ માટે પૃચ્છા થઈ જતી. તેઓ માંહોમાંહે હસતા. રાધાને તેથી દુઃખ થતું, છતાં હૃદયદર્દને દબાવી તે હસવા પ્રયત્ન કરતી. તે જાણતી હતી, ‘દુનિયામાં કોઈ કોઈના દુઃખે દુઃખી થતું નથી. માત્ર પરાયા માટે દુઃખી થવાનો આડંબર બતાવે છે, અને દુનિયા–તેવો અભિનય કરી જનારને માનવતાનો પૂજારી સમજી વંદે છે. જગતના માનવીઓ તેને જ મહાન માની બેસે છે, જે પવન જોઈ પીઠ ફેરવી શકે છે. બીજા જે સાચે જ મહાન છે તેમની ઓળખ તેમના મૃત્યુ પછી જ થાય છે. તેમની હયાતિમાં માનવીઓ તેમને તિરસ્કારે છે. તેમની કાળી બાજુ શોધના જ યત્નો કરે છે. જેથી કહેનારા કહી ગયા છે: ‘દુનિયા દોરંગી છે.’ અને, રાધાને તે જગતનો અનુભવ થઈ રહ્યો હતો.

રમેશે જોયું, હવે રમત અંત તરફ જઈ રહી છે, અને તે પૂરી થાય તે પહેલાં જ આ બદમાશોને પકડી લેવા. તેથી તે આ રમનારાઓની સામે આવી ઊભા રહ્યો. પિસ્તોલનો અવાજ કર્યો.’

રમનારા બધા એકાએક અવાજથી ગભરાયા. આ અવાજ કરનાર કોણ છે તે જોવા લાગ્યા. તેવામાં રજનીકાન્ત અને પોલીસો ત્યાં આવી પહોંચ્યા ઓરડાનો કબજો કરી લીધો.

‘બિપિન શેઠ! આપ ભયંકર રમત રમ્યા. બધાને અંધારામાં રાખવા અહીંઆ આવી રહ્યા. પરંતુ કાળ, માનવી પાતાળમાં હોય તો પણ ત્યાંથી પકડે છે. હવે આપ નાસવાની કોશીષ કરશો નહિ. અને રાધા……’

'મને પકડવા આવ્યા છો? ડિટેક્ટીવ સાહેબ! રજનીકાન્ત! હું તૈયાર જ છું. ખુશીથી આપ મારા હાથમાં લોહકંકણ પહેરાવો.' બોલતી રાધા રમેશ તરફ આગળ વધી. હાથ લંબાવ્યા.

'રાધા!' બિપિને આગળ વધતી રાધાને અટકાવવા મોટેથી કહ્યું. 'શું તું એમ માને છે કે, આ બધા આપણને કાળી કોટડીના મહેમાન બનાવશે? અગર જો તું એમ માનતી હોય તો તારી ભૂલ છે. મારા મિત્રો! સિંહની ગુફામાં આવનાર જીવતો પાછો જઈ શકતો નથી તે તેમને સમજાવો.'

બિપિનના શબ્દોથી તેના દોસ્તોએ ખંજરો–છરીઓ કપડામાંથી બહાર કાઢયાં.

'હું નથી ઇચ્છતી, બિપિનચંદ્ર! કે આ મકાનમાં લોહી રેડાય. બીજાં ઘણાં યે સ્થાનો રક્તથી રંગવા માટે છે. ડિટેક્ટીવ સાહેબ! ઇન્સ્પેક્ટર સાહેબ! હું ખુશીથી તમારી સાથે આવવા તૈયાર છું.'

'રાધા! તું જીવતી એ લોકો સાથે જઈ શકશે નહિ.' બિપિને કહ્યું.

'તો ખુશીથી મારું રક્ત અહીંઆ રેડો. પહેલાં મારું બળિદાન અપાય તે પછી જ અહીં રક્તની નદીઓ વહેવડાવો.'

'બિપિનચંદ્ર! શા સારુ લોહીની નદીઓ વહેવડાવવા તૈયાર થાવ છો? સીધી રીતે હથિયારો પોલીસને સોંપી દો.' રમેશે કહ્યું.

'તે નહી બનશે. મારા મિત્રો! તમારી શક્તિનો પરિચય આપો.' બિપિનના શબ્દે બદમાશો આગળ વધે તે પહેલાં જ પોલીસો અને બદમાશો વચ્ચે રાધા આવીને ઊભી રહી. રમેશ આ દિવ્ય તેજથી દીપતી રાધાને જોઈ રહ્યો. તેણે પોલીસોને રોક્યા. 'રાધા! તારા આ વર્તનથી બદમાશોને......' રાધાને દૂર થવા રમેશ કહી રહ્યો હતો. તે સમયે બિપિન તેમની નજર ચૂકવી નાઠો. બોલ્યોઃ

'મિ. રમેશ! બિપિનને પકડવો સહેલો નથી. જુઓ, હું ક્યાં

છું !' અને રજની-રમેશે જોયું તો બિપિન હસતો ઊભો હતો. 'નમસ્તે, ડિટેક્ટીવ સાહેબ !' બોલતો તે દોડયો. રજની તેની પાછળ પડયો. પણ, અલ્પ સમયમાં ક્યાંક અદૃશ્ય થઈ ગયો. બિપિનના નાસી જવાથી બદમાશોએ મૃત્યુ મેળવવા કરતા શરણે થવામાં વધુ લાભ જોયો, અને તેમણે પોતાના હથિયારો પોલીસને સ્વાધીન કર્યાં. પોલીસોએ બધાને લોહકંકણ પહેરાવ્યાં.

'શાબા !' રમેશ બોલ્યો.

'હું તૈયાર જ છું. ચાલો.' અને નીડરતાથી આગળ થઈ. તેને ભય ન હતો, મુખ પર શાંતિ હતી. રમેશ-રજની તેને પોતાની વચ્ચે રાખી ચાલવા લાગ્યા. પોલીસો બદમાશોને પકડી પોતાના ઓફિસરને અનુસરવા લાગ્યા. રમેશના મુખ પર બિપિનના છટકી જવાથી દુઃખની છાયા આવી. પણ, તેને આશા હતી કે તે બિપિનને પકડશે.

## પ્રકરણ ત્રીજું

### પાગલ

વર્તમાનપત્રોએ બદમાશટોળીના પકડાયાના સનસનાટીભર્યા સમાચાર જનતાને આપ્યા. રમેશ-રજનીને અભિનંદનો અપાયાં. જનતા આ ગુનેગારોને જોવા ઉત્સુક થઈ રહી હતી. પોલીસ ગુનેગારોને તેમના કર્મનો બદલો અપાવવા યોગ્ય વ્યવસ્થા કરી રહી હતી. ત્યારે રમેશ બદમાશ બિપિનના છટકી જવાથી અશાંત થઈ ગયો હતો. તે ખુરશીમાં બેસતો-ઊઠતો આંટા મારતો, ટેબલ ખોલતો, કેટલાક કાગળો કાઢતો, વાંચતો, પાછા મૂકતો, આમ અશાંતિમાં સમય કાઢી રહ્યો હતો.

ઘડિયાળે અગીઆર ટકોરા વગાડયા. રમેશ ચમક્યો. તેને યાદ આવ્યું કે તેને બાર વાગતાં પહેલાં કોર્ટમાં પહોંચવાનું છે. એટલે અશાંતિ ત્યાગી જવાની તૈયારીમાં પડ્યો.

જે બદમાશોએ શહેરમાં ભયંકર તાંડવ ખેલ્યું હતું તેમને જોવા આબાલવૃદ્ધ ઉમટયાં હતાં. રજનીકાન્ત રમેશની રાહ જોતો કોર્ટના કમ્પાઉન્ડમાં ઊભો હતો. રમેશ આવ્યો અને રજનીને પૂછ્યું:

'કેમ? હું ટાઈમસર છું ને?'

'અલબત્ત.' બોલી તેનો હાથ પકડી હોલમાં લઈ આવ્યો. તેવામાં મેજીસ્ટ્રેટ આવ્યા. બધાંએ ઊભા થઈ માન આપ્યું કોર્ટે પોતાનું સ્થાન લીધું, અને આરોપીઓને હાજર કરવા ઓર્ડર કર્યો.

બદમાશો અને રાધાને કોર્ટમાં લાવવામાં આવ્યાં. જ્યારે બદમાશોના મોઢા પર કાળું વાદળ આવ્યું. ત્યારે રાધા હસી રહી

હતી. તેને સહેજ પણ દુઃખ થતું ન હતું. બધા હસતી રાધાને જોઈ તેના માટે તિરસ્કાર વ્યક્ત કરવા લાગ્યા, પણ રાધાને તેની કાંઈ જ અસર થઈ નહિ.

બદમાશોને કોર્ટે નામઠામ પૂછ્યું. બદમાશોએ પોતાના ગુનાની કબુલાત કરતાં જણાવ્યું કે, તેઓ તેમના સરદારની આજ્ઞાથી ચોરી-લુંટફાટ કરતા. તેઓ એ પણ જાણતા નથી કે પોતાનો સરદાર કોણ છે, અને સાથીદાર કોણ છે.

રાધા બદમાશો તરફ ક્રોધપૂર્ણ દૃષ્ટિથી જોઈ રહી. કોર્ટે રાધાને પૂછ્યું, 'તમારું નામ શું?'

'રાધા.' રાધાએ શાંતિથી જવાબ આપ્યો.

'તમારા બાપનું નામ?' કોર્ટના પ્રશ્નનો પ્રત્યુત્તર રાધાએ ન આપ્યો. તે શાંત ઊભી રહી. કોર્ટે ફરીથી પોતાનો પ્રશ્ન તેને પૂછ્યો. તેના જવાબમાં રાધાએ કહ્યું, 'હું નામદાર કોર્ટને નમ્રતાપૂર્વક જણાવવા રજા લઉં છું કે મારો ઈરાદો કોર્ટનું અપમાન કરવાનો નથી. કોર્ટના કાર્યમાં વિઘ્ન નાંખવા ઈચ્છતી નથી. પણ મારા નામ સિવાય કોઈ પણ પ્રશ્નનો જવાબ આપી શકું તેમ નથી. કોર્ટને યોગ્ય લાગે તે શિક્ષા કરે. હું કોઈ પણ જાતની દલીલ વિના તે સહન કરવા તૈયાર છું.'

રાધાના શબ્દોથી કોર્ટ વિચારમાં પડી ગઈ. એકત્ર થએલી મેદની રાધાને જોઈ રહી. રમેશ ઊભો થયો. બોલવાની રજા માંગી. કોર્ટે બોલવા રજા આપી.

'હું નામદાર કોર્ટને વિનંતિ કરું છું કે રાધાને પૂછાતી પ્રશ્નાવલિ આજ મુલતવી રખાય તો વધુ સારું.'

રાધા તો રમેશને આમ બોલતો સાંભળી વિચારમાં પડી ગઈ. તેણે કોર્ટને વિનંતિ કરી.

'હું ઇચ્છું છું કે નામદાર કોર્ટ મુલતવી રાખ્યા વિના જે શિક્ષા ફરમાવે, તે હું સ્વીકારવા તૈયાર છું. મારે મારો કોઈ પણ જાતનો બચાવ કરવો નથી જ.'

'મિ. રમેશચંદ્ર ! કહો કોર્ટે કયો માર્ગ હવે લેવો ?' કોર્ટે ગંભીર મુખમુદ્રાથી રમેશને પૂછયું.

'અત્યારે આરોપી ગભરાઈ ગયેલી સ્થિતિમાં હોવાથી સમય આપવા નામદાર કોર્ટને મારી આગ્રહભરી વિનંતિ છે. એ વિનંતિ માન્ય થશે તો ઘણા જ અગત્યના પૂરાવા મળી શકશે.'

રમેશચંદ્રની આગ્રહભરી વિનંતિ કોર્ટે માન્ય રાખી. પ્રશ્નાવલિ મુલતવી રાખી .પોલીસો આરોપીઓને લઈ ગયા. માનવમેદની નાનાવિધ તર્કો કરતી વેરાવા લાગી.

'મિ. રમેશચંદ્ર! તમે શું કાંઈ ચમત્કાર કરી બતાવવા માંગો છો ? એ આરોપીને તમે બોલાવી શકશો ?' કોર્ટે પૂછયું.

'યત્ન કરીશ. નામદાર કોર્ટે મારી વિનંતિ સ્વીકારી તે બદલ આભાર માનું છું.' બોલી તે ઊઠયો. રજનીએ પણ તેનું અનુકરણ કર્યું. ઉભય કોર્ટને સલામ કરી બહાર આવ્યા. 'મિ. રમેશ! આવો જ એક આરોપી મને અને વિજયને મળ્યો હતો. તેણે આખર સુધી કાંઈજ કહ્યું ન હતું. આ વાત મેં તમને પહેલાં કહી હતી તે તમને યાદ હશે.' રજનીને જવાબ આપતાં રમેશ બોલ્યો.

'જુઓ તો ખરા, મિ. રજનીકાન્ત ! હું બોલાવી શકું છું કે કેમ ?' બોલતો તે શાંત થયો.

'હા. મિ. રજનીકાન્ત ! તમે એક ચિટ્ઠી તમારા જેલર પર હું કહું તેમ લખી મોકલો.' રમેશચંદ્રે લખાવ્યું તે પ્રમાણે રજનીકાન્તે લખ્યું અને તે ચિટ્ઠી જેલર પર મોકલવામાં આવી. પછી ત્યાંથી રમેશ છૂટો પડયો.

સાંજનો સમય હતો. શહેરીઓ રાધા વિષે ચર્ચા કરી રહ્યા હતા. કોઈ રાધાને સમજી શકતું ન હતું. તે સમયે પૂર્વપરિચિત પાગલ જેલ આગળ આવ્યો. જેલર પાગલને જોતાં જ રાધા પાસે લઈ ગયો. આ સંબંધમાં રજનીકાન્ત તરફથી જેલરને સૂચના મળી ચૂકી હતી. એકાએક પાગલને જોતાં રાધા ચમકી. બોલી, 'તું! તું!' પાગલે માથું હલાવ્યું. 'અહીંઆ ક્યાંથી? તને કોણ લાવ્યું? શા માટે તને લાવવામાં આવ્યો.' બોલતાં તે ઉશ્કેરાઈ ગઈ હોય તેમ જણાતું. પાગલ તો શાંત જ ઊભો રહ્યો. 'જ્યારે હું મૃત્યુને માર્ગે જઈ રહી છું. તે સમયે તું ચાલ્યો ગએલો પાછો શાને આવ્યો? મને રીબાવવા? મૃત્યુ સમયે હું તરફડું તે જોવા? બોલ! બોલ!' બોલતી ઊઠી પાગલ પાસે આવી. તેની આંખોમાં આંસુ હતાં. 'તું મને છોડીને ચાલ્યો ગયો. મારું જીવન અંધકારમય થયું. મારા પ્રિયતમના ચહેરા ઉપર જે રેખાઓ અંકિત છે તે જ રેખાઓ તારા ચહેરા પર અંકિત થયેલી હોઈ, તને મારો માની તારા દર્શનથી જ હું જીવતી હતી. તે તું જાણતો હોવા છતાં મારો ત્યાગ કરી ચાલ્યો ગયો. જીવન નીરસ બન્યું ને મેં મારું જીવન કાયદાને સોંપ્યું. હસતે મોઢે જેલના દરવાજા ઠોકતી આવી. હવે મૃત્યુ નિશ્ચિંત છે. ત્યારે લલચાવા શીદને આવ્યો?'

પાગલ શાંત જ ઊભો રહ્યો. જેમ પથ્થરની પ્રતિમા શાંત ઊભી હોય તેમ. 'તું કાંઈ નહિ બોલે? પથ્થર! જરા તો હાલ. જરા તો બોલ. તને ઘા કરતાં દયા નથી આવતી?'

પાગલ સાંભળતો ન હોય–બહેરો હોય–તેમ પ્રત્યુત્તર આપ્યા વિના ઊભો જ રહ્યો. 'શું સંભળાતું નથી? અત્યાર સુધી મૂંગો હતો–ને હવે બહેરો થયો. ઓ પાષાણ!' તે દીવાલોને રડાવતી રડી રહી. જેલની ઓરડી ભયંકર ભાસવા લાગી. રાધાનું રુદન કોઈ કઠણ હૈયાની વ્યક્તિ ત્યાં હાજર હોત તો તેને પણ રડાવવા શક્તિમાન

હતું. છતાં પાગલ શાંત હતો. તે શાંત હતો કે શાંત રહેવા પ્રયત્ન કરી રહ્યો હતો? કાંઈજ સમજાતું ન હતું.

'હું રહું છું, અને તને આનંદ આવે છે અને જો હું મૃત્યુ પામું તો તું ખચિત સુખી થાવ ને? બિપિનચંદ્રે તારી પાસેથી મને પડાવી લીધી. તને થયું, હું બિપિનચંદ્રની થઈ ગઈ. તને સાથે રાખ્યો તે બતાવવા પુરતું હતું, અને તેવું સમજી વૈર વાળવા આવ્યો છે?' બોલતાં તેના નેત્રોમાં પાગલતા ચમકી. 'હું તને રાજી નહિ જ થવા દઉં. તને રડાવીશ.' બોલતી રાધાએ જિહ્વાને દાંતમાં લીધી. પાગલે આ જોયું. રાધાનો હાથ પકડ્યો. 'હવે એ માર્ગેથી હું પાછો નહિ ફરું. મારા માટે મૃત્યુ નક્કી જ છે. જે બે દિવસ પછી આવવાનું છે. તે ભલે અત્યારે જ આવે અને તે પણ તારી સામે જ.'

રાધા મરવા માટે તૈયાર હતી. તે પકડાઈ ત્યારથી જ તેનું મૃત્યુ નક્કી થઈ ચૂક્યું હતું. પકડાવાનું કારણ એક જ, અને તે નિરાશા. જ્યાં સુધી એની દૃષ્ટિએ પાગલ પડ્યો ન હતો ત્યાં સુધી તેને મૃત્યુ સુખદ લાગતું હતું. પાગલને જોતાં સ્થિતિમાં પલટો આવ્યો. પણ હવે બચાવ થઈ શકે તેમ ન હતું. એટલે કોઈ પણ ઉપાયે મૃત્યુ આધીન થવું તેમ તે ઇચ્છી રહી. પાગલે પ્રેમભર્યા નેત્રોએ રાધા પ્રતિ જોયું. એ નેત્રોનું તેજ રાધાના હૃદયને વીંધી રહ્યું. તેનો મૃત્યુનો વિચાર ડગમગવા લાગ્યો.

'પાગલ તું ઇચ્છે છે કે હું જીવું. પરંતુ હવે તે બનવું અશક્ય છે. મેં મારા હાથે જ મોત માંગી લીધું છે. પાગલ! પાગલ!' બોલતી રાધા પાગલ સમીપ વધુ સરી. 'પાગલ! મરતાં પહેલાં હું તને વિનંતિ કરું છું કે મકાનના નીચલા ઓરડાના ભોંયરામાં ભિખારણ રહેલી છે તેને તું કોઈ જાણે નહિ તેમ બહાર કાઢજે. ભિખારીને પિશાચોના પંજામાં ઇરાદાપૂર્વક સંડોવવામાં આવી હતી. તેને મેં જ્યાં સંતાડી છે. તે મારા સિવાય બીજું કોઈ જ જાણતું નથી.

એટલે તે સહિસલામત રહી હશે. એને તું બહાર કાઢી ઇચ્છામાં આવે ત્યાં મારા અને વિજયકુમારના નામથી જવા કહેજે. જો મારા માટે તને પ્રેમ હોય તો કોઈક દિવસ યાદ કરી મારું ઇચ્છિત મળે તે માટે પરમાત્માને પ્રાર્થજે.'

પાગલ બધું સાંભળી જ રહ્યો તેને આ મૃત્યુના આરે ઊભેલી રાધાને કાંઈ જ કહેવાનું ન હોય, તેમ તે શાંત રહ્યો.

'મારે તને કહેવાનું હતું તે કહી ચૂકી. હવે તું મને મરવા રજા આપ, જેથી સત્વરે પરમાત્માના શ્રી ચરણોમાં જઈ પુનર્જન્મમાં મારા હૃદયેશ્વરને પ્રાપ્ત કરી શકું તેવું વરદાન મેળવું.

'રાધા ! તે નહિ બનશે. તારાથી આમ આત્મહત્યા નહિ થઈ શકશે.' એકાએક અવાજ આવ્યો. રાધા ચોતરફ જોવા લાગી. પણ પાગલ વિના ત્યાં કોઈ જ ન હતું.

'કોણ બોલ્યું હશે ?' રાધા પાગલ પ્રતિ સાશંક દૃષ્ટિ નાંખતાં બોલી.

'રાધા ! હું જ બોલ્યો છું. હું.....હું.....' પાગલ આગળ આવી બોલ્યો.

'શું તું મૂંગો નથી ?' રાધાએ પાગલને પૂછ્યું, 'તું કોણ છે ?'

"રાધા ! તને એક વખત કહ્યું હતું, 'તમને મળવા યત્ન કરીશ.' તે કહેનાર હું જ."

"કોણ વિજયકુમાર ! !" રાધા ચમકીને બોલી. તે શું સ્વપ્નમાં તો ન હતી ? તે પાગલ તરફ જોઈ રહી બોલી: "પાગલ વેશે મારી કસોટી કરવા આવ્યા હતા ! મારા કહેલા શબ્દોની સત્યતા જોવા પધાર્યાં હતા ! માનું છું કે મેં કહ્યું હતું, તમને સહાય કરી શકું તેવી સ્થિતિમાં હોઈશ તો નિર્વિવાદ મારો ભોગ આપતાં પાછું નહિ જ જોઉં, અને તે આજે અનુભવ્યું !" થોડી વાર થોભી રાધાએ

આગળ ચલાવ્યું: 'મારા પ્રભુ! હું આપના પગલાં પૂજતી હતી. પરમેશ્વરે આપના પ્રેમનું દાન મને આપ્યું હતું. પરંતુ, તે દાનનો ઉપયોગ કરું તે પહેલાં આપની પાસેથી હવે ચાલ્યા જવા વિના અન્ય માર્ગ નથી.'

"રાધા! તું પવિત્રતાની દેવી છે. તું અમારી વચ્ચેથી આમ ચાલી જાય તે ન જ બને. તારા જેવી પવિત્ર બાળાઓ ભારતવર્ષનું ગૌરવ છે. અનેક પ્રલોભનો ત્યાગી સન્યાસિની બનેલી દેવી! મને દુઃખ થાય છે કે મેં તને કંઈ-આજ કારાગારની દીવાલો વચ્ચે ઊભી રાખી જ્યારે તેં નિઃસ્વાર્થવૃત્તિથી તારા મંડળનું ગુપ્ત રહસ્ય જાણવા સગવડ કરી આપી મારા પર મોટો ઉપકાર કર્યો છે. તેં મને જોતાં જ પૂછ્યું, 'અહીં આ ક્યાંથી? કોણ લાવ્યું?' રાધા તું જ્યાં હોય, ત્યાં હું નહિ હોઉં તો ક્યાં હોઈશ? મારી સ્વેચ્છાએ તને વિનતિ કરવા આવ્યો છું."

'એમ ના કહો, એવું ન બોલો; આપને વિનતિ કરવાની ન હોય. આજ્ઞા કરો, મારા પ્રભુ!'

'રાધા! દેવી રાધા! મારી પાછળ દેહસમર્પણ કરનાર રાધા! તને તો હું આજ્ઞા કેવા રીતે કરી શકું? મારા માટે તેં શું નથી કર્યું? વીણાને રજનીની પાસેથી લઈ આવવા કોણ ગયું હતું? બિપિનને ત્યાં ભિખારણ બનાવી કોણે વીણાને મોકલી હતી? અને મારો વિયોગ થતાં હસતા મુખે મૃત્યુના મુખમાં જવા આતુરતા બતાવનાર તારા વિના કોણ છે? તેને મારાથી આજ્ઞા કેમ થઈ શકે?" વિજયે કહ્યું.

'આ રાધા તો આપના ચરણની દાસી છે. આપના શબ્દે અસ્તિત્વનું બલિદાન કરવું તે હું મારી ફરજ સમજું છું. કહો, મારે શું કરવાનું છે?'

'રાધા! તેં જે ભેદને તારી હૃદયની તિજોરીમાં બંધ કરી

રાખ્યો છે, તેને બહાર કાઢ. તું કોણ છે? શયતાનના હાથમાં તું શી રીતે આવી તે કહે.'

'કુમાર! એ કલંકકથા અંત સમયે શાને કહેવડાવો છો? એ આપને ન કહેવી પડે તે માટે તો મેં આત્મહત્યા કરવા તૈયારી કરી હતી અને આપે જ મારી પાસેથી ખંજર લઈ લીધું હતું.' રાધાએ કહ્યું.

'જાણું છું. છતાં પૂછું છું, રાધા! અને જો ન જ કહેવા ઈચ્છા હોય તો ન કહીશ. આ તો માત્ર મારી વિનતિ છે.' ઉદાસ થતાં વિજયે કહ્યું. રાધાથી વિજયને ઉદાસ થતો જોવાયો નહિ.'

## પ્રકરણ ચોથું

### રાધા

'મારા પ્રભુ! દાસીથી નારાજ થયા?' બોલતી રાધા હસી. 'આપની આજ્ઞા મારો ભૂતકાળ કહેવા સબંધની છે. તો તે હું કહું છું. જગતનું ચક્ર માનવીઓને 'હાય' પોકરાવવા જ ચાલે છે. તે ચક્રમાં માનવી જાણે—અજાણે ફસાય છે. મારા દાદાદાદી મારી માને બાલ્યાવસ્થામાં મૂકી પરલોકે સિધાવ્યાં હતાં. અને તેથી બાલ્યાવસ્થામાંથી જ મારી માતાના માથા પર બધો જ બોજો આવી

પડયો. તેં ગરીબ હતી. અને ગરીબ જગતમાં શ્રાપ-ભારરૂપ છે. તે શ્રીમંતોના ઘરોમાં કામકાજ કરી ગુજરાન ચલાવતી. આ શ્રીમંતોમાં વિનયચંદ્ર પણ એક હતા. અમે અને તેઓ એક જ જ્ઞાતિનાં હતાં-વળી મારી માતા સૌંદર્યની પ્રતિમા જ હતી તેમ કહું તેમાં અતિશયોક્તિ કરી કહેવાશે નહિ. યુવાન વિનય મારી માતાના સૌંદર્યથી લોભાયા. પોતાની બનાવવા મથવા લાગ્યા. લગ્ન શબ્દથી લલચાવવા લાગ્યા. સંસારના પ્રપંચોથી અજ્ઞાત મારી માતા વિનયચંદ્રના હાથમાં જઈ પડી. પરિણામે તે માતા થવાના સંયોગોમાં મુકાઈ. આ વાત કર્ણોપકર્ણ ચર્ચાવા લાગી. બધા મારી માતાનો તિરસ્કાર કરતા. પણ મારી માતા તે સહન કરતી. વિનયચંદ્રને લગ્ન કરવા સમજાવવા લાગી. વિનયચંદ્રે તે વાત હસી કાઢી. ઉપરાંત પોતાને ત્યાં આવવાનું બંધ કરવા જણાવ્યું. આથી મારી માતા આધારહીન થઈ. ક્ષુધાતૃષા વેઠતી જ્ઞાતિજનો-ગ્રામવાસીઓના તિરસ્કાર વચ્ચે ગામ છોડી દૂર દૂર જવા લાગી. એક ગામમાં આવી કેટલીય મુશ્કેલીએ એક ઓરડી મેળવી રહેવા લાગી. ગામલોકોનું કામકાજ કરતી ગુજરાન ચલાવવા લાગી. તેના સદ્ગુણોથી ગામના લોકો આકર્ષાયા. દયા લાવવા લાગ્યા. ગામલોકોની સહાનુભૂતિ વચ્ચે મારો જન્મ થયો. મારા જન્મ પછી તે મારામય બની ઉછેરવા લાગી. હું વયે વધી-વધતી તેમ તે મને સદ્ગુણી સુશિક્ષિત બનાવવા લાગી. તેને સુખી કરવા હું મારા શિક્ષણ માટે વધુ કાળજીભરી રહેતી. અમે મા-દીકરી સુખી હતાં. તે સુખ નિયતિથી દેખાયું નહિ. મારી મા માંદી થઈ. સતત હું તેની સેવા કરતી. તેના મૃત્યુ પહેલાં તેને તેના હાથપરની વીંટી આપતાં પોતાની જીવનકથા રડતા હૃદયે મને કહી. સદાય શીયળનું સંરક્ષણ કરવા લલચાવતા મોહથી દૂર રહેવા શિખામણ આપી અને જો કદાચ વિનયચંદ્ર મને મળી આવે તો તેમને ક્ષમા કરી છે 'તેવું કહેવા જણાવી ઈશ્વર પાસે ન્યાય માંગવા ચાલી ગઈ. હું એકલી પડી. મને એ

ઘરમાં રહેવું ગમતું ન હતું. અને તેથી કાંઈ પણ વિચાર્યા વિના ગામ છોડી શહેર પ્રતિ ચાલી નીકળી. માર્ગમાં મારી નિરાધારતાનો લાભ લેવા ઘણા જણ પ્રયત્ન કરતા. પણ મારી માતાના શબ્દોના પડઘા પડ્યા જ કરતા. હું તે વિકારીઓના પંજામાંથી બચવા પ્રયત્ન કરતી નાસી છૂટતી.' બોલતી શોભાએ પોતાના હાથપરની વીંટી વિજયને આપી. વિજયે વીંટીને બારીકાઈથી જોઈ, પોતાના ખિસ્સામાં મૂકી. અને પૂછ્યું: 'હાં પછી?'

'હું ક્ષુધા તૃષા વેઠતી આખરે અહીંઆ આવી. શહેરમાં પેસતાં હું ચંપા નામની વેશ્યાના હાથમાં સપડાઈ. તેણે મને પ્રેમથી સમજાવી પોતાને ત્યાં લઈ ગઈ. તેના મકાને જતાં જ હું સમજી ગઈ કે ફસાઈ છું. અહીંઆથી નાસી છૂટવાનો માર્ગ નથી. તેથી તકની રાહ જોતી ત્યાં રહેવા લાગી. ત્યાંના વસવાટ દરમ્યાન હું સંગીત શીખી–નૃત્ય શીખી. મારા પ્રશંસકો વધ્યા, સાથે મારા દેહના વેચાણ માટે વાતો થવા લાગી. હું ચમકી. ગભરાઈ શય્યામાં પડી. મારી માતાના શબ્દોના પડઘા પડવા લાગ્યા. મારા મુખમાંથી શબ્દો સરી પડ્યા. હું આત્મહત્યા કરીશ. પણ દેહવિક્રય નહિ જ થવા દઉં. બોલી હું ઝડપથી મકાનમાંથી બહાર પડી. હું નાસી જાઉં છું એ કેવી રીતે ચંપાએ જાણ્યું, તે હું જાણતી નથી. પણ માનું છું કે તે સદૈવ મારા પર ચોકી રાખતી હશે જોઈએ. તે બહાર આવી. 'પકડો પકડો'ની બૂમો પાડવા લાગી. અવાજથી સૂતેલા લોકો જાગ્યા, રસ્તે જનારાઓ જે કાંઈ હતા તે મને પકડવા આવવા લાગ્યા. તેઓમાં બિપીનચંદ્ર શેઠ પણ હતા. તે મારી પાસે આવ્યા પૂછ્યું. 'છોકરી શું છે?' મેં કહ્યું. 'શેઠજી! કમનસીબે હું આ વેશ્યાના હાથે ચઢી હતી. તેનો વિચાર મારા દેહનો વિક્રય કરવાનો છે. અને તેથી હું નાસી છૂટી છું.' શેઠે મારા તરફ જોયું. મારું ઝળકતું સૌંદર્ય નિહાળ્યું, પછી વેશ્યા સામે જોયું. તે ઊંચું જોઈ શકતી ન હતી.'

'મારી સાથે તેને ત્યાં ચાલ કાંઈક માર્ગ કાઢીશું.' શેઠના શબ્દે હું વેશ્યાને ત્યાં તેમની સાથે ગઈ. શેઠે વેશ્યાને ધાક ધમકી આપી. છેવટે થોડા ઘણા પૈસા આપ્યા. અને મને લઈ ચાલવા લાગ્યા. અંતે તેઓ એક મકાન આગળ આવી અટક્યા. 'જો છોકરી! આજની રાત તું અહીંઆ રહેજે, કાલે તારા માટે હું સગવડ કરીશ.'

મારે એકલીને અહીંઆ રહેવાનું છે? મેં પ્રશ્ન પૂછ્યો 'ગભરાય છે? આ મકાન મારું છે, ડરવાનું કાંઈજ કારણ નથી.' મેં એકલા રહેવા નક્કી કર્યું. આપ જઈ શકો છો. હું અહીંઆ રહીશ. બોલી મકાન ખોલી હું અંદર ગઈ લાઈટ કર્યાં, સુવાની વ્યવસ્થા કરી.

મને યાદ છે ત્યાં સુધી તે વખતે રાતનો એક વાગ્યો હશે. મારી પથારી પાસે કોઈ આવ્યું છે, તેવું મને લાગ્યું. મેં આંખ ઉઘાડી. ઓરડામાં અંધકાર હતો. લાઈટ કોઈએ હોલવી નાંખ્યા હતા.

'રાધા.' એક અપરિચિત આવાજ આવ્યો. મેં અવાજની દિશાએ જોયું તો એક હાડપિંજર હાથમાં ખંજર લઈ ઊભું હતું. હું હાડપિંજર જોતાં ગભરાઈ કોઈ ભૂત-પ્રેત આ મકાનમાં રહેતું હશે, અને તે મારું રક્ત પીવા આવી રહેલ છે, તેવું હું માનવા લાગી. તે મારી પાસે આવ્યું તેનો એક હાથ મારા ગળા પર, અને બીજો ખંજરવાળો હાથ મારી છાતી આગળ રાખ્યો. હવે મૃત્યુને મારે ભેટવા માત્ર સેકંડોજ ખૂટતી હતી. હું કંપી.

'છોકરી! જો જીવવું હોય તો હું કહું તે શરત માન્ય કર.' ભલા! તમેજ કહો, નાની વયમાં કોણ મૃત્યુને પસંદ કરે. મેં કહ્યું શી શરત છે. તેણે કહ્યું. 'રાધા! હું એક મંડળનો પ્રતિનિધિ છું. તે મંડળની તું આજીવન સભ્ય થા. અને મારા કાર્યમાં મદદ કર.'

પણ હું સ્ત્રી કેવી રીતે તે કાર્યમાં સાથ આપી શકું?

'રાધા! તેનો નિર્ણય મારા પર છોડ, વળી સાંભળ. તું સૌંદર્ય સંપન્ન છે. અને તેથી કઈ ક્ષણે તારા પર સંકટ આવી પડશે, તે કહેવાય નહિ. તારા ગુજરાનનો પણ પ્રશ્ન છે. તે તારા મંડળમાં જોડાવાથી સહેજે દૂર થઈ જશે.'

હાડપિંજરના શબ્દો પર હું વિચાર કરવા લાગી. મને વિચારવશ જોતાં હાડપિંજર બોલ્યું: 'રાધા! સમય જાય છે. પછી પસ્તાઈશ' મેં મારા મન સાથે કાંઈ નિર્ણય કરી કહ્યું: પરંતુ આ શેઠે મારા માટે વેશ્યાને પૈસા આપ્યા છે. તેમની પાસેથી કેવી રીતે છૂટી શકું. 'શેઠ તને સ્વતંત્ર રીતે રહેવા દે તેવી અવસ્થા થઈ જશે. પણ તારે આ વાત શેઠને કહેવાની નથી. અગર જો એક પણ શબ્દ કહ્યો' બોલતા હાડપિંજરે ભયંકર હાસ્ય કર્યું. પંજર ઊંચું નીચું થવા લાગ્યું, હું કંપી. હાડપિંજર બોલવા લાગ્યું. 'બોલ જીવવું છે? મારા મંડળમાં જોડાવું છે?' પણ મારે મંડળમાં જોડાઈ કરવાનું શું? 'તે સંબંધમાં તને સુચના આપવામાં આવશે. અગર જો તું મારી શરતને અવગણીશ, આ વાત બહાર લાવીશ, તો તારા માટે મૃત્યુ–ભયંકર મૃત્યુ નક્કી જ છે. મારી ઇચ્છા વિરુદ્ધ કોઈ જ તને રાખી શકશે નહિ.' આશ્રય જવાના ભયે મેં હાડપિંજરની શરત પાળવાની પ્રતિજ્ઞા લીધી. એટલે 'શાબાશ.' હાડપિંજરે કહ્યું, અને અદૃશ્ય થઈ ગયું. તે પછી હું શાંતિથી ઊંઘી ગઈ. સવારમાં જ્યારે જાગી ત્યારે શેઠ આવી ગયા હતા. તેમણે હું કોણ છું, વગેરે પૂછ્યું. મેં મારી દુ:ખકથા કહી. શેઠે આશ્વાસન આપતાં કહ્યું: 'હવે તારે બહુ સંભાળીને રહેવું જોઈશે. સૌંદર્યના શોધકો તારી પાછળ પડશે. તને પાયમાલ કરશે. હું ચોવીસે કલાક તારી પાસે રહી શકું નહિ.' હું પણ તે માનતી હતી. મેં કહ્યું, આપ રાખશો ત્યાં રહીશ, અને આપ કહેશો તેમ વર્તીશ. મારા શબ્દોથી તે હસ્યો, બોલ્યો.

'તેમાંજ તારું શ્રેય રહેલું છે. હું તને મારા એક મકાનમાં રાખીશ કે જ્યાં તું શાંતિથી રહી શકીશ. મારા તરફથી તારે સહેજ પણ ગભરાવું નહિ.' શેઠ આ શબ્દો બોલતા હતા પણ તેમના નેત્રો–હૃદય તો સૌંદર્યનું ભક્ષણ કરવા જ માંગતા હતાં. મેં કાંઈ જવાબ આપ્યો નહિ. શેઠ ચાલ્યા ગયા. મારી ખાવાપીવાની વ્યવસ્થા તેમણે કાળજીપૂર્વક કરી હતી. તે જ દિવસે સાંજે મારા માટે નક્કી કરેલા મકાને મને લઈ જવા શેઠ આવ્યા. હું તેમની સાથે ચાલતી. તેઓ મારા દેહને સ્પર્શ કરવા યત્ન કરતા, પણ હું રક્ષક ને ભક્ષક થવાનો સમય આપતી જ નહિ. ચાલતા અમે મકાને આવ્યા. મકાન સુંદર રીતે શણગારેલુ હતું. ત્યાં જોઈતા વાજીંત્રો, ફરનીચર વગેરે હતું. મારા માટે જોઈતા કપડા વિગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી. 'કેમ, મકાન તો સારું છે ને?' તેઓએ મને પૂછ્યું. નિરાધારને આટલો આશ્રય મળે તે ઓછું હતું? મેં હસી જણાવી દીધું કે અતિ સુંદર છે. તે પછી શેઠ સાંજે આવતા. મારું સંગીત સાંભળતા –વખાણ કરતા. તેમનું ધ્યેય મને તેમના તરફ આકર્ષવાનું હતું. પણ મારી મા યાદ આવતી. હું સર્પને જોઈ ડરું, તેમ તેમનાથી ડરતી. દિવસો આમ જતાં શેઠ મને પોતાની બનાવવા મહેનત કરતા. હું માનતી હતી કે બિપીનચંદ્ર મારા દેહના સ્વામી થવાને યોગ્ય નથી, છતાં જો હું તેમનાથી દૂર જ રહીશ તો કદાચ બળાત્કાર કરતા ચૂકશે નહિ. વળી તેમની દયાથી હું સુખી થઈ છું. વિષયી કૂતરાઓની દૃષ્ટિથી બચી છું. એટલે તેમને સંતોષવા યત્ન કરતી. તે દિવસથી હું તેમની સાથે હસીને બોલતી, તેમને સંગીત સંભળાવતી, નૃત્ય કરતી. તે જ્યારે વધુ સાનિધ્યમાં આવવા યત્ન કરતા, ત્યારે હું હસી દૂર રાખતી. બિચારા શેઠ આ ક્ષણ સુધી, મારો પ્રેમ મેળવી શક્યા નહિ.' રાધા બોલતી અટકી, વિજય પણ શાંત રહ્યો. કારાગૃહની કોટડીમાં શાંતિ પથરાઈ રહી હતી. તેનો ભંગ કરતાં વિજયે પૂછ્યું.

'રાધા! પેલા મંડળ સંબંધમાં તો તેં મને કાંઈ કહ્યું નહિ, તેમ જ જ્યારે તું કસ્ટડીમાં હતી, અમે બેશુદ્ધ થયા ત્યારે તું કેવી રીતે......'

'ચાલી ગઈ તે જાણવા માગો છો? બેદી માનવીએ ગેસનો ઉપયોગ કર્યો, તે તો આપ જાણો છો જ. મેં એ ગેસથી બચવા મારા મોઢા પર કપડું ઢાંકી દીધું. ગેસની અસર નાબૂદ થઈ ત્યારે બેદી માનવે આપને અને રજનીકાન્તને બાંધવા હુકમ આપ્યો. મેં તેની આજ્ઞા પ્રમાણે કર્યું. તે પછી ઘોડા પર સ્વાર થઈ ચાલી નીકળી. હું મંડળ સંબંધમાં કાંઈ જ કહી શકું તેવી સ્થિતિમાં નથી તો માફ કરશો.' રાધાએ કહ્યું.

'રાધા! હું તને માફ કરનાર કોણ? પણ જે ભેદ તું ઢાંકી રાખવા ચાહે છે, તે પડદા પાછળ રાખવાથી તું કેટલું અહિત કરી રહી છે તેનો વિચાર તને આવતો નથી. આજ સુધી મેં જે સહન કર્યું છે, જેને માટે મેં તને આજ સુધી ત્રાસ આપ્યો છે તે બધું નિરર્થક થશે. રાધા! દિવસો સુધી વીણા ભિખારણ બની ફરતી રહી. હું મૂંગો બની પિશાચોનું ષડયંત્ર જાણવા અનેકોનાં અપમાનો સહન કરતો તારી પાસે રહ્યો. તે તારી દૃષ્ટિએ......'

'મારા દેવ! મારા પ્રભુ! મારી દૃષ્ટિએ તેની શું કિંમત છે તે જાણવી છે?' રાધાએ વિજયને બોલતો અટકાવી કહ્યું. 'આપ પાગલ રૂપે હતા ત્યારે આપના પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થતી, છતાં મેં મારા દેહને આપનાથી અસ્પૃશ્ય નથી રાખ્યો. વળી આપની આજ્ઞા હતી કે અગર જો સરલા, વીણા, રજની કોઈ પણ શયતાનના સપાટે ચઢે તો બચાવવા યત્ન કરવો જ. અને બન્યું પણ તેમ જ. જ્યારે સરલાબહેન, વીણા, રજનીકાન્ત મૃત્યુના મહેમાન બન્યાં ત્યારે મેં લાઈટો બુઝાવી શયતાનને ગભરાવ્યો હતો. વીણાને

છોડાવી લાવવા સંબંધની ચિઠ્ઠી જ્યારે મને મળી, જે આપે લખી હતી. તેનો અમલ કરવા, પળનો પણ વિલંબ કર્યા વિના હું ઘેરથી નીકળી હતી. રમેશ-રજની જો શયતાનના હાથે સપડાય તો સહાય કરવા આપે ફરમાવ્યું હતું ને મેં શયતાનની આંખમાં ધૂળ નાંખી તેઓને સહિસલામત જવા માર્ગ બતાવ્યો હતો. તે સમયે તો આપ મારી દૃષ્ટિએ અન્ય સ્વરૂપે હતા. આપનું નામ......આપના અક્ષરો મારા માટે........'

'માનું છું, રાધા! માનું છું. મારા શબ્દે તેં ઝંપલાવ્યું હતું. તેમાં જીવનમરણનો સોદો હતો. તારી સાહસિકતાનો હું પૂજારી છું. તારા માટે મને માન છે. જો હું તને......'

'ના. ના. કાંઈ પુરાવા આપવાની આવશ્યકતા નથી, મારા પ્રાણ! આપના શબ્દો સાચા જ છે. અને તે આપના મુખથી સાંભળતાં મારો આત્મા આનંદસાગરમાં ડૂબી જાય છે. જો આ સમયે મારું મૃત્યુ થાય......'

'રાધા! મૃત્યુને ભેટવા ઉતાવળી ન થા. તું મહાન છે. શયતાનોના સાથમાં રહેવા છતાં તું પવિત્ર છે તે જાહેર કરવા મને તક આપ. તારા પ્રત્યેનું ઋણ ફેડવા તું સહકાર આપ. મને પિશાચમંડળના સંબંધમાં કાંઈ જણાવ.' રાધાને વિજયે પ્રેમપૂર્વક કહ્યું.

'હઠ છોડો અને વીણાને લઈ આવવા વ્યવસ્થા કરો.' વાતની દિશા બદલતાં રાધાએ કહ્યું. 'રાધા! વીણાને હું લાવીશ જ. પણ તે પહેલાં આ મારે જાણવું જરૂરી છે. મારી છેતરી બાજી હારમાં ન ફેરવ, અને જો તારી ઈચ્છા એ જ હોય કે, હું આ વાતથી અજ્ઞાત......' બોલતાં વિજયને દુઃખ થતું હતું. જે રાધા વિજયને શુદ્ધ હૃદયથી ચાહતી હતી, જેના વિયોગે પ્રાણાર્પણ કરવા તૈયાર

થઈ હતી તેને દુઃખી થતો જોઈ તે દુઃખી થઈ રહી. કહેવું કે ન કહેવું તેની દ્વિધામાં પડી.

'તારે જ્યારે નથી જ કહેવું ત્યારે હું જાઉં છું. જે ભેદને શોધવા મેં તને કારાગૃહની કાળી કોટડી સુધી આવવા દીધી તેમાં મારી ભૂલ જ થએલી છે. એમ હું માનતો થઉં છું. કેટલા ય દિવસથી પાગલ મનાતો આજ વિજય બની તારી સમક્ષ ઊભો છું. તે વિજયને ફરીથી પાગલ બનવા દે, અને ભેદીના ભેદને શોધવા અદૃશ્ય થવા દે. ચાલ જાઉં છું. શિવ રાત્રી (ગૂડ નાઈટ).' બોલી વિજય જવા તૈયાર થયો. તેનો પગ પકડી રાધા બોલી. 'આમ નિષ્ઠુર ન થાવ. આજ સુભાગ્યે મારા હૃદયચંદ્રનાં દર્શન થયાં છે. તેમનાં દર્શનથી નેત્રોને-હૃદયને તૃપ્ત કરવા દો. હજી તો આપે હાસ્યનું એક કિરણ પણ ફેંક્યું નથી—દૂર ઊભા રહી અળગમની જ વાતો કરી છે.'

'રાધા! જે કર્તવ્ય માનીને કરવાનું છે તે જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી સુખ-પ્રેમ ત્યાજ્ય હોય છે. પગ છોડ, મને જવા દે.' વિજયે કહ્યું.

વિજય નિરાશ થઈ ને જાય તેમ રાધા ઇચ્છતી ન હતી. હાડપિંજરને આપેલો કોલ તે તોડવા પણ તૈયાર ન હતી. એક તરફ આત્માનો આધાર વિજય હતો—બીજી તરફ શપથ હતા. શું કરવું અને શું ના કરવું તેના મંથનમાં પડી. તે સમયે એકાએક કારાગૃહની કાળી કોટડીમાં અવાજ આવ્યો:

'રાધા! શપથને યાદ કર. મારી શક્તિને યાદ કર.' અને વિજય-રાધાની દૃષ્ટિએ હાડપિંજર હાથમાં ખંજર સાથે દેખાયું. તે જ ભયંકરતા હાડપિંજર પર હતી, જે તેને પહેલે જ દિવસે જોઈ હતી તે બેઠી થઈ ગઈ. વિજયની સોડમાં ભરાઈ ગઈ.

'મને તારાજ કરવા નિશ્ચય કર્યો છે, મિ. વિજય! અને તે પણ સ્ત્રીની સહાયથી?' બોલતું હાડપિંજર ખડખડાટ હસ્યું વિજયને તેના શબ્દો શસ્ત્રના ઘા જેવા લાગ્યા. તેણે રાધાને દૂર કરી હાડપિંજર તરફ વધ્યો. 'મોતના મહેમાન! વિજય પોતાની બુદ્ધિથી જ બધાને મહાત કરે છે. તારા ઘરમાં પોલીસ તરીકે રહી ગયેલો વિજય સ્ત્રીની સહાયથી તને પકડવા નથી ઇચ્છતો. પરંતુ જે શંકાઓ છે તેનું નિવારણ ઇચ્છે છે.'

'તું-તું પાગલ! તું-તું વિજય!' બોલતું હાડપિંજર ગૂંજ્યું તેના વદન પર જે ભય ડરતા હતી તે અદશ્ય થઈ તેનું સ્થાન પ્રેતછાયાએ લીધું.

## પ્રકરણ પાંચમું

### બદમાશ પકડાયો

'નામ સાંભળતાં જ પ્રસ્વેદ થાય છે, મહાશય? હું વિજય જે તારી દૃષ્ટિથી દૂર મનાતો, છતાં તારી સાંનિધ્યમાં રહેનારો. ઓ ભાન ભૂલ્યા માનવી! તું તારી જાતને અજિત-મહાન માનતો હતો, ઈશ્વરને ભૂલી તું જ ઈશ્વર થવા ચાહતો હતો પણ માનવ માનવ જ છે, ઈશ્વર થઈ શકતો નથી તેની પ્રતીતિ પરમાત્માએ તને મારા દ્વારા કરાવી છે. મારા જેવા અલ્પાત્માના વેશપરિવર્તનને તું

ઓળખી શક્યો નહિ. તારા પાપાગારમાં મને સ્થાન આપ્યું. તારી બુદ્ધિએ સર્જેલા જગતને નિહાળવા તક આપી.' વિજયે કહ્યું.

'તક આપવા છતાં તું શું કરી શક્યો? તું માને છે કે હું હાર્યો છું. પણ ના, આ ક્ષણે પણ હું અજેય જ છું. તું કાંઈ જ શોધી શક્યો નથી.'

'નથી શોધી શક્યો?' બોલતો વિજય ટટ્ટાર થયો. 'ઓ માનવશત્રુ! જે મેં શોધ્યું છે તે સાંભળતાં તું પોતાની જાતને ક્ષુદ્ર સમજતો થઈ જઈશ. ઓ વિદ્યાના બળે ભ્રમિત થએલા માનવ! તારો ભેદ તને જણાતાં તારા પર વિજળી પડી હોય. અને જે સ્થિતિ થાય તે થશે. અહીંઆથી પલાયન કરવા વિચારશો. કહું, તારી કુતૂહલેચ્છા પૂર્ણ કરું?' વિજયે પૂછ્યું.

'શબ્દોના શસ્ત્રોથી ડરનાર હું નહિ–વિજય! કહે તું શું જાણે છે?'

'સાંભળ, ઓ અંધ! તું માનવ છે; હાડપિંજર નહિ. તું ભોંયરામાં વસતો ભેદી, વસતીમાં રહેતો ડોક્ટર દિનેશ તેમજ સમાજનો શત્રુ બિપિન છે.'

વિજયના આ શબ્દે હાડપિંજર કંપ્યું.

'મહાશય! હવે અદૃશ્ય થવા વિચારો છો?' બોલતો વિજય હસ્યો. હાડપિંજર તરફ આગળ વધ્યો. 'હું રાધાને એ જ પૂછવા ચાલતો હતો કે બિપિન–દિનેશ એક છે તે તું માને છે કે કેમ? પણ આપ મહાનુભાવે દયા કરી શોધમાં સમય ન જાય તેવી તક આપી.' બોલતો તે હાડપિંજર પાસે પહોંચી ગયો. તેનો ખંજરવાળો હાથ પકડી ખંજર પડાવી લીધું, અને રાધા તરફ ફર્યો. 'રાધા! બહાર પહેરો ભરતા પોલીસને મારા નામથી બોલાવ.' રાધા પોલીસને બોલાવવા ગઈ. હાડપિંજર વિજયના હાથમાંથી છૂટવા પ્રયત્ન કરી

રહ્યું. 'મહાશય! આપે ઘણી વખત હાથતાલી આપી છે. આજ તે ઈરાદો પૂર્ણ થવાનો નથી વૃથા યત્ન ન કરો.' તેવામાં રાધા પોલીસ સાથે ત્યાં આવી. જે પોલીસ રાધાના શબ્દો માનવા તૈયાર ન હતો. તે પોલીસ વિજયને જોતાં વિચારમાં પડયો. પાગલને બદલે વિજય!

'આ બદમાશને હાથકડી પહેરાવ.' વિજયે પોલીસને જોતાં કહ્યું. પોલીસ હાથકડી લેવા ગયો. બદમાશ છટકવા વધુ ને વધુ યત્ન કરવા લાગ્યો. પોતાનો હાથ છોડાવવા ભયંકર રમત રમી રહ્યો.

'રાધા! તું પેલો હાથ પકડ, જેથી મારી સાથે બળ અજમાવવા તક જ ન રહે.'

રાધા વિજયના કહ્યા પ્રમાણે કરવા આગળ વધી. બદમાશ રાધાના હાથમાં પોતાનો હાથ ન આવે તે માટે યત્ન કરવા લાગ્યો, પણ નિષ્ફળ નીવડયો. રાધાએ તેના હાથ પકડી લીધો. પોલીસ હાથકડી લઈ આવી પહોંચ્યો.

'મહાશય! આપના મહાન કાર્યના પરસ્કારરૂપે આ દાસની અલ્પ ભેટ સ્વીકારો.' અને પોલીસે હાથકડી પહેરાવી દીધી. 'હવે મને રજા આપો તો આપનો ભેદી બુરખો જે આપને હાડપિંજર બનાવી શકે છે તે ઉતારી લઉં. જો કદાચ સાથે અદશ્ય થવા માટેનું પીણું લાવ્યા હો તો મને આપો તેને હું મારી તિજોરીમાં મૂકી દઉં કે જેથી આપને અદશ્ય થવાની તકલીફ ન પડે.' બોલતો પોલીસ તરફ ફર્યો. 'જાવ, અને રજનીકાન્ત સાહેબને ખબર આપો કે ભેદી માનવ પકડાયો છે. વિજયકુમાર તમારી રાહ જોઈ રહેલ છે.'

પોલીસ સલામ કરી ચાલ્યો ગયો. વિજયકુમારે ભેદી માનવે પહેરેલો બુરખો કાઢવા હાથ લંબાવ્યો. બદમાશ પકડાયો હોવા છતાં બુરખો વિજયના હાથમાં ન આવે તે માટે યત્ન કરવા લાગ્યો, ખેંચતાણમાં બુરખો ફાટયો. તે બુરખાને વિજયે સંભાળી કાઢી લીધો. તેના હાથમાં બેટરી, બલ્બો તેમ જ નાનું સરખું યંત્ર આવ્યું.

બુરખો દૂર થતાં બદમાશ તેના મૂળ સ્વરૂપમાં આવી ગયો. વિજય તેને કેટલીક વાર સુધી જોઈ રહ્યો. તે ચમક્યો. બોલ્યો. 'કોણ હરીશ!'

બેદી માનવી વિજયને ધારી ધારી જોવા લાગ્યો, 'તું–તું.....'

'મને ન ઓળખ્યો હરીશ! કોલેજના દિવસો યાદ કર. કોઈ એક ગરીબ છોકરો યાદ આવે છે, જેની ઈર્ષ્યા હમેશાં કરવામાં આવતી હતી. અને તે છોકરાએ કંટાળી આખી કોલેજનો આશ્રય લીધો હતો તારા સ્મૃતિપટ પરથી તે ચહેરો અદૃશ્ય થઈ ગયો હશે પણ એ ગરીબ છોકરો તને ભૂલી શક્યો નથી.'

'અને તે તું?' બેદી માનવે કહ્યું.

'હા. હા. તે જ હું વિજય. કેમ તને યાદ આવું છું, હરીશ?' વિજયે કહ્યું.

'યાદ આવે છે. વિજય; આજ તેં વિદ્યાર્થી જીવનમાં તને કરેલા અન્યાયનો બદલો લીધો. તેં જ મારી બિછાવેલી જાળને તોડી ફાડી નાંખી.' હરીશે કહ્યું. 'પણ પરવા નહિ. જ્યાં સુધી માનવી શ્વાસ લઈ શકે છે ત્યાં સુધી તેને માટે બધી જ આશાઓ છે.'

આ શબ્દોએ વિજયને ચમકાવ્યો. 'શું અહીંઆંથી તે પલાયન થઈ જવાની આશા સેવતો હશે?' અને તે જો એમ જ હોય તો મારે પોતે જ તેની કાળજી રાખવી જ જોઈએ.' વિજય જ્યારે આ વિચાર કરી રહ્યો હતો ત્યારે રજની ત્યાં આવ્યો. તેને, કોણ પકડાયું છે તે જાણવા-જોવા કરતાં વિજયને જોવાની વધુ આતુરતા હતી. ફાટકના દરવાજા પાસે આવતાં જ તેની દૃષ્ટિ વિજય પર પડી. 'મારા ભાઈ.' બોલતાં પોતાના ઓઢાને ભૂલી દોડ્યો. વિજયને બાથમાં લીધો. ઇન્સ્પેક્ટરની સાથે આવેલા પોલીસો આ મિલનને ભીનાં નયને જોઈ રહ્યા. આ મિલનમાં કૃત્રિમતા ન હતી, દેખાવ

ન હતો; હૃદયનો સાચો પ્રેમ હતો.

'ભાઈ રજની !' વિજયે રજનીને છૂટો પાડતાં કહ્યું. મને ભૂલી તારા કર્તવ્યને યાદ કર. આ ગુનેગારને સંભાળ.' વિજયે કર્તવ્યનું ભાન કરાવતાં કહ્યું. રજનીકાન્તે બદમાશને જોયો. જ્યારે તે બદમાશને જોઈ રહ્યો હતો ત્યારે તેની દૃષ્ટિ હિંસક પશુની હતી. શિકારને ફાડી ખાવાની જ વૃત્તિ દેખાતી આ દૃષ્ટિથી બદમાશ કંપ્યો.

'હું માનું છું કે આ બદી શયતાન માટે સંપૂર્ણ સાવચેતી રાખવી પડશે. બંધાએલો છે, છતાં પલાયન થઈ જવા યુક્તિ રચી હાથતાળી આપી જશે.' વિજયે કહ્યું.

પોલીસો–તેમના ઓફીસરોને આ શબ્દોએ સમકાવ્યા. 'તો તેને માટે શું કરવું ?' રજનીએ વિજયને પૂછ્યું.'

'તેને મકાન પર લઈ જાવ. તારી દૃષ્ટિ સમક્ષ રાખ.'

'અને તું ?' રજનીએ વિજયનો જવાબ સાંભળી પૂછ્યું.

'હું ?' રજની પ્રતિ પ્રેમમય દૃષ્ટિ નાંખતાં વિજયે કહ્યું. 'વીણાને છોડાવવા જાઉં છું. ચાલો ત્યારે રજા લઈશ. વિજય જવા ડગલું ભર્યું. રજનીએ તેનો હાથ પકડી બોલ્યો: 'વિજય.........'

'રજની ! તું તારું કાર્ય સંભાળ–મારે વીણાની સંભાળ લેવી જ રહી '

'એક મિનિટ. વિજય ! એક મિનિટ.' રજનીના શબ્દે વિજય થોભ્યો. 'તું પહેલાં ઘેર ચાલ. તારી ભાભી તને જોવા તલસી છે. તેના દુઃખી હૃદયને શાંતિ આપી જજે. મારો ભાઈ......' બોલતો રજની ગળગળો થઈ ગયો

'ના. રજનીભાઈ ! તે ન બને. જે શયતાનને પકડવા નિશ્ચય કર્યો હતો. તેને પકડ્યો–તેની બેદી જાળ ભેદી. હવે મારી ફરજ વીણા માટેની રહી. મારે ત્યાં પહોંચી જવું જોઈએ. અવિનય

માટે ક્ષમા કરજે. સરલાભાભીને મારા પ્રણામ કહેજે.' કહી ચાલ્યો ગયો. રજનીએ નિઃશ્વાસ નાંખ્યો. રાધા વિજયને જોઈ જ રહી. જ્યારે વિજય તેઓની દૃષ્ટિ મર્યાદા બહાર થયો. ત્યારે રજનીકાન્ત ગુનેગાર બેદી માનવને લઈ પોતાના મકાને આવ્યો. સરલા વિજયની રાહ જોઈ બેઠી હતી. પણ રજની સાથે વિજયને ન જોવાથી પૂછ્યું.

'વિજયભાઈ ક્યાં? ઘેર ન આવ્યા? આપણને ભૂલી ગયા?'

રજની પોતાની પત્નીને કેવી રીતે સમજાવે કે વિજયને તેનું કર્તવ્ય બોલાવી રહ્યું હતું. અને, તે પૂર્ણ કરવા ગયો છે પણ અત્યારે કાંઈક જવાબ આપ્યા વિના છૂટકો ન હતો તેથી કહ્યું.

'રાધાને છોડાવવા ગયો છે—હમણાં આવશે.' સરલાને આ પ્રત્યુત્તર શાંતિ આપી શક્યો નહિ. તે મૌન રહી.

બેદી માનવ પર દૃષ્ટિ રાખતો રજની તેની સામે બેઠો. સરલા પણ વિજયની રાહ જોતી પોતાના પતિ પાસે બેઠી. ત્યારે વિજય રાધાના મકાને જઈ પહોંચ્યો. બતાવેલે સ્થળે પહોંચ્યો. તે સમયે વીણા નિદ્રસ્થ હતી. તેને જાગ્રત કરવી કે કેમ તેનો વિચાર કરવા લાગ્યો. તેવામાં તેના કર્ણે વીણાના શબ્દો અથડાયા:

'કુમાર! આપની આજ્ઞાનું પાલન પૂર્ણ નથી થયું? બીજી આજ્ઞા ક્યારે સાંભળવા મળશે? આપના મુખચંદ્રનાં દર્શન ક્યારે થશે? આપ ક્યાં છો? મારા જીવન! મારી સંસારનૈયાના ખેવૈયા! આપના વિના મારી નૈયા ખડક સાથે અથડાઈ રહી છે. ઓહ!' વીણાનો આવતો અવાજ શાંત થયો.

વિજય વીણાની હૃદયભાવના સાંભળી રહ્યો—તેને રાધા યાદ આવી. તે મનમાં બોલ્યો. 'બંને એક જ માર્ગનાં પથિક છે. બંનેનું લક્ષ્ય-બિંદુ હું છું. નસીબ! તું પણ ભયંકર દાવ ખેલી રહ્યું છે. કયો

માર્ગ મારે લેવો પડશે, તે હું સમજી શકતો નથી. શું કરું ?......' વિજય આગળ બોલે તે પહેલાં વીણા નિદ્રામાં બબડવા લાગી: 'જુઓ ! જુઓ ! પેલું હાડપિંજર ! ઓહ, પેલું હાડપિંજર. કુમાર ! કુમાર ! દોડો બચાવો.' બોલતી પથારીમાંથી ઊઠી—ગભરાએલી દોડવા લાગી. વિજય સાથે અથડાઈ. 'કોણ ?' વીણાએ પૂછ્યું.

'હું વિજય, વીણા ! ' વિજયે કહ્યું.

તે ન માનતી હોય તેમ વિજયને જોઈ રહી. ' વીણા ! હું તમને છોડાવવા આવ્યો છું, ચાલો.'

વીણા સ્વસ્થ થઈ હસી. ' આખરે આવ્યા ખરા. હું યાદ આવી !'

'વીણા ! હું તમને ભુલ્યો નથી. પણ રમત જ એવી રીતે શરૂ થઈ કે તમને મળવા ઇચ્છા હોવા છતાં મળી શકાય નહિ, છતાં એટલું તો નક્કી જ, કે મારી દૃષ્ટિથી તમે દૂર ન હતા, ચાલો.' બોલી તેને વીણાનો હાથ પકડવા, હાથ લંબાવ્યો. પણ બીજી જ ક્ષણે, તે હાથ પાછો ખેંચી લીધો. વીણાના હૃદયે વિજયના આ વર્તન માટે ખાવો ઉઠાવવા વિચાર્યું. તે બોલી.

' કુમાર ! હું કાંઈ પૂછું ? '

'હું માનતો નથી કે તે માટે રજાની આવશ્યકતા હોઈ શકે.' વિજયે કહ્યું.

'ઉચિત, આવશ્યકતા રહે છે જ. આપને યાદ હશે કે જ્યારે આપ પેલી સ્ત્રીને મળવા ગયા ત્યારે મેં સાથે આવવા જણાવ્યું હતું. અને આપની ઇચ્છા ન હોવાથી, હું આવી શકી નહિ.'

'વીણા ' તે સમય યાદ કરો. એક બદમાશ સ્ત્રીની સામે તમને ઊભા રાખવા તે શું મારા માટે ઇચ્છનીય હતું ?'

'જો બદમાશ સ્ત્રી સામે એક સ્ત્રીને ઊભી ન રાખી શકાય તો બદમાશ પુરૂષની હીલચાલ પર નજર રાખવા એક સ્ત્રીને મોકલી

કેમ શકાય? કુમાર! મને કહેશો કે યોગ્યાયોગ્યનો નિર્ણય કરવાનો અધિકાર આપને એકલાને જ છે?'

'વીણા! યોગ્યાયોગ્યની વાત બાજુએ રાખો. પણ એટલું તો માનવું રહ્યું કે સમયની ગતિ સાથે માનવ ઘડાતો જાય છે. જ્યારે પહેલાં આપણે મળ્યા ત્યારે તમે આ શયતાનના નામથી ધ્રુજતા હતા. પણ શયતાનના સપાટે ચઢ્યા. તેની ભયંકર લીલાઓ જોઈ. અને તેનો સામનો કરવા જેટલી શક્તિ તમારામાં આવી. ત્યારે જ હું તમને બદમાશો વચ્ચે મોકલવાની હિંમત કરી શક્યો.'

'એમ જ કહો કે ઉંદરડીને બીલાડીની કોટે ઘંટડી બાંધવા મોકલી અને મોતની કેવી રમત રમાય છે તે જોવા......'

'વીણા! હું તમને કેટલુંક કહી શકતો નથી, તેથી લાચાર છું. પરંતુ વિજય કોઈને ફાંસીએ ચઢાવી આનંદ મેળવતો નથી કહો. તમારે મને શું પૂછવું છે?'

'ખોટું લાગ્યું. માફ કરશો. હવે હું કાંઈ જ નહિ કહું. ચાલો.' વીણાએ કહ્યું.

'વીણા! એક કહેવત યાદ કરાવું?' વિજયે ઊભા રહી કહ્યું: 'કરવત જતાં ય વહેરે અને આવતાં ય વહેરે.'

'એટલે હું આપને વહેરી રહી છું એમ જ ને?' બોલતાં તે ઉદાસ થઈ ગઈ.

'ગજબ છો તમે તો........'

'અને આપ સાવ ભોળા છો, નહિ?' વિજયને બોલતાં અટકાવી કહ્યું. 'એક માણસ પાસે ઉપડાવી મંગાવી પોતાનું મોઢું પણ નહિ બતાવતાં. આજ્ઞા આપી. જાવ ભિખારણ થઈ મિશન પર

ખરેખર રાખો.' આપની આજ્ઞા સ્વીકારતાં જ્યારે મોઢું જોવા માંગણી કરી ત્યારે શું કહ્યું હતું યાદ આવે છે?'

વિજય હસ્યો. 'આવું બધું યાદ રાખો છો તેની ખબર ન હતી હવે ચાલશો.'

'સાથે ચાલવાનું છે કે આગળ પાછળ. તે કહેશો?' રાધાએ પૂછ્યું.

'તમારી ઇચ્છામાં આવે તેમ.' વિજયે કહ્યું. અને ઉભય મકાનમાંથી બહાર આવ્યાં.

'આપની રમત પૂરી થઈ ગઈ? શયતાન પકડાયો?' વીણાએ પૂછ્યું.

'દૃષ્ટિએ જોશો એટલે જવાબ મળી જશે.'

આ સમયે નભો મંડળમાં નક્ષત્રનાથ તારકગણ સહ પૃથ્વી પર સુધા વર્ષાવી રહ્યા હતા. અને તે સુધામાં ઉભય નાહતા મંદ મંદ ગતિએ માર્ગ કાપી રહ્યા હતા.

'આતો તમે ચાલો છો કે, કેટલા પગલાં એક મિનિટમાં ભરી શકાય તેનો હિસાબ કાઢી રહ્યા છો?'

વિજયના પ્રશ્નનો જવાબ આપતા વીણા બોલી:

'મારા શરીરના અવયવોને ડિટેક્ટીવના ઝડપી ગતિ પકડતા અવયવો સાથે હરિફાઈમાં મૂકી શકાય નહિ. આપનું મગજ ઝડપી વિચારો કરે. આપના પગો મોટરની ગતિએ દોડવા વિચાર કરે ત્યારે હું 'ક્યાં કીડી ને ક્યાં કુંજર?'

'ખરેખર, સ્ત્રીના હૃદયનું ઊંડાણ સમુદ્ર કરતાં પણ વધારે ઊંડું છે. જેનું માપ માનવ કાઢી શકતો નથી. અને તે ઊંડાણમાં બધું સમાવી સ્ત્રી પુરુષોને હરાવે છે.'

'અને પુરુષને આપેલી હારમાં પોતાની જ હાર થઈ છે, તેમ તે જાણે છે.'

ચાલતાં વાતો કરતાં રજનીને ત્યાં આવી પહોંચ્યાં. રજની—સરલાએ ઉભયને જોયાં. જોતાં જ સરલા બોલી. 'વિજયભાઈ.' બોલતાં તેના મુખ પર હાસ્ય ફરકયું.

વીણા વિજયને સાથે જોતાં, જેમ પક્ષી ભિખારીના હાથમાંથી રોટલાનો ટુકડો પડાવી ઊડી જાય અને જે દૃષ્ટિએ ભિખારી પક્ષીને જોઈ રહે, તેમ બહમાદર તેમને જોઈ રહ્યો.

## પ્રકરણ છઠ્ઠું

## વીંટી કોની ?

'ભાભી !' બોલતો વિજય આગળ આવ્યો. 'તમે ગુમાવેલી અનામત પાછી લાવ્યો છું. હવે સંભાળીને રાખજો.' વીણા સરલા પાસે આવી.

'ના રે ભાઈ ! આવી અનામત અમારાથી સંભાળી શકાશે નહિ. હવે તો તમે જ તેને સંભાળજો. અમારા હાથમાંથી કોઈ ઝૂંપાડી ગયું, ત્યારથી અવનવી ચિંતાઓ થયા જ કરતી હતી. તમે

લઈને આવ્યા તે સારું થયું. પણ એ તો કહો આટલા દિવસથી ક્યાં હતા ?'

'ક્યાં હતાં ? ભાભી, આ પ્રશ્ન તો નવાઈજ જેવો. હું તો તમારી પાસે જ હતો ને ?'

'જુઠું. કેટલાએ વખત પછી આજે તમે તો દેખાયા. તમારી ગેરહાજરીમાં અમને ઘણું વેઠવું પડેલું'

'તે હું જાણું છું. આ શયતાનના મિત્રો તમને ફસાવી લઈ ગયા. આ બદમાશે તમારો નાશ કરવા વિચાર કર્યો ભાઈ રજનીને આગમાં હોમ્યો. વળી પાછા બદમાશના સપાટે ચઢ્યા. ત્યાંથી આ વીણા ગૂમ થયાં. કેમ બરાબરને ?'

'બધું જ બરાબર. પણ આ તમે ક્યાંથી જાણો ?'

'હું ક્યાંથી જાણું ? ભાભી ! તમને નવાઈ લાગશે. પણ એમાં નવાઈ પામવા જેવું કશું છે જ નહિ. હું તમારી સાથે જ હતો.'

'વિજય ! મને તો તારી વાતમાં કાંઈ જ સમજણ પડતી નથી.' રજનીએ કહ્યું.

'તો હું સમજણ પાડું.' બોલતાં વિજયે પોતાના ખિસ્સામાંથી વેશપરિવર્તનનો સામાન કાઢી મોંઢે લગાવ્યો. ક્ષણમાં જ તે વિજય મટી ગયો. સરલા ને રજની બોલી ઊઠયાં. 'રમેશચંદ્ર !'

'હા. હું જ રમેશચંદ્ર રહસ્યભેદક, હવે કહો ભાભી ! હું તમારી સાથે હતો કે નહિ ? વીણા ! તમે કહો. તમારી સંભાળ લેતો હતો કે નહિ ?' કહી પરિવર્તન કરેલા વેશમાં પુનરપિ પરિવર્તન કર્યું. એ જ ઘૃણા ઉત્પન્ન કરે તેવુ મુખ. 'પાગલ.' સરલા-વીણા બોલ્યાં.

'હા હું, પાગલ. પણ, તમારો સંબંધી.'

હરીશ તો વિજયને જોઈજ રહ્યો. વિજયે આ જાળ ભેદવા

કેવા વેશ પરિવર્તન કર્યાં તે જાણતાં તેના મુખમાંથી શબ્દો નીકળ્યા.' ' બહાદુર. '

' હરીશ ! તું ઓછો સાહસિક–બહાદુર નથી. પરંતુ તેં તારી શક્તિ જે પ્રત્યેકને ગૌરવ લેવા જેવી છે. તેને વેડફી દીધી. જેથી તારી કદર થવાને બદલે તિરસ્કાર ઉત્પન્ન થયા વિના ન રહે.'

' આ ક્ષણે માની લઉં છું, વિજય, કે મેં ભયંકર ભૂલ કરી છે અને તે ભૂલ તેં મને બતાવી છે.'

' પણ બહુ જ મોડી.' વિજયે કહ્યું. ' તારાં કૃત્યો એવાં છે કે જે માટે ન્યાય તને દેહાંતદંડની જ સજા ફરમાવશે.'

' દેહાંતદંડ ? ' વિજય ! મને મોતની પરવા નથી. પણ, તારી પાસેથી જાણવા માગું છું કે હું બિપિન–કિનેશ એક જ હોઈએ તે તેં કેવી રીતે જાણ્યું ? '

' હરીશ ! મારા દોસ્ત ! તે તને સમજાતું નથી, તો સાંભળ. હું બહાર હતો ત્યાં તારા ઉપદ્રવના સમાચારો પેપરમાં વાંચતો. આ શહેરમાં હું લાંબો સમય રહેલો. તે દરમિયાન આવા ઉપદ્રવ થતા નહિ અને તેથી માન્યું. કોઈ નવો માણસ શહેરમાં આવ્યો હોવો જોઈએ. તારા ઉપદ્રવો સાથે બે બીજી વ્યક્તિનાં યશોગાન ગવાતાં. તે બિપિન અને કિનેશ......કિનેશ ડૉક્ટર સેવા માટે કમર કસી બહાર પડયો. બિપિન ગરીબોને સહાય કરવા.

હરીશ ! તેં ભયંકર કાર્યો અચિત કર્યાં છે પણ સાથે સાથે તારી આ સેવાઓ ભૂલાય તેવી નથી. મારું હૃદય કહેવા લાગ્યું. આ ત્રણ વ્યક્તિ ન હોવી જોઈએ. પરંતુ એક જ છે અને તે જાણવા અહીંઆં આવ્યા પછી શોધવા રમત શરૂ કરી.

પાગલ રૂપે હું રાધાને ત્યાં રહ્યો. તે જ દિવસે ટેલીફોન પર

વિજય ગુમના સમાચાર તને મળ્યા હતા. અને તું ત્યાંથી ચાલ્યો ગયો હતો: તે સમાચાર બધાના ચાલ્યા ગયા પછી મેં સાંભળ્યા અને મારી કડીઓ ગોઠવવી શરૂ થઈ. મને સમજાવા લાગ્યું કે આ જુગાર રમવા આવનારા એ જ તારા બુરખાધારી શયતાનો છે. રાધાના મકાન સાથે જ તારૂં ગુપ્ત સ્થાન સંકળાયેલું છે.

તને ઓળખવા વૃદ્ધના રૂપે આવ્યો દવાખાનામાં. વૈજ્ઞાનિક બની આવ્યો તારા મકાને, ત્યાં મને જોઈતો પુરાવો મળી ગયો. તે આ!' કહી ડૉક્ટરના ટેબલ પરથી ઉઠાવેલો કાગળ બતાવ્યો. 'વળી યાદ છે. પેલું કાળું કપડું અને એક્સરેની વાત? વિજ્ઞાન આજ એટલું ઝડપે આગળ વધી રહ્યું છે કે માનવી ઈશ્વરની હરીફાઈ કરવા તૈયાર થાય.

બિપિન-દિનેશ એક જ છે તેની વધુ ખાત્રી કરવા યુક્તિ રચી. આપ નામદાર રૂપના પાગલ છો, તે હું જાણતો હોવાથી વીણાને ભિખારણ બનાવી તમારી પાસે મોકલી, જેથી તમારી હિલચાલ મને જણાવી શકે. હું અને મિ. રજનીકાન્ત તમારે ત્યાં આવ્યા. ત્યારે ભિખારણે તમારા બોલાવેલા શબ્દો સાંભળ્યા હતા: એટલે શંકા જ ન રહી કે મકાન એક જ છે. જવા માટે માર્ગો જુદા છે અને તે મકાનમાં છે. વળી એ પણ મેં બીજારૂપે જાણી લીધું હતું કે આપ ઘરમાં રહેતા જ નથી. અને રહો પણ ક્યાંથી? ડૉક્ટરના રૂપે દવાખાનામાં. બહાદુર રૂપે ભોંયરામાં: અને ઉદાર શેઠ રૂપે શહેરમાં વળી જ્યારે હું પાગલના વેશમાં રાધાને ત્યાં હતો—ત્યારે મને બિપિન રૂપે તું તારા ભોંયરા પાસે લઈ આવ્યો હતો—મને ત્યાં શોધવાનું કહી ગયો, અને આવ્યો ત્યારે બહાદુર રૂપે તું: તે ક્ષણે જ મને શંકા આવી કે અહીંઆ જ બધા ભેદ છે.

બિપિનની અને તારી ચાલ એક જ હતી. મેં નક્કી કર્યું કે બહાદુર અને બિપિન એક છે. તારે વેશપરિવર્તન કરવું હતું માટે જ

અને થોભ્યો હતો.

પાગલ વેશે ત્યાં રહેતા ભોંયરામાંનો બધો ભેદ શોધવા મહેનત કરવા માંડી. તારા ટેલિવીઝન, વાયરલેસ-લાઉડસ્પીકરની વ્યવસ્થા જોઈ -ઈલેક્ટ્રિસિટીની રચનાઓ જોઈ. તેનો નાશ કેમ કરવો તે વિચારવા લાગ્યો. કેટલાક વિચારના અંતે રમેશના વેશે રજનીનો સાથ લઈ ભોંયરાનો નાશ કરવા આવ્યો છતાં શંકા રહી જતી હતી. અને તે હું રાધાને પૂછવા ચાહતો હતો. વળી રાધાએ તેના પૂર્વ-વૃત્તાંતમાં કહ્યું હતું કે બિપિન મને મકાનમાં મૂકી ગયો. અને તે જ મકાનમાં હાડપિંજર દેખાયું. તેણે કહ્યું, 'શેઠ તું સ્વતંત્ર રીતે રહી શકે તેવી વ્યવસ્થા કરી આપશે.' જ્યારે મને ભોંયરામાં લઈ જતો હતો ત્યારે રાધાને કહેવામાં આવ્યું હતું કે મારા મિત્રને જરૂર છે. આ બધી વાતને વ્યવસ્થિત ગોઠવતાં હું છેલ્લા નિર્ણય પર આવી પહોંચ્યો હતો. તેવામાં રાધાના હાથની લખેલી મિ. રજનીકાન્તના હાથમાં આવેલી ચિઠ્ઠી મારી પાસે આવી. તેમાં પોતાને ફસાવનાર એક જ વ્યક્તિ છે કે જે તે સંબંધમાં તે પૂછતી હતી. હું અને તે બંને એક જ વિચાર કરી રહ્યાં હતાં.' બોલતાં તે થોભ્યો.

'પણ વિજય! રાધા મારા મંડળની છે તે તું કેવી રીતે જાણી શક્યો?'

'એ તો સાચું કહેવું હતું. મેં નંબર આઠ તરીકે તેને પહેલવહેલી જોઈ ત્યારે જ વિચાર આવ્યો હતો કે આ અસાધારણ સ્ત્રી છે. તેને પહેલાં જોયેલી હોવા છતાં તેણે તે સમયે કરેલા મુખાકૃતિના પરિવર્તનના કારણે અત્યાર સુધી કોઈ ઓળખી શક્યું નહિ. વળી એ બુદ્ધિમતિ છે. અને તેને જ શોધી કાઢું તો જ આ ભેદ હું જાણી શકું. તે માટે જ ઘરમાંથી બહાર નીકળ્યો. હું થોડુંક ચાલ્યો હઈશ ત્યાં તો રજનીનો ઘોડો રાધા લઈ ગઈ હતી તે પાછો આવતો રહ્યો

હતો. ઘોડાને જોતાં જ વિચાર આવ્યો કે નક્કી આ ઘોડો મારો ભોમિયો થઈ જશે. મેં તેને ત્યાંથી પાછો વાળ્યો. ઘોડો ચાલતાં ચાલતાં રાધાના મકાનથી દૂર આવી ઊભો રહ્યો. ઘોડા પર બેસી ગએલી સ્ત્રી અહીં આ ઊતરી હશે, તેવું મેં અનુમાન કર્યું. ચાલતાં ચાલતાં રાધાનાં કંઠ–રૂપના વખાણ સાંભળી રહ્યો હતો. તેને જોવા રસ્તામાં કોઈ ન દેખે તેમ ઊભો રહ્યો. તેવામાં તે બારી આગળ આવી. મેં જોઈ. નંબર આઠ અને આ એક જ છે તે સમજતાં મને સમય લાગ્યો નહિ. પછી મેં ઘોડાને દોડાવી દીધો. જોઈતો વેશપરિવર્તનનો સામાન લઈ મેં મારામાં પરિવર્તન આણ્યું. એક ભિખારી પાસેથી પૈસા આપી તેના ફાટેલાં–તૂટેલાં કપડાં લીધાં. મારા તરફ લોકોને આકર્ષવા તોફાન કરવા માંડયું. છોકરાઓ મારી પાછળ થયા; કાંકરા નાખવા લાગ્યા. હું દોડતો રાધાના મકાને આવ્યો. મારી સ્થિતિ જોતાં તેને દયા આવી. મને ઘરના ઓરડામાં બેસાડયો. મારી આંખમાં આંસુ હતા. હું મૂંગો છું તેમ તેને જણાતાં–હું દયાને પાત્ર જ છું–તેમ લાગવાથી મને તેને ત્યાં રાખવા નિશ્ચય કર્યો.'

'દયાને પાત્ર હતો માટે કે તારાથી આકર્ષાઈ હતી માટે રાખવા નિશ્ચય કર્યો?'

'તેનો નિર્ણય તે કરે, હું નહિ; હું ત્યાં રહ્યા પછી તેના પર કાળજીભરી દેખરેખ રાખતો ચોતરફ તપાસ કરતો. તપાસ કરતાં મને કાળો બુરખો વગેરે મળી આવ્યું. રાધાને વિજયનું આકર્ષણ હતું. અને તે નામથી નિર્દોષાને બચાવવા હું ચિઠ્ઠીઓ લખતો. તેની દૃષ્ટિએ પડે તેમ મૂકતો અને તે એ શબ્દોનો અમલ કરતી. વળી હું મૂંગો હોવાથી કોઈ ને કાંઈ પણ કહેવાનો નથી તેવું માની તારા મંડળની વાતો મારી પાસે કરતી, અને તેથી મને આગળ વધવાનો માર્ગ મળી રહેતો.' વિજય બોલતો થાક્યો.

'રમેશ રજનીને છોડાવનાર તે જ હોવી જોઈએ. તેમ તારા

આ શબ્દોથી સમજાય છે.'

'અલબત્ત તે જ હતી. તે તારાથી કંટાળેલી હતી. તારું જુગારખાનું ચલાવવું તેને પસંદ ન હતું, પરંતુ તેં લેવડાવેલા શપથ તેને રોકતા હતા. તને તારા કાર્યમાં સહાય કરવા માટે તે પોતાની જાતને તિરસ્કારતી હતી.'

'પણ તે બધું તને જોયા પછી. વીણાને ઉઠાવી લાવવા તેને મોકલવામાં હું ભીંત જ ભૂલ્યો હતો. અને તેથી જ આ સમય આવ્યો.'

'હરીશ! માનવને ઈશ્વર જ ભુલાવે છે. જો ગધા આવી ન હોત, તેને હું મળ્યો ન હોત તો આ ભેદ શોધવાનો માર્ગ ક્યારે મળતો તે હું કહી શકતો નથી. પરંતુ, તારા પાપોથી ઈશ્વર કોપ્યો હતો. તને શિક્ષા કરાવવા તને ભુલાવ્યો અને તેં જેમને અભિનંદન આપવા કહ્યું હતું તે પ્રાપ્ત કરવાનો સમય મને મળી આવ્યો.'

વાતોમાં રાત જવા લાગી. વર્તમાનપત્રોના પ્રતિનિધિઓ નવું જાણવા આવી પહોંચ્યા. તેઓએ આ સમાચાર જાણ્યા. દોડતા જ પોતાનો અહેવાલ તૈયાર કરી પ્રકાશન માટે મોકલી આપ્યો.

વર્તમાનપત્રોને સનસનાટીભર્યો રિપોર્ટ મળ્યો. પોલીશ કરેલી ભાષામાં રિપોર્ટ જનતા સમક્ષ મૂકવામાં આવ્યો. ફેરીઆઓ બૂમ પાડવા લાગ્યાઃ

.........“ 'જીવતું ભૂત ' પકડાયું.........

ડિટેકટીવ રમેશચંદ્ર! ગૂમ થએલા, મનાતા વિજયકુમારની બહાદુરી.”

વર્તમાનપત્રે આ મથાળા હેઠળ ટીકા કરતાં લખ્યું હતુંઃ

“......અમને જણાવતાં આનંદ થાય છે કે આપણા જાણીતા ડિટેકટીવ શ્રી. વિજયકુમારે જીવ સટોસટની રમત રમીને શહેરને

રંજાડનાર બદમાશને પકડ્યો છે. બદમાશનું નામ હરીશ છે. તેણે ડોક્ટર દિનેશના નામે બિપિનના નામે–શહેરીઓને ઠગ્યા છે. આ બદમાશને પકડવા આપણી વચ્ચે તેઓ રહસ્યભેદક રમેશચંદ્રના નામથી રહ્યા હતા. તેમણે એક વખત બિપિનચંદ્ર શેઠ બદમાશ છે તેવું જણાવ્યું હતું. આજ બધો ઘટસ્ફોટ થાય છે. આપણી દૃષ્ટિ સમક્ષ હરીશ અને વિજયકુમાર આવીને ઊભા રહે છે.

આ બદમાશને પકડવાં સ્થાનિક પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી. રજનીકાન્તે ઘણી જ જહેમત ઉઠાવી છે. વળી મિસ વીણા કે જેઓ જાણીતા શેઠ ચંદ્રકાન્તનાં પુત્રી છે તેમણે પણ આ શખ્સને પકડવાના કાર્યમાં સારા જેવી મહેનત ઉઠાવી છે અને તેથી અમે શ્રી. વિજયકુમાર, શ્રી. રજનીકાન્ત અને મિસ વીણાને અભિનંદન આપીએ છીએ.

અમને ભરોસાપાત્ર ખબર મળી છે કે આજ એ બદમાશને કોર્ટ સમક્ષ ઊભો કરવામાં આવનાર છે."

શહેરની જનતા તો વર્તમાનપત્ર ખરીદવા પડાપડી કરી રહી જાણે કે અનાજના ખેતર પર તીડા પડાપડી કરી રહ્યા હોય. વર્તમાનપત્રદ્વારા આખાએ શહેરમાં આ સમાચાર ફેલાઈ ગયા.

પોલીસો, રજનીકાન્ત હરીશ માટે જોઈતા કાગળો તૈયાર કરવા લાગ્યા ત્યારે વીણા, સરલા ઘરકામમાં ગુંથાયાં અને વિજય મેજીસ્ટ્રેટને ત્યાં ગયો. મેજીસ્ટ્રેટ સાહેબ વર્તમાનપત્ર વાંચી રહ્યા હતા ત્યાં પટાવાળાએ વિજયના મળવા આવ્યાના સમાચાર આપ્યા.

'લઈ આવ. હું તેમની રાહ જોઉં છું.' મેજિસ્ટ્રેટે કહ્યું. પટાવાળો ગયો. વિજયકુમાર જ્યાં મેજિસ્ટ્રેટ સાહેબ બેઠા હતા ત્યાં આવ્યો સલામ કરી.

સલામનો જવાબ વાળતાં મેજિસ્ટ્રેટે કહ્યું: 'મિ. વિજયકુમાર!

તમે તો અમારી આંખમાં ધૂળ નાંખી' રમેશચંદ્ર અતી અમને બનાવ્યા.'

'માફ કરશો ' બોલતાં વિજય હસ્યો.

'બેસો, મારી પાસે બેસો.' વિજય બેઠો. 'કહો અત્યારમાં કેમ આવવું થયું ?'

'સાહેબ !' ઘણી જ નમ્રતાપૂર્વક વિજય બોલ્યો: 'આપની મુલાકાત લેવાનું કારણ એક જ છે અને જો આપ મને સહાય આપો તો ......'

'તમારા માટે હું બધું જ કરવા તૈયાર છું. કહો શું સહાય જોઈએ છે ?' મેજિસ્ટ્રેટે પૂછ્યું.

'આપ જ્યાંના વતની છો તે જ ગામમાં કોઈ વિનયચંદ્ર નામનો ગૃહસ્થ રહેતો હતો એમ મને જાણવા મળ્યું છે કદાચ આપ ઓળખતા પણ હશો. અગર જો તેના સંબંધમાં આપ કાંઈ જણાવો તો મારું કાર્ય સરળ થાય.' વિજયે કહ્યું.

'વિનયચંદ્ર !' મેજિસ્ટ્રેટે પૂછ્યું.

'જી. હા. વિનયચંદ્ર! આપનું નામ પણ તે જ છે પણ આપ નહિ. બીજા કોઈ.'

'તેના સંબંધમાં તમારે શું જાણવું છે ?'

'શું મારે તે આપને કહેવું પડશે ?'

'જો જણાવો તો તે અમુક જ વ્યક્તિ છે તેમ કહી શકું.'

'તો કહું.' કહી રાધાએ આપેલી વીંટી વિજયે કહાડી, 'જુઓ, આ વીંટી કોઈને ભેટ આપનાર ગરીબ તો નથી જ. આ વીંટી જ તે વ્યક્તિ શ્રીમંત છે તેનું પુરવાર કરે છે આપ જોશો એટલે આપ પણ મારા મતને મળતા થશો.' કહી વિજયે વીંટી આપી.

વિનયચંદ્રે તે વીંટી લીધી, તેને જોતાં જ તે ચમકયા. તેમનો ચહેરો સફેદ થઈ ગયો મુખ પરનું લોહી, તેજ અદશ્ય થઈ ગયું. કુમળો છોડ પવનના સપાટાથી કંપે તેમ તે કંપવા લાગ્યા.

'સાહેબ, આપને શું થાય છે?' વિજય વિનયની આ સ્થિતિ જોતાં ગભરાયો.

'વિજયકુમાર! આ વીંટી......'

'હાજી. આ વીંટીના પહેરનારને હું શોધું છું. એ વીંટી પાછળ ભયંકર ઇતિહાસ છે. આપ તે વ્યક્તિ કયાં છે તે જણાવશો.'

'વિજયકુમાર! તમારી પાસે આ વીંટી કયાંથી આવી? જેની પાસેથી તમે વીંટી મેળવી છે તે અત્યારે કયાં છે તે મને કહેશો?' સ્વસ્થ થતાં વિનયે પૂછ્યું.

'સાહેબ! આપ આ વીંટીના માલિકને ઓળખી ગયા હો તેમ જણાય છે. વળી જેને વીંટી આપવામાં આવી હોય તે આપનું સંબંધી થતું હોવું જોઈએ તે આપની સ્થિતિ, આતુરતા બતાવી રહેલ છે.'

'વિજયકુમાર! એ વીંટીનો ઇતિહાસ હું જાણું છું. વીંટી કોની છે તે પણ હું જાણું છું. મારા દોસ્ત! આ વીંટી એક પાપ માટેની સાક્ષી છે.'

'બરાબર છે. એ વીંટી પાપની કહો કે પ્રેમની કહો–નિશાની રૂપ છે અને મને પણ આ વીંટી મળ્યા પછી તેના માલિકને શોધવા ઇચ્છા જાગી છે. તેને પૂછવું છે કે માનવ–માનવને મારવા જ સરજાય છે. શું પરમાત્માએ સ્વાર્થ સિદ્ધ કરવાની બુદ્ધિ વિના અન્ય કાંઈ આપ્યું છે કે નહિ? શું ભોળા–નિરાધારોને કચડી નાંખવાથી જ શ્રીમંતાઈની પ્રતીતિ થાય છે? ગરીબોનું સર્વસ્વ લૂંટવાથી શ્રીમંતોનું હૃદય શાંત થાય છે?' બોલતાં તે ઉશ્કેરાએલો જણાતો.

વિજયને જોનાર એમ જ માને કે જેની તે શોધ કરી રહ્યો છે. તે તેને જો અત્યારે મળે તો તેનું જ ગળું જ દબાવી દે.

'મારા ન્યાયપ્રિય દોસ્ત! જેને તું શોધે છે, તે જ હું.' વિનયચંદ્રે કહ્યું.

'શું આપ!' પૃથ્વી પર શયતાન ઊતરી આવી માનવની દૃષ્ટિએ પડે અને માનવ ચમકે તેમ વિજય ચમકયો.

'હા, મારા દોસ્ત, હા. આ વીંટીનો માલીક હું, હું.'

## પ્રકરણ સાતમું

## પિતા-પુત્રી

'આપ.' વિજય તેના સામું જોઈ રહ્યો. 'એક નિર્દોષ અબળાને પાયમાલ કરનાર આપ? નૈતિક જવાબદારી ફગાવી દેનાર, કસાઈ પણ જે કરતાં ડરે તે કરનાર આપ? મૂગી બાળાને ફસાવી જગતના ચોટામાં લટકતી કરનાર આપ? પવિત્ર ન્યાયની તુલાને હાથમાં ધારી અનેકને શિક્ષા કરનાર ઈશ્વરની દૃષ્ટિએ થએલ ગુનેગાર તે જ આપ?'

'વિજયકુમાર! હું કબૂલ કરું છું, હું પાપી છું, હત્યારો છું, તમે મારા માટે જેટલા શબ્દો વાપરો તેટલા ઓછા છે. પરંતુ, એટલું તો હું ખચિત કહીશ કે પાપની જ્વાળામાં સદૈવ સળગ્યા કરું છું.

આજ વર્ષોથી એ પાપનું પ્રાયશ્ચિત કરી રહ્યો છું. તમે કહો, મારી પાસે શું નથી–નહોતું? છતાં મેં મારું જીવન સંન્યાસી જેવું તેની યાદમાં ગુજાર્યું છે. મને આશા છે, તે અને પરમાત્મા મને ક્ષમા કરશે. દુનિયામાં કોણ ભૂલ નથી કરતું? મારી પણ ભૂલ હતી. અને તે ભૂલ......' બોલતા શાંત થયા. આગળ બોલાયું નહિ. વિજયકુમાર વિનયચંદ સામે જોઈ રહ્યો

'દોસ્ત! આ વીંટી કોની પાસેથી આવી છે તે જો જણાવવા કૃપા કરશો તો આભાર માનીશ. શું મેં જેને વીંટી આપી હતી તે હયાત છે?'

'જી, ના. તે તો આપની દયાથી રીબાઈ રીબાઈ મરણ પામી. પરંતુ, તમારી કૃપાના ફળરૂપે જે બાળક પૃથ્વી પર આવ્યું છે, તેની પાસેથી આ વીંટી મળી છે.'

વિનય તો વિજયના શબ્દો સાંભળતો નીચું જોઈ રહ્યો હતો. જેને બધા કડક ન્યાયાધીશ કહેતા હતા તે આંખમાંથી આંસુ સારી રહ્યો હતો.

'સાહેબ! હવે આંસુ પાડવાં નિરર્થક છે. થઈ ગએલી ભૂલ હવે સુધરી શકે તેમ નથી. તમારી ભૂલથી, બિચારી–જે તમારા પ્રેમમાં પાગલ બની હતી તે તમને સમાજમાં દૂષિત ઠરાવ્યા સિવાય ચાલી નીકળી. ગામડામાં દુઃખ વેઠતી મરણને શરણ થઈ.' વિજયે કહ્યું. વિનય તો આંસુ પાડે જ જતો હતો. વિજયને આ માણસને પોતાના સામે રડતો જોઈ દુઃખ થયું. તેણે રાધાએ કહેલી વાત કહી.

'શું એ જ મારી દીકરી છે?' બોલતાં તેનું મુખ આનંદથી પ્રફુલ્લિત બન્યું.

'જી.' વિજયે કહ્યું.

'વિજયકુમાર! હું તમારો આભાર માનું છું કે તમે મારી

પુત્રીની ઓળખાણ કરાવી.'

'હવે મને રજા છે?' વિજયે પૂછ્યું.

'મારા દોસ્ત! તમે જઈ શકો છો.' વિજય ઊઠયો–વિનય પણ તેને વળાવવા ઊઠયો.

વિજયના ગયા પછી વિનય વિચાર કરતો 'ઇઝીચેર'માં પડયો. જમવાનો ટાઈમ થયો રસોઈઆએ વિનયને જમવા બોલાવ્યો. 'મારે અત્યારે જમવું નથી.' કહી ઓફીસે જવા કપડાં પહેરવા લાગ્યો.

આજ કોર્ટમાં ઊભા રહેવાની પણ જગા ન હતી. બદમાસને જોવા આબાલવૃદ્ધ બધા જ આવ્યા હતા.

વિજય–રજની–રાધાનો બચાવ કરવા પોતાના મિત્ર વકીલને કેસ સમજાવી રહ્યા હતા. વકીલ પણ રાધાને બચાવવા વિચારો ગોઠવે જ જતા હતો. તેવામાં મેજિસ્ટ્રેટ આવ્યા, તેના મુખ પર જે હંમેશાં કડકાઈ જણાતી હતી તેનું સ્થાન આનંદે લીધું હતું. બધાએ માન આપ્યું. તેણે ન્યાયાસન પર સ્થાન લીધું.

આરોપીઓને હાજર કરવામાં આવ્યા. પ્રાથમિક પ્રશ્નો પૂછાવા લાગ્યા. રાધાના વકીલ તરીકે રજની–વિજયના મિત્ર નરેન્દ્રે બચાવ કરવા માંડયો. તેની ભાષા જોસીલી હતી. દલીલ કરતાં વકીલ રાધાના બચાવમાં મેજિસ્ટ્રેટનું ધ્યાન દોરતા કહેતો: 'રાધાનું માનસ ગુના કરવા માટેનું ન હતું. વળી તેના હાથે ગુના થયા હોય તેવું કોઈ પુરવાર કરતું નથી. તે તો દયાની દેવી હતી. તેણે મિ. રજનીકાન્ત, મિ. વિજયકુમાર, સરલાબહેન, વીણાબહેન વિગેરેના પ્રાણ બચાવ્યા છે. વિજયકુમાર જણાવે છે કે રાધાએ તેનાથી થઈ શકતી મદદ પંજામાં સપડાએલાઓને કરી છે. તેના માટે આરોપ ઊભો રહે છે બદમાસોના સહાયક થવાનો; પણ તેને એવી સ્થિતિમાં લાવી મૂકવામાં આવી હતી કે જેને લઈને ફરજીઆત તેમને સહાય કરવી

પડે.' બોલતાં વકીલે તેના બચાવમાં જેટલું કહી શકાય તેટલું કહ્યું. તે પછી હરીશની તપાસ શરૂ થઈ. વિજયે બુરખો તેમ જ અન્ય વસ્તુઓ જે તેના હાથમાં આવી હતી તે કોર્ટ સમક્ષ રજૂ કરી.

હરીશ ઈશ્વરની બેઅવાજ લાકડીના પ્રહારથી શક્તિહીન બની ગયો હતો. તેણે કોર્ટમાં એકરાર કરતાં કહ્યું: 'મેં મારી વિદ્યાનો દુરુપયોગ કર્યો છે. મિ. વિજયના કહેવા પ્રમાણે હું જગતના ઉદ્ધારના કાર્યમાં મહાન ફાળો આપી શકત. પરંતુ મેં મારી વિનાશક વૃત્તિને વશ થઈ કેવળ નાશ જ સર્જ્યો છે અને તેનું કારણ...' બોલતાં તે અટક્યો. હાજર રહેલા પ્રેક્ષકો પર દૃષ્ટિ સ્થિર થઈ.

'હું શ્રીમંતનો પુત્ર છું, પરંતુ મારા પિતાના પૈસાનો ઉપયોગ મારે કરવો ન હતો. મારે તો મારી જાતે જ પૈસો મેળવી આગળ આવવું હતું. હું આ શહેરમાં આવ્યો. મેં ચંદ્રકાન્ત શેઠની ઉદારતા સંબંધમાં ઘણું સાંભળ્યું હતું. હું તેમની પાસે ગયો મારા વિચારો જણાવ્યા. તેમણે મને ફરીથી મળવા કહ્યું. ઉત્તરોત્તર અમારો પરિચય વધતો જ ગયો. તેઓ મને આર્થિક સહાય કરતા. મારામાં રસ લેતા. હું જે પ્રયોગો કરતો તે તેમને જણાવતો. તેઓ સાંભળતા. મને યાદ છે, તેમણે મને એક વખત કહેલું, ભાઈ હરીશ! જો તું વધુ જ્ઞાન માટે વિદેશ જવા તૈયાર હોય તો હું તને સહાય કરું. પરંતુ અધૂરું જ્ઞાન વિષમય નિવડે છે તે યાદ રાખજે. તારી શક્તિ વધુ વિકસે તે જોવા હું તૈયાર છું. પરંતુ, સુજ્ઞાનીનું સાચું, તને સહાય મળતાં વિનાશનો પંથ ન સર્જે તે જોવાનું રહ્યું. મારે એટલું તો કહેવું જ પડશે કે તેઓ મારા પ્રશંસક હતા. પરંતુ, હું મૂર્ખ હતો. તેમની હૃદયની વિશાળતા સમજી શકતો ન હતો અને તેથી તેમની સહાય વગર ચલાવી લેવા નિશ્ચય કર્યો. મેં કૉલેજમાં ઇન્ટર સાયન્સ સુધીનું શિક્ષણ લીધેલું. અને ત્યારથી જ અવનવા અખતરા કરે જ જતો. મેં દૃશ્યમાંથી અદૃશ્ય થઈ દૃશ્ય

થવાનો હાડપિંજરરૂપે દેખાવાનો પ્રયોગ કર્યો. તેમાં સફળતા મળી. એટલે મેં એક મંડળ સ્થાપી મારી શક્તિનો પરિચય આપવા નિર્ણય કર્યો. અને તે માટે મેં અદૃશ્ય રહી કેટલાક શરીફ બદમાશોને દિવસો જતાં હાથ કર્યાં. ને મેં મંડળ સ્થાપ્યું. સાથે જ હું માનવી મટી દાનવ બન્યો. મેં ચોરી, લુંટફાટ, ખુન વગેરે કરવા માંડયાં. તેવામાં મારી દૃષ્ટિએ અનાયાસે રાધા પડી. તે સૌંદર્યની પ્રતિમા હતી. તેને જોતાં હું ભાન ભુલ્યો. મારું હૃદય મેં ગુમાવ્યું. તેને મારી બનાવવા હાડપિંજરના વેશે મારા મંડળમાં જોડાવા શપથ લેવડાવ્યા. તે જોડાઈ. હું દિનપ્રતિદિન મળતી સફળતાથી અભિમાનમાં અંધ બન્યો. મને મારા આશ્રયદાતાની પરવા ન હતી. એક દિવસ હું તેમને ત્યાં ગયો. મને જોતાં જ તેઓ હસીને બોલ્યા: 'આવ ભાઈ! બહુ દિવસે દેખાયો. મેં તો જાણ્યું કે તું દેશમાં ગયો હઈશ.' 'એવું જ સમજી લ્યો.' મેં જવાબ આપ્યો.

'કેમ ભાઈ! આમ બોલે છે? કાંઈ તકલીફ છે? કાંઈ જરૂર છે?'

શેઠના પ્રશ્નનો જવાબ આપવાને બદલે હું હસ્યો. મને હસતો જોઈ તે વિચારમાં પડી ગયા. 'શેઠજી! હવે હું મારી જરૂરીઆતોને પહોંચી વળી શકું છું. આપ ચિંતા ન કરશો.'

'સારું ભાઈ! તું હમણાં શું કરી રહ્યો છે?' પિતાના વાત્સલ્યપ્રેમથી તેમણે મને પૂછ્યું. પરંતુ હું તો અભિમાનમાં અંધ થયો હતો. તેમના પ્રેમને પિછાનવા જેટલી શક્તિ રહી ન હતી મેં કહ્યું: 'એ બધું હું જણાવી શકું નહિ. પણ એટલું કહી શકીશ કે મને તમારી આર્થિક સહાયની જરૂર રહી નથી.'

'હરીશ! તારા શબ્દોથી ખરેખર મને ઘણો જ આનંદ થાય છે. તું પગભર થઈ ગયો છે તે જાણી મારું હૃદય આનંદથી પાગલ બને છે. છતાં હું તને કહું છું. જુવાની દિવાની છે, જરા સાચવીને ચાલજે. કોઈનું ભલું કરી શકાતું હોય તો કરી છૂટજે, પણ કોઈનું

ભૂરું ન કરીશ. ભલું ન કરાય તો દૂર રહેજે. અને જ્યારે તને કાંઈ જરૂર જણાય ત્યારે ખચિત આવજે.' શેઠે કહ્યું.

'હું શેઠ પાસેથી છૂટો ગયો ત્યારે શેઠના શબ્દો મને મુંઝવતા લાગ્યા. તે શબ્દો ગોખતો મારા મકાને આવ્યો. મને વિચાર થયો કે આ અનીતિના પૈસાનો કાંઈક સદુપયોગ કરવા દે. શેઠને પણ સમજાવું કે હું શું કરી શકું છું. અને તે માટે મેં વેશપરિવર્તન કરવા નિરધાર્યું. વિદ્યાર્થીઅવસ્થામાં અવેતન રંગભૂમિને અપનાવેલી હોવાથી 'મૅકઅપ'નો સારા જેવો અભ્યાસ કરેલો અને તેનો ઉપયોગ કરવાનો સુંદર અવસર મળ્યો. કૉલેજ છોડ્યા પછી ઘેર ડૉક્ટરની સાથે રહી ચિકિત્સા કરવાનું શીખ્યો હતો. દવાઓનું પણ જ્ઞાન થએલું, એટલે મેં ડૉ. દિનેશના નામથી દવાખાનું શરૂ કર્યું. તેનો લાભ અનેક ગરીબોએ લીધો છે. બિપિનના વેશે કેટલાએ ગરીબોને મેં સહાય કરી છે.' બોલતો તે થોભ્યો. પ્રેક્ષકો તેનો એકરાર શાંતિથી સાંભળી રહ્યા હતા. ટાંકણીનો અવાજ પણ સ્પષ્ટ સાંભળી શકાય, તેટલી શાંતિ હોલમાં પથરાએલી હતી. કેટલીક મિનિટો શાંત રહ્યા પછી તેણે બોલવા માંડ્યું. 'એક દિવસ એકાએક શેઠ મને મળ્યા. તેઓ મને જોઈ હસ્યા.'

'ભાઈ! તું તો કામમાં બહુજ રહે છે—દેખાતો પણ નથી.' 'હા, એમ જ છે.' મેં કહ્યું. પછી તેમનું ધ્યાન ખેંચવા મેં કહ્યું. 'પેલા ડૉક્ટર દિનેશ. પેલા શેઠ બિપિનચંદ્ર શહેરમાં સારા જેવી સેવા કરી રહ્યા છે.' 'હું જાણું છું. દરેકે પોતાને ઈશ્વરે આપેલી શક્તિનો ઉપયોગ સદ્માર્ગે કરવો જ જોઈએ. અને તને પણ એજ કહું છું.' 'જ્યારે જ્યારે મને શેઠ મળતા ત્યારે આજ ઉપદેશ આપતા. મને સહાય આપવા બદલ વખતોવખત આ શબ્દો સંભળાવે છે. તે મને ઠીક ન લાગ્યું. તેમને બોલતા બંધ કરવા જ જોઈએ. એ નિર્ણય પર હું આવ્યો.

એ કાળી રાત હતી, જ્યારે તે નિર્ણય અમલમાં મૂકવા અદૃશ્ય થઈ શેઠના મકાને આવ્યો. બારણાં ખુલ્લાં હતાં. મકાનમાં પ્રવેશ્યો. મકાનમાં મેં વીણાને જોઈ. શું તેનું સૌંદર્ય—અને તે સૌંદર્યમાં હું અંજાયો. તે સૌંદર્યની માલિકણનો માલિક હું થાઉં તેવો વિચાર સ્ફુર્યો. ખૂન કરવા આવેલો પાછો ફર્યો. એક જ વિચાર સાથે કે વીણાને મારી કરવી. અને તે માટે મેં Joly's photo meter ( જોલીના ફોટો મિટર )ના સિદ્ધાંતને અમલમાં મૂકવા નિર્ણય કર્યો. અદૃશ્ય થઈ મેં યુક્તિપુરઃસર ઈલેક્ટ્રિક ટ્યુબો ગોઠવી, જે ટ્યુબોનો પ્રકાશ એવી રીતે પડતો કે માનવને અદૃશ્ય કરવાના કાર્યમાં સહાય આપે. હું વીણાના ઓરડામાં આ વ્યવસ્થાથી હરી-ફરી શકતો. દિનપ્રતિદિન તેના સૌંદર્યના જાદુથી હું ભૂલતો. શેઠની પાસે મેં તેની માંગણી કરવા વિચાર કર્યો. પણ તેમાં સફળતા મળવા સંભવ હતો જ નહિ, અને તેથી શેઠનો કાંટો દૂર કરવા વિચાર્યું. આ...હ. એ વિચાર મેં ન કર્યો હોત તો ? પણ માનવી ભૂલ કરે છે, અભિમાનમાં સત્ય જોઈ શકતો નથી. વિચારી શકતો નથી.

રાતનો સમય હતો. હું નીકળ્યો. શેઠને ત્યાં આવ્યો. મકાનના પાછલા ભાગમાં ગુપ્ત રીતે પ્રવેશવા વ્યવસ્થા કરેલી હતી તે માર્ગે થઈ વીણાના ઓરડામાં આવ્યો. સૌંદર્યનું પાન કરતો, માર્ગના કાંટાને દૂર કરવા વિચારતો શેઠના ઓરડામાં આવ્યો. મારી સાથેના ઝેરી ગેસનો ઉપયોગ કર્યો. ઝેરી ગેસથી મુંઝાતા શેઠ પલંગમાંથી નીચે ઊતર્યા અને ચક્કર ખાઈ પડ્યા. એટલે હું વીણાના ઓરડામાં થઈ ચાલ્યો ગયો. હા...ય. મારા આશ્રયદાતા—મારા શુભચિંતકનું મેં પાપીએ ખૂન કર્યું. છતાં વીણા મેળવી શક્યો નહિ. તેને મેળવવા જતાં હું નીતિના પગથીએથી પડ્યો. મારી રૂપપાગલતાથી કંઈકનાં શિયળો મારા હાથે નષ્ટ થયાં.' બોલતો તે અટક્યો. હાજર રહેલાઓ તરફથી તિરસ્કારનો વરસાદ વરસવા માંડ્યો. તે સહન કરતાં તેને બોલવા માંડ્યું. ' ન ભેદાય—ન સમજાય તેવી જાળ ભેદી, મિ.

વિજયકુમારે મને પકડ્યો મને પકડવા તેમણે ઘણું સહન કર્યું છે. રાધાને શોધવા તેમજ બિપિન અને દિનેશ હું જ છું તેનો ભેદ મેળવવા તેમણે બુદ્ધિનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે.

હું સૌંદર્યનો દીવાનો હતો, મોહનો ગુલામ હતો; ને માનતો હતો કે મારી શક્તિથી ઇચ્છીશ તેને વશ કરીશ, પણ જે રાધા લાંબા સમયથી મારી સાથે રહેતી હતી, મારી આશ્રિત હતી છતાં તેને હું જીતી ન શક્યો. તે મારા વિચારો જાણી ગઈ હતી, ને તેથી મારાથી બચવા યત્ન કરતી, મને રમાડતી. તેને મારી શક્તિ અને બિપિનનો પૈસો આકર્ષી ન શક્યાં. પણ વિજય, તેનો પાગલવેશ તેનું આકર્ષણ બન્યું. મારા, મારી તરફ વાળવાના, બધા જ યત્નો નિરર્થક નિવડ્યા ને........'

'મિ. વિજયકુમાર ! મને માફ કરશો. મિ. હરીશ, વિજયકુમારરૂપી કાગડો તમારું ભક્ષ લઈ ગયો એમ જ ને ?' મિ. નરેન્દ્રના આ શબ્દોથી કોર્ટમાં હસાહસ થઈ રહી. 'કોર્ટની શાંતિનો ભંગ કરવા બદલ હું ક્ષમા ચાહું છું.' બોલતાં તેણે એક અરજી રાધાને જામીન પર છોડવા માટે કોર્ટ આગળ મૂકી. કોર્ટે અરજીની તરફેણમાં પોતાનો મત આપ્યો. વિજયકુમાર જામીન થયો–રાધા વિજયના કબજામાં સોંપાઈ. તે પછી કોર્ટે પોતાનું કામકાજ બીજા દિવસ પર મુલ્તવી રાખ્યું. બધા વિખરાવા લાગ્યા. વિનયે ચેંબરમાં જઈ પટાવાળા સાથે વિજય અને રાધાને બોલાવ્યાં તેઓ તરત જ ચેંબરમાં ગયાં.

'વિજયકુમાર ! રાધાને નિર્દોષ ઠરાવવાના તમારા પ્રયાસને હું આવકારું છું.' 'યોગ્ય પ્રયાસને અભાવે નિર્દોષ ન માર્યો જાય તે તો ન્યાયના ચાહનારે જોવું જ રહ્યું ને ?'

'હું રાધા સાથે કાંઈક વાતચીત કરવા ચાહું છું. મારા દોસ્ત !'

વિનયે લાગણીભર્યા અવાજે કહ્યું.

'ઘણી ખુશીથી.' વિજયે કહ્યું. 'રાધા! સાહેબ જે કાંઈ પૂછે તેનો યોગ્ય જવાબ આપજે.' બોલી ચાલ્યો ગયો. વિનય-રાધા એકલાં પડ્યાં.

'રાધા! તેં વિજયકુમારના આગળ કરેલા એકરારથી હું જાણી શક્યો છું કે તેં બહુ જ સહન કર્યું છે, અને તે સહન કરાવનાર તારા પિતા........'

'આપનું કહેવું અર્ધું સત્ય, અર્ધું અસત્ય છે. મારી સ્વર્ગસ્થ માતાએ ભોળવાઈ જે કાંઈ કર્યું તેનું જ પરિણામ તેણે અને મેં—ઉભયે—સહન કર્યું છે. મારા પિતામાં માનવતા નહિ હશે—જવાબદારીનું ભાન નહિ હશે. એટલે તેમણે પોતે કરેલા કાર્યને કાંઈ મહત્વ નહિ આપ્યું હોય—ભોળવાએલી બાળાને સમાજ કઈ દૃષ્ટિએ જોશે—તેને શું સહન કરવું પડશે, તેનો વિચાર તેમને નહિ આવ્યો હોય. મારી માતાએ કદાપિ મારા પિતાનો દોષ કાઢ્યો નથી. હંમેશા પોતાના દૈવને જ સંબોધતી તે તો કહેતી: 'રાધા! તારા પિતા ખરેખર દયાપાત્ર છે. નહિ તો પોતાના વચનને ગળી જવા તૈયાર ન થાત. તેમનો હું કદાપિ તિરસ્કાર કરતી નથી. અને તું પણ ગમે તેવા સંજોગોમાં હોય છતાં તેમનો તિરસ્કાર કરી મારા આત્માને દુઃખી કરતી નહિ. પણ તારા શિયળનું રક્ષણ કરવા સદા સાવધ રહેજે. જે ભૂલ મેં કરી છે તેવી ભૂલ તું કરી ન બેસતી.'

'કદાચ, રાધા! તારા પિતા તને મળે તો તેમને માનની દૃષ્ટિએ જુએ ખરી કે? તેમને ક્ષમા આપે ખરી કે?' વિનયે પૂછ્યું.

'સાહેબ! મારી માતાએ જેને ક્ષમા આપી છે, તેને મારે ક્ષમા આપવાની હોય જ નહિ. મારી માતાના શબ્દોમાં તે માનવ દયાપાત્ર છે તો તેનો તિરસ્કાર કરવાથી શું?' રાધાએ કહ્યું.

'રાધા! તારી માનો સદ્ગુણોનો વારસો લઈ જન્મેલી રાધા!

તારો હતભાગી પિતા, તારી માનો ખૂની પિતા, તારી સામે જ છે. તું તેનો તિરસ્કાર કર.'

'કોણ તમે?' રાધા અજાયબ થતી બોલી.

'હા. હું!' બોલતો તે ઊઠયો. 'રાધા! મને માફ કર.'

'પિતાજી!' રાધા બોલી. 'રાધા! અટક નહિ. તું જ્યાં સુધી બોલતાં કંટાળે નહિ ત્યાં સુધી 'પિતાજી' શબ્દ બોલે જ જા. મારા બળતા હૃદયને એ શબ્દસુધામૃતથી શાંત થવા દે.'

'પિતાજી.' બોલતી રાધા વિનયના ચરણોમાં પડી. તેને ઉઠાડી. મસ્તક પર હાથ ફેરવતાં, હર્ષમાં શિસ્ત જેવું–મર્યાદા જેવું કાંઈ છે તે ભૂલી તેણે બૂમ પાડી. 'વિજયકુમાર! અંદર આવો!'

વિજય આવ્યો. 'મારા દોસ્ત! રાધાને તેનો પિતા મળી ગયો છે. અને જો તમે રજા આપો તો તેનો પિતા તેને પોતાને ત્યાં લઈ જાય.'

## પ્રકરણ આઠમું

### આત્મહત્યા

'રાધાને પિતા મળી ગયા છે–તે હું જાણી શકયો છું. અને તેને તેના પિતા પાસે જતાં હું રોકી શકું નહિ. લઈ જાવ. જન્મથી જેણે પિતાનું મુખ–મુખ જોયું નથી. તેને પિતાના સ્નેહજળમાં સ્નાન

કરતાં રોકવાનો મને અધિકાર છે જ નહિ. રાધા! પરમાત્માએ તારી માને તો સંસારમાંથી લઈ લીધી, પણ પિતા મેળવી આપ્યો.' વિજયે કહ્યું

'અને તે મેળવી આપવાનું પુણ્ય તમારે જ ફાળે જાય છે, મિ. વિજયકુમાર!' વિનયે કહ્યું.

'સંયોગો જ એવા ઉત્પન્ન થયા, જેને લઈ આ બધું થઈ શક્યું. હવે હું આપની રજા લઈશ' બોલતો વિજય ચાલ્યો ગયો. રાધાને લઈ વિનયચંદ્ર પણ પોતાને મકાને જતાં રાધા માટે કિંમતી વસ્ત્રો ખરીદ્યાં, અને જાણે નાની હોય તેમ પ્રેમોન્માદમાં કેટલાંક રમકડાં પણ; રાધા પોતાના પિતાને આવું ખરીદતાં અટકાવતી. પણ વિનયચંદ્ર હસી રમકડાંઓ ખરીદ કરે જ જતો. તેની જિંદગીનો આજનો દિવસ સ્વર્ગસુખનો હતો. તેઓ ઘેર આવ્યા પછી બાપે દિકરીને પાસે બેસાડી, તેની દુઃખકથા પૂછવા માંડી. રાધા પોતાનો ભૂતકાળ કહેવા લાગી. ત્યારે વિનય વારંવાર રાધાના મુખને જોતો, તેની વધુ સમીપમાં તે બેસી તેના દેહ પર વાત્સલ્યભર્યો હાથ ફેરવતો. તેની અત્યારની સ્થિતિ કોઈ ભિખારીને અન્નનો મળે અને તે કોઈ લુંટી-ચોરી ન જાય તેટલા માટે સાવધ રહે-તેવી હતી.

રાધાની દુઃખકથા સાંભળતાં તે રડતો-નિઃશ્વાસ નાંખતો.

'રાધા! મેં જ તને દુઃખી કરી. મારા લીધે જ આજ સુધી તારે અનેક યાતનાઓ સહન કરવી પડી, પરમાત્મા મને ક્ષમા કરે, તે માટે તું પ્રાર્થના કરજે.'

'બાપુજી! વિધાતાએ સુખ-દુઃખ જે નિર્માણ કર્યું છે તે મિથ્યા થઈ શકતું નથી, આપ મિથ્યા શોકાતુર થાવ છો. હું તો મારૂં સદ્ભાગ્ય માનું છું કે આ જીવનમાં આપનાં દર્શન થયાં.'

બીજે દિવસે સવારે વિનયચંદ્રે પોતાના મિત્રો, સંબંધીઓને

ચાપાર્ટીનું આમંત્રણ આપ્યું. અને તે પાર્ટી માટે તેમણે સુંદર વ્યવસ્થા કરવા માંડી. મેજિસ્ટ્રેટ સાહેબના આમંત્રણને બધાંએ સહર્ષ સ્વીકારેલું અને સમય થતાં બધા આવવા લાગ્યા. મહેમાનોથી ઓરડો ભરાઈ ગયો. સરલા-વીણા આવ્યા. રાધા સાથે તેમણે સ્થાન લીધું. ગઈ કાલ સુધી વેશ્યા-ગુનેગાર મનાતી હતી તે આજે શહેરીઓના માનને પાત્ર બની. બધાં તેને પ્રેમથી નમન કરતા. તે સસ્મિત ઝીલતી.

મહેમાનો આવી ગયા. મહેમાનોને સત્કારતાં વિનયચંદ્ર બોલ્યો, 'મિત્રો! મારા પ્રત્યેના પ્રેમને લઈ મારી વિનતિ સ્વીકારી મારે ત્યાં આવ્યા છો. તે માટે તમારો આભારી છું. મારી પુત્રી રાધા, જે મિ. વિજયકુમારના પ્રયત્નથી મને મળી છે તે બદલ તેમનો ઋણી છું. આપ સર્વ મિત્રો સમક્ષ હું મારાં પાપનો એકરાર કરું છું. મારી યુવાવસ્થામાં એક બાળાને અન્યાય કરવા માટેનું પ્રાયશ્ચિત આજપર્યંત કરતો આવ્યો છું. પરમાત્માએ મારા પશ્ચાત્તાપનો અવાજ સાંભળ્યો. મને મારી પુત્રી મેળવી આપી છે. હું એ પુત્રીથી અભિમાન લઉં છું, જેણે અનેક સંકટોમાં પણ પોતાના ચારિત્ર્યને જાળવ્યું છે જો કે હું તો પાપી છું. મારી જવાબદારી ન સમજવાના કારણે મેં મારી પ્રેમાળ પત્નીને રઝળતી કરી દીધી--અને ત્રાસ વેઠતી તે પરલોક સિધાવી.' બોલતાં તે ગળગળા થયા. નેત્રોમાં આંસુ આવ્યાં.

હાજર રહેલા મહેમાનોને તેના માટે લાગણી થઈ. જાહેરમાં પોતાના પાપનો સ્વીકાર કરનારને માનની દૃષ્ટિથી જોવા લાગ્યા. 'બેટા રાધા.' વિનયે કહ્યું.' રાધા તેના પિતા પાસે આવી. વિનયે પોતાના મિત્રો સાથે ઓળખાણ કરાવી. તે પછી ચાહ-નાસ્તો વિગેરે મહેમાનો સમક્ષ મૂકવામાં આવ્યો. બધાએ ઇચ્છિત લીધું અને વિખરાયા. વિજય-રંજના જવાની તૈયારી કરતાં હતાં તેમને રોકતાં વિનયે કહ્યું. 'મારો વિચાર આ કેસને ઉપલી કોર્ટમાં મોકલી

આપવાનો છે. જેથી મારાથી અન્યાય થયો છે તેવું કોઈ કહી શકે નહિ.'

'અમને તો આપના માટે પૂરું માન છે, અને માનીએ છીએ કે આપ અન્યાય નહિ કરો. છતાં આપને યોગ્ય જણાય તે કરશો.' તે પછી બીજી વાતચિતો કરી સરલા-વીણા-રજની-વિજય ગયાં.

વિનય પોતાના ઉપલા ઓફિસર સમક્ષ કેસ સંબંધમાં વાત કરતાં પોતાના પાપનો એકરાર કર્યો. ઉપરી ઓફિસરને વિનયની પ્રમાણિકતા—નૈતિક હિંમત માટે માન ઉપજ્યું. 'મિ. વિનયચંદ્ર! માનું છું કે તમારા જેવા માણસો શોધ્યા ન જડી શકે. તમે કેસ મારી પાસે ટ્રાન્સફર કરવા જણાવો છો. અને તે પગલું હું લઉં તો તમને અન્યાય કર્યો જ ગણાય. છતાં તમારા આગ્રહને માન્ય રાખી તે કેસનું જજમેન્ટ હું જ આપીશ.'

જાહેર વર્તમાનપત્રોમાં આ સમાચારો પ્રગટ થયા. દરેકે પોતપોતાની દૃષ્ટિ પ્રમાણે તેના પર ટીકાઓ કરી. બધાંએ વિનયને તેની પ્રમાણિકતા માટે અભિનંદન આપ્યા. જ્યારે વર્તમાનપત્રો, શહેરીઓ વિનયને અભિનંદન આપતા હતા, ત્યારે કારાગારની કાળી કોટડીમાં હરીશ પોતાના ભાવિનો વિચાર કરતો બેઠો હતો. તેને પોતનાં કર્મો યાદ આવવા લાગ્યાં. અંતકાન્ત શેઠના શબ્દો યાદ આવવા લાગ્યા. "કોઈનું ભલું કરી શકાતું હોય તો કરી છૂટજે, પણ કોઈનું બૂરું ન કરીશ." 'મેં તે શબ્દો તે સમયે અવગણ્યા હતા. જો હું અભિમાનમાં અંધ ન બન્યો હોત તો આજ મારું પતન ન જ થાત. જે વિદ્યા મેં પ્રાપ્ત કરી છે. તેનો ઉપયોગ જનતાના હિતાર્થે કર્યો હોત તો? આજ પ્રત્યેક મને તિરસ્કારની દૃષ્ટિથી જુવે છે. હું તેઓ માટે પિશાચ છું. દિનેશ-બિપિનના નામે કરેલાં સફળ પાપની કાલિમાથી અદૃશ્ય થઈ ગયા. કામિની અને કંચન માટે મેં મારી

ઉજ્જવળ કીર્તિનો નાશ કર્યો—આજ હું કોટડીમાં—ચાર દિવાલોની વચ્ચે નિઃશ્વાસ નાખતો બેઠો છું.

ન્યાયાધીશ પોતાનો મારા માટે નિર્ણય જણાવશે, જેમાં મને દેશપાર કે મૃત્યુ દંડ જ હશે. તે સાંભળવા મારે જીવવું જોઈએ?' બોલતો શાંત થયો. 'નહિ જ. શહેરીઓ જેમ મારા નામથી ત્રાસતા હતા તેમ તેઓ મારું મૃત્યુ જોઈને પણ ત્રાસવા જ જોઈએ. મેં મારા સાથીદારોને અને મારું બાંધકામ વગેરે કરી આપનારાઓને ભયંકર મોતે માર્યા છે. હું પણ તેવું જ મૃત્યુ સ્વીકારીશ, અને જનતા માટે શબ્દો મૂકતો જઈશ. મારા ભાઈઓ! તમે તમારી સાયન્સની શોધમાં ગમે તેટલા આગળ વધો છતાં એ ન ભૂલશો કે જગતનું નિયંત્રણ કરનાર કોઈ એક છે, અને તેને પરમાત્મા કહેવામાં આવે છે. તેની શક્તિઓ આગળ માનવ કાંઈ જ વિસાતમાં નથી. આ ભૂલી માનવ જો પોતે જ સૃષ્ટા થવાનું અભિમાન આણશે તો તેનો અંત ભયંકર હશે—અને તે આત્મહત્યા. આજ હું તે જ માર્ગે જતાં આ શબ્દો કહેતો જાઉં છું.' બોલતાં તેણે દિવાલ સાથે માથું એક વખત નહિ, બેત્રણ વખત પછાડ્યું.

જેલના સત્તાધિકારીઓએ હરીશના મૃત્યુસમાચાર રજનીને પહોંચાડ્યા ત્યારે વિજય સહ તે ત્યાં આવ્યો. શબને જોતાં જ કમકમાટી ઊપજી—'જ્ઞાનના અજીર્ણનું આ દુઃખદ પરિણામ,' વિજયના મુખમાંથી તેને જોતાં જ શબ્દો નીકળી પડ્યા.

યોગ્ય તપાસ કરી શબને અગ્નિસંસ્કાર કરવા જણાવી. રજની—વિજય ઘેર આવ્યા. તેઓના મુખ પર ઉદાસીનતા છવાઈ હતી.

તે જ સાંજે વર્તમાનપત્રોએ, ન્યાયાધિશે આપેલા ચકચારભર્યા કેસનો અંતિમ નિર્ણય ખાસ અંકદ્વારા બહાર પાડયો. તેમાં વડા ન્યાયાધીશે રાધાને નિર્દોષ જાહેર કરી હતી, અને બદમાશો વચ્ચે રહેવા છતાં પોતે પવિત્ર રહી શકી તે માટે અભિનંદન આપ્યાં હતાં.

વિજયકુમારે આ ભેદી કેસનો ઉકેલ લાવવા જે જે મહેનતો કરી હતી તે બદલ ધન્યવાદ આપવામાં આવ્યા હતા. અને તેમની પ્રગતિ ઇચ્છી હતી. રજનીકાન્ત માટે સારા જેવી ભલામણ કરવામાં આવી હતી અંતમાં હરીશ માટે ટીકા કરતાં જણાવવામાં આવ્યું હતું કે, 'આજના યુવાનો ઘણી ઝડપે આગળ વધી રહ્યા છે, પરંતુ તે સમયે તેઓ ભૂલી જાય છે કે માનવ મહાન થઈ શકે છે, પણ પોતાની જાતને પરમાત્મા માની અવળે માર્ગે ચઢી--પોતાના જ્ઞાનનો દુરુપયોગ કરે છે, અને તે માટે હરીશ લાલબત્તીરૂપ છે. હરીશ પોતાના જ્ઞાનથી જનતાનું ભલું કરી શકત--અને તેણે કર્યું પણ છે. છતાં જો તેના હાથે થએલા ભલા-બુરા કાર્યોને ત્રાજવે મૂકીએ તો બુરાઈનું પલ્લું નીચે જ બેસશે અને આથી હું મારા યુવાન મિત્રોને જણાવું છું કે દરેકે યોગ્ય નિર્ણય કરી આગળ વધવું--અને પોતાની દૃષ્ટિ સમક્ષ જનતાના હિતનો જ વિચાર રાખવો. હરીશે ડૉક્ટર દિનેશના નામથી કરેલા કૃત્યો પર વિચાર કરતાં તેને દશ વર્ષની સખ્ત કેદની સજા કરું છું, અને તેના બીજા સહાયકોને પાંચ પાંચ વર્ષની સજા કરું છું. ન્યાયાધીશના આ નિર્ણયને ટાંકયા પછી પત્રકારોએ હરીશે કરેલી આત્મહત્યાની નોંધ લીધી હતી.

તેના મૃત્યુના સમાચારથી કોઈની આંખમાંથી આંસુ પડે તેમ ન હતું. જનતાનો શત્રુ ગયો. એમાં જ બધા આશ્વાસન લેતા

'વીણા! તમારો દુશ્મન આખરે અકાળે મૃત્યુને ભેટયો.' વર્તમાનપત્રની નકલ વીણા આગળ મૂકતાં વિજયે કહ્યું.

'અને તમારે હવે શું કરવું છું?' સરલાએ વિજયને પૂછ્યું.

'ભાભી! હવે કોઈ બીજો કેસ મળી રહેશે અને ફરીથી એ દોડાદોડીનાં ચક્રો ગતિમાન થશે.' વિજયે કહ્યું. 'પણ તમારા માર્ગમાં બે કાંટાઓ આવી ઊભા છે, તેનું શું કરશો? તમે દોડાદોડી કરવા વિચાર કરતા હો તો એ બે કાંટાને હિમાલયની તળેટીમાં મૂકી આવો.'

સરલાએ કહ્યું, 'ભાભી! તમે શું કહી રહ્યા છો—તે તો હું જરા પણ સમજી શકતો નથી.'

'નહિ જ સમજાય ભાઈ! નહિ જ સમજાય! એટલે મારે ચોકખા શબ્દોમાં કહેવું પડશે. આ વીણાબહેન છે કે જેમને 'તમે' કહી તમે બોલાવો છો. તે એમ ઇચ્છે છે કે તમારો થતો વ્યાકરણ-દોષ ઘણો ભયંકર છે અને તે સુધારો. બહુવચનને બદલે એકવચનમાં બોલતાં શીખો. પેલા વિનયચંદ્ર પણ રાધા-કનૈયાની લીલા જાણી ગયા છે. અને કોઈ પણ દૃષ્ટિએ તમને સુવર્ણપિંજરમાં પૂરવા સલાહો લઈ રહ્યા છે......'

'ઓ ભાભી! આ તો તમે આફતની વાત જ કરી.' વિજયે સરલાને બોલતાં અટકાવી કહ્યું. તેવામાં મેજિસ્ટ્રેટનો પટાવાળો ત્યાં આવ્યો. એણે વિજયકુમારના હાથમાં સલામ કરી પરબીડિયું આપ્યું.

'વિજયભાઈ! લગ્નની કંકોત્રી છે કે શું?' હસતાં હસતાં સરલાએ કહ્યું. વિજયે કાગળ વાંચી સરલાને આપ્યો. વાંચી તે બોલી: 'કેટલું ઉદાર હૃદય? કેવું બલિદાન? વીણાબહેન પત્ર સાંભળવા જેવો છે.' બોલતી તે પત્ર વાંચવા લાગી.

'કુમાર!

ઘણો વિચાર કર્યા પછી આ પત્ર આપને લખી રહી છું. અત્યારે લગ્નની ચર્ચા ચાલે છે. પરંતુ આપ તો જાણો છો કે આપ જ મારા જીવનસર્વસ્વ છો. આ દેહ પર આપના વિના અન્યનો અધિકાર નથી—થવાનો નથી. હું જાણું છું કે આપને વીણાબહેન ચાહે છે. હું અને તે બન્ને એક જ માર્ગનાં પથિક છીએ. પરંતુ મારા કરતાં તેમનો હક્ક આપના પર વધારે છે. મેં તો આપને જોયા ત્યારથી આપની સેવા કરવાની જ તમન્ના જ સેવી છે. આજે હું સમાજમાં ઊભી રહું તે સ્થિતિએ હોવા છતાં મારા એ નિર્ણયને

ભૂલી જવા ઇચ્છતી નથી. મેં મારા પિતાજીને સર્વ કાંઈ સમજાવ્યું છે. તેઓને મારા નિર્ણયથી ઘણું દુઃખ થાય છે. છતાં હું મારો નિર્ણય ફેરવી શકું તેમ નથી મારી ઇચ્છા આપ વહેલી લગ્નનો દિવસ નક્કી કરો તે જાણવાની છે. વીણાબહેન આપના માટે યોગ્ય છે. અને તેમને સ્વીકારવામાં દિવસો લંબાવશો નહિ. અને સરલાભાભી ઉતાવળ કરી આ કાર્ય પૂર્ણ કરાવે તેવી તેમને વિનંતિ કરું છું.

લિ. આપની જ રાધા'

પત્રનું વાંચન પૂર્ણ થતાં જ રજનીકાન્ત આવ્યો. સરલાએ રાધાના પત્રની વાત કરી. રજનીકાન્તે પોતાને વિજયને સમજાવવા વિનયચંદ્રે કરેલી વિનંતિની વાત કરી. 'પણ હું તો માનું છું કે આ પત્ર જ એ છેલ્લો નિર્ણય છે.' રાધાએ આ પત્રથી પોતે મહાન છે તે સિદ્ધ કરી બતાવ્યું છે. સરલાએ કહ્યું.

અને અંતે એ પત્રનો નિર્ણય માન્ય થયો. વિજય—વીણાનાં લગ્ન થયાં. સાંજે બધા શહેર બહાર નદીકીનારે આવેલા ઉદ્યાનમાં આનંદ માણવા ગયા.

વિનયચંદ્રે પોતાના જ ખર્ચે ઉદ્યાનમાં બધી સગવડ કરી હતી. જો કે તેમનું હૃદય રડતું હતું. પરંતુ પોતાની પુત્રીને દુઃખી કરવા ઇચ્છતા ન હતા.

નિશાનાથ માનવીઓની પ્રણયલીલા અવલોકતા, હસતા વાદળમાં છુપાતા ધીમે ધીમે આગળ વધી રહ્યા હતા. ઉદ્યાનમાં ભેગા થએલાંઓ વિજયની મિટ્ઠી મશ્કરીઓ કરી રહ્યા હતા.

'રાધાબહેન! વિજયકુમાર તમારા નૃત્યની ઘણી જ પ્રશંસા કરે છે. પણ અમે જ કમનસીબ છીએ કે તે જોવા ન મળ્યું.' સરલાએ કહ્યું.

'આ આનંદના પ્રસંગે હું ખચિત તમને તે નૃત્ય બતાવવા યત્ન કરીશ.' બોલતી રાધા ઊઠી. તેણે મીઠા સ્વરે સંગીતના સૂરો

વહેતા કર્યા. સાથે નૃત્ય આરંભ્યું. રજનીનાથ પણ આ સંગીતનૃત્ય જોવા થોભ્યા. રાધા આજ આનંદમાં હતી. પોતાના સંબંધીઓની વચમાં હતી. તેનું સ્થાન ઉન્નત હતું. વિજયે પણ રાધાને પોતાની સાથે મિત્ર તરીકે રાખવા નિર્ણય જણાવ્યો હતો. રાધાને તેથી વધુ કશું જ જોઈતું ન હતું. તે સંપૂર્ણ સુખી હતી. તેની પ્રતીતિ તેના મુખ પર આવતું સ્મિત આપતું. તેવામાં રાધા એકાએક જમીન પર પડી. કેમ નીચે પડી તે જોવા ઊઠયા. 'રાધા!' વિજય રાધા પાસે આવતા બોલ્યો. રાધાની નસો ખેંચાતી હતી. બધા સમજી ગયા કે તેણે વિષપાન કર્યું છે.

'રાધા! આ તેં શું કર્યું?' બોલતાં વિજયની આંખમાં આંસુ આવ્યાં. જ્યાં થોડાક સમય પહેલાં આનંદની છોળો ઊડતી હતી, ત્યાં શોકનાં અશ્રુઓ વહેવા લાગ્યાં. 'રાધાબહેન!' વીણાથી બોલી પણ શકાતું ન હતું, 'આ તમે શું કર્યું? શા માટે કર્યું?'

'વીણાબહેન! મારા વિજયને.....' આગળ બોલાયું નહિ, આખો દેહ ખેંચાયો. આત્મા નશ્વર દેહને છોડવા યત્ન કરી રહ્યો. 'વિજયકુમાર!' બુઝાતો દીપક બુઝાતા પહેલાં પ્રકાશે તેમ તેના મુખ પર સ્ફૂર્તિ જણાવા લાગી.

'મને તમારા ખોળામાં.....' બોલતાં જીભ ખેંચાતી હતી. સરલાએ વિજયના ખોળામાં રાધાનું મસ્તક મૂક્યું.

'કુ...મા...ર' તેનાં નેત્રોમાં પ્રેમ ચમકી રહ્યો હતો.

'પિ...તા...જી! પ્રણામ. કુ...મા...ર મારા...' ને આત્મા ચાલ્યો ગયો, પંચભૂતનું બનેલું ખોળિયું પડી રહ્યું, બધાંએ રડતાં રડતાં દેહને અગ્નિદેવને સમર્પણ કરવા તૈયારીઓ કરવા માંડી, અને વિજયકુમારની પ્રણયિનીના દેહને બધાએ, મહાન માનેલી રાધાને અગ્નિદેવ ભેટવા લાગ્યા—

બધાં જ રડી રહ્યાં.

**સમાપ્ત**

# નવાં પુસ્તકો

| | | |
|---|---|---|
| વિદ્રોહી આત્મા | ખલીલ જિબ્રાન | ૩— |
| એદી માનવ | કૃષ્ણપ્રસાદ ભટ્ટ | ૩— |
| અદશ્ય શત્રુ | કાલિદાસ ભટ્ટ | ૩— |
| કલાને ચરણે | ડૉ. હરિપ્રસાદ મ. દેસાઈ | ૪— |
| રસદર્શન | " | ૨— |
| નાણું ક્યાં ક્યારે | " | ૨— |
| પરિહાસ | સ્વ. નવલરામ જ. ત્રિવેદી | ૨— |
| શેષ વિવેચનો | " | ૨— |
| અવશેષ વિવેચનો | " | [illegible] |
| ઘુવડ બોલ્યું | નીરુ દેસાઈ | ૨—૮ |
| [illegible]ભિજ્ઞાર | "પ્રવાસી" | [illegible] |
| [illegible]તા | જુ. ૫. શાહ | [illegible] |
| [illegible]ાન | [illegible] | [illegible] |
| [illegible]મંદિર | સ્વ. [illegible] | [illegible] |
| અવાજો ભા. ૧-૨ | [illegible] | [illegible] |
| [illegible] | સ્વ. "પ્રેમસ્વરૂપ" | [illegible] |
| શિક્ષણ[illegible] | આચાર્ય [illegible] | [illegible] |
| [illegible] | [illegible] પાઠક | [illegible] |
| [illegible] | | [illegible] |
| પડાલતા | | [illegible] |
| મધુમાલતી ભા. ૧-૨-૩-૪ | | [illegible] |
| ચુડેલનો ચમત્કાર | | [illegible] |
| મેરી જમાનો ભા. ૧-૨-૩-૪ | | [illegible] |
| [illegible]નું યુદ્ધ | | ૩—૦ |
| બાવાની મોહિની | | [illegible] |
| અદ્દભુત મોહિની | | [illegible] |
| સમદર્શી સમ્રાટ | | [illegible] |